સાપ્તાહિક

મધ્ય ગુજરાત આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ▪ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ▪ પુસ્તકઃ ૨૦૫ ▪ Volume 69 ▪ Issue 30 ▪ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ સુદ - ૧૨ ▪ મુંબઈ ▪ MUMBAI SAMACHAR ▪ www.bombaysamachar.com ▪ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

રવિવાર, ૨૬ જુલાઈ ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સરકાર ઝૂકીઃ ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું

**▸ રાષ્ટ્રવિરોધી તત્ત્વો પરિસ્થિતિનો ગેરલાભ ન લે તે માટે હોદ્દો છોડ્યોઃ શિક્ષણ પ્રધાન**

**▸ સીજેપી, વિપક્ષોએ યુવાનો અને લોકશાહીનો વિજય ગણાવ્યો**

નવી દિલ્હીઃ દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા 'નીટ-યુજી'માંની ગેરરીતિને મુદ્દે દેશના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે રાજીનામું આપ્યું હતું. તેમણે 'રાષ્ટ્ર વિરોધી તત્ત્વો'ને હાલની સંબંધિત પરિસ્થિતિનો 'ગેરલાભ' લેતા રોકવા રાજીનામું આપ્યું હોવાનો ખુલાસો કર્યો હતો. દરમિયાન, કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી) અને વિપક્ષોએ તેને યુવાનો અને લોકશાહીનો વિજય ગણાવ્યો હતો.

ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે આ મારી 'વ્યક્તિગત પ્રતિષ્ઠા'નો સવાલ છે. દેશ-વિરોધી તત્ત્વોને જંતર મંતર અને દેશના અન્ય વિસ્તારોમાંની પરિસ્થિતિનો ગેરલાભ લેતા રોકવા હું રાજીનામું આપી રહ્યો છું.

તેમણે પોતાના 'એક્સ' અકાઉન્ટ પર હિંદીમાં લખ્યું હતું કે મેં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને રાજીનામું મોકલ્યું હતું. છેલ્લા દસ દિવસથી ચાલતા વિરોધ પ્રદર્શનને કારણે ઊભી થયેલી ખરાબ પરિસ્થિતિને લઇને અમે બધા વ્યથિત છીએ.

શિક્ષણ પ્રધાનના રાજીનામાની જાહેરાતને પગલે જંતર મંતર ખાતે ઉજવણી થઇ હતી.

ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે દેશનો એક વિદ્યાર્થી પણ કાયદાની ગૂંચવણમાં ફસાવવો ન જોઇએ અને તેઓએ પોતાનું ધ્યાન માત્ર અભ્યાસ અને પોતાની કારકિર્દી પર જ કેન્દ્રિત કરવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે ભારતની યુવા પેઢીનું સ્વપ્ન સાકાર કરવા અમે કટિબદ્ધ છીએ. ત્રીજી મેએ લેવાયેલી 'નીટ-યુજી'માં ગેરરીતિ માલૂમ પડતા તેને રદ કરાઇ હતી. સરકારે આ કિસ્સાની તપાસ સીબીઆઇને સોંપી હતી. ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે સરકારે આ પરીક્ષા આવતા વર્ષથી કમ્પ્યૂટર-આધારિત જ યોજવાનો નિર્ણય લીધો હતો. અમે પરીક્ષા કોઇ પણ સમસ્યા વિના યોજાય, તે માટે સતત પ્રયાસ કરી રહ્યા છીએ.

દરમિયાન, કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે સત્યનો વિજય થયો છે અને મોદીના 'જક્કીપણા'નો પરાજય થયો છે.

સીજેપીએ 'એક્સ' પર લખ્યું હતું કે અમે જીતી ગયા છીએ. આપણે નહિ ડરીએ, તો જરૂર જીતીશું.

સામાજિક કાર્યકર સોનમ વાંગચૂકે જણાવ્યું હતું કે લોકશાહીનો અંતે વિજય થયો છે. (એજન્સી) ■

**જેન-ઝીના પાવરનો પરચો**

## સરકારે બધી માગણી સ્વીકારતા સીજેપીએ આંદોલન પાછું ખેંચ્યું

**▸ આત્મહત્યા કરનારા વિદ્યાર્થીના સગાંને વળતર ચૂકવાશે ▸ આંદોલનકારીઓને જંતર મંતરથી તત્કાળ ઘરભેગા થવાની અપીલ**

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ શનિવારે સરકાર દ્વારા પોતાની બધી માગણી સ્વીકારી લેવાતા પોતાનું આંદોલન પાછું ખેંચ્યું હતું. સીજેપીએ જંતર મંતર પર ભેગા થયેલા આંદોલનકારીઓને અપીલ કરી હતી કે તત્કાળ જંતર મંતર ખાલી કરી પોતપોતાના ઘરે પાછા વળી જાય.

સીજેપીએ દાવો કર્યો હતો કે દેશના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની અને દેખાવકારો સામેનો પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) પાછા ખેંચવા સહિતની બધી માગણી સરકારે સ્વીકારી લીધી છે.

દરમિયાન, કેન્દ્રીય પ્રધાન જે. પી. નડ્ડાએ જણાવ્યું હતું કે 'નીટ-યુજી' રદ થતાં આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને સરકાર 'યોગ્ય વળતર' ચૂકવશે.

કૉક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેને ટાઇફોઇડ થયો છે. તેમણે સીજેપીના ટેકેદારોનો આંદોલનમાં ભાગ લેવા બદલ આભાર માન્યો હતો.

સીજેપીના પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે સરકારે અમારી બધી માગણી સ્વીકારી લીધી હોવાથી અમે આંદોલન તાત્કાલિક પાછું ખેંચી લીધું છે.

અગાઉ, સીજેપીના નેતા અભિજિત દીપકેએ દેશના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અંગે શનિવારે જણાવ્યું હતું કે અમે 'વાંદા' જેવા છીએ. એક વખત ઘૂસી જઇશું, તો બહાર નહિ નીકળીએ. એક રાજીનામું પૂરતું નથી.

સીજેપીના સ્થાપકે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અંગે જંતર મંતર ખાતે જાહેરાત કરી ત્યારે ત્યાં વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોમાં ખુશી ફેલાઇ હતી.

અભિજિત દીપકેએ જણાવ્યું હતું કે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એ અમારો 'પ્રથમ વિજય' છે. આપણે ડરીશું નહિ, તો જરૂર વિજયી બનીશું. લોકશાહીમાં આપણે નિર્ભય બનીને વિરોધ વ્યક્ત કરવો જોઇએ. પ્રધાનો આપણી (જનતાની) મહેરબાનીથી સત્તામાં બેઠા છે.

સીજેપી મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા - 'નીટ-યુજી' રદ થવાથી આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારને વિદ્યાર્થી દીઠ રૂપિયા એક કરોડનું વળતર ચૂકવવા અને પેપર ફોડવામાં સંડોવાયેલા લોકો સામે ફોજદારી કાર્યવાહી કરવાની માગણી પણ કરી હતી.

અભિજિત દીપકેએ જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો પર અત્યાચાર ગુજારનારા પોલીસ સામે પણ પગલાં લેવા જોઇએ.સીજેપીના કાર્યકરોએ 'નીટ'ના સંબંધે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટ મૌન રાખ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે હિંદુ - મુસ્લિમોને ઉશ્કેરીને ચલાવાતું રાજકારણ હવે નહિ ચલાવીએ.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતજીએ અમને 'વાંદા' કહ્યા હતા, તે બદલ તેમના આભારી છીએ. જો તેમણે અમને 'વાંદા' કહ્યા નહોત, તો આજે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું પણ આપ્યું નહોત. (એજન્સી) ■

## નવી એચ-વનબી વિઝા ત્રણ વર્ષ નહિ આપવા સેનેટમાં ખરડો

**▸ એક લાખ ડૉલરની ફીને કાનૂની સ્વરૂપ આપો**

**▸ એચ-વન ક્લાસ વિઝાધારકોને ડિપેન્ડન્ટ્સ લાવતા રોકો**

**▸ ફેડરલ એજન્સી વિઝાધારકોને સ્પોન્સર કરી નહિ શકે**

**▸ વિદેશી વિદ્યાર્થીઓનું વર્ક ઑથૉરાઇઝેશન બંધ કરો**

વૉશિંગ્ટનઃ અમેરિકાના સેનેટમાં નવા એચ-વનબી વિઝા આપવાનું ત્રણ વર્ષ બંધ કરવાની, એક લાખ ડૉલરની ફીને કાનૂની સ્વરૂપ આપવા સહિતની અનેક કડક જોગવાઇ ધરાવતો ખરડો રજૂ કરાયો હતો.

દરમિયાન, ટ્રમ્પના વહીવટીતંત્રે લાદેલી નવી એચ-વનબી વિઝાની એક લાખ ડૉલરની ફીને કૉંગ્રેસની મંજૂરી નથી, એવું જણાવીને આ વિઝા ફી રદ કરતા યુએસ ડિસ્ટ્રિક્ટ જજ લિયો ટી. સોરોકિનના આઠ જૂનના ચુકાદાનો અમલ રોકવાની દાદ ચાહતી અમેરિકાની સરકારની અરજીને બોસ્ટનમાંની અપીલ માટેની ફર્સ્ટ સર્કિટ કોર્ટના ત્રણ ન્યાયાધીશની બૅન્ચે કાઢી નાખી હતી.

સેનેટમાં મોન્ટાનાના રિપબ્લિકન સેનેટર ટિમ શીહીએ રજૂ કરેલા ખરડામાં નવી એચ-વનબી વિઝા અરજી આપવાનું ત્રણ વર્ષ માટે બંધ કરવાની, એક લાખ ડૉલરની વિઝા ફીને કાનૂની સ્વરૂપ આપવાની, રૅન્ડમ લૉટરી સિસ્ટમને સ્થાને વેતન-આધારિત સિલેક્શન સિસ્ટમ લાગુ પાડવાની, એક સાથે બે નોકરી કે સમાંતર રોજગારીને બંધ કરાવવાની, એચ-ક્લાસ વિઝાધારકોને પોતાની સાથે ડિપેન્ડન્ટ્સ (આધાર રાખનારા) લાવતા રોકવાની, વિદેશી વિદ્યાર્થીઓનું વર્ક ઑથૉરાઇઝેશન રદ કરવાની વગેરે કડક જોગવાઇનો સમાવેશ થાય છે.

એચ-વનબી વિઝા નોન-ઇમિગ્રન્ટ વિઝા છે અને તેના દ્વારા અમેરિકાની કંપનીઓ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા વિદેશી કર્મચારીઓને પોતાને ત્યાં કામ પર રાખે છે. તેનો લાભ ભારત અને ચીનના કર્મચારીઓને સૌથી વધારે થાય છે.

ટિમ શીહીએ જણાવ્યું હતું કે મારા ખરડામાં 'એચ-વનબી એબ્યુઝ ઍક્ટ'નો અંત લાવીને તેને સ્થાને મૂળ હેતુ ધરાવતા વિઝા પ્રોગ્રામને લાવવાનો છે. તેને લીધે વિદેશી કર્મચારીઓ સસ્તામાં નોકરી કરીને અમેરિકાના લોકોની રોજગારી છીનવી નહિ શકે. (એજન્સી) ■

## ફડણવીસ કેન્દ્રીય પ્રધાન બનશે?

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ શનિવારે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મહત્ત્વની મંત્રણા કરવા માટે અચાનક નવી દિલ્હી ગયા હતા. દેશના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપતા તેમનો હોદ્દો કોને સોંપાશે, તે અંગે રાજકીય વર્તુળમાં ભારે ચર્ચા થઇ રહી છે. ફડણવીસને કેન્દ્રમાં પ્રધાન બનાવાય એવી શક્યતા પણ જોવાઇ રહી છે.

દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા 'નીટ-યુજી'માંની ગેરરીતિને પગલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું.

રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓમાંની ગેરરીતિ બહાર આવ્યા બાદ હવે દેશના શિક્ષણ પ્રધાન કોને બનાવાશે, તે ચર્ચાનો વિષય બન્યો છે.

દરમિયાન, ફડણવીસ કેન્દ્રીય પ્રધાન અમિત શાહની સાથે મંત્રણા કર્યા બાદ નવી દિલ્હી સીધા નાગપુર ગયા હતા. (એજન્સી) ■

## પેપર લીક કેસઃ તપાસ બે મહિનામાં પૂરી કરાશે

**દોષીને પાંચથી દસ વર્ષની કેદ અને પચાસ લાખનો દંડવાળો ખરડો સોમવારે લોકસભામાં**

નવી દિલ્હીઃ આરોપીઓ વિરુદ્ધ ઝડપી ખટલો ચલાવવા પ્રત્યેક રાજ્યમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ સ્થાપવા સંબંધિત પ્રસ્તાવિત ખરડો સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે. આ પ્રસ્તાવિત ખરડામાં બે વર્ષ જૂના ઍન્ટિ-પેપર લીક કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે.

પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઑફ અનફૅર મિન્સ) એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૬ મુજબ પેપર લીક કેસ સંબંધિત તપાસ બે મહિનાની અંદર પૂરી કરી દેવાની રહેશે. ખરડો લોકસભામાં રજૂ કરવામાં આવે તે અગાઉ તેની નકલ સાંસદોને પહોંચાડી દેવામાં આવી છે.

ખરડામાં જણાવ્યા અનુસાર પેપર લીક કે પરીક્ષા સંબંધિત અન્ય ગેરરીતિ સાથે સંકળાયેલી વ્યક્તિનો ઓછામાં ઓછી પાંચ વર્ષ અને વધુમાં વધુ ૧૦ વર્ષની જેલની સજા તેમ જ પચાસ લાખ રૂપિયા સુધીનો દંડ કરી શકાશે. સંગઠિત ગુના માટે ખરડામાં સાત વર્ષની જેલની સજા અને ૧૦ કરોડ રૂપિયાનો દંડ કરવાનો પ્રસ્તાવ છે.

તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને ફાસ્ટ ટ્રેક કોર્ટ સ્થાપવાનો આદેશ આપવામાં આવશે. આ ફાસ્ટ્ર ટ્રેક કોર્ટમાં ચાર્જશિટ દાખલ કર્યાના ત્રણ મહિનામાં સુનાવણી પૂરી કરવામાં આવશે. જંતર મંતર ખાતે ચાલી રહેલા વિદ્યાર્થીઓના આંદોલન અને શિક્ષણ ક્ષેત્રે (જુઓ પાનું ૨) ▸▸

## ભારતમાં સેમિકન્ડક્ટર સપ્લાયર ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માઈક્રોન અને કેન્સ વચ્ચે ભાગીદારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશનના અધિકારીઓની હાજરીમાં માઇક્રોન અને કેન્સ પ્રતિનિધિઓ દ્વારા સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

માઈક્રોન ટૅક્નોલૉજી, ઇન્ક. એ આજે ભારતના સેમિકન્ડક્ટર સપ્લાયર ઇકોસિસ્ટમના વિકાસને ટેકો આપવા માટે કેન્સ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડ સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી હતી.



આ સહયોગ દ્વારા, માઇક્રોન અને કેન્સ ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશન સરકારી એજન્સીઓ, ઉદ્યોગ હિસ્સેદારો અને સપ્લાયર્સને જોડીને ભારતના સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમના વિકાસને ટેકો આપશે. આ પહેલ બિન-વાણિજ્યિક ઉદ્યોગ આંતરદષ્ટિના આદાનપ્રદાનને ટેકો આપશે અને સેમિકન્ડક્ટર વેલ્યૂ ચેઈનમાં રચનાત્મક સંવાદને પ્રોત્સાહન આપશે. સાથે જ, તે સપ્લાયરોના રોકાણને પ્રોત્સાહિત કરશે અને ભારતમાં મજબૂત તથા સ્થિતિ સ્થાપક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનના વિકાસને ટેકો આપવા માટે નિયમનકારી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કામગીરી સંબંધિત મુદ્દાઓના નિરાકરણમાં સહાયક બનશે.

માઈક્રોન અને કેન્સ વચ્ચે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરીને આ ભાગીદારીને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ સમારોહમાં માઈક્રોન ટૅક્નોલૉજીના ગ્લોબલ એસેમ્બલી અને ટેસ્ટના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ગુરશરણ સિંહ, કેન્સ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રઘુપનિકર અને ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

## સુરતમાં ભારે વરસાદને કારણે બીઆરટીએસ અને સિટી બસના રૂટમાં ડાયવર્ઝનઃ બે પરીક્ષા મુલતવી

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં પડેલા અનરાધાર વરસાદને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. ત્યારે ડાયમંડ સિટી સુરતમાં પડી રહેલા ભારે વરસાદને ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકા દ્વારા એક અગત્યની જાહેરાત કરવામાં આવી હતી. મુસાફરોની સલામતીને પ્રાધાન્ય આપતાં મનપા સંચાલિત બીઆરટીએસ અને સિટી બસની કુલ છ સેવાઓમાં રૂટ ડાયવર્ઝન તથા રૂટ ટૂંકા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં ચાર બીઆરટીએસ રૂટ અને બે સિટી બસ રૂટનો સમાવેશ થાય છે.

બીઆરટીએસ સેવાઓમાં, સરોલી અને કુંભારિયા વિસ્તારમાં પાણી ભરાવાના કારણે રૂટ નંબર ૧૩ અમેઝિયાથી સાબર ગામ સુધી રિંગ રોડ મારફતે ડાયવર્ટ કરવામાં આવ્યો છે. મગોબ પરવત ખાડી પાસે પાણી ભરાવાના લીધે રૂટ નંબર ૧૫એસી આલથાણ ટર્મિનલથી આલથાણ ટર્મિનલ (એન્ટિ ક્લોકવાઇઝ) હવે આલથાણ ટર્મિનલ - જય જોગણી માતા બીઆરટીએસ-આલથાણ ટર્મિનલ વચ્ચે જ ચલાવવામાં આવશે, જ્યારે રૂટ નંબર ૧૫સી (ક્લોકવાઇઝ) આલથાણ ટર્મિનલ - અમેઝિયા - આલથાણ ટર્મિનલ વચ્ચે સંચાલિત થશે. એ જ કારણોસર રૂટ નંબર ૧૬ સચિન જીઆઈડીસી જંક્શનથી કોસાડ સુધીનો રૂટ જય જોગણી માતા બીઆરટીએસ સુધી ટૂંકો કરાયો છે અને રૂટ નંબર ૨૧ ઝગીરપુરાથી આલથાણ ટર્મિનલ સુધીનો રૂટ ઝગીરપુરાથી અમેઝિયા તથા આલથાણ ટર્મિનલથી જય જોગણી માતા બીઆરટીએસ સુધી મર્યાદિત કરવામાં આવ્યો છે. સિટી બસ સેવાઓની વાત કરીએ તો, મીઠી ખાડી ખાતે પાણી ભરાવાના કારણે રૂટ નંબર ૨૫૪ કતારગામથી લિંબાયત સુધીનો રૂટ કિન્નરી સિનેમા સુધી ટૂંકો કરાયો છે, જ્યારે કુંભાલ વિસ્તારમાં પાણી ભરાવાના લીધે રૂટ નંબર ૫૦૪ ભેસ્તાનથી અમેઝિયા સુધીનો રૂટ નારાયણ નગર સુધી કરવામાં આવ્યો છે. મનપા દ્વારા મુસાફરોને આ ફેરફારોની નોંધ લેવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી હતી. ■

## પ્રધાનના રાજીનામાં બાદ જંતર મંતર પર પથ્થરમારામાં ત્રણ પોલીસ ઘાયલ

નવી દિલ્હીઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનાં રાજીનામાની શનિવારે જાહેરાત કરવામાં આવી હોવાનાં તુરંત બાદ પ્રદર્શનકર્તાઓ દ્વારા જંતર મંતર પર કરવામાં આવેલા પથ્થરમારામાં ત્રણ પોલીસ અધિકારી ઘાયલ થયા હોવાનું પોલીસ અધિકારીઓએ કહ્યું હતું.

ઘટનાને પગલે નિર્માણ પામેલી પરિસ્થિતિને અંકુશમાં લેવા સુરક્ષા દળને અશ્રુવાયુ છોડવાની અને હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પ્રદર્શનના સ્થળે ટોળાંની વ્યવસ્થા પર દેખરેખ રાખી રહ્યા હતા તે સમયે પ્રદર્શનકર્તાઓમાંનાં અમુક લોકો આક્રમક અને હિંસક બન્યા હતા.

ટોળાંને નિયંત્રણ લેવા અને સુરક્ષા વ્યવસ્થાનો ભંગ ન થાય તે માટેની કવાયત દરમિયાન સ્પેશ્યલ કમિશનર ઑફ પોલીસ અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારી આગળની હરોળમાં હતા.

અધિકારીઓ પ્રદર્શનકર્તાઓની દિશામાં આગળ વધ્યા હતા ત્યારે કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી વિના જ અમુક પ્રદર્શનકર્તાઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને અન્ય એક જૂથે પથ્થરમારો શરૂ કરી દીધો હતો જેમાં સ્પેશ્યલ કમિશનર ઑફ પોલીસ અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારી ઘાયલ થયા હતા. (એજન્સી) ■

## યુએનએ પણ નોંધ લીધી જંતરમંતરના આંદોલનની

સંયુક્ત રાષ્ટ્રસંઘ : દિલ્હીના જંતર-મંતર ખાતે છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે સંયુક્ત રાષ્ટ્ર તરફથી પ્રતિક્રિયા આવી છે. યુએનએ કહ્યું કે જે લોકો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માગે છે તેમને ઉત્પીડન, ધરપકડ કે ઇજાના ભય વિના તેમ કરવાની મંજૂર મળવી જોઇએ.

સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન ડુજારિક શુક્રવારે ભારતમાં યુવાનોના નેતૃત્વમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અંગે સંયુક્ત રાષ્ટ્રના વલણ વિશે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. ડુજારિકે જણાવ્યું કે દેખીતી રીતે અમે નવી દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોથી સંપૂર્ણપણે વાકેફ છીએ. જે લોકો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા માંગે છે તેમને ઉત્પીડન, ધરપકડ કે ઇજાના ડર વિના તેમ કરવાની મંજૂરી આપવામાં આવે તે જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે સુરક્ષા દળોની જવાબદારી છે- ત્યાં પણ, જેમ કે દરેક જગ્યાએ હોય છે- કે તેઓ આ અધિકારોના રક્ષણની ખાતરી કરે. અત્રે નોંધનીય છે કે પરીક્ષાના પેપર લીક થવાના વિરોધમાં અઠવાડિયાઓથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો બાદ ભારતના શિક્ષણ પ્રધાન ધમેન્દ્ર પ્રધાને આખરે શનિવારે રાજીનામું આપી દીધું હતું. ■

## સીજેપી આંદોલનના સોશ્યલ મીડિયાના પોસ્ટ પાકિસ્તાનથી હેન્ડલ થયાઃ પોલીસ

નવી દિલ્હીઃ દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનના માહોલમાં દિલ્હી પોલીસે પહેલી અને મહત્ત્વની પત્રકાર પરિષદ યોજી હતી, જેમાં દિલ્હી પોલીસે એક અગત્યની સ્પષ્ટતા કરી છે. દિલ્હી પોલીસે સ્પષ્ટ કર્યું કે, સોશ્યલ મીડિયા પર ગેરમાર્ગે દોરે એવા વિડિયો પોસ્ટ થઈ રહ્યા છે. દરેક પોસ્ટ સોશ્યલ મીડિયા પર સાચી જ હોય અને તેની માહિતી સાચી જ હોય એ જરૂરી નથી. દિલ્હી ડીસીપી રાજબીર સિંહે ચોંકાવનારી વાત કહેતા કહ્યું કે, વીસમી જુલાઈના રોજ થયેલી ઘટનામાં એક યુવતીની મોત થયાનો દાવો કરવામાં આવ્યો છે, આ દાવો ખોટો છે. પાયાવિહોણો છે. પાકિસ્તાનથી મેનેજ થતા સોશ્યલ મીડિયા એકાઉન્ટ પરથી ખોટી પોસ્ટ થઈ રહી છે.પોલીસે જણાવ્યું હતું કે, સોનમ વાંગચૂકનો એક ફેક વિડિયો પણ સોશ્યલ મીડિયા પર પોસ્ટ થયો છે. જેમાં તેઓ કંઈક કહી રહ્યા છે અને સંભળાઈ કંઈક બીજું રહ્યું છે. દિલ્હી પોલીસે એક એસટીએફ ટીમ તૈયાર કરી છે. સતત ચાલી (જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૨૬-૭-૨૦૨૬ થી તા. ૧-૮-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ સમગ્ર સપ્તાહમાં વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ મિથુન રાશિમાં મંદ અને મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર સિંહ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ વક્રી ગતિએ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે વૃશ્ચિકમાંથી ધનુ રાશિમાં, તા. ૨૮મીએ મકરમાં, તા. ૩૧મીએ કુંભમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૩૧ શુભ જણાય છે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. કાર્યક્ષેત્રે નાણાં આવક જળવાઈ રહેશે તથા નવા વ્યવસાયના સંબંધો પણ નિર્માણ થશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના અધિકારીનું પ્રોત્સાહન પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ અભ્યાસમાં વડીલોનો સહયોગ માર્ગદર્શન, પ્રાપ્ત કરશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહક વેપારમાં અનુકૂળતા રહેશે. નોકરીમાં આ સપ્તાહના નિર્ણયો સકારાત્મક પુરવાર થશે. તા. ૨૬, ૨૭, ૨૯ નોકરીની પ્રવૃત્તિઓમાં ઉપયોગી પુરવાર થશે. દ઼ઢતા, દક્ષતા ત્વરિત નિર્ણયો લેવાની ક્ષમતા વગેરેના ગુણોને આ સપ્તાહમાં ગોચરગ્રહો વધુ સક્ષમ બનાવે તેમ છે. નાણાં વ્યવહાર આ સપ્તાહમાં સફળ બની રહેશે. મહિલાઓને નોકરીક્ષેત્રે અનુકૂળ તકો પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો પ્રાપ્ત થતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં બેધ્યાનપણું આવે તેમ છે. નોકરી માટે તા. ૨૬, ૩૦, ૧ શુભ જણાય છે. નોકરીના સહઅધ્યાયીઓ પણ મદદરૂપ થશે. નાણાં પ્રાપ્તિના નવા સાધનો નિર્માણ થશે. નવી પ્રવૃત્તિઓ પણ પ્રારંભશો. મહિલાઓને કાર્યક્ષેત્રે અતિ પરિશ્રમ છતાંય સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં રચનાત્મક શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા હુન્નર, વિદ્યાભ્યાસના નવા સાધનો પ્રાપ્ત કરશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં આ સપ્તાહમાં જૂનાં અધૂરા કઠીન કાર્યો પૂર્ણ કરવા માટે સફળતા મેળવશો તથા નાણાંની આવકના સાધનો પણ વધુ પ્રબળ સશક્ત બની રહેશે. નાણાંના વ્યવહાર પણ સફળતાથી પૂર્ણ કરી શકશો. મહિલાઓને નોકરીની પ્રવૃત્તિઓમાં ધાર્યા મુજબની સફળતા પ્રાપ્ત થતી જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન પ્રાપ્ત થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કામકાજ પદ્ધતિ અપનાવી શકશો. નોકરીના સ્થળની બદલી શક્ય છે. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૩૦ શુભ જણાય છે. નોકરી અર્થે મુસાફરી પણ શક્ય જણાય છે. પરિવારના કારોબારમાં પ્રગતિ જળવાઈ રહેશે. વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીના કામકાજમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે અનુકૂળ તકો મેળવશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું લે-વેંચનું કામકાજ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૩૧ શુભ જણાય છે. નોકરીના કામકાજ માટેનો પ્રવાસ પણ સફળ નીવડશે. ભાગીદાર સાથેના જૂનાં મતભેદોનો ઉકેલ આવશે. જૂનાં નાણાં વ્યવહાર પણ આ સપ્તાહમાં પૂર્ણ કરી શકશો. મહિલાઓને પતિનો સહયોગ નોકરીના ક્ષેત્રે પણ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષક દ્વારા નબળા વિષયમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજ તથા નવા વ્યવસાયના સંબંધો નિર્માણ થાય તેમ છે. નોકરીમાં હસ્તગત કાર્યોમાં વિલંબ છતાંય પૂર્ણ કરી શકશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પણ પૂર્ણ થાય. તા. ૨૭, ૨૮, ૨૯મીએ સ્થાવર મિલકતનો નિર્ણય સફળતાથી લઈ શકશો. મહિલાઓને કાર્યક્ષેત્રે પ્રસિદ્ધ, માનમરતબો પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહના અભ્યાસના કામકાજ નિયમિત થતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરી માટે તા. ૨૬, ૨૭, ૨૯, ૩૦ શુભ છે. વાહન-મિલકત, જમીનના નિર્ણયો પણ આ સપ્તાહમાં લઈ શકશો. વેપાર વધશે. નાણાં આવકની મૂંઝવણો દૂર થશે. પ્રવાસમાં સફળતા અનુભવશો. મહિલાઓને ધર્મકાર્ય, તીર્થાટનની અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સ્વતંત્રપણે સંપન્ન થતાં જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની શક્યતા છે. નોકરી માટે તા. ૨૬, ૩૦, ૩૧ શુભ જણાય છે. નોકરીમાં જરૂરી સાધન-સગવડતાઓ મેળવી શકશો. નાણાં આવક અનુકૂળ બની રહેશે તથા નવા નાણાં પ્રાપ્તિના સાધનો પણ મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં અનુકૂળતા મુજબ કાર્યક્ષેત્રે અપેક્ષિત તકો મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં ગેરસમજણથી સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૮, ૩૦, ૧ શુભ જણાય છે. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. મુસાફરી દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ કરી શકશો તથા વ્યવસાયના નવા સંબંધો પણ મેળવી શકશો. મહિલાઓને નવીન પ્રવૃત્તિઓના પ્રારંભ માટે અનુકૂળતાઓ જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળતાનો અનુભવ થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહના ગોચરફળ શુભ જણાય છે. નોકરીની જવાબદારીમાં આત્મવિશ્વાસ દ઼ઢ બનશે. તા. ૨૬, ૩૦, ૩૧ નોકરી માટે સફળતાસૂચક દર્શાવે છે. કારોબારમાં જૂનાં મિત્રો ઉપયોગી થશે. અર્થવ્યવસ્થા વધુ સફળ પુરવાર બનશે. આવકના નવા સાધનો મેળવશો. મહિલાઓને પરિવારના સંબંધોની પરસ્પર ખટપટોમાં ગેરસમજણોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તકો અનુકૂળ બનતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ગોચરફળ શુભ જણાય છે. ટ્રેડિંગ તથા નાણાંબચતના બંનેના નિર્ણયો સફળ બની રહેશે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય છે. વ્યક્તિગત મૂંઝવણો આ સપ્તાહમાં દૂર થશે. કાર્યક્ષેત્રે રચનાત્મક નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકશો. મહિલાઓને આ સપ્તાહમાં ધર્મકાર્યો, પરિવારના જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ સાહસિકપણે સ્વતંત્રપણે અભ્યાસના નિર્ણયો લઈ શકશે. ■

## આજનું પંચાંગ
### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૨૬-૭-૨૦૨૬,
### પ્રદોષ, વામન પૂજા, વિંછુડો સમાપ્તિ

ભારતીય દિનાંક ૪, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮,
અષાઢ સુદ -૧૨
જૈન વીર સંવત ૨૫૫૨,
માહે અષાઢ, તિથિ સુદ-૧૨
પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
પારસી કદમી ૧૧મો ખોરશેદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
પારસી ફસલી રોજ ૮મો દએપઆદર,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
મીસરી રોજ ૧૨મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૦૭-૩૪ સુધી, પછી મૂળ
ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૦૭-૩૪ સુધી, પછી ધનુમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ
વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪,
અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા. ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫ ,
અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.
: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :
ભરતી : સવારે ક. ૧૦-૪૩, રાત્રે ક. ૨૧-૫૩
ઓટઃ સાંજે ક. ૧૬-૫૧,
મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૪ (તા. ૨૭)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ શુકલ - દ્વાદશી. પ્રદોષ, વામન પૂજા, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૦૭-૩૪, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.
શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, કેતુ-સૂર્ય પૂજા, ગાયત્રી જાપ-હવન, પૂજા, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, વિદ્યારંભ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા, પ્રદોષ, વ્રત ઉપવાસ, શિવપૂજા, ભક્તિ, જાગરણ, કીર્તન, સંધ્યા સમયે શિવમંદિરમાં દીપ પ્રાગટ્ય, શિવ-પાર્વતી પૂજા.
આચમનઃ ચંદ્ર-રાહુ અર્ધત્રિકોણ સ્થિર સ્વભાવના.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ અર્ધત્રિકોણ, ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૪ કળાના અંતરે રહે છે.
ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
## તા. ૨૬-૭-૨૦૨૬ થી તા. ૧-૮-૨૦૨૬

રવિવાર, આષાઢ સુદ-૧૨, વિ. સં. ૨૦૮૨, તા. ૨૬મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૦૭-૩૪ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૦૭-૩૪ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, વામન પૂજા, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૦૭-૩૪. સામાન્ય દિવસ.

સોમવાર, આષાઢ સુદ-૧૩, તા. ૨૭મી. નક્ષત્ર મૂળ સવારે ક. ૧૦-૨૯ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, આષાઢ સુદ-૧૪, તા. ૨૮મી, નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૧૩-૧૧ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૧૯-૪૮ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. મેલા જ્વાલામુખી (કાશ્મીર), ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮-૧૮. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, આષાઢ સુદ-૧૫, તા. ૨૯મી જુલાઈ, નક્ષત્ર ઉત્તરાષાઢા બપોરે ક. ૧૫-૩૭ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ગુરુપૂર્ણિમા, વ્યાસપૂર્ણિમા, શિવશયનોત્સવ (ઓરિસ્સા), વાલ્મીકિ નગરયાત્રા, વ્યાસપૂજા, સૌરાષ્ટ્રમાં મોળાકતનું જાગરણ, સંન્યાસીના ચાતુર્માસ પ્રારંભ, ચાતુર્માસ પ્રારંભ (જૈન), મન્વાદિ, ભદ્રા પ્રારંભ સવારે ક. ૦૭-૧૩, અન્વાધાન. શુભ દિવસ.

ગુરુવાર, આષાઢ વદ-૧, તા. ૩૦મી, ૨૦૨૬, નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૭-૪૪ સુધી, પછી ધનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, સૌરાષ્ટ્રમાં મોળાકતના પારણાં, શુભ દિવસ.

શુક્રવાર, આષાઢ વદ-૨, તા. ૩૧મી, નક્ષત્ર ધનિષ્ઠા રાત્રે ક. ૧૯-૨૭ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં સવારે ક. ૦૬-૩૭ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. હિંડોળા પ્રારંભ, અશૂન્યશયન વ્રત, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતનું જાગરણ, પંચક પ્રારંભ ક. ૦૬-૩૯. શુભ દિવસ.

શનિવાર, આષાઢ વદ-૩, તા. ૧લી ઑગસ્ટ, નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૨૦-૪૪ સુધી, પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. લોકમાન્ય ટિળક પુણ્યતિથિ, ગુજરાતમાં મોળાકત અને જયાપાર્વતી વ્રતના પારણાં, ભદ્રા સવારે ક. ૧૦-૫૨થી રાત્રે ક. ૨૩-૦૭, શુક્ર કન્યામાં સવારે ક. ૦૭-૨૯. શુભ દિવસ ■

# દામ્પત્ય જીવનના ઝઘડામાં સાસરિયાંને ઘસડવા વિશે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે દામ્પત્ય જીવનના ઝઘડાના કેસમાં હિસાબ પતાવવા સાસરિયાને ઘસડવામાં આવે છે એ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે એક સગીરાનો ફોઈ સામેનો પોક્સો કેસ કાઢી નાખ્યો હતો.

જે. બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદરનની બનેલી બેન્ચે બોમ્બે હાઈ કોર્ટની ટીકા કરતા કહ્યું હતું કે રેકર્ડ પર મૂકવામાં આવેલી સામગ્રી તપાસ્યા વિના હાઈ કોર્ટે કેસ રદ કરવાની ના પાડી હતી.

બેન્ચે ૨૩ જુલાઈના હુકમમાં એવું નિરીક્ષણ કર્યું હતું કે આવા કેસ સામાન્ય નહીં બલકે રૂઢિગત થતા જાય છે જેમાં દામ્પત્યજીવનના કુસંપમાં હિસાબ સરખો કરવા સાસરિયાને ઘસડવામાં આવે છે અને અનેક વાર જીવનસાથી બદનામ કરવા બાળકોનો ઉપયોગ કરે છે. આ કેસમાં છૂટાછેડા લેનાર માતાના આક્ષેપથી અમને આઘાત લાગ્યો છે. માતાએ એવો આક્ષેપ મૂક્યો છે કે તેના પુત્ર જોડે ફોઈ સતત જાતીય વિનયભંગ કરતી હતી.

બેન્ચે કહ્યું હતું કે આ એફઆઈઆર છૂટાછેડા લેનાર પિતાએ છોકરાની જોડિયા બહેનને મામા જાતીય શોષણ કરતા હતા એ ફરિયાદની પ્રતિ ફરિયાદ હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે પારસ્પરિક સમજૂતીથી સપ્ટેમ્બર ૨૦૨૩માં છૂટાછેડાની ડિક્રી લેવામાં આવી હતી. અપીલ જોડિયા ભત્રીજા-ભત્રીજીની ફોઈએ કરી હતી. બેન્ચે નોંધ લીધી હતી કે બાળકોનો કબજો પતિ પાસે છે અને માતાને તેના ઘરમાં સંતાનોની મુલાકાત લેવાની છૂટ છે. જાતીય કનડગતની ફરિયાદ પુત્રે કરી હતી ત્યારે તેની માતા તેના પતિના ઘરમાં રહેતી હતી. માતાએ એવો પણ દાવો કર્યો હતો કે આવો એક બનાવ તેણે નજરે જોયો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે છૂટાછેડા લેતી વખતે આવા કોઈ આક્ષેપો કરાયા નહોતા. ફોઈના વકીલે કહ્યું હતું કે આ ફોજદારી ન્યાય પ્રક્રિયાનો દુરુપયોગ છે. (એજન્સી) ■

# વૈષ્ણોદેવી, અમરનાથ યાત્રા ફરી શરૂ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ ખરાબ હવામાનને પગલે છ દિવસ બંધ રહેલી અને સુરક્ષાના કારણોસર પ્રભાવિત રહેલી વૈષ્ણોદેવી-અમરનાથ યાત્રા શનિવારે ફરી શરૂ થઈ હતી.

હવામાનમાં સુધારો થતાં જ આ બંને યાત્રા ફરી શરૂ કરી દેવામાં આવતા લાંબા સમયથી રાહ જોઈ રહેલા હજારો શ્રદ્ધાળુઓએ રાહતનો શ્વાસ લીધો છે અને તેમના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી રહી છે. કતરાથી લઈને જમ્મુસ્થિત બૅઝ કૅમ્પ સુધી 'જય માતા દી' અને 'હર હર મહાદેવ'ના જયકારાથી વાતાવરણ ભક્તિમય બની ગયું છે.

યાત્રા શરૂ થતાંની સાથે જ પ્રશાસન અને શ્રાઈન બૉર્ડે પણ વ્યવસ્થાઓનું સુચારુ સંચાલન કરવા જરૂરી તમામ વ્યવસ્થા કરી દીધી હતી જેથી કરીને શ્રદ્ધાળુઓ સુરક્ષિત અને સરળ રીતે દર્શન કરી શકે.

ખરાબ હવામાન, ભારે વરસાદ, ભેખડો અને મોટી શિલાઓ ધસી પડવાની ઘટનાને કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરી માર્ગ બંધ રહેવાને કારણે છ દિવસ સ્થગિત રહેલી વૈષ્ણોદેવી અને અમરનાથ યાત્રા શનિવારે ફરી શરૂ કરવામાં આવી હતી. હવામાનમાં સુધારો અને માર્ગની સુરક્ષાની સમીક્ષા બાદ યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

એક અહેવાલ મુજબ ૨૨૩ વાહનોમાં ૬૨૬૯ યાત્રાળુઓનો એક જથ્થો શનિવારે વહેલી સવારે ૨:૪૨ વાગે બાલતાલ માર્ગે રવાના થયો હતો જેમાં ૧૧૮ બસ, ૬૦ મિની બસ અને ૪૫ નાના વાહનોનો સમાવેશ થતો હતો. યાત્રાળુઓના આ જથ્થામાં ૪,૭૨૯ પુરુષ, ૧,૪૫૮ મહિલા, ૫૪ સાધુ, ૧૨ સાધ્વીનો સમાવેશ થતો હતો. ■

# ઈડીએ હોટલ રંગ શારદા અને તેની માલિકીની ૩૩૨ કરોડની મિલકત ટાંચમાં લીધી

નવી દિલ્હીઃ મરાઠી કલા, સાહિત્ય અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા મહારાષ્ટ્ર હાઉસિંગ ઍન્ડ એરિયા ડેવલપમેન્ટ ઑથોરિટી (મ્હાડા) દ્વારા રાહતના દરે ટ્રસ્ટને ફાળવવામાં આવેલી જમીનના ઉપયોગમાં પ્રભુચંદ વીરદાસ લોટિયા અને રંગ શારદા હૉટલ દ્વારા આચરવામાં આવેલી કથિત ગેરરીતિ સંબંધિત મની લૉન્ડરિંગની તપાસના ભાગરૂપ મુંબઈમાં ૩૩૨ કરોડના મૂલ્યની જમીન અને હૉટેલ ટાંચમાં લેવામાં આવી હોવાનું અન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ શનિવારે કહ્યું હતું.

ટાંચમાં લેવામાં આવેલી મિલકતોમાં બાંદ્રાસ્થિત હોટલ રંગ શારદા અને રંગ શારદા હૉટેલ્સ પ્રા. લિ.ની માલિકીની પ્રભાદેવીસ્થિત જમીનનો સમાવેશ થતો હોવાનું ઈડી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ મિલકતોનું સંયુક્ત મૂલ્ય ૩૩૨.૨૪ કરોડ રૂપિયા હોવાનું તેમણે કહ્યું હતું.

રંગ શારદા પ્રતિષ્ઠાનના ટ્રસ્ટીઓ દ્વારા પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ (પીએમએલએ) ઍક્ટ અંતર્ગત મુંબઈ પોલીસમાં નોંધાવવામાં આવેલા એફઆઈઆર સંબંધિત આ કેસ હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# રશિયા પર યુક્રેનનો હુમલોઃ આઠનાં મોત

કિવઃ યુક્રેનના સુરક્ષા દળ દ્વારા આંશિક રીતે રશિયાના કબજા હેઠળના ઝાપૉરિઝિયા વિસ્તાર પર કરવામાં આવેલા હુમલામાં આઠ જણનાં તો રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલા ડ્રોન હુમલામાં વધુ ત્રણ જણનાં એમ કુલ ૧૧નાં મોત થયાં હોવા ઉપરાંત ૧૪ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

યુક્રેન દ્વારા રિસોર્ટ પર કરવામાં આવેલા હુમલામાં મૃત્યુ પામનારાંઓમાં બે બાળકોનો પણ સમાવેશ થતો હતો.

રશિયા દ્વારા નાગરિકી વિસ્તારમાં કરવામાં આવેલા હુમલાને પગલે મોટી આગ ફાટી નીકળી હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે યુક્રેનમાં માર્યા ગયેલા લોકોમાં પ્રાઈવેટ યુક્રેનિયન પૉસ્ટલ ઍન્ડ કૂરિયર સર્વિસિસના ડ્રાઈવરોનો સમાવેશ થતો હતો.

રશિયાના સંરક્ષણ ખાતાના જણાવ્યા અનુસાર તેમણે યુક્રેનના ડ્રોનના સ્ટોરેજ અને લૉન્ચ સાઈટ પર હુમલો કર્યો હતો. (એજન્સી) ■

# ઈરાન પર નવા હુમલા નહીં છતાં અમેરિકા સાથે ટેન્શન યથાવત્

કાહિરાઃ ઇરાનમાં છેલ્લા બે અઠવાડિયાથી સતત થઇ રહેલા અમેરિકન હુમલાઓ વચ્ચે શનિવારે એક રાહતના સમાચાર આવ્યા હતા. ઇરાને શનિવારે રાત્રે એકેય હુમલો થયો ન હોવાની માહિતી આપી હતી. જો કે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર નિયંત્રણને લઇને તાજેતરમાં તણાવ વધતાં પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે.

ઇરાનના આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા હુસૈન કેરમાનપોરે એક પોસ્ટમાં જણાવ્યું કે ઇરાનમાં રાત શાંતિથી પસાર થઇ અને કોઇ હુમલો થયો નથી. યુએસ સેન્ટ્રલ કમાન્ડે ટિપ્પણીની વિનંતીનો તાત્કાલિક કોઇ જવાબ આપ્યો ન હતો. જો કે છેલ્લી ૧૩ રાત્રિઓથી વિપરીત તેમણે કોઇ નવા હુમલાઓની જાહેરાત કરી ન હતી.

ઇરાન પર અમેરિકન અને ઇઝરાયલી હુમલાઓથી શરૂ થયેલા સંઘર્ષમાં મોટી કાર્યવાહીઓને રોકનાર એક નાજુક યુદ્ધવિરામનો જુલાઇની શરૂઆતમાં ભંગ થતો જોવા મળ્યો હતો. વિશ્વભરમાં ઊર્જા સપ્લાય માટેના મહત્ત્વપૂર્ણ માર્ગ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ઇરાની હુમલાઓ દ્વારા અસરકારક રીતે બંધ કરવામાં આવ્યો હતો, જે આ યુદ્ધનું કેન્દ્ર રહ્યું છે. ઇરાનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર આ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઇરાનમાં ૩,૪૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. ■

# પાકિસ્તાની શહઝાદ ભટ્ટીના ટેરર નૅટવર્કના ત્રણ પકડાયા

ગુવાહાટીઃ આસામ પોલીસે પાકસ્થિત શહઝાદ ભટ્ટી આતંકવાદી નૅટવર્કનો પર્દાફાશ કરી તેની સાથે સંકળાયેલા ત્રણની ધરપકડ કરી હોવાનું અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શહઝાદ ભટ્ટીના નૅટવર્કની પ્રવૃત્તિઓ અંગે મળેલી વિશ્વસનીય બાતમીને આધારે સ્પેશ્યલ ટાસ્ક ફૉર્સ (એસટીએફ)એ ધુબરી, ચિરાન્ગ અને બારપેટા પોલીસ સાથે મળીને સંયુક્ત કાર્યવાહી હાથ ધરી એક શંકાસ્પદની ધરપકડ કરી હતી.

આ કાર્યવાહી દરમિયાન પાંચ મોબાઈલ ફોન, સાત સિમ કાર્ડ, આધાર કાર્ડ, બૅન્ક પાસબુક, ડેબિટ કાર્ડ અને વાંધાજનક દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. આ મામલે વધુ તપાસ ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શહઝાદ ભટ્ટીના નૅટવર્ક પર દેશના વિવિધ ભાગોમાં ભરતી, ઑનલાઈન કટ્ટરવાદ ફેલાવવો, રેકી (માહિતી એકત્ર કરવી) જીસૂસી, ગેરકાયદે હથિયારોની ખરીદી, સ્લિપર સેલની રચના કરવા સહિતની આતંકવાદી પ્રવૃત્તિમાં સંડોવાયેલું હોવાનો અને આઈએસઆઈ સાથે મળીને કામ કરવાનો આરોપ છે. (એજન્સી) ■

# ૨૦૧૪થી મોદી સરકારની ટૂંકી નિષ્ફળતાઓમાં પ્રધાનનું રાજીનામુ પણ જોડાયુ

નવી દિલ્હીઃ નીટ પેપર લીક વિવાદ પર શનિવારે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એ એકમાત્ર ઘટના નહોતી કે જ્યારે નરેન્દ્ર મોદી સરકારે ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી સતત જાહેર કે રાજકીય દબાણ સામે હાર માની હતી.

પહેલી મોટી પીછેહઠ ૨૦૧૫માં આવી જ્યારે સરકારે માળખાગત સુવિધાઓ અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન કરવાનું સરળ બનાવવા માટે જમીન સંપાદન કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ પગલાથી ખેડૂત સંગઠનો, વિપક્ષી પક્ષો અને એનડીએના ઘણા સાથીઓ તરફથી વ્યાપક વિરોધ થયો હતો, જેમણે દલીલ કરી કે આ ફેરફારો હાલના રક્ષણાત્મક પગલાંને નબળા પાડે છે અને તે લોકો વિરોધી છે. સરકારે આખરે આ દરખાસ્તને રદ કરી. મોદીએ જાહેરાત કરી કે હાલનો કાયદો યથાવત રહેશે. ત્રણ વર્ષ પછી જાહેર દબાણ હેઠળ પ્રથમ મંત્રી પદ પરથી રાજીનામુ આપવામાં આવ્યું.

ઓક્ટોબર ૨૦૧૮માં, તત્કાલીન રાજ્ય કક્ષાના વિદેશ પ્રધાન એમ.જે. અકબરે મી ટુ ચળવળ દરમિયાન રાજીનામું આપ્યું હતું, જ્યારે તેમના સંપાદક તરીકેના દિવસો દરમિયાન ઘણી મહિલાઓએ તેમના પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. અકબરે આરોપોને નકારી કાઢ્યા હતા પરંતુ રાજીનામું આપી દીધું હતું.

સરકારનો સૌથી મોટો નીતિગત ઊલટફેર નવેમ્બર ૨૦૨૧માં થયો જ્યારે મોદીએ ત્રણ કૃષિ કાયદાઓ રદ કરવાની જાહેરાત કરી.

આ કાયદાઓએ એક વર્ષ સુધી આંદોલન શરૂ કર્યું, જેમાં હજારો ખેડૂતો દિલ્હીની સરહદો પર તેને પાછા ખેંચવાની માગ કરી રહ્યા હતા. જોકે સરકારે સતત સુધારાઓનો બચાવ કર્યો હતો, પરંતુ આખરે સંસદે તેને રદ કરવાનો કાયદો પસાર કર્યો.

ઓગસ્ટ ૨૦૨૪માં, કેન્દ્રએ અનામતની જોગવાઈઓના અભાવ પર વિરોધ પક્ષો અને એનડીએ સાથી લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના વાંધાઓ પછી વરિષ્ઠ સિવિલ સેવાઓમાં ભરતી માટે યુપીએસસીની જાહેરાત પાછી ખેંચી લીધી.

નવેમ્બર ૨૦૨૫માં બીજી પીછેહઠ થઈ જ્યારે સરકારે મજબૂત રાજકીય વિરોધનો સામનો કર્યા પછી બંધારણ (૧૩૧મો સુધારો) બિલ રજૂ કરવાનો નિર્ણય લીધો, ખાસ કરીને પંજાબના પક્ષો તરફથી, જેમણે દલીલ કરી હતી કે આ દરખાસ્ત રાજ્યના રાજકીય પ્રતિનિધિત્વને પાતળું કરશે.

શનિવારે પ્રધાનનું રાજીનામું સરકારના દબાણ સામે શરણાગતિ સ્વીકારવાનો તાજેતરનો દાખલો છે.

નીટ પ્રશ્નપત્ર લીક થવાના વિરોધમાં અઠવાડિયા સુધી ચાલેલા વિરોધ પ્રદર્શન અને તેના પગલે થયેલી અનેક આત્મહત્યાઓ બાદ આ રાજીનામું આવ્યું છે.

કોકરોચ જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના આંદોલને પ્રધાનના રાજીનામાને તેની મુખ્ય માગ બનાવી હતી, અને વિરોધીઓ સાથે અનેક રાઉન્ડની વાટાઘાટો અને શ્રેણીબદ્ધ નીતિગત જાહેરાતો પછી, કેન્દ્રએ તેને સ્વીકારી લીધી. ■

# ભૂતપૂર્વ ક્રિકેટર રાજેશ ચૌહાણ સામે છેતરપિંડીનો કેસ નોંધાયો

દુર્ગઃ સ્ટીલ કંપની સાથે ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ આપવાના બહાને એક વ્યક્તિ સાથે ૧૫ લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવાના આરોપમાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર રાજેશ ચૌહાણ સામે એફઆઈઆર નોંધવામાં આવ્યા છે, એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૩૧૬(૨) (વિશ્વાસનો ગુનાહિત ભંગ) હેઠળ સ્થાનિક કોર્ટના નિર્દેશ પર શુક્રવારે મોહન નગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો, એમ સ્ટેશન હાઉસ ઓફિસર કેશવ કોસાળેએ જણાવ્યું હતું.

''આ મામલાની તપાસ ચાલી રહી છે. તારણો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે,'' એવું તેમણે કહ્યું હતું.

૧૬ જુલાઈના રોજ આપેલા આદેશમાં, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ ઐશ્વર્યા દિવાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની કલમ ૧૭૫(૩) હેઠળ ફરિયાદી દિનકર વિશ્વામિત્ર દ્વારા દાખલ કરાયેલી અરજીને મંજૂરી આપી હતી અને મોહન નગર પોલીસને તપાસ કરવા અને કોર્ટ સમક્ષ અંતિમ અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.અરજી અનુસાર, ચૌહાણે વિશ્વામિત્રને પોતાનો પરિચય એક ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર તરીકે કરાવ્યો હતો અને કેટલાક અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે ગાઢ સંબંધો ધરાવતા હોવાનો દાવો કર્યો હતો. ■

પહેલા પાનાનું ચાલુ

## પેપર લીક કેસ

જવાબદારી નક્કી કરવાની કરવામાં આવી રહેલી માગણી વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નીટ-યુજી પેપર લીક જેવા કેસ સાથે કામ પાર પાડવા કડક કાયદો ઘડી કાઢવાનું વચન આપ્યું છે અને આ પ્રકારના કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

આ ખરડો લોકસભામાં રજૂ કરી શકાય તે માટે કેન્દ્રના પ્રધાનમંડળે શુક્રવારે આ ખરડાને મંજૂરી આપી હતી. (એજન્સી) ■

## સીજેપી આંદોલનના

રહેલા વિરોધ પ્રદર્શનને લઈ આ ટીમ તૈયાર કરવામાં આવી છે. જે દરેક મુવમેન્ટ પર વોચ રાખશે. કોક્રોચ જનતા પાર્ટીના લોકો સરકાર પાસે પોતાની માગ પૂરી થાય એ માટે જીદ કરી રહ્યા છે. સીજેપી નેતાઓની મુલાકાત બાદ જે.પી.નડ્ડાએ પણ એક નિવેદન આપ્યું હતું.

પોલીસે કહ્યું હતું કે, ઇન્સ્ટાગ્રામનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. સોશ્યલ મીડિયા પર ખોટા અને ગેરમાર્ગે દોરતા વીડિયો પણ અપલોડ કરવામાં આવી રહ્યા છે. દરેક પોસ્ટ સાચી હોય તે જરૂરી નથી.

દિલ્હી પોલીસ સોશ્યલ મીડિયા પર નજીકથી નજર રાખી રહી છે. સોશ્યલ મીડિયા પર ખોટી વાતો ફેલાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કેટલીક પોસ્ટનો હેતુ ગભરાટ ફેલાવવાનો છે. એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૨૦ જુલાઈના રોજ બનેલી ઘટનામાં એક છોકરીનું મોત થયું હતું, જે દાવો ખોટો હતો. એક રાજકારણીએ એક વિડિયો પોસ્ટ કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેન્દ્ર સરકાર રાત્રે વિરોધ પ્રદર્શન પર કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. પાકિસ્તાનથી સંચાલિત એકાઉન્ટ્સ દ્વારા ખોટી પોસ્ટ્સ ફેલાવવામાં આવી રહી છે. આ જ હેન્ડલમાંથી કેટલાક 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પણ સક્રિય હતા. આ નકલી પોસ્ટ્સના સંદર્ભમાં સોનમ વાંગચુકનો નકલી વિડિયો પણ ફેલાવવામાં આવ્યો હતો. જંતર મંતર પર સેના તૈનાત કરવામાં આવી રહી હોવાનો દાવો કરવા માટે એક ડીપફેક વિડિયોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ■

# અંજારમાં વીજશોકથી સાત પશુનાં કરૂણ મોતઃ જીવદયાપ્રેમીઓમાં ભારે રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજતંત્ર દ્વારા લોકો અને પશુઓની સુરક્ષા મુદ્દે દાખવવામાં આવતી ગંભીર બેદરકારીના કિસ્સાઓ સમયાંતરે સામે આવતા રહે છે. ત્યારે અંજાર શહેરના ગંગાનાકા વિસ્તારમાં જીવલેણ વીજશોક લાગવાથી એકસાથે સાત પશુઓનાં કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે.

સ્થાનિકો પાસેથી મળતી વિગતો મુજબ, ગંગાનાકા વિસ્તારમાં આવેલા વંથાણચોકમાં વીજપોલમાં અચાનક કરંટ ઊતરતાં પ્રથમ પાંચ ગૌવંશ તેની ચપેટમાં આવી ગયા હતા અને ઘટનાસ્થળે જ તેમનાં મોત નિપજ્યા હતા. આ ઘટનાના થોડા જ સમય બાદ અન્ય બે ગૌવંશ પણ આ વીજકરંટનો ભોગ બનતાં કુલ સાત પશુઓએ જીવ ગુમાવ્યા હતા.

દર વર્ષે સ્થાનિક વીજતંત્ર દ્વારા પ્રી-મોન્સૂન કામગીરીના નામે કલાકો સુધી વીજ પુરવઠો બંધ રાખીને સમારકામ કરવામાં આવતું હોવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ આ કામગીરી કેટલી યોગ્ય રીતે થાય છે તે આ બનાવથી છતું થયું છે. જો તંત્ર દ્વારા સમયસર વીજલાઈનો, પોલ અને અર્થિંગ વ્યવસ્થાની યોગ્ય ચકાસણી તથા જાળવણી કરવામાં આવી હોત, તો આ અબોલ પશુઓએ પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો ન હોત. વીજતંત્રની આ પ્રકારની ઘોર લાપરવાહી સામે હવે લોકો વીજસલામતી અંગે ગંભીર સવાલો ઉઠાવી રહ્યા છે.

નોંધનીય છે કે, અંજાર શહેર વિસ્તારમાં અગાઉ પણ વીજ ટ્રાન્સફોર્મરમાં ધડાકા થવા કે આગ લાગવા જેવી ઘટનાઓ અવારનવાર બની ચૂકી છે. તેમ છતાં, વીજતંત્ર દ્વારા આવી ઘટનાઓમાંથી કોઈ બોધપાઠ લેવામાં આવ્યો ન હોવાનું વર્તમાન પરિસ્થિતિ દર્શાવી રહી છે. સાત ગૌવંશના મોત અંગે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે અને દોષિત કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરાય તેવી માંગ જીવદયાપ્રેમીઓએ કરી છે.

બીજી તરફ, અંજારના દેવળીયાનાકા પાસે આવેલા બાયડ ફળિયામાં આજે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં એક જીવંત વીજવાયર તૂટી પડ્યો હતો. કલાકો વીતી જવા છતાં વીજતંત્રનો એક પણ કર્મચારી કે અધિકારી સ્થળ પર ન પહોંચતાં સ્થાનિક મહિલાઓમાં ભારે રોષ ફેલાયો હતો.

સાંજના સમયે આક્રોશિત મહિલાઓ વીજકચેરીએ પહોંચી હતી અને તંત્રની ઘોર બેદરકારી સામે ઉગ્ર રજૂઆત કરી હતી. તંત્રના આવા બિનજવાબદાર વલણથી સ્થાનિક રહીશોના જીવ જોખમમાં મુકાયા હોવાના ગંભીર આક્ષેપો પણ લોકો દ્વારા કરવામાં આવ્યા હતા. ■

# રાજકોટમાં વરસાદી સ્થિતિની કમિશનર તુષાર સુમેરાએ કરી સમીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં સતત વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ શહેરના ત્રણેય ઝોનની રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવા, તેના નિકાલ, ડ્રેનેજ વ્યવસ્થા અને નાગરિકોને પડતી મુશ્કેલીઓ અંગે સ્થળ પર જ સમીક્ષા કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, સિટી એન્જિનિયર, ડ્રેનેજ વિભાગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ સહિતના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

મુખ્ય માર્ગો, જંકશનો, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇન અને સંવેદનશીલ વિસ્તારોનું નિરીક્ષણ કરીને જ્યાં પાણી ભરાયું હતું ત્યાં પમ્પિંગ મશીનરી અને વધારાના માનવબળની તાત્કાલિક વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશનરે કંટ્રોલ રૂમમાં નોંધાયેલી ફરિયાદો, વૃક્ષ પડવાની ઘટનાઓ અને વરસાદ સંબંધિત કામગીરીની પણ સમીક્ષા કરી હતી.



તમામ વિભાગો વચ્ચે સતત સંકલન જાળવી ૨૪ કલાક સ્ટેન્ડબાય રહી કામગીરી કરવા તેમજ નાગરિકોની ફરિયાદોનો ઝડપી નિકાલ કરવા અધિકારીઓને કડક સૂચનાઓ આપવામાં આવી છે. ■

# ઊના તાલુકાના નવાબંદર ગામે બે આંગણવાડીના નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉનાઃ તાલુકાના નવાબંદર ગામે વિકાસના વધુ એક સોપાન સ્વરૂપે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે રૂ. ૨૪ લાખના ખર્ચે નિર્માણ પામનાર બે આધુનિક આંગણવાડી (નંદઘર) ના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ નવી આંગણવાડીઓના નિર્માણથી ગામના નાના ભૂલકાઓને શૈક્ષણિક અને પોષણની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

તેમજ માતા અને બાળ કલ્યાણને વધુ પ્રોત્સાહન મળશે.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વિકાસલક્ષી કાર્યોને આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી અને ગામના સર્વાંગી વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે બાળકોના સુવર્ણ ભવિષ્ય માટે આંગણવાડી (નંદઘર) એ પ્રથમ પગથિયું છે. ઘણા સમયથી શૈક્ષણિક વ્યવસ્થા સારી કરવા માટે સરકાર પ્રયત્ન કરી રહી હતી.

# અબડાસામાં ટેકાના ભાવે વેચેલી બાજરીના ₹ સાત કરોડ અટવાયાઃ ૬૫૦ ખેડૂત આર્થિક સંકટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અબડાસા તાલુકામાં ચાલુ વર્ષે સરકાર દ્વારા હાથ ધરાયેલી ટેકાના ભાવે બાજરીની ખરીદીમાં વહીવટી વિલંબના કારણે ખેડૂતોની સ્થિતિ અત્યંત કફોડી બની છે.

તાલુકાના આશરે ૬૫૦ જેટલા ખેડૂતોએ સરકારી ખરીદ કેન્દ્રો પર પોતાની બાજરી જમા કરાવી દીધી હોવા છતાં, દોઢ મહિનો વીતી જવા છતાં રૂા. સાત કરોડ જેટલી મોટી રકમનું ચૂકવણું ન થતાં ખેડૂત આલમમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ અંગે વિગતો આપતાં સ્થાનિક અગ્રણી શિવજી ભાનુશાલીએ જણાવ્યું હતું કે, અબડાસા તાલુકાના ખેડૂતોએ ચાલુ સિઝન દરમિયાન ભારે મહેનત કરીને બાજરીનો પાક તૈયાર કર્યો હતો. સરકારી જાહેરાત પર વિશ્વાસ રાખીને ખેડૂતોએ નિયત ખરીદ કેન્દ્રો પર પોતાનો પાક વેચ્યો હતો. નિયમ મુજબ ખરીદી થયાના ટૂંકા સમયગાળામાં જ નાણાં જમા થઈ જવા જોઈએ, પરંતુ અહીં દોઢ મહિનો વીતી ગયો હોવા છતાં ખેડૂતોના ખાતામાં એક રૂપિયો પણ જમા થયો નથી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, હાલ ખેડૂતોએ આગામી સિઝનની વાવણી માટે બિયારણ, ખાતર અને ખેતી વિષયક અન્ય ખર્ચાઓ કરવાના હોય છે. આવી સ્થિતિમાં રૂ. સાત કરોડ જેવી માતબર રકમ સરકારી તંત્રમાં કયા કારણોસર અટવાઈ પડી છે તે યક્ષપ્રશ્ન બન્યો છે. નાણાં ન મળવાને કારણે ૬૫૦થી વધુ ખેડૂતો ગંભીર આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

અબડાસાના ખેડૂતોની આર્થિક સ્થિતિને ધ્યાને રાખીને સરકાર અને વહીવટી તંત્ર દ્વારા ત્વરિત ધોરણે આ રકમ છૂટી કરવામાં આવે અને નાણાં સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા થાય તેવી ઉગ્ર માંગણી ઉઠવા પામી છે. સ્થાનિક ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં નહીં આવે તો તેઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

# અછતના ઓળા વચ્ચે રાપર તાલુકામાં સાત ઇંચ વરસાદઃ વાગડ પંથકમાં હરખની હેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બંગાળની ખાડીમાં સર્જાયેલા હવાના હળવા દબાણ અને રાજ્ય પર સક્રિય ચાર જેટલી વરસાદી સિસ્ટમના પ્રભાવથી કચ્છ જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ જામ્યો છે. અછતના ઓળા વચ્ચે વાગડ પંથકમાં મેઘરાજાએ મન મૂકીને હેત વરસાવતાં રાપર તાલુકામાં ૨૪ કલાકમાં સૌથી વધુ સાત ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો, જ્યારે ભચાઉમાં સાડા ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ મહેરથી મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતો અને માલધારીઓમાં હરખની હેલી ફરી વળી છે. સીમાવર્તી રાપર તાલુકામાં ગત ગુરુવાર રાત્રિથી શરૂ થયેલો વરસાદ સતત જારી રહેતાં મોસમનો કુલ વરસાદ ૧૦ ઇંચે પહોંચ્યો છે, જે જિલ્લામાં સૌથી વધુ છે. આ વરસાદથી ગાગોદરનું ખેંગારસર તળાવ ઓવરફ્લો થયું છે, જ્યારે ભીમાસરનું તળાવ, બેલાની સારણ નદીના ચેકડેમ અને માલણ નદી



બે કાંઠે વહેતી થઈ છે. ખડીર પંથકમાં વરસાદ થતાં અછતની સ્થિતિ ટળી ગઈ છે અને માલધારીઓને ઘાસચારાની મોટી રાહત મળી છે. આડેસર અને મોડા ગામના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં રહીશોને મુશ્કેલી પડી હતી.

જિલ્લા મથક ભુજમાં વહેલી પરોઢથી દિવસભર ક્યારેક ઝરમર તો ક્યારેક હળવા ઝાપટાં રૂપે પોણો ઇંચ વરસાદ નોંધાયો હતો. ગ્રામ્ય વિસ્તારો જેવા કે કોટડા, લેર, કુકમા, દહીંસરા અને પદ્ધર પંથકમાં પણ ધીમીધારે મેઘમહેર થઈ હતી. અંજાર પંથકમાં બે દિવસ દરમિયાન એક ઇંચ જેટલો ખેતી ઉપયોગી વરસાદ વરસતાં કપાસ, મગફળી અને તલના વાવેતરને નવું જીવન મળ્યું છે. માંડવી, મુંદરા, બન્ની અને નખત્રાણા તાલુકામાં અડધાથી પોણો ઇંચ જેટલો હળવો વરસાદ નોંધાયો હતો.

આ વરસાદથી કપાસ, મગફળી સહિતના ઉભા પાકને સંજીવની મળી છે. જોકે, વરસાદની સાથે ભુજ, કુકમા, અંજાર સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો વારંવાર ખોરવાતાં લોકોને હાલાકી ભોગવવી પડી હતી. હવામાન વિભાગે હજુ પણ જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. ■

# મુંદરાના ધ્રબ ગામે ભારતીય તટરક્ષક દળ દ્વારા જાગૃતિ બેઠક યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છના બંદરીય મુંદરા તાલુકાના ધ્રબ ગામે ભારતીય તટ રક્ષક દળ દ્વારા તાજેતરમાં એક વિશેષ જાગૃતિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. નૈઋત્યના ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના ગ્રામીણ વિસ્તારોમાં કુદરતી આફતો સામે સલામતી કેળવવા તેમજ દરિયાઈ સરહદ પર શંકાસ્પદ ગતિવિધિઓ અંગે ગ્રામજનો તથા માછીમારોને જાગૃત કરવાના મુખ્ય ઉદ્દેશથી આ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ દરમિયાન ભારતીય તટ રક્ષક મથકના મુંદરાના અધિકારી નરેશ કુશવાહે માછીમારોને ચોમાસાની જોખમી ઋતુમાં રફ બનેલો દરિયો ન ખેડવા ભારપૂર્વક અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, દરિયામાં માછીમારી માટે જતાં પહેલાં દરેક બોટધારકોએ લાઈફ જેકેટ સહિતના અન્ય તમામ લાઈવ સેવિંગ સાધનો અનિવાર્યપણે સાથે રાખવા જોઈએ. આ સાથે જ દરિયાઈ ક્ષેત્રમાં કોઈ અજાણ્યા શખ્સો કે શંકાસ્પદ પ્રવૃત્તિ દ્રષ્ટિગોચર થાય, તો તે અંગે તાત્કાલિક સ્થાનિક પોલીસ અથવા તટ રક્ષક દળને જાણ કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં ઉપસ્થિત મેડિકલ ઓફિસર ડૉ. આનંદુ એસ. દ્વારા પૂર કે દરિયામાં ડૂબતી વ્યક્તિને સુરક્ષિત બહાર કાઢવા અને તબીબી સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડતા પૂર્વે અપાતી કટોકટીકાલીન પ્રાથમિક સારવાર અંગે વ્યાવહારિક અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. દરિયાઈ સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાતા આ કાર્યક્રમમાં ધ્રબ ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ હાસીમ તુર્ક, દાઉદ તુર્ક, રસીદ તુર્ક તેમજ જમાતના પટેલ મુસ્તાક તુર્ક સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને માછીમારો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. ■

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને ટ્રેક પર પાણી ભરાતાં રેલવ્યવહાર ખોરવાયો

## બરેલી એક્સપ્રેસ ૧૨ કલાક મોડી, કચ્છ અને સયાજીનગરી રાબેતા મુજબ દોડી

ભુજઃ દક્ષિણ ગુજરાતમાં થઈ રહેલા ભારે વરસાદના કારણે છેલ્લા ત્રણ-ચાર દિવસથી કચ્છ અને મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર ખોરવાઈ ગયો હતો.

અમદાવાદ-વિરમગામ રેલવે સેક્શન પર પાણી ભરાઈ જવાના કારણે ઉત્તર ભારત તરફથી આવતી ટ્રેનો અટવાઈ પડી હતી અને કલાકોના વિલંબ બાદ કચ્છ પહોંચી શકી હતી. જોકે, કચ્છથી મુંબઈ તરફ જતી બંને મુખ્ય ટ્રેનો રાબેતા મુજબ રવાના થતાં પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

મળતી વિગતો મુજબ, અગાઉ દહાણુ અને ત્યારબાદ ઉમરગામ પાસે ભારે વરસાદના પગલે ટ્રેક ધોવાઈ જતાં છેલ્લા ત્રણ દિવસથી ભુજથી ઊપડેલી ટ્રેનો મુંબઈ સુધી પહોંચી શકી ન હતી. ગઈકાલે ખાલી રેક ભુજ મોકલવામાં આવ્યા હતા. બિલીમોરા પાસે તેમજ છારોડી નજીક અમદાવાદ-વિરમગામ ટ્રેક પર ભારે પાણી ભરાઈ જતાં કચ્છ-અમદાવાદ વચ્ચેનો રેલ વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો.

ટ્રેક પર જળ ભરાવાને કારણે બરેલી-ભુજ એક્સપ્રેસને સૌપ્રથમ ચાંદલોડિયા સ્ટેશન પાસે ચાર કલાક જેટલો સમય થોભાવી દેવામાં આવતાં તે નવ કલાક મોડી થઇ હતી. ત્યારબાદ ભચાઉ નજીક નોન ઇન્ટરલોકકીંગ કામગીરીના કારણે ટ્રેન ફરી દોઢ કલાક અટવાઈ હતી. રેલવે પ્રશાસન દ્વારા આ ટ્રેનને સાંજે ૮૦૦ વાગ્યે અને ત્યારબાદ રાત્રે ૧૦૦૦ વાગ્યે ઉપાડવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ આ ટ્રેન અંતે ૧૨ કલાક જેટલી વિલંબિત થઈને રાત્રે ૧૦૪૫ વાગ્યાના અરસામાં ભુજ પહોંચી હતી. ટ્રેન અતિશય મોડી પડવાના કારણે તેને ત્રીજી વખત 'રિ-શિડ્યુઅલ' કરવાની ફરજ પડી હતી. છારોડી પાસે પાણી ભરાવાના કારણે સાંજના સમયે કચ્છ એક્સપ્રેસ અને સયાજીનગરી એક્સપ્રેસના રૂટ બદલીને વાયા પાલનપુર દોડાવવાની જાહેરાત રેલવે વિભાગ દ્વારા કરવામાં આવી હતી. પરંતુ મોડી સાંજે પરિસ્થિતિમાં સુધારો આવતાં અને પાણી ઓસરતાં બંને ટ્રેનોને તેમના મૂળ નિયમિત રૂટ પરથી જ રવાના કરવાનો આખરી નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત, તિરુનેલવેલી-ગાંધીધામ હમસફર એક્સપ્રેસ પણ તેના નિર્ધારિત રૂટ પરથી ગાંધીધામ આવવા રવાના થઇ હતી. ■

# ગોંડલમાં વીજથાંભલામાં ભડાકા થયા લોકો ગભરાયા, સદ્‌નસીબે જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના ગોંડલ શહેરના વછેરા રોડ વિસ્તારમાં આજે વીજ થાંભલામાં અચાનક કડાકા-ભડાકા થતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ઘટનાના અવાજથી આસપાસના લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઇજાના સમાચાર સામે આવ્યા નથી. જોકે વીજળીની આવી ગંભીર ખામીને લઈને સ્થાનિકોએ તાત્કાલિક વીજ વિભાગને જાણ કરી હતી.

સ્થાનિકોએ વીજ વિભાગ દ્વારા વહેલી તકે ખામી દૂર કરવામાં આવે અને આવી ઘટના ફરી ન બને તે માટે જરૂરી પગલાં ભરવાની માંગ કરી છે.

તંત્ર દ્વારા પણ નાગરિકોને વીજ થાંભલા અથવા તૂટેલા વીજ તારની નજીક ન જવાની અપીલ કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# ભાવનગર કલેક્ટરે છ બુટલેગરો સામે પાસા વોરંટ ઇશ્યૂ કર્યાઃ અલગ-અલગ જેલમાં ધકેલાયા

## આ કડક કાર્યવાહીથી અસામાજિક તત્ત્વો અને બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર અને જિલ્લામાં પ્રોહિબિશન તથા અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવાના ભાગરૂપે પોલીસ અને જિલ્લા પ્રશાસન દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગેરકાયદેસર ઇંગ્લિશ દારૂના વેપાર અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ૬ ઇસમો સામે પાસા ( હેઠળ અટકાયતી હુકમ કરવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ (કલેક્ટર) દ્વારા વોરંટ મંજૂર કરાતાં જ લોકલ ક્રાઇમ બ્રાન્ચ , ઘોઘા રોડ અને અલંગ પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી ગુજરાતની વિવિધ જેલોમાં ધકેલી દીધા છે.

રેન્જ આઇજી રાજેન્દ્ર વી. અસારી અને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચનાથી એલસીબી પી.આઇ. મયુરધ્વજસિંહ સરવૈયા તથા તેમની ટીમે દારૂ અને મિલકત-શરીર સંબંધી ગુનાઓમાં સક્રિય ઇસમો વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરી હતી.

જેને કલેક્ટરે માન્ય રાખીને વોરંટ ઇશ્યૂ કર્યા હતા. પોલીસે ગોરખી ગામના અલ્પેશ ઉર્ફે અલ્પો ઓઘડભાઇ ડોડીયાને રાજકોટ મધ્યસ્થ જેલ અને અમિતભાઇ અરવિંદભાઇ ડોડીયાને ભુજ ખાસ જેલ ખાતે મોકલી આપ્યા છે. જ્યારે ઘોઘા રોડ પોલીસ મથક હેઠળના સિંધુનગર વિસ્તારમાં રહેતા સંજયભાઇ સુખાભાઇ ખાંભલીયાને ભુજ ખાસ જેલમાં ધકેલાયો છે.આ ઉપરાંત અલંગ પોલીસ મથક હેઠળ કાર્યવાહી કરી નવાગામના મનદિપસિંહ લીલુભા ગોહિલને રાજકોટ મધ્યસ્થ જેલ, હાર્દિકસિંહ લીલુભા ગોહિલને ભુજ ખાસ જેલ તથા રાજપરા-૨ ના સુનીલ ઉર્ફે છનો મનુભાઇ વાઘેલાને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

ભાવનગર પોલીસની આ કડક કાર્યવાહીથી અસામાજિક તત્વો અને બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

# ભાવનગરના વેળાવદર-રાજગઢ માર્ગ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર ઠપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના વેળાવદર ભાલ વિસ્તારમાં ભારે વરસાદ અને ઉપરવાસની આવકના કારણે ભાલના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને વેળાવદર ભાલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા વેળાવદરથી રાજગઢ તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલ નાળા ઉપર પાણી ફરી વળતાં માર્ગ પરનો સંપર્ક કપાયો છે. રસ્તા પર પાણીનો મોટો પ્રવાહ વહી રહ્યો હોવાથી વાહનવ્યવહાર માટે ભારે જોખમ ઊભું થતાં પોલીસ પ્રશાસન તાત્કાલિક હરકતમાં આવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નીતેશ પાંડેયની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વેળાવદર ભાલ પોલીસની ટીમે સ્થળ પર પહોંચી તાત્કાલિક બચાવ અને સુરક્ષા કામગીરી હાથ ધરી હતી.

પાણીના વહેણમાં ફસાયેલા તેમજ માર્ગ પરથી પસાર થઈ રહેલા વટેમાર્ગુઓ અને વાહનચાલકોને પોલીસે ત્વરિત અને સલામત રીતે સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા.

સ્થિતિ વધુ વણસે નહીં અને કોઈ પણ અનિચ્છનીય દુર્ઘટના કે જાનહાનિ ન થાય તે માટે પોલીસે તકેદારીના ભાગરૂપે વેળાવદર-રાજગઢ માર્ગને હાલ પૂરતો વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ (ડાયવર્ટ) કરી દીધો છે. આ ઉપરાંત, કોઈ ઉત્સાહી વાહનચાલક જોખમ ખેડીને પાણીમાંથી પસાર થવાનો પ્રયાસ ન કરે તે માટે રસ્તાના બંને છેડે જીઆરડી (ગ્રામ રક્ષક દળ)ના જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા ભાલ વિસ્તાર અને આસપાસના ગામજનોને અપીલ કરવામાં આવે છે કે નાળા પર પાણી વહી રહ્યું હોવાથી આ માર્ગ પર જવાનું ટાળવું. તંત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું અને ઇમરજન્સી સ્થિતિમાં વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવો.

ગોહિલવાડ પંથકમાં ભારે વરસાદની આગાહી વચ્ચે માત્ર વરસાદી ઝાપટા વરસ્યા છે. સવારથી સાંજ સુધીમાં એક પણ તાલુકામાં નોંધપાત્ર વરસાદ પડ્યો નથી. જોકે વરસાદી માહોલ યથાવત રહ્યો છે. દરમિયાન ભાવનગર શહેર અને જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે ભારે ઝાપટા વરસ્યાં હતા. બપોરે તો તડકો નીકળ્યો હતો. આજે શનિવારે સવારના છ થી સાંજના છ દરમ્યાન વલભીપુરમાં ૪ મી.મી. ભાવનગરમાં ૭ મિ.મી.,ઘોઘા માં ૩ મી.મી., સિહોરમાં ૯ મી.મી., પાલીતાણામાં ૧ મી. મી., તળાજા ૬ મી મી.અને મહુવામાં ૭ મી .મી. વરસાદ નોંધાયો હતો. ■




ગૌરીવ્રતઃ શનિવારથી નાની બાળકીઓનું ગૌરીવ્રત શરૂ થયું છે. સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં બાળકીઓ આ વ્રત કરે છે. પાંચ દિવસ સુધી મનક વિનાનું મોળું જમવાનું હોવાથી આને મોળાવ્રત તરીકે પણ ઓળખવામાં આવે છે. રાજકોટના મંદિરમાં આ બાળકીઓ પૂજા કરતી જોઈ શકાય છે. (પ્રવિણ સેદાની)

# સૌરાષ્ટ્ર પર મેઘરાજા ઓળઘોળ રાજ્યના ૨૧ 'હાઈ અલર્ટ' ડેમમાંથી ૧૩ માત્ર સૌરાષ્ટ્રનાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ સમગ્ર ગુજરાતમાં પડેલા અતિભારે વરસાદના સમયે સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીની આવક વિપુલ પ્રમાણમાં થઈ છે, જેના કારણે અનેક ડેમ છલોછલ ભરાઈ ગયા છે અને વહીવટી તંત્ર દ્વારા તેમને 'હાઈ એલર્ટ' પર મૂકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં સિઝનનો સરેરાશ ૪૩.૩૩ વરસાદ નોંધાઈ ચૂક્યો છે, ત્યારે રાજ્યમાં પડેલા વરસાદને કારણે ૨૧ જળાશયોને હાઇ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે, તે પૈકી ૧૩ જળાશયો માત્ર સૌરાષ્ટ્રના છે. આ ડેમોની વાત કરીએ તો, અમરેલી



જિલ્લાના ધાતરવડી અને સુરજવાડી, ભાવનગરના રોજકી અને શેત્રુંજી, મોરબીનો મચ્છુ-૨, તેમજ સુરેન્દ્રનગરના વંસલ અને ધોળીધજા ડેમ સંપૂર્ણ ૧૦૦ ટકા ભરાઈ જતા હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ભાવનગરનો રંઘોળા ૯૯.૬૫ ટકા, અમરેલીનો ખોડિયાર ૯૬.૮૩ ટકા, રાયડી ૯૫.૨૪ ટકા અને ધાતરવડી-૨ ૯૩.૭૨ ટકા, બોટાદનો ખાંભડા ૯૪.૧ ટકા તથા મોરબીનો ઘોડાધ્રોઇ ૯૩.૭૫ ટકા ડેમ પણ જોખમી સપાટીની નજીક હોવાથી તેમને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. બીજી તરફ, સૌરાષ્ટ્રના કેટલાક ડેમોમાં ૮૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થતા તેમને 'એલર્ટ' પર મૂકવામાં આવ્યા છે.

આ યાદીમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનો માલણ ડેમ ૮૮.૮૧ ટકા ભરાઈ ચૂક્યો છે.

જ્યારે રાજકોટ જિલ્લામાં ધોરાજીનો ભાદર-૨ ડેમ ૮૮.૫૭ ટકા અને રાજકોટનો લાલપરી ડેમ ૮૦.૮૨ ટકા ભરાતા એલર્ટ જારી કરાયું છે. આ સાથે જ, ગીર સોમનાથના ગીર-ગઢડા તાલુકાનો રાવલ ડેમ પણ ૮૨.૦૪ ટકા ભરાઈ જતા તંત્ર દ્વારા સાવચેતીના પગલારૂપે તેને એલર્ટ ઝોનમાં મૂકવામાં આવ્યો છે. ■

## સંસ્થા સમાચાર

### સુરેન્દ્ર શંકરશેટના જન્મદિવસની ઉજવણી




મુંબઇઃ શંકર શેટ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ સુરેન્દ્ર શંકર શેટના ૯૨માં જન્મદિવસની ઉજવણી ૧૮મી જુલાઇના રોજ સ્ટ્યુ લિ એન્ડ સોસાયટીની સ્કૂલમાં કરાઇ હતી, જેમાં સ્મારક પ્રતિષ્ઠાનના સલાહકાર પ્રકાશ ચીખલીકર, નગર સેવિકા રીટા મકવાણા અને કમિટી સભ્ય ડો. અર્ચના થિટે સહિતના લોકો ઉપસ્થિત હતા.

## મુંબઈ પ્રેસ ક્લબની ચૂંટણીમાં 'સેવ ધ પ્રેસ ક્લબ એલાયન્સ'નો ભવ્ય વિજય

મુંબઈઃ મુંબઈ પ્રેસ ક્લબની ચૂંટણીમાં સેવ ધ પ્રેસ ક્લબ એલાયન્સ (SPCA) એ ઐતિહાસિક જીત મેળવી છે. ગઠબંધને તમામ છ હોદ્દેદાર પદો તેમજ મેનેજિંગ કમિટીની તમામ દસ બેઠકો પર વિજય મેળવ્યો છે. સુરેન્દ્ર પી. ગંગાન પ્રમુખ તરીકે ચૂંટાયા. ચેરપર્સન પદ એસ. બાલકૃષ્ણને મેળવ્યું. ઉપપ્રમુખ તરીકે ધોંડીબા (પાંડુરંગ) મ્હસ્કેને અને સચિવ પદ અનિલ કુમાર સિંહે મેળવ્યું. સંયુક્ત સચિવ તરીકે સુધાકર એસ. કશ્યપ અને ખજાનચી તરીકે ઓમ પ્રકાશ તિવારીની વરણી થઇ.

મેનેજિંગ કમિટીમાં વૈભવ પરબ, સ્વપ્નિલ એ. શિંદે, પૂનમ ડી. અપરાજ, મનીષા એમ. રેગે, અનીતા ડી. શુક્લા, શાહિદ એ. અન્સારી, આદિત્ય આર. દુબે, મધુ એ. નૈનન, કે. જે. બેનીચેન અને ઉમેશ ડી. ગોસ્વામી ચૂંટાયા.

એ જ રીતે, સ્ક્રૂટિની કમિટીના સભ્ય તરીકે વિજય સિંગ, પ્રસાદ કાથે, આલોક દેશપાંડે, નિલેશ દવે અને દિપાલી કદમે વિજય મેળવ્યો છે.

## લોક અદાલતમાં ૧.૮૦ કરોડ રૂપિયાના વળતરના દાવાનું સમાધાન

થાણેઃ થાણેની સ્પેશિયલ લોક અદાલતમાં શનિવારે વાહન અકસ્માતમાં ૧.૮૦ કરોડ રૂપિયાના વળતરના દાવાનું સમાધાન કરાયું હતું, જે દિવસનું સૌથી વધુ ભરપાઈનું સમાધાન હોવાનું કોર્ટ અધિકારીએ જણાવ્યું હતું. આ સમાધાન મૃતક હેલ્થકૅર પ્રોફેશનલ વિજયકુમાર ચિન્નાદુરાઈ અદિદ્રાવિદર અને ઓરિયેન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ વચ્ચે થયું હતું.

૩૬ વર્ષના વિજયકુમારનું બીજી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. કોર્ટ રેકોર્ડ અનુસાર વિજયકુમાર મુંબઈમાં ટાટા મેમોરિયલ સેન્ટરમાં કાયમી નર્સ હતો અને તેને માસિક ૧,૦૬,૨૨૪ રૂપિયાનું વેતન હતું. ઘટનાના દિવસે તે મુંબઈ-ગોવા હાઈવે પર બાઈક પરથી પસાર થતો હતો ત્યારે પુરઝડપે આવેલા ટ્રેલરે તેની બાઈકને પાછળથી ટક્કર મારી હતી.

વિજયકુમારની પત્ની વિશાખા અદિદ્રાવિદરે થાણેની મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ (એમએસીટી)માં વળતર માટે દાવો કર્યો હતો. વિજયકુમાર પરિવારનો એકમાત્ર કમાનારો હોવાથી નુકસાન ભરપાઈની માગણી દાવામાં કરાઈ હતી.

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ પોરબંદર હાલ ન્યૂ પનવેલ મીનલબેન (ઉં.વ. ૫૨) તે સ્વ. ક્રિષ્ણાબેન અને ભૂપેન્દ્રભાઇ મણીલાલ રત્નગ્રાહીના સુપુત્રી. તે ચેતનભાઇના બેન. તે નિલેશભાઇ, માયાબેન, ભારતીબેન, સોનલબેન, જયશ્રીબેન, પ્રીતાબેનના ભત્રીજી. હર્ષાબેન, પલ્લવીબેન, જયોતિબેન કલ્પેશ ચંદે, સોનલબેન શિશીર ઠક્કર, વિહારભાઇ, કોનીકાબેનના બેન. પરેલીવાળા મથુરાદાસ મોરારજી મજેઠીયાના ભાણેજ તા. ૨૩-૭-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬-૭-૨૬ના સાંજે ૪.૩૦થી ૬. ઠે. પનવેલ લોહાણા મહાજન વાડી, મિર્ચી ગલ્લી, પનવેલ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**અડાલજા મોઢ વણિક**

પેટલાદ નિવાસી હાલ ઘાટકોપર અ. સૌ. નિરૂપમાબેન (ઉં. વ. ૮૦) તે પ્રવીણચંદ્ર જયંતીલાલ શાહના ધર્મપત્ની. લતાબેન નવીનચંદ્ર શાહના ભાભી. દ્રુમિલ અને પ્રણવના માતુશ્રી. હેતેશ્રી વ્રજેશ શાહના કાકી. પિયર પક્ષે સ્વ. કમળાબેન રમણલાલ શાહના દીકરી તા. ૨૨-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

જૂનાગઢ નિવાસી હાલ સાંતાક્રુઝ કિશોરભાઇ (ઉં. વ. ૯૨) તે શાંતાબેન અમીદાસ લીલાધર મોદીના પુત્ર. તે નીલમબેન મુલચંદ મહેતા જામ ભાણવડ નિવાસીના પતિ. તે સ્વ. જસવંતભાઇના ભાઇ. વિરાજ તથા નિકીતા જીગર બીપીનભાઇ મહેતાના પિતાશ્રી. તે ક્રિષ્ણા જગદીશ ભાઇ મણિયારના સસરા. પુષ્પાબેન, ઇન્દુબેન, જ્યોત્સનાબેન, વસુબેન, સુધાબેન, પૂર્ણિમાબેન, જયોતિબેન, ભારતીબેનના ભાઇ તા. ૨૩-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા માંડલીયા મોઢ**

સરસીયા નિવાસી હાલ કાંદિવલી સ્વ. સંજયભાઇ જસવંતલાલ દોશી તા. ૨૩-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે (ઉં. વ. ૫૯) તે સ્વ. જસવંતલાલ દોશી તથા ગં. સ્વ. મધુકાંતાબેન દોશીના દીકરા. મનીષબેનના પતિ. પલકના પિતા. ફાલ્ગુની, કામીની તથા નીતાબેનના ભાઇ. સ્વ. પુષ્પાબેન ભાસ્કરભાઇ વોરાના જમાઇ. સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

ચંદ્રકાંત નાથજીભાઈ ધારિયા (ઉં. વ. ૭૭) હાલ મુંબઈ સ્વ. દિપીકાબેનના પતિ. હેમલ તથા કેયુરના પિતા. યુજુર્વ અને વીરના દાદા. નીપા તથા કાનનના સસરા. સ્વ. રમણલાલ પરીખ જૂનાગઢવાળાના જમાઈ ૨૪/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ૭/૧૪ ગજાનન કોલોની, ગજાનન રોડ ગોરેગાવ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પોરેચા મોઢ વણિક**

સ્વ. રશ્મિકાંત રસિકલાલ દેસાઈ હાલ પાર્લા (ઉં. વ. ૮૨) તા. ૨૩-૦૭-૨૬ના મુંબઈ અવસાન પામેલ છે. તે સ્વ. રસિકલાલ દેસાઈ તથા સ્વ. શ્રીમતી સુશીલાબેન દેસાઈના સુપુત્ર. મીનાબેન દેસાઈના પતિ. ધવલ તથા વૈશાલીના પિતા. હીરલ તથા રાકેશભાઈ કાંતિલાલ ઉપાધ્યાયના સસરા. નીઓમી તથા રિહાનના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૭-૦૭-૨૬ સોમવારના સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સ્થળઃ શ્રી ચંદુલાલ ટી. પરીખ ખડાયત ભુવન ૩૨, હનુમાન રોડ, પાર્લે તિલક વિદ્યાલય પાસે વિલે પાર્લે (પૂર્વ),

**કપોળ**

ભેરાઈવાળા હાલ મલાડ, ચંદ્રકાન્ત ધારશી વોરા (ઉં. વ. ૮૪) તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. ભેરાઈવાળા સ્વ. નંદલાલ ભાણજી ગાંધીના જમાઈ. પિયુષ, વૈભવ, મમતા ગૌરાંગ કાણકિયા, જિજ્ઞા, વિમલ, સ્વ. હેતલના પિતાશ્રી. કનુભાઈ, પ્રફુલભાઈ, સ્વ. પ્રમોદભાઈ, સ્વ. કપિલાબેન બાલકૃષ્ણ સંઘવી, પદ્માબેન લલિતકુમાર દોશી, ગં.સ્વ. રસીલાબેન પ્રફુલચંદ્ર મહેતાના ભાઈ. ડિમ્પલ, નીરજ, જીનલ, ભાવિક, સ્વ. માનવ, ધવન, વત્સલના દાદા. શનિવાર તા. ૨૫.૭.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૬.૦૭.૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળઃ કપોળવાડી, રામચંદ્ર લેન એક્સટેન્શન, મલાડ પશ્ચિમ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામ સલાયા, હાલ મુંબઈ, સૌ. નીતાબેન મજીઠીયા (ઉં. વ. ૬૧) તે ધીરેનભાઈ પ્રવીણભાઈ મજીઠીયાના ધર્મપત્ની, સ્વ. કમલાવતી પ્રવીણભાઈ નાથુભાઈ મજીઠીયા તથા સ્વ. ચંપાબેન હીરાલાલ દેવશી સોમૈયાના સુપુત્રી. વિરાજ-શૈલી તથા કેજલ-પૂજન શાહના માતૃશ્રી. ચેતનાબેન દિલેશભાઈ, જયેશભાઈ-દેવલબેન, ભરતભાઈ-ભારતીબેન, અરુણાબેન હરેનદ્રભાઈ, મીનાક્ષીબેન નવીનભાઇ, પ્રકાશભાઈ-જયશ્રીબેનના ભાભી, સચી, કશ્વી, પ્રયાન, જિયાનના દાદીમા. તા. ૨૪/૦૭/૨૬, શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬/૦૭/૨૬, રવિવાર સાંજે ૫:૦૦ થી ૭:૦૦. સ્થળઃ કલ્પતરુ ઓરા હોલ, કલબ-૨, આર સિટી મોલની સામે, એલ. બી. સ. માર્ગ, ઘાટકોપર વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

હાલ મીરા રોડ, સૌ. પૂર્ણિમાબેન ઠક્કર (ઉં. વ. ૫૮) તા. ૨૫/૦૭/૨૬ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. ગં.સ્વ. નિર્મળાબેન રતિલાલ ઠક્કરના પુત્રવધૂ. દીપક ઠક્કરના ધર્મપત્ની, રિદ્ધિ ઉત્સવકુમાર ઠક્કર, સિદ્ધિ મયૂરકુમાર ભવસાર, હિરલના માતુશ્રી. સ્વ. વનિતાબેન કલ્યાણજી કાનાણીના સુપુત્રી. સ્વ. જયેન્દ્રભાઈ કલ્યાણજી કાનાણી, સ્વ. છાયાબેન જયસુખલાલ, કલ્પનાબેન સુધીરના બેન. તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૭/૦૭/૨૬ના, સાંજે ૪ થી ૬. શ્રી લોહાણા મહાજન વાડી, કાણકિયા બ્રેવર્લી પાર્ક, વી પાવર જિમની પાસે, કાણકિયા પોલીસ ચોકીની સામે, મીરા રોડ ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ઝરીન મીનું વેસુના તે મીનું દોરાબજી વેસુનાના ધનીયાની. તે મરહુમો ધન હોરમઝજી હકીમના દીકરી. તે મરહુમ શેરનાઝના માતાજી. તે યઝદીના સાસુજી. તે કેટી, બાનું, આલુ ને મરહુમ કેશમીરાના બહેન. તે ઝીનીયાન ને યોહાનના મમઈજી. (ઉં. વ. ૮૩) રે. ઠે. ૨-એ, ૪ તાતા મીલ કો. હા. સોસાયટી, જગન્નાથ ભાતંકર માર્ગ, પરેલ (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, અંધેરી સાલસેટ અગિયારીમાં.

તનાઝ નેવીલ દારૂવાલા તે મરહુમ જાલ દારૂવાલાના ધનીયાની. તે હીલ્લા તથા મરહુમ કેકી જાહાંગીર મોગરેલીયાના દીકરી. તે મરહુમ નેવીલ જાલ દારૂવાલાના ધનીયાની. તે દીલબર, જેસમીન, જેઝમીનના મમા. (ઉં. વ. ૬૧) રે. ઠે. ૫, વાડીયા બિલ્ડિંગ, મરઝબાન કોલોની, ડો. એ. નાયર રોડ, આગ્રીપાડા, મુંબઇ-૪૦૦૦૧૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે વાડીયા અગિયારી લાલબાગમાં છેજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

હાથસણી નિવાસી હાલ મુલુંડ સ્વ. મંજુલાબેન બચુભાઇ દોશીના સુપુત્ર નિલેશ દોશી (ઉં. વ. ૫૬) તા. ૨૪-૭-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મનિષાબેનના પતિ. વૈભવ તથા હીનલ અક્ષયકુમાર શાહના પિતાશ્રી. પંકજભાઇ, આરતી નરેશકુમાર શેઠ તથા શિલ્પા રાકેશકુમાર શાહના ભાઇ. મેઘા, નિરવ, માનસી, ડિમ્પેશના કાકા. શ્વસુર પક્ષે ખાંતિલાલ બાવચંદ દોશીના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬-૭-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. ગોલ્ડન સેલિબ્રેશન બેન્કવેટ હોલ, ૧લા માળે, કલર સ્પેસ મોલ, ડી. ડી. ઉપાધ્યાય માર્ગ, પ્લેટીનમ હોસ્પિટલની બાજુમાં ડમ્પિંગ રોડ, મુલુંડ ચેકનાકા પાસે, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી વીશા દેરાવાસી જૈન**

અ. સૌ. હીનાબેન સમીરભાઇ શાહ મુંબઇ વડાલા ઇસ્ટ, મંગળવાર, તા. ૨૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પતિ - સમીરભાઇ જયસુખભાઇ શાહ. સાસુ-સસરા સ્વ. વીણાબેન, સ્વ. જયસુખભાઇ રતિલાલ શાહ. પુત્ર-પુત્રવધૂઃ વરુણ બંસી. પુત્રી - રુચી પિયરપક્ષે માતા-પિતા સ્વ. ભાનુમતિ, સ્વ. કાંતિભાઇ ન્યાલચંદ કોઠારી. બહેન-બનેવી : માલાબેન નયનભાઇ શાહ, શીલાબેન પ્રદીપભાઇ ખારા. બન્ને પક્ષે લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વિજાપુર સત્તાવીસ વીશા શ્રીમાળી જૈન**

પામોલ નિવાસી હાલ મલાડ સુરેખાબેન કીર્તિકુમાર શાહ, ( ઉં.વ.૭૪) તા. ૨૫.૦૭.૨૬ના રોજ અરિહંતશરણ થયા છે. તે પોપટલાલ કચરાલાલ શાહ પરિવારના પુત્રવધૂ. સ્વ. કીર્તિકુમારના પત્ની. વિશાલ, અપૂર્વ, હેમાની મમ્મી. રિન્કુ, લીના, ચિરાગકુમારના સાસુ. નૈતિક, જિનયના દાદી. અંબાલાલ મુલચંદ શાહની સુપુત્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૬.૦૭.૨૬ના રોજ સાંજે ૦૭.૩૦ થી ૦૯.૦૦ કલાકે પારેખ હોલ, જિતેન્દ્ર ક્રોસ રોડ, શ્રી શાંતિનાથ જિનાલયની પાસે, મલાડ (પૂ.).

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

ચુડા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. સુશીલા પ્રતાપરાય કોઠારીના પુત્ર મનીષ કોઠારી (ઉં. વ. ૬૮) ૨૪/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રશ્મિના પતિ. બિંદેશ તથા કિંજલના પિતા. પરિતા તથા રેશ્માના સસરા. જયંતીલાલ રતિલાલ બાવીશીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. એ ૨૦૧, અમૃતા બિલ્ડીંગ, ચારકોપ સેક્ટર ૫, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂ. પૂ. જૈન**

લીંબડી નિવાસી હાલ મલાડ, માલતીબેન ધ્રુવ (ઉં. વ. ૭૮) શુક્રવાર તા. ૨૪/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. રજનીકાંત રમણીકલાલ ધ્રુવના પત્ની. ભાવના, વિજય, પારસના માતોશ્રી, જીજ્ઞેશભાઈ મહાસુખલાલ બગડિયા, દીપિકા, ઝરણાના સાસુ. જયશ્રીબેન ગુણવંતરાઈ અજમેરાના ભાભી. સ્વ. મંગળદાસ નાગરદાસ તલસાણીયાના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામું - બી-૧૩૦૨, ભૂમિ સેલેસ્ટિયા, એસપી એન્ક્લેવ, માર્વે રોડ, મલાડ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના આદેશ રાંભિયા (ઉં. વ. ૩૧) તા. ૨૩-૭-૨૬ના અવસાન પામેલ છે. ભાનુબેન નાનજી (બાબુ) હંસરાજના પૌત્ર. ૨. ગણેશના પુષ્પાબેન કાંતિલાલ છેડાના દોહિત્ર. ગીતા હરેશના સુપુત્ર. આર્ચીના ભાઇ. ત્વચાદાન - ચક્ષુદાન કરેલ છે. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં કરસન લઘુ નિસર હોલ, દાદર (પૂ.). ટા. ૨ થી ૩.૩૦.

નવાવાસ (દુર્ગાપુર)ના માતુશ્રી કાંતાબેન વસનજી શાહ/સાવલા (ઉં. વ. ૯૪) તા. ૨૪/૭/૨૬ ના અરિહંત શરણ પામ્યા છે. વસનજી લખમશીના ધર્મપત્ની. રતનબેન લખમશી ઘેલાભાઈના પુત્રવધુ. નેણબાઈ શ્રીપાળ રવજીના સુપુત્રી. પિયુષ, હિના, રીનીના માતુશ્રી. નવાવાસના ચંદ્રકાંતભાઈ, નિતીનભાઈ, કસ્તુરબેન ધનજી, રાયણ પુષ્પાબેન વસંતના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પિયુષ વસનજી શાહ : બી-૫૨, ગ્રાન્ડ પરાડી, કેમ્પસ કોર્નર, મુંબઈ-૨૬.

## પાંચમા પાનાનું ચાલુ

### માસ્ટર માઈન્ડ

નેટવર્કના ચીફ કોઓર્ડિનેટર તરીકે ગુપ્તાનું નામ સામે આવ્યું હતું. ફરાર થઈ ગયેલા ગુપ્તાને પોલીસ અમુક સપ્તાહથી શોધી રહી હતી.

આ કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા આરોપીઓમાં રાજીવ શૉ, આકાશ કુમાર, ધીરજ સિંહ, સોનુ સિંહ, મિથુન સિંહ, કપિલ દહિયા, ગુપ્તાની પત્ની સુમન કુમારી ગુપ્તા તેમ જ આગરાની ખાનગી પ્રિન્ટિંગ પ્રેસના કર્મચારીઓ નરેશકુમાર માહોરે, સંજયકુમાર શર્મા અને બાબુલાલ કુશવાહાનો સમાવેશ થાય છે.

ભિવંડી પોલીસે આધારભૂત માહિતીને આધારે ૨૭ જૂને છટકું ગોઠવી ભિવંડી પરિસરમાંથી શકમંદોને પકડી પાડી તેમની પાસેથી ટીઈટીના પ્રશ્નપત્રોની નકલ જપ્ત કરી હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

### કૉંગ્રેસની લડત

લોકશાહીની જીત તરીકે ગણાવવું હાલ વહેલું ગણાશે. તેમણે આરોપ લગાવ્યો કે છેલ્લા એક દાયકામાં પરીક્ષાના પેપર લીકની વારંવાર બનેલી ઘટનાઓએ મેરિટ વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચાડ્યું છે, ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું છે અને લાખો મહેનતુ તથા પ્રામાણિક વિદ્યાર્થીઓ સાથે વિશ્વાસઘાત કર્યો છે.

સપકાળે ભારપૂર્વક જણાવ્યું હતું કે પેપર લીકની ઘટનાઓ માટે જવાબદાર તમામ લોકોને જવાબદાર ઠેરવીને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે કોંગ્રેસનો સંઘર્ષ આગળ પણ ચાલુ રહેશે.

### પ્રધાનના

ખરેખર પ્રશંસનીય છે.

પવારે વધુમાં કહ્યું કે, વિરોધ કરી રહેલા યુવાનોની એકધારી અને અડગ માગના પગલે કેન્દ્રીય શિક્ષણ પ્રધાને આખરે આજે રાજીનામું આપ્યું છે. અન્યાય અને દમન સામે નિર્ભયતાથી લડવામાં આવેલી આ લડાઈએ સરકારને નૈતિક જવાબદારી સ્વીકારવા માટે વિવશ કરી છે. આ સમગ્ર ઘટનાક્રમ લોકશાહીની શક્તિનું પ્રતીક છે અને દેશમાં યુવા શક્તિની એકતાની આ એક મોટી જીત છે.

મુંબઈ કૉંગ્રેસ અધ્યક્ષ અને લોકસભા સાંસદ વર્ષા ગાયકવાડે કહ્યું કે, ''ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું યુવાનોની જીત છે. જ્યારે પણ યુવાનોએ કોઈ મુદ્દો હાથમાં લીધો છે, ત્યારે તેઓ હંમેશાં જીત્યા છે. પ્રધાનના રાજીનામા માટે યુવાનોએ કરેલી લડત આપણે સૌએ જોઈ છે.''

ગાયકવાડે યુવાનોને આ જીતની ઉજવણી માટે મુંબઈના બાંદ્રામાં એકત્રિત થવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે આ લડત શિક્ષણ વ્યવસ્થામાં સુધારો લાવવા અને બંધારણનું રક્ષણ કરવા માટે હતી. દરમિયાન એનસીપી (શરદચંદ્ર પવાર)ના ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડે પણ યુવાનોની આ લડતને બિરદાવી હતી. (પીટીઆઈ)

### સોનાની દાણચોરી

મુસાફરોને રોકવામાં આવ્યા હતા. મુસાફરોએ ઍરક્રાફ્ટની સીટ નીચે સોનું સંતાડી રાખ્યું હતું.

અધિકારીઓએ અંદાજે ૧૮ કરોડ રૂપિયાનું ૧૨ કિલો સોનાની લગડીઓ જપ્ત કરી હતી. ત્રણેય વિદેશી નાગરિકની ધરપકડ કરી તેમની વિરુદ્ધ કસ્ટમ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

દરમિયાન બુધવારની રાતે ડીઆરઆઈએ 'ઑપરેશન મિડાસ મોપ' હાથ ધરી પાંચ આરોપીની ધરપકડ કરી હતી, જેમાં ઍરક્રાફ્ટ ક્લીનિંગ સ્ટાફના બે સભ્ય, એક પ્રવાસી અને દાણચોરીની સિન્ડિકેટ સાથે સંકળાયેલા બે સભ્યનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી અંદાજે ૫.૬૩ કરોડ રૂપિયાનું ૩.૭૬ કિલો ગૉલ્ડ ડસ્ટ જપ્ત કરવામાં આવી હતી, જે વૅક્સના સ્વરૂપમાં હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે દુબઈથી મુંબઈ આવેલી ઍરક્રાફ્ટમાં આ સોનું સંતાડવામાં આવ્યું હતું. આ સોનું ક્લીનિંગ સ્ટાફની મદદથી છૂપી રીતે ઍરપોર્ટ બહાર લઈ જઈ અન્ય વ્યક્તિને સોંપવાનું હતું. આ સિન્ડિકેટમાં હજુ કેટલા લોકો સંડોવાયેલા છે તેની તપાસ ડીઆરઆઈ કરી રહી છે.

### અંધેરીના

ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર પાંચમી જુલાઈથી ૧૮ જુલાઈ દરમિયાન ફરિયાદીને વિવિધ બૅન્ક ખાતાંમાં ૭.૮૯ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય ધરાવતા ફરિયાદી નબળા સ્વાસ્થ્યને કારણે છેલ્લા કેટલાક મહિનાથી ઘરે જ હોય છે. પાંચમી જુલાઈએ ફરિયાદીને એક વીડિયો કૉલ આવ્યો હતો, જેમાં આરોપીએ પોતાની ઓળખ દિલ્હી પોલીસ તરીકે આપી હતી. કૉલ કરનારા શખસે દાવો કર્યો હતો કે ફરિયાદીના આધાર કાર્ડનો ઉપયોગ એક બૅન્ક ખાતું ખોલાવવામાં થયો છે. એ બૅન્ક ખાતું કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શનવાળા એક ક્રિમિનલ કેસ સાથે સંકળાયેલું છે. જે નંબર પરથી ફરિયાદીને કૉલ આવ્યો હતો તેના વૉટ્સઍપ પરની પ્રોફાઈલ તસવીરમાં દિલ્હી પોલીસનો લોગો નજરે પડતો હતો, જેને પગલે ખરેખર પોલીસે કૉલ કર્યો હોવાનું ફરિયાદીને લાગ્યું હતું. આ રાષ્ટ્રીય સુરક્ષાને લગતો મામલો હોવાથી તે અંગે કોઈની પણ સાથે ચર્ચા ન કરવાની સૂચના આરોપીએ આપી હતી.

ફરિયાદ અનુસાર કૉલ કરનારા શખસે તેના ઉપરી અધિકારીને ફોન ટ્રાન્સફર કર્યો હતો, જેણે સાત કરોડ રૂપિયાની લેવડદેવડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગના કેસની તપાસ ચાલી રહી હોવાનો દાવો કર્યો હતો. પૂછપરછ પછી ફરિયાદીની ધરપકડની વાત કરનારા આરોપીએ બોગસ અરેસ્ટ વૉરન્ટ પણ વૉટ્સઍપ પર ફરિયાદીને મોકલ્યા હતા.

ડિજિટલ અરેસ્ટનો ભય દેખાડી આરોપીઓએ ફરિયાદીની આર્થિક માહિતી મેળવી હતી. એક મહિલા અધિકારીએ કૉલ કરીને ફરિયાદીના બૅન્ક ખાતાં, મ્યુચ્યુઅલ ફન્ડ્સ, ફિક્સ્ડ ડિપોઝિટ્સ અને અન્ય રોકાણ સંબંધી વિગતો લીધી હતી અને તપાસમાં સહકાર માટે ફરિયાદીને મનાવી લીધા હતા.

### રેલી તો આજે

પરિષદમાં ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું કે યુવાનોના સશક્ત આંદોલનને કારણે દેશમાં સર્જાયેલું ભયનું વાતાવરણ તૂટ્યું છે. તેમણે કહ્યું કે આ લડત માત્ર એક મંત્રીના રાજીનામા પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ તે લોકશાહી અને યુવાશક્તિના આત્મવિશ્વાસની જીત છે.

તેમણે જણાવ્યું કે, 'દેશના યુવાનોએ ભયના માહોલને તોડી નાખ્યો છે. જેમણે યુવાનોને 'કોક્રોચ' કહીને અપમાનિત કર્યા હતા, તેઓ હવે અહંકાર છોડે. એક 'કોક્રોચ'એ તાનાશાહી માનસિકતાને ઝુકવા માટે વિવશ કરી છે.' રાજ ઠાકરેએ જણાવ્યું કે શિવાજી પાર્કની સભા યથાવત રહેશે અને હવે તે યુવાનોને તેમના સંઘર્ષ અને સફળતા બદલ અભિનંદન આપવા માટે યોજાશે. તેમણે કહ્યું કે આ સભા યુવાશક્તિના મનોબળ અને લોકશાહીના મૂલ્યોની જીતનો ઉત્સવ બનશે.

આ સભા અગાઉ કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગને સમર્થન આપવા માટે યોજાવાની હતી. હવે પ્રધાનના રાજીનામા બાદ બંને પક્ષોએ કાર્યક્રમનું સ્વરૂપ બદલી તેને યુવાઓને અભિનંદન આપતી સભામાં ફેરવવાનો નિર્ણય લીધો છે. (પીટીઆઈ)

### પીએમએ મારી

ધર્મેન્દ્ર પ્રધાનનું નીટ પેપર લીક મામલે રાજીનામું એ યુવા શક્તિ અને ભારતીય લોકશાહીની મોટી જીત હતી, તેમ વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું. પ્રધાનના રાજીનામા માટે સીજેપીના આંદોલન દરમિયાન પવારે દિલ્હીના જંતર મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે સાથે મુલાકાત કરી હતી અને બાદમાં વડાપ્રધાન મોદીને પણ મળ્યા હતા.

પવારે જણાવ્યું કે તેમણે વડાપ્રધાન મોદીને વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી ન કરવા અને સંવાદ રચવા આગ્રહ કર્યો હતો, જે તેમણે ધ્યાને લીધો હોઈ શકે છે. તેમણે યુવા આંદોલનકારીઓને પણ સરકાર તરફથી પહેલ થાય તો વાતચીત માટે તૈયાર રહેવા કહ્યું હતું. યુવા આંદોલનને નૈતિક અને સંસદીય ટેકો આપવા બદલ તેમણે વિપક્ષી દળોનો આભાર માન્યો અને ઉમેર્યું કે દેશમાં લોકશાહી પુનર્જીવિત થઈ રહી છે. આંદોલનકારીઓની સતત માંગને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય શિક્ષણ પ્રધાને આખરે રાજીનામું આપી દીધું. ડર્યા વગર અન્યાય સામે મક્કમતાથી લડાયેલી આ લડાઈ, લોકશાહીની તાકાતનું પ્રતીક છે. દેશની યુવા શક્તિની એકતા માટે આ એક મોટી જીત છે,'' તેમણે વધુમાં ઉમેર્યું હતું.

### પ્રધાને રાષ્ટ્રના

નીતિના અમલીકરણ, PM SHRI શાળાઓની શરૂઆત, વિદેશમાં આઇઆઇટીનું વિસ્તરણ અને ૧૯ ભાષાઓમાં રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષાઓ યોજવાનો સમાવેશ થાય છે.''

ધર્મેન્દ્ર પ્રધાને દેશના શિક્ષણ ક્ષેત્રમાં ઘણા મહત્વપૂર્ણ સુધારા હાથ ધર્યા હતા. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણમાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાની માહિતી પણ ફડણવીસે આપી હતી.

### વિદ્યાર્થીઓ સામેના

ફડણવીસને લખેલા પત્રની નકલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હવે વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનું નિરાકરણ આવી ગયું છે, ત્યારે તેમની સામે નોંધાયેલી એફઆઈઆર પાછી ખેંચવા અંગે સરકારે વિચાર કરવો જોઈએ.

સિદ્દીકીએ પત્રમાં લખ્યું હતું કે, ''આ વિદ્યાર્થીઓ હાલ પોતાના જીવનની શરૂઆતના તબક્કામાં છે. તેમની સામે ચાલતી ફોજદારી કાર્યવાહી તેમના શૈક્ષણિક અને વ્યાવસાયિક ભવિષ્ય પર અસર ન કરે તે જરૂરી છે.'' તેમણે મુખ્યમંત્રીને વિદ્યાર્થીઓના હિતમાં સંવેદનશીલતાપૂર્વક વિચાર કરીને કેસ પાછા ખેંચવાની વિનંતી કરી હતી.

### ઍરપોર્ટ નજીકની

અધિકારીએ વધુ માહિતી આપવાનો ઇનકાર કર્યો હતો.

મળતી માહિતી અનુસાર દિલ્હીમાં રહેતી બિઝનેસ કન્સલ્ટન્ટ મહિલા ગુજરાતના અમદાવાદ શહેરમાં રહેતા બિઝનેસમૅન પટેલને ઓળખતી હતી. કામ માટે મહિલા મુંબઈ આવવાની હોવાથી પટેલ સાથે મીટિંગનું પણ નક્કી થયું હતું. બે દિવસથી મહિલા સાંતાક્રુઝની હોટેલમાં રોકાઈ હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ગુરુવારની સાંજે આરોપીએ મહિલા સાથે હોટેલની રૂમમાં કથિત દુષ્કર્મ આચર્યું હતું. આ બાબતે મહિલાએ તાત્કાલિક પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસે મધરાતે જ આરોપીને તાબામાં લીધો હતો. પ્રાથમિક પૂછપરછ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી.

### ધોધમાર વરસાદમાં

ઘણા મુસાફરો ખોરાક અને પીવાના પાણીની અછતને કારણે મુશ્કેલી અનુભવી રહ્યા હોવાના અહેવાલ હતા. ટ્રાફિક જામના કારણે હાઇવેના અનેક ભાગોમાં સમસ્યા થઈ હતી. અછાડ અને મનોર વચ્ચે વાહનોનો લાંબી કતારો જોવા મળી હતી. શુક્રવારે મોડી રાત્રે વરસાદ ઓછો થયા પછી મુંબઈ તરફ જતા વાહનો ધીમે ધીમે આગળ વધવા લાગ્યા હતા, પરંતુ ગુજરાત તરફના ટ્રાફિકને તીવ્ર અસર થઈ હતી. પાલઘર જિલ્લાના વિવલવેધે ગામમાં ચાલી રહેલા ફ્લાયઓવરના બાંધકામને કારણે પરિસ્થિતિ વધુ વણસી છે. પૂર અને ભારે વરસાદને કારણે ટ્રાફિકને સર્વિસ રોડ દ્વારા ડાયવર્ટ કરવામાં આવતા સમસ્યામાં વધી ગઈ હતી. કેટલાક ડ્રાઇવરોએ જણાવ્યું હતું કે સલામતી માટે તેમને રસ્તાની બાજુમાં જ વાહનો રોકવાની ફરજ પડી હતી. જોકે, મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવાના અહેવાલ છે કારણ કે નજીકની હોટલો અને રસ્તાની બાજુમાં આવેલા ખાણીપીણીના સ્થળોએ મોટી સંખ્યામાં ફસાયેલા લોકોને સમાવવા માટે પૂરતી સુવિધાઓ નહોતી.

### અનેક ટ્રેન

લોકલ સેવા સામાન્ય સમયપત્રક મુજબ ચાલુ રહેશે.

મધ્ય રેલવેના મેગા બ્લોક દરમિયાન સીએસએમટીથી ઉપડતી ડાઉન ફાસ્ટ અને સેમી-ફાસ્ટ લોકલને થાણેથી કલ્યાણ વચ્ચે ડાઉન સ્લો લાઇન પરથી દોડાવવામાં આવશે. આ ટ્રેનોને તેમના નિયમિત સ્ટોપ ઉપરાંત કલવા, મુંબ્રા અને દિવા સ્ટેશન પર પણ સ્ટોપ આપવામાં આવશે. એ જ રીતે, કલ્યાણથી સીએસએમટીથી તરફ આવતી અપ ફાસ્ટ અને સેમી-ફાસ્ટ લોકલને કલ્યાણથી થાણે વચ્ચે અપ સ્લો લાઇન પર દોડાવવામાં આવશે અને દિવા, મુંબ્રા તથા કલવા ખાતે વધારાના સ્ટોપ આપવામાં આવશે. ત્યારબાદ આ ટ્રેનો મુલુંડ ખાતે ફરી ફાસ્ટ લાઇન પર વાળવામાં આવશે. આ ફેરફારને કારણે બંને દિશાની લોકલ ટ્રેનો આશરે ૧૦ મિનિટ મોડી દોડવાની શક્યતા છે.મેગા બ્લોક દરમિયાન સીએસએમટીથી અથવા દાદરથી ઉપડતી ડાઉન મેલ-એક્સપ્રેસ ટ્રેનોને પણ થાણેથી કલ્યાણ વચ્ચે પાંચમી લાઈન પરથી દોડાવવામાં આવશે. ટ્રાન્સ-હાર્બર માર્ગ પર મેગા બ્લોક કારણે અનેક લોકલ રદ રહેશે. તેથી થાણે, કલ્યાણ, દિવા, મુંબ્રા અને ટ્રાન્સ-હાર્બર માર્ગે મુસાફરી કરનારા મુસાફરોને રવિવારે મુસાફરીનું આયોજન કરતી વખતે ખાસ કાળજી રાખવાની સલાહ આપવામાં આવી છે.

પશ્ચિમ રેલવે પર રવિવારે દિવસ દરમિયાન કોઈ મેગાબ્લોક નહીં હોય. જોકે, મુંબઈ સેન્ટ્રલથી માહિમ વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર શનિવારે મધરાતે ૧૨.૨૫થી રવિવારે વહેલી સવારે ૪.૨૫ વાગ્યા સુધી જંબો બ્લોક લેવામાં આવશે. આ સમયગાળા દરમિયાન ચર્ચગેટથી સાંતાક્રુઝ વચ્ચે દોડતી તમામ ફાસ્ટ લોકલને સ્લો લાઇન પરથી ચલાવવામાં આવશે. બ્લોક પૂર્ણ થયા બાદ રવિવારે દિવસ દરમિયાન પશ્ચિમ રેલવેની ઉપનગરીય સેવા નિયમિત સમયપત્રક મુજબ દોડશે.

મુલુંડ સ્ટેશન પર નવા ફૂટ ઓવરબ્રિજ એફઓબીના ગર્ડર લોન્ચિંગ માટે શનિવારે મધરાતે વિશેષ ટ્રાફિક અને પાવર બ્લોક પણ લેવામાં આવશે. રાત્રે ૧.૧૦થી વહેલી સવારે ૩.૪૦ વાગ્યા સુધી અપ અને ડાઉન સ્લો લાઇન પર, જ્યારે રાત્રે ૧.૧૦થી ૨.૧૦ વાગ્યા સુધી અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર બ્લોક રહેશે. આ કામગીરીને કારણે બે ઉપનગરીય લોકલ સેવા રદ કરવામાં આવી છે.

મુલુંડ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ અને ૨/૩ તેમજ પ્લેટફોર્મ નંબર ૪ વચ્ચે છ મીટર પહોળા ફૂટ ઓવરબ્રિજના બે ગર્ડર ૨૫૦ મેટ્રિક ટન ક્ષમતાવાળી ક્રેનની મદદથી લોન્ચ કરાશે. રવિવારે મેગાબ્લોકને ધ્યાનમાં રાખીને મુસાફરોએ ઘરેથી નીકળતા પહેલાં પોતાની લોકલનું સમયપત્રક તપાસી લેવાની અપીલ રેલવે પ્રશાસને કરી હતી.

### મુંબઈને ૫૦ ટકાથી

ભાતસામાંથી કરવામાં આવે છે. મુંબઈ સહિત રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે, જેમાં થાણે જિલ્લાના શહાપુર તાલુકામાં પણ છેલ્લા થોડા દિવસથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને પગલે શહાપુરમાં આવેલા ભાતસાનું પણ સ્તર વધી ગયું છે. શનિવારે સવારના ભાતસામાં ૮૨.૮૬ ટકા જેટલો પાણીનો જથ્થો હતો. સાંજ સુધીમાં પાણીનું સ્તર વધી જતા બંધના પાંચેય દરવાજા ખોલવામાં આવ્યા હતા અને નદીકાંઠાનાં ગામોને પ્રશાસને સતર્ક રહેવાની ચેતવણી પણ જાહેર કરી હતી.

મુંબઈને પાણીપુરવઠો કરનારા સાત જળાશયમાંથી ભાતસા અને અપર વૈતરણા બંધ રાજ્ય સરકારની માલિકીના છે. બંને બંધ બાંધતા સમયે કેપિટલ ખર્ચના સહભાગને કારણે મુંબઈ મહાનગરપાલિકાને આ બંને બંધમાંથી પાણી મળે છે, જેમાં ભાતસામાંથી મુંબઈને ૫૦ ટકાથી વધુ પાણી મળે છે. ભાતસાનું સ્તર વધવાને કારણે તેમ જ મુંબઈના અન્ય જળાશયોમાં પણ પાણીની સપાટી સતત વધી રહી હોવાથી પાણીનું સંકટ હળવું થયું છે. જુલાઈના પહેલા અઠવાડિયામાં પડેલા વરસાદને પગલે મુંબઈમાં રહેલા વિહાર અને તુલસી આ બે સૌથી નાનાં જળાશય ૧૦૦ ટકા ભરાઈ ગયાં હતાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પ્રધાનના રાજીનામાને વિપક્ષે યુવાશક્તિની જીત ગણાવી

મુંબઈઃ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે નરેન્દ્ર મોદી સરકારમાંથી રાજીનામું આપ્યા બાદ મહારાષ્ટ્રના વિપક્ષી નેતાઓએ પરીક્ષામાં પેપર લીક અને શિક્ષણક્ષેત્રની અનિયમિતતાઓ સામે આંદોલન કરી રહેલા યુવાનોને અભિનંદન પાઠવ્યા હતા.

નવી દિલ્હીના જંતર-મંતર ખાતે ૨૦ જૂનથી ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શનનો મુખ્ય મુદ્દો પરીક્ષામાં પેપર લીક અને શિક્ષણ ક્ષેત્રની ગેરરીતિઓ સામે વિરોધ તેમજ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ હતી.

રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારે નીટ પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને દેશની યુવા શક્તિની મોટી જીત ગણાવી છે.

શરદ પવારે શનિવારે જણાવ્યું હતું કે, નીટ પેપર લીક મામલે દિલ્હીના જંતર-મંતર ખાતે સતત ૨૮ દિવસ સુધી યુવાનો દ્વારા કરવામાં આવેલા સંઘર્ષ અને દર્શાવવામાં આવેલી દૃઢતા (જુઓ પાનું ૪) ▶▶

## રેલી તો આજે નીકળશે જઃ ઠાકરે બંધુ

મુંબઈઃ રવિવારે મુંબઈના શિવાજી પાર્ક ખાતે યોજાનારી બંને પક્ષોની સંયુક્ત સભા પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ જ યોજાશે તેવી માહિતી શિવસેના (ઉદ્ધવ)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ આપી હતી. જોકે હવે આ સભા યુવાશક્તિના સંઘર્ષ અને તેમની જીતને બિરદાવવા માટે સમર્પિત રહેશે.

મુંબઈમાં યોજાયેલી સંયુક્ત પત્રકાર (જુઓ પાનું ૪) ▶▶

## વિદ્યાર્થીઓ સામેના કેસ પાછા ખેંચોઃ ઝીશાન સિદ્દીકી

મુંબઈઃ મહાયુતિ સરકારના વિધાન પરિષદના સભ્ય અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા ઝીશાન સિદ્દીકીએ શનિવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પરીક્ષાના પેપર લીક સામે તાજેતરમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી એફઆઈઆર પાછી ખેંચવાની અપીલ કરી હતી.

સિદ્દીકીએ મુખ્ય પ્રધાન (જુઓ પાનું ૪) ▶▶

## પ્રધાને રાષ્ટ્રના હિતને પ્રાધાન્ય આપ્યુંઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપી સ્વેચ્છાએ ખસી જવા બદલ બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ભાજપાના આ નેતાએ સ્વાર્થની જગ્યાએ રાષ્ટ્રના હિતને પ્રાધાન્ય આપ્યું હતું.

ફડણવીસે જણાવ્યું કે,"શિક્ષણ ક્ષેત્રમાં મુખ્ય સુધારાઓનું શાળાઓની નેતૃત્વ કરવા માટે પ્રધાનનો ફાળો બહુમૂલ્ય હતો, જેમાં રાષ્ટ્રીય શિક્ષણ (જુઓ પાનું ૪) ▶▶

## પીએમએ મારી સલાહ માની હોઈ શકે છેઃ શરદ પવાર

પુણેઃ એનસીપી (એસપી) અધ્યક્ષ શરદ પવારે શનિવારે જણાવ્યું હતું કે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સીજેપી ના નેતાઓ સાથે વાતચીત કરવા અને આંદોલનકારી યુવાનો સામે બળપ્રયોગ ન કરવા વિનંતી કરી હતી, અને મોદીએ તેમની સલાહને ધ્યાનમાં લીધી હોઈ શકે છે. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન (જુઓ પાનું ૪) ▶▶

## કૉંગ્રેસની લડત ચાલુ રહેશેઃ હર્ષવર્ધન સપકાળ

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે શનિવારે જણાવ્યું હતું કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માત્ર પ્રથમ પગલું છે અને પરીક્ષાના પેપર લીક માટે જવાબદાર લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં ન આવે ત્યાં સુધી કોંગ્રેસની લડત ચાલુ રહેશે.

એક નિવેદનમાં સપકાળે કહ્યું કે પ્રધાનના રાજીનામાને (જુઓ પાનું ૪) ▶▶

## ટીઈટી પેપર લીક કેસ

# માસ્ટરમાઈન્ડ અને તેનો સાથી બિહારમાં પકડાયો

થાણેઃ મહારાષ્ટ્ર ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (ટીઈટી) ૨૦૨૬ના પેપર લીક કેસની તપાસ કરનારી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે (એસઆઈટી) કથિત માસ્ટરમાઈન્ડ સહિત બેને બિહારમાં પકડી પાડ્યા હતા.

ભિવંડી ઝોન-૨ના ડેપ્યુટી પોલીસ કમિશનર પવન બનસોડેએ જણાવ્યું હતું કે વિજયેન્દ્રકુમાર ગુપ્તા ઉર્ફે બિજેન્દ્ર કુમાર ગુપ્તા અને તેના સાથી ઈન્દ્રજિત સિંહને શુક્રવારે બિહારમાં તાબામાં લેવાયા હતા. બન્નેને શનિવારે પુણે લાવવામાં આવ્યા પછી ભિવંડી લવાયા હતા. ધરપકડ પછી કોર્ટમાં હાજર કરી બન્નેની પોલીસ કસ્ટડી મેળવવામાં આવી હતી.

બિહારથી પકડાયેલા બન્ને આરોપી સાથે આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની સંખ્યા ૧૪ થઈ હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

ડીસીપીના જણાવ્યા મુજબ ટીઈટી પેપર સાથે ભિવંડીમાં શકમંદો પકડાયા પછી આ કેસની તપાસ એસઆઈટીને સોંપાઈ હતી. તપાસ દરમિયાન આંતરરાજ્ય પેપર લીક (જુઓ પાનું ૪) ▶▶

## ઍરપોર્ટ નજીકની હૉટેલમાં મહિલા સાથે દુષ્કર્મઃ અમદાવાદના બિઝનેસમૅનની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીટિંગ માટે મુંબઈ આવેલી દિલ્હીની મહિલા સાથે ઍરપોર્ટ નજીકની ફાઈવ સ્ટાર હૉટેલમાં કથિત દુષ્કર્મ કરવાના કેસમાં પોલીસે અમદાવાદના બિઝનેસમૅનની ધરપકડ કરી હતી.

ઍરપોર્ટ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ નિલય પટેલ (૪૫) તરીકે થઈ હતી. કોર્ટે પાંચ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ અંદાજે ૩૦ વર્ષની મહિલાએ રૅપની ફરિયાદ નોંધાવી હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. આ પ્રકરણે ઍરપોર્ટ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪, ૭૪, ૭૫(૨), ૭૬ અને ૩૩૩ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ મામલે તપાસ ચાલી રહી હોવાથી (જુઓ પાનું ૪) ▶▶

## હત્યાના ગુનેગારને વહેલી મુક્તિ નહીં મળેઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારના લગ્ન પ્રસ્તાવને નકારવા બદલ એક મહિલાની હત્યા કરવા બદલ દોષિત ઠરેલા પુરુષની સજા વહેલી માફી અને મુક્તિનો ઇનકાર કરવાના નિર્ણયને સમર્થન આપી નોંધ્યું છે કે હત્યા, હિંસા અને ક્રૂરતા સાથે કરવામાં આવી હતી. ૨૦ જુલાઈના આદેશમાં ન્યાયમૂર્તિ સારંગ કોટવાલ અને ન્યાયમૂર્તિ આશિષ ચવ્હાણની ખંડપીઠે નોંધ્યું હતું કે અજય કિસન ડુંગરશીએ નક્કી કરવામાં આવેલી ૨૬ વર્ષની કેદની સજા ભોગવવી જ પડશે. આ ગુનો હિંસા અને ક્રૂરતા સાથે આચરવામાં આવ્યો છે.અરજદારે અમુક દોષિતોને વહેલી માફીની મંજૂરી આપતી શ્રેણી હેઠળ તેને મૂકવાનો ઇનકાર કરતા મહારાષ્ટ્ર સરકારના સપ્ટેમ્બર ૨૦૨૫ના આદેશને પડકાર્યો હતો. ડુંગરશીએ દાવો કર્યો હતો કે માફી સહિતની તેની સજા ૨૨ વર્ષ સુધી રાખવી જોઈએ અને વહેલી મુક્તિની માગ કરી હતી.સરકારે તેમને ૨(સી) કેટેગરી હેઠળ મૂક્યા હતા. એ અનુસાર જો ગુનો અસાધારણ હિંસા અને/અથવા ક્રૂરતા સાથે કરવામાં આવ્યો હોય, અથવા પીડિતનું બળી જવાથી મૃત્યુ થયું હોય તો માફી સહિતની કેદની મુદત ૨૬ વર્ષ છે. ફરિયાદ પક્ષના કહેવા અનુસાર મહિલાએ લગ્ન કરવાની ના પાડી હોવાથી ડુંગરશીએ તેની હત્યા કરી હતી. (પીટીઆઈ)

## સોનાની દાણચોરી કરનારી બે સિન્ડિકેટના આઠ પકડાયા

### ₹ ૨૩.૬૩ કરોડનું સોનું જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી સોનાની દાણચોરી સાથે સંકળાયેલી બે સિન્ડિકેટનો પર્દાફાશ કરી ડિરેક્ટરેટ ઑફ રેવેન્યૂ ઈન્ટેલિજન્સે (ડીઆરઆઈ) ઍરક્રાફ્ટ ક્લીનિંગ સ્ટાફના બે સભ્ય સહિત આઠ જણની ધરપકડ કરી હતી. તેમની પાસેથી અંદાજે ૨૩.૬૩ કરોડ રૂપિયાનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. ડીઆરઆઈના મુંબઈ ઝોનલ યુનિટે ઍરપોર્ટ પર ગુરુવારની રાતે 'ઑપરેશન સ્કાય વોલ્ટ' હાથ ધર્યું હતું. મળેલી માહિતીને આધારે અદિસ અબાબાથી આવેલા ત્રણ વિદેશી (જુઓ પાનું ૪) ▶▶

# બુલેટ ટ્રેન ભૂકંપ પહેલા આપમેળે ઊભી રહી જશે

## ૧૫ ઑગસ્ટ, ૨૦૨૭ના દિવસે પ્રારંભ

મુંબઈઃ મુંબઈ - અમદાવાદ બુલેટ ટ્રેન રૂટનું વીજળીકરણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડનારી બુલેટ ટ્રેન માટે અવિરત અને સ્થિર વીજ પુરવઠો મળતો રહે એ માટે ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

રાષ્ટ્રીય પાવર ગ્રીડમાંથી એક ખાસ સબસ્ટેશન મારફત અને પછી બુલેટ રૂટ પરના સબસ્ટેશન દ્વારા વીજળી પૂરી પાડવામાં આવશે.

આ બુલેટ ટ્રેન એક અદ્યતન સિસ્ટમ દ્વારા સંચાલિત હશે. ટ્રેનનો પેન્ટોગ્રાફ ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી વખતે ઓવરહેડ વાયરમાંથી સતત પાવર ખેંચી શકે એવી યાંત્રિક વ્યવસ્થા કરવામાં આવી છે. આ હાઇ-સ્પીડ મુસાફરી દરમિયાન સ્પાર્ક, પાવર વધઘટ અથવા વિક્ષેપો ટાળવામાં મદદ મળશે.

રાષ્ટ્રીય ગ્રીડમાંથી વીજળી સૌપ્રથમ એક ખાસ ગ્રીડ સબસ્ટેશન પર લાવવામાં આવશે. ત્યારબાદ રૂટ પરના ૧૪ ટ્રેક્શન સબસ્ટેશન દ્વારા બુલેટ ટ્રેનને વીજળી પૂરી પાડવામાં આવશે. આ સબસ્ટેશનમાંથી પાંચ મહારાષ્ટ્રમાં છે, જ્યારે નવ ગુજરાતમાં છે. રાજ્યમાં મુંબઈ, થાણે, વિરાર, બોઇસર અને થાણે ડેપોમાં સબસ્ટેશન સ્થાપિત કરવામાં આવશે. ગુજરાતમાં, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી ડેપોમાં સબસ્ટેશન હશે.

બુલેટ ટ્રેન માટે ૧ હજાર ૧૨૫ કિમી ટ્રેક પર ફેલાયેલા ખાસ ઓવરહેડ ઇલેક્ટ્રિકલ વાયરનું નેટવર્ક બેસાડવામાં આવ્યું છે. દરેક ટ્રેક્શન સબસ્ટેશન સિસ્મોમીટરથી સજ્જ હશે, જે સેકન્ડોમાં ભૂકંપની ગતિવિધિઓ શોધી શકે છે અને રક્ષણાત્મક પગલાં શરૂ કરી શકે છે, જેથી ભૂકંપની સ્થિતિમાં બુલેટ ટ્રેનને તાત્કાલિક રોકી શકાય.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનો પહેલો તબક્કો ૧૫ ઑગસ્ટ, ૨૦૨૭ના રોજ કાર્યરત થશે. પહેલી ટ્રેન ગુજરાતમાં સુરતથી બીલીમોરા સેક્શન પર દોડશે. આ સમગ્ર રૂટ ૫૦૮ કિમી લાંબો છે. ત્યારબાદ આગામી રૂટ તબક્કાવાર શરૂ કરવામાં આવશે.

બુલેટ ટ્રેનમાં મુંબઈથી અમદાવાદ માત્ર બે કલાક અને સાત મિનિટમાં પહોંચી જવાશે. મુંબઈ-અમદાવાદ કોરિડોર પછી, હૈદરાબાદથી ત્રણ હાઇ-સ્પીડ ટ્રેન દોડશે. મુંબઈ-પુણે-હૈદરાબાદ, હૈદરાબાદ-બેંગલુરુ, હૈદરાબાદ-ચેન્નાઈ જેવા રેલ્વે કોરિડોરને લીલી ઝંડી આપવામાં આવી છે. ■

## મુંબઈને ૫૦ ટકાથી વધુ પાણીપુરવઠા કરનારું ભાતસા ૮૨ ટકાથી વધુ ભરાયું

### જળાશયોમાં ૨૯૫ દિવસ ચાલે એટલું પાણી જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને ૫૦ ટકાથી પણ વધુ પાણીપુરવઠો કરનારું ભાતસા ૮૨ ટકાથી વધુ ભરાઈ ગયું છે. તો સાતેય જળાશયોમાં કુલ ૮૩ ટકાથી વધુ પાણી જમા થઈ ગયું હોવાથી મુંબઈગરાના માથા પર રહેલું પાણીનું સંકટ લગભગ ટળી ગયું છે. હાલ જળાશયોમાં ૨૯૫ દિવસ ચાલે એટલું પાણી જમા થઈ ગયું છે.મુંબઈને સાત જળાશયોમાંથી પ્રતિદિન ૪,૧૦૦ મિલ્યનથી વધુ પાણીપુરવઠો કરવામાં આવે છે, જેમાં ૫૦ ટકાથી વધુ પાણીપુરવઠો (જુઓ પાનું ૪) ▶▶

## ભારે વરસાદ બાદ થાણે જિલ્લામાં જનજીવન ફરી સામાન્ય બન્યું

પાલઘરઃ ભારે વરસાદના લીધે સમગ્ર રાજ્યમાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. ૨૨ જુલાઈથી ૨૪ જુલાઈ સુધી પડેલા સતત વરસાદમાં કુલ ત્રણ લોકોના મૃત્યુ થવાની દુઃખદ ઘટના સામે આવી હતી. ભારે વરસાદના પગલે જાહેર માળખાકીય સગવડોને પણ વ્યાપક નુકશાન પહોંચ્યું હતું.

નરપડ-ચિખલા કોસ્ટલ રોડ અને વડઘર બ્રિજ જેવા મુખ્ય માર્ગોને પણ ખૂબ નુકશાન થયું હતું. જનજીવન સામાન્ય બનતા વરસાદથી પ્રભાવિત પાલઘર જિલ્લો ધીમે ધીમે સામાન્ય સ્થિતિ તરફ પાછો ફરી રહ્યો છે. જિલ્લાના પાલક પ્રધાન ગણેશ નાયકે જાહેર બાંધકામ વિભાગ અને જિલ્લા પંચાયતને તાત્કાલિક વ્યાપક નુકસાનીનો સર્વે હાથ ધરવા અને વાહનોની અવરજવર તથા દૈનિક જીવન શક્ય તેટલી ઝડપથી પૂર્વવત કરવા માટે રિપેરિંગ કામગીરીને પ્રાથમિકતા આપવા સૂચના આપી છે.

એક અહેવાલ મુજબ, તેમણે પાલઘરના જિલ્લા કલેક્ટર ઇન્દુ રાણી જાખડ અને અન્ય અધિકારીઓને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓથી પ્રભાવિત નાગરિકોને તાત્કાલિક જરૂરી સુવિધાઓ અને મદદ પૂરી પાડવા નિર્દેશ આપ્યો હતો. નાયકે સમગ્ર જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે અધિકારીઓને તાત્કાલિક ધોરણે કામચલાઉ આશ્રયસ્થાનોમાં ખસેડાયેલા નાગરિકો માટે પૂરતો ખોરાક, દવાઓ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.તેમણે જિલ્લા વહીવટીતંત્રને નુકસાનીનું મૂલ્યાંકન ઝડપથી પૂર્ણ કરવા અને પ્રક્રિયા ફાઇલિંગ ઝડપી બનાવવા નિર્દેશ આપ્યો હતો જેથી અસરગ્રસ્ત પરિવારોને સરકારી નિયમો મુજબ સખત રીતે નાણાકીય વળતર ચૂકવી શકાય. ■

## મુંબઈ મહાપાલિકાની હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફેલ

# નવ વર્ષમાં ૧૦૦ કરોડના ખર્ચ બાદ પણ પરિણામ શૂન્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની હૉસ્પિટલમાં હેલ્થ મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સિસ્ટમ શરૂ કરવા માટે છેલ્લાં નવ વર્ષમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો હોવા છતાં પરિણામ શૂન્ય મળ્યું હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે.

નાયર હોસ્પિટલમાં આ સિસ્ટમની શરૂઆત કરાઈ હતી, પરંતુ બાદમાં તેને બંધ કરી દેવાઈ હતી. ટેંડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવી કંપની દ્વારા હાલ આ કામ નવેસરથી શરૂ કરાશે.

આ સમગ્ર વિષય પર માહિતી આપતા પાલિકાના નાયબ કમિશ્નર શરદ ઊઘાડેએ જણાવ્યું કે અમે હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ પર નવેસરથી કામ શરૂ કરી રહ્યા છીએ. જૂની સિસ્ટમની મને ઝાઝી જાણકારી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે પાલિકાએ હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ માટે શરૂઆતમાં નાયર રુગ્ણાલયની પસંદગી કરી હતી, ત્યાર બાદ પાંચ દવાખાનાઓમાં પણ આ પ્રણાલી શરૂ કરવાની યોજના હતી. સૂત્રએ આપેલી માહિતી પ્રમાણે આ પ્રકલ્પ માટે અત્યાર સુધીમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો. વર્ષો સુધી તેનું ટ્રાયલ પણ લેવાતું રહ્યું. પણ બધા જ પ્રયાસો વ્યર્થ નીવડ્યા કારણ પરિણામ શૂન્ય આવ્યું.

પાલિકા હવે નવા સોફ્ટવેર સાથે હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન પ્રણાલી લાગુ કરવાનો પ્રયાસ કરી રહી છે. જેના અંતર્ગત કેઈએમ હોસ્પિટલ સાથે દવાખાનાઓ તેમજ પરાંની હૉસ્પિટલોમાં કામ ચાલી રહ્યું છે. પરંતુ આ જોતાં નાયરની સિસ્ટમ, સોફ્ટવેર અને ટ્રેનિંગ બધુ જ એળે ગયું છે. અને ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ પણ પાણીમાં ગયો છે.

હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન પ્રણાલીના કારણે હોસ્પિટલનું પૂરું કામ ઓનલાઈન કરવું શક્ય બનશે. જેમાં ઓપીડી રજિસ્ટ્રેશન થી લઈને દર્દીઓના દસ્તાવેજો દરેક બાબતનો રેકોર્ડ રાખી શકાય છે. જેને કારણે કાગળનો ઉપયોગ સમાપ્ત થઈ જશે અને દરેક રેકોર્ડ ઓનલાઈન ઉપલબ્ધ થશે.

છેલ્લાં નવ વર્ષમાં પાલિકા આ સિસ્ટમ લાગુ કરવામાં અસફળ રહી છે. જેનું મુખ્ય કારણ તે આ સિસ્ટમ લાગુ કરવામાં તબીબોને સાથે લીધા વિના કરી કાર્ય કરી રહી હોવાની માહિતી એક સૂત્રે નામ ન આપવાની શરતે આપી હતી.

## મુંબઈ - અમદાવાદ હાઈવે ટ્રાફિક જૅમ

# ધોધમાર વરસાદમાં હજારો લોકો અટવાયા

મુંબઈઃ પાલઘર અને પડોશી રાજ્ય ગુજરાતમાં ધોધમાર વરસાદને કારણે મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક ખોરવાઈ જતા શુક્રવાર સવારથી હજારો મુસાફરો કલાકો સુધી અટવાઈ ગયા હતા. ગુજરાતમાં દમણ ગંગા નદી ઓવરફ્લો થયા પછી પરિસ્થિતિ વધુ વણસી હતી. પૂરના પાણી હાઇવે પર ફરી વળ્યા હતા અને મહારાષ્ટ્ર-ગુજરાત સરહદની બંને બાજુ વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.ઘણા ડ્રાઇવરોએ દાવો કર્યો હતો કે મુસાફરો લગભગ ૧૩થી ૧૫ કલાક સુધી અટવાયા હતા. મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત (જુઓ પાનું ૪) ▶▶

## આજે મુંબઈગરાને મેગા બ્લોકનો માર

# અનેક ટ્રેન રદ થશેઃ રૂટ બદલાશે

મુંબઈઃ મુંબઈની ઉપનગરીય રેલવેમાં રવિવાર, ૨૬ જુલાઈએ મેગાબ્લોકના કારણે લોકલ સેવાને ફટકો પડશે. મધ્ય રેલવેના થાણે-કલ્યાણ વચ્ચેના અપ-ડાઉન ફાસ્ટ કોરિડોર પર સવારે ૧૦.૪૦ વાગ્યાથી બપોરે ૩.૪૦ વાગ્યા સુધી મેગાબ્લોક લેવામાં આવશે.

આ દરમિયાન સીએસએમટીથી કલ્યાણ તરફ જતી ફાસ્ટ અને સેમી-ફાસ્ટ લોકલને સ્લો લાઇન પર દોડાવવામાં આવશે. બીજી તરફ, ટ્રાન્સ-હાર્બર માર્ગ પર કેટલીક લોકલ સેવા રદ કરવામાં આવશે. પશ્ચિમ રેલવે પર જોકે રવિવારે દિવસ દરમિયાન કોઈ મેગાબ્લોક નહીં હોવાથી (જુઓ પાનું ૪) ▶▶

## પંઢરપુર યાત્રામાં પહેલીવાર મહારાષ્ટ્ર સરકારની એર એમ્બ્યુલન્સે બીમાર યાત્રાળુને બચાવ્યો

મુંબઈઃ અષાઢી એકાદશીએ પંઢરપુર શહેરની સાંકડી ગલીઓમાં ભગવાન વિઠ્ઠલના લાખો ભક્તોની ભીડ વચ્ચે છાતીમાં તીવ્ર દુખાવાની ફરિયાદ કર્યા પછી નિર્માણ થયેલી કટોકટીમાં પહેલી વખત મહારાષ્ટ્ર સરકારે યાત્રા માટે શરૂ કરેલી એર એમ્બ્યુલન્સ સેવાની મદદથી ૫૪ વર્ષીય બાલુ પડલુને સમયસર હોસ્પિટલમાં પહોંચાડવામાં મદદ મળી હતી. મહારાષ્ટ્ર સરકાર દ્વારા શુક્રવારે મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદન અનુસાર છત્રપતિ સંભાજીનગરના રહેવાસી પડલુ ભગવાન વિઠ્ઠલ અને દેવી રુકમણીના દર્શન માટે સોલાપુર જિલ્લાના પંઢરપુર ગયા હતા, જ્યાં તેમને છાતીમાં દુખાવો થયો હતો. ડૉક્ટરોએ તેમને પહેલા તીન રસ્તા નજીકના ઈન્ટેન્સિવ કેર યુનિટમાં સારવાર આપી હતી અને પછી તેમને પંઢરપુરની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનો ઈસીજી કાઢતા તાત્કાલિક સારવારની આવશ્યકતા જણાઈ આવી હતી.

લાખો યાત્રાળુઓથી ભરેલા રસ્તાને કારણે બાય રોડ તેમને હૉસ્પિટલ લઈ જવાથી કિંમતી સમયનો બગાડ થવાની સંભાવના હોવાથી ડૉક્ટરોએ પડલુને સોલાપુર ઍરલિફ્ટ કરવાનો નિર્ણય લીધો હતો. ઍર ઍમ્બ્યુલન્સ તેમને સોલાપુર ઍરપોર્ટ લઈ ગઈ હતી, જ્યાંથી તેમને કાર્ડિયોલોજિસ્ટ દ્વારા સારવાર માટે યશોધરા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જિલ્લા સિવિલ સર્જન ડૉ. વર્ષા ડોઇફોડેએ જણાવ્યું હતું.

સોલાપુર ઍરપોર્ટ પર ઉતર્યા પછી મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પડલુને મળ્યા હતા અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ પણ કરી હતી. તેમણે ડૉક્ટરો સાથે દર્દીની સ્થિતિની સમીક્ષા પણ કરી હતી અને તેમને ખાતરી કરવા નિર્દેશ આપ્યો કે તમામ જરૂરી તબીબી સારવાર પૂરી પાડવામાં આવે.

## ભંગાર વેચીને મધ્ય રેલવેની તિજોરી છલકાઈ

# ત્રણ મહિનામાં ૧૩૬.૧૦ કરોડ રૂપિયાની કમાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવેએ આર્થિક વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભંગાર વેચીને ૧૩૬.૧૦ કરોડ રૂપિયાની રેકોર્ડ આવક મેળવી છે. 'મિશન ઝીરો સ્ક્રેપ સ્ટેટસ' અંતર્ગત મળેલી આ આવક છેલ્લા પાંચ વર્ષમાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં સૌથી વધુ છે. ગયા આર્થિક વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિકમાં ભંગાર વેચાણથી થયેલી ૭૧.૯૪ કરોડ રૂપિયાની આવકની સરખામણીએ આ વર્ષે આવકમાં ૮૯ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. મધ્ય રેલવેના પાંચેય વિભાગો તેમજ વિવિધ વર્કશોપમાં આ અભિયાન અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવ્યું હતું. મુંબઈ વિભાગે ૨૨.૪૩ કરોડની આવક સાથે સૌથી વધુ યોગદાન આપ્યું હતું. ત્યારબાદ ભુસાવળ વિભાગે ૨૦.૪૪ કરોડ, નાગપુરે ૧૯.૯૮ કરોડ, પુણેએ ૧૮.૧૯ કરોડ અને સોલાપુર વિભાગે ૬.૪૪ કરોડની આવક મેળવી હતી. જ્યારે પરેલ, માટુંગા સહિતની વિવિધ વર્કશોપ અને યુનિટ્સમાંથી ૪૮.૬૨ કરોડની આવક થઈ હતી.

મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી ડો. સ્વપ્નીલ નીલાએ જણાવ્યું હતું કે રેલવેના કાયમી માર્ગો પરથી દૂર કરાયેલા જૂના સ્લીપર્સ, લોખંડ અને લોખંડ સિવાયના ભંગાર તેમજ ઉપયોગમાંથી સંપૂર્ણપણે બહાર થઈ ગયેલા જૂના રેલવે કોચ અને વેગન સહિત વિવિધ પ્રકારની નકામી સામગ્રીનો વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રક્રિયા દ્વારા રેલવેને નોંધપાત્ર આવક મળી છે.

'મિશન ઝીરો સ્ક્રેપ સ્ટેટસ' અભિયાનથી માત્ર ભંગારમાંથી આવક ઊભી કરવામાં જ નહીં, પરંતુ રેલવે પરિસર સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવામાં પણ મદદ મળી રહી છે. મધ્ય રેલવે દ્વારા આગામી સમયમાં પણ ભંગારના વ્યવસ્થિત નિકાલ અને સંસાધનોના વધુ સારા ઉપયોગ પર ભાર મૂકવામાં આવશે તેવી માહિતી અધિકારીઓએ આપી હતી.

## અંધેરીના બિઝનેસમૅને ડિજિટલ અરેસ્ટ સ્કૅમમાં ૭.૮૯ કરોડ રૂપિયા ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયબર ફ્રોડના આંચકાજનક કેસમાં અંધેરીમાં રહેતા અને ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય ધરાવતા સિનિયર સિટીઝનને મની લૉન્ડરિંગના કેસમાં કથિત સાઠગાંઠનો ડર બતાવી 'ડિજિટલ અરેસ્ટ'ને નામે અધધધ ૭.૮૯ કરોડ રૂપિયા પડાવવામાં આવ્યા હતા.

દિલ્હી પોલીસ દ્વારા અલર્ટ કરાયા બાદ મુંબઈના વેસ્ટ રિજન સાયબર સેલના અધિકારીઓ ૭૩ વર્ષના બિઝનેસમૅનના ઘરે પહોંચ્યા ત્યારે આ સાયબર ફ્રોડની જાણ થઈ હતી. બિઝનેસમૅનની ફરિયાદને આધારે સાયબર પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન (જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં બિલ્ડિંગના બેઝમેન્ટમાં આગઃ ૧૦ રહેવાસીનો બચાવ

થાણેઃ થાણે (પશ્ચિમ)માં નૌપાડામાં ગ્રાઉન્ડ પ્લસ બે માળની બિલ્ડિંગના બેસમેન્ટમાં શનિવારે વહેલી સવારે આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડે બિલ્ડિંગના ૧૦ રહેવાસીને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ નૌપાડા પોલીસ સ્ટેશનની બાજુમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળની ગૌતમ હાઉસ નામની ઈમારત આવેલી છે.

શનિવારે સવારના લગભગ ૮.૧૦ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના બેઝમેન્ટમાં રબર મેટમાં મામૂલી આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા ઘટનાસ્થળે ફાયરબ્રિગેડ, મહાવિતરણ, મહાનગર ગૅસના કર્મચારી સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારી પહોંચી ગયા હતા.આગ લાગી એ સમયે બિલ્ડિંગના ઉપરના બે માળા પર ૧૦થી વધુ રહેવાસીઓ હતા. આગને પગલે તમામ રહેવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આગ ઉપરના માળા સુધી ફેલાય તે પહેલા જ તેને બુઝાવી દેવામાં આવી હતી. જોકે આગને કારણે ધુમાડો સમગ્ર પરિસરમાં ફેલાઈ ગયો હતો. ■

## કૉમનવેલ્થ ગેમ્સ

# બિહારમાં શાકભાજી વેચતા ઝંડુ કુમારે ભારતને અપાવ્યો પહેલો મેડલ

ગ્લાસગો (સ્કૉટલૅન્ડ): કૉમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ના બીજા દિવસે ભારતની સૌથી મોટી સિદ્ધિ પૅરા પાવરલિફ્ટર ઝંડુ કુમારે પ્રાપ્ત કરી, તેણે પૅરા પાવરલિફ્ટિંગમાં કાંસ્ય પદક જીત્યો હતો. પૅરા પાવરલિફ્ટિંગમાં ભારત માટે પહેલો પદક જીતીને ૨૮ વર્ષીય ઝંડુએ ઇતિહાસ રચી દીધો છે. જીવનમાં અનેક સંઘર્ષોને પાર કરીને તેનું અહીં સુધી પહોંચવું પણ એક પ્રેરણા છે. આ તેનો પહેલો ઇન્ટરનેશનલ મેડલ છે.



ઝંડુ કુમાર ખેડૂતપુત્ર છે. ઝંડુના જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવી, તે ઘર ચલાવવા માટે ક્યારેક શાકભાજી પણ વેચતો હતો. બાદમાં તેણે ઈ-રિક્ષા પણ ચલાવી. આની સાથે અને આના પછી તેણે પોતાના સપનાને તૂટવા ન દીધા, તેઓ મહેનત કરતા રહ્યા અને હવે આટલા મોટા મંચ પર પદક જીતીને ભારતનું નામ રોશન કર્યું છે.

### જાણે હું હવામાં ઊડી રહ્યો છું

પદક જીત્યા પછી ઝંડુએ પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે એવું લાગી રહ્યું છે જાણે તે હવામાં ઊડી રહ્યો હોય. તેનું લક્ષ્ય ગમે તે ભાગ્યે પદક જીતવાનું હતું, જે તેણે પૂરું કરી લીધું.

ઝંડુ કુમારે ૧૮૧ અને ૧૯૦ કિલોગ્રામના સફળ લિફ્ટ લગાવતા ૧૩૦.૯ અંક હાંસલ કર્યા હતા. ૧૯૬ કિલોનો અંતિમ પ્રયાસ તેનો સફળ ન થયો. આ સ્પર્ધામાં સુવર્ણ પદક નાઈજીરિયાના ઈદ્રિસ રિલુવાને જીત્યો હતો. રજત પદક મેથ્યુ હાર્ડિંગે જીત્યો. અશોક મલિક પદકથી ચૂકી ગયો હતો. પૅરા પાવરલિફ્ટિંગમાં પુરૂષોની લાઈટવેઈટ સ્પર્ધામાં ૧૪૩.૮ અંકો સાથે તે ચોથા નંબરે રહ્યો હતો.

### પોલિયોએ છીનવી પગની તાકાત

ઝંડુ જ્યારે પાંચ વર્ષનો હતો ત્યારે તે પોલિયોની ચપેટમાં આવી ગયો હતો. ત્યાર પછી તેનું જીવન ખૂબ જ સંઘર્ષોથી ભરેલું રહ્યું. દિલમાં પોતાના પગ પર ઊભા ન થઈ શકવાની વેદના હતી. પરંતુ તેણે પોતાની મંઝિલ શોધી જ લીધી. 'પૅરા પાવરલિફ્ટિંગે' તેનું જીવન બદલી નાખ્યું. હવે તે દેશના પ્રમુખ પૅરા પાવરલિફ્ટરોમાં સામેલ થઈ ચૂક્યો છે. ઝંડુ પુરુષોના ૭૨ કિગ્રા વર્ગમાં રાષ્ટ્રીય રેકૉર્ડ પણ પોતાના નામે કરી ચૂક્યો છે.

ઝંડુએ પોતાના પહેલા જ પ્રયત્નમાં ૧૮૧ કિગ્રા વજન ઉઠાવ્યું અને પછી બાદમાં ૧૯૦ કિગ્રા વજન ઉઠાવવામાં સફળ રહ્યો. તેણે પોતાની છેલ્લી લિફ્ટમાં ૧૯૬ કિગ્રા વજન ઉઠાવવાની કોશિશ કરી, પરંતુ તેઓ સફળ ન થઈ શક્યો. નાઈજીરિયાના રિલુવાન ઇદ્રિસે ૨૦૮ કિગ્રા વજન ઉઠાવીને ગોલ્ડ મેડલ પર કબજો કરી લીધો. સિલ્વર મેડલ ઇંગ્લૅન્ડના મેથ્યુ હાર્ડિંગે ૧૯૯ કિગ્રા વજન ઉઠાવીને જીત્યો હતો. ■

### મોદીના અભિનંદન

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનંદન પાઠવતા એક્સ પર જણાવ્યું, 'ઝંડુ કુમારે દર્શનીય પર્ફોર્મન્સ સાથે ભારતને પ્રથમ ચંદ્રક અપાવ્યો. તેમણે અપાર શક્તિ, અટલ સંકલ્પ અને વર્ષોના અથાક પ્રયાસોથી આ સિદ્ધિ હાંસલ કરી છે. પ્રત્યેક પડકારનો સફળતાથી સામનો કરીને તેમ જ આંતરરાષ્ટ્રીય ફલક પર ઝળકીને તેણે સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે.'

# ભારત ૯૦ રનથી જીત્યું, આજે જ રમાશે છેલ્લી મૅચ

## શ્રેયસના શ્રેણી-વિજયની શરૂઆતઃ ઈશાન-તિલકની ધમાકેદાર ઈનિંગ્સ બાદ અભિષેકની બોલિંગમાં કમાલ

હરારેઃ ભારતે અહીં ઝિમ્બાબ્વેને ટી-૨૦ સિરીઝની બીજી મૅચમાં પણ હરાવીને ટ્રોફી પર ૨-૦થી કબજો કરી લીધો હતો. આજે ભારત-ઝિમ્બાબ્વે વચ્ચે ત્રીજી અને અંતિમ ટી-૨૦ મૅચ (સાંજે ૪.૩૦ વાગ્યાથી) રમાશે. આ જીત સાથે ભારતે શ્રેયસ ઐયરની કૅપ્ટન્સીમાં શ્રેણી-વિજયની શરૂઆત કરી દીધી છે.




કૅપ્ટન શ્રેયસ ઐયર



મૅન ઑફ ધ મૅચ ઇશાન કિશન

### ઈશાનના ૮૧, તિલકના અણનમ ૬૦

બૅટિંગમાં ભારતે ઇશાન કિશન (૮૧ રન, ૪૪ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને તિલક વર્મા (૬૦ અણનમ, ૨૯ બૉલ, ત્રણ સિક્સર, પાંચ ફોર) વચ્ચેની ચોથી વિકેટ માટેની ૪૪ બૉલમાં ૯૪ રનની ભાગીદારીથી જીતનો પાયો નાખ્યો હતો અને ત્યાર બાદ ભારતના છ બોલરે કમાલ બતાવી હતી. ભારતના સાતમાંથી મયંક યાદવ (પચીસ રનમાં વિકેટ નહીં) છ બોલરને વિકેટ મળી હતીઃ અભિષેક શર્મા (૧૭ રનમાં ત્રણ), પ્રિન્સ યાદવ (૧૦ રનમાં બે), યશ ઠાકુર (૩૦ રનમાં બે), તિલક વર્મા (નવ રનમાં એક), શિવમ દુબે (૧૩ રનમાં એક) અને રવિ બિશ્નોઈ (૨૦ રનમાં એક). એક તબક્કે ઝિમ્બાબ્વેએ ૧૬ બૉલમાં માત્ર ૧૫ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી.

### અભિષેકનો ભારતીય વિક્રમ

ભારતે પાંચ વિકેટે ૨૧૯ રન બનાવ્યા બાદ ઝિમ્બાબ્વેની ટીમ ૧૭.૫ ઓવરમાં ફક્ત ૧૨૯ રનમાં ઑલઆઉટ થઈ જતાં ભારતે ૯૦ રનથી વિજય મેળવ્યો હતો. બૅટિંગમાં નિષ્ફળ રહેલા ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્મા (આઠ રન)એ પછીથી બોલિંગમાં કમાલ બતાવી હતી. તેણે ૧૭ રનમાં સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. અભિષેક ભારતનો એવો પ્રથમ ઓપનિંગ બૅટ્સમૅન છે જેણે એક ટી-૨૦ મૅચમાં ત્રણ વિકેટ લીધી છે. આ અગાઉ છેલ્લે ભારત વતી ૨૦૧૨માં વીરેન્દર સેહવાગ એક આંતરરાષ્ટ્રીય મૅચમાં ત્રણ વિકેટ લીધી હતી.

### બે ટૂરમાં નામોશી બાદ ત્રીજીમાં ખુશી

આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડમાં અનુક્રમે ૦-૨ અને ૦-૪ની વાઇટવૉશની નામોશી જોયા પછી ઝિમ્બાબ્વે સામે વિજય મેળવીને પહેલી વખત ભારત શ્રેયસ ઐયરના સુકાનમાં શ્રેણી જીત્યું છે. ટીમ ઇન્ડિયાએ હરારેમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી છે.

### નવા બોલર યશની બે વિકેટ

નવોદિત પેસ બોલર યશ ઠાકુરે ભારત વતી ડેબ્યૂ કર્યા પછી બે વિકેટની કમાલથી ભારતની જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેણે ઓપનર બ્રાયન બેનેટ (૩૨ રન) અને વિકેટકીપર ટેડિવાનાશે મારુમની (૨૪ રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી.

### વૈભવ ટૂંકી ફટકાબાજી બાદ સાહસી શૉટમાં આઉટ

ભારતને પ્રથમ બૅટિંગનો સુંદર મોકો મળ્યો, પણ સસ્તામાં બે વિકેટ ગુમાવી દીધી. અભિષેક શર્મા ફક્ત બે ચોગ્ગાથી બનેલા ફક્ત આઠ રનના સ્કોર પર કૅચઆઉટ થયો ત્યાર પછી વૈભવ સૂર્યવંશી (૨૦ રન)એ ઍન્ગારવાના સતત ચાર બૉલમાં ફટકાબાજી કર્યા પછી પાંચમા બૉલ પર પણ બિગ શૉટ મારવાની લાલચમાં વિકેટ ગુમાવી દીધી હતી. તેણે આ પેસ બોલરની ઓવરના બીજા બૉલ પર ચોગ્ગો માર્યા બાદ ત્રીજા બૉલ પર છગ્ગો ફટકાર્યો હતો. તે અહીં જ નહોતો અટક્યો. ચોથા બૉલ પર અને પાંચમા બૉલ પર તેણે બે ચોગ્ગા ફટકારીને સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું, પરંતુ છઠ્ઠો બૉલ જે શૉર્ટ બૉલ હતો એમાં સાહસ બતાવીને વધુ એક ઊંચો શૉટ મારવા ગયો અને મિડ-ઑનના ફીલ્ડર મુઝરબાનીને કૅચ આપી બેઠો હતો. સિરીઝની પ્રથમ મૅચના હાફ સેન્ચુરિયન વૈભવે નવ બૉલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૨૦ રન બનાવ્યા હતા. ■

# કૉમનવેલ્થમાં ભારતની બૉવ્લ્સ ટીમની ચારમાંથી એક ઍથ્લીટ પોલીસ, બીજી ટીચર, ત્રીજી જંગલની અધિકારી અને ચોથી સ્પોર્ટ્સ ઑફિસર

ગ્લાસગો (સ્કૉટલૅન્ડ): શનિવારે અહીં કૉમનવેલ્થ ગેમ્સમાં બૉવ્લ્સ નામની રમતની સતત ત્રીજી મૅચમાં ભારતની મહિલા ટીમને વિજય મેળવીને સનસનાટી મચાવી દીધી હતી. હવે આ ટીમની સેમિ ફાઇનલની એન્ટ્રી વધુ સરળ થઈ ગઈ છે. પેર્સ (જોડી)ની ઇવેન્ટમાં ભારતને રૂપા રાની તિર્કે અને પિન્કી સિંહે વિજય અપાવ્યો હતો અને નવાઈની વાત એ છે કે આ બે ઍથ્લીટ સહિતની આ રમતોત્સવની ચારેય ભારતીય ઍથ્લીથ અલગ-અલગ વ્યવસાયની છે.




ભારતની મહિલા ટીમમાં રૂપા રાની સિંહ અને પિન્કી સિંહ, નયનમોની સૈકિયા સહિત ચાર ખેલાડીનો સમાવેશ છે અને તેમનામાંથી એક ઍથ્લીટ પોલીસ કૉન્સ્ટેબલ, બીજી ટીચર, ત્રીજી જંગલની અધિકારી અને ચોથી ખેલકૂદની અધિકારી છે. આ ટીમમાં લવલી ચૌબે પણ સામેલ છે.

ભારતની મહિલા બૉવ્લ્સ ટીમે પહેલી મૅચમાં માલ્ટાને ટાઇબ્રેકરમાં અને બીજી મૅચમાં સાઉથ આફ્રિકાની ચડિયાતી ટીમને ૨-૦ (૬-૪, ૭-૫)થી હરાવી હતી અને ત્યાર બાદ શનિવારે ટૉન્ગાને ટાઇબ્રેકરમાં ૨-૦થી હરાવી દીધી હતી.

બૉવ્લ્સ નામની રમતમાં સ્પર્ધક પોતાના હાથમાં જે બૉલ હોય એને નિશ્ચિત અંતરે પડેલા જૅક તરીકે ઓળખાતા નાના બૉલની બને એટલો નજીક પહોંચાડવાનો પ્રયાસ કરે છે. આ રમતમાં ઘાસ કે સિન્થેટિક ટર્ફ પર સિંગલ્સની, ડબલ્સની કે ટ્રિપલ્સની તેમ જ ચાર ખેલાડીઓની ગેમ રમાય છે. ■

# ધોની હજી પણ ફેવરિટ રોડસાઇડ ધાબા પર જવાનું નથી ચૂકતો!

## રાંચી-જમશેદપુર વચ્ચેના હાઈવે પરના ધાબાના માલિકને કારની ભેટ અને વેઈટરને ૬,૦૦૦ રૂપિયાની ટિપ



રાંચીઃ મહેન્દ્ર સિંહ ધોની ક્રિકેટર બન્યો એ પહેલાં રેલવેમાં ટિકિટચેકરની નોકરી તો કરતો જ હતો, પણ માત્ર રમતની વાત કરીએ તો સ્કૂલના દિવસોમાં તે ફૂટબૉલનો ગોલકીપર હતો અને ત્યારથી તે રાંચીના ખેલકૂદપ્રેમીઓના દિલમાં વસેલો છે, પરંતુ એનાથી વિશેષ વાત એ છે કે રાંચીથી જમશેદપુર જતાં હાઇવે પર એક જાણીતો ધાબા છે જેના માલિકના સૌથી મોંઘેરા મહેમાનોમાં ધોનીનું સ્થાન સર્વોચ્ચ સ્થાને છે.

ખુદ ધોની કરોડોપતિ બન્યો હોવા છતાં અને દુનિયાભરમાં વિખ્યાત થયો હોવા છતાં સમય મળે ત્યારે મિત્રો સાથે આ રોડસાઇડ ધાબા પર જવાનું ચૂકતો નથી. ત્યાં તેના માટે બૅકયાર્ડમાં શિવજીની મૂર્તિ નજીક ખાસ ટેબલ ગોઠવવામાં આવે છે અને ધોનીને તેની ફેવરિટ વાનગી પીરસવામાં આવે છે. બોનલેસ ચિલી ચિકન, બટર નાન અને મૅન્ગો ડ્રિન્ક ધોની આ ધાબા પર અચૂક માણે છે.

ધાબાના સિલેક્ટેડ વેઇટર અને હેલ્પરને જ ધોનીના ટેબલ નજીક જવાની છૂટ હોય છે. એક વખત ધોનીએ ખુશ થઈને વેઇટર અને તેના સાથીઓ માટે કુલ ૬,૦૦૦ રૂપિયાની ટિપ આપી હતી.

ધોની ક્યારેક રાંચીમાં સલામતી કવચ વગર બાઇક ચલાવતો જોવા મળે છે તો પોતાના ખેતરમાં ટ્રૅક્ટર પણ ચલાવી લેતો હોય છે. ફરી ધાબાની વાત કરીએ તો હાઇવે પરના આ ધાબા પર ઘણા મુસાફરો આવવાનું ટાળતા હોય છે, પણ ધોની જ્યારે પણ આ હાઇવે પરથી પસાર થાય ત્યારે આ ધાબામાં અચૂક ધામા નાખે છે.

ધોનીએ આ ધાબાના માલિક સંજય મુખરજીના પરિવારને કાર ભેટ આપી છે. માહીએ તેમને મારુતિ સ્વિફ્ટ બક્ષિસમાં આપી ત્યારે કોઈ જ ફોટો નહોતો પાડવામાં આવ્યો. ■

# ફિફા વર્લ્ડ કપના ફૂટબોલરનો ગંભીર ગુનો પોલીસે રસ્તા પર પકડી પાડ્યો!

સિડનીઃ સામાન્ય રીતે કોઈ ખેલાડી કે ઍથ્લીટે કેફી દ્રવ્ય લીધું હોવાનું વર્લ્ડ ઍન્ટિ ડોપિંગ એજન્સી (વાડા)ની લૅબોરેટરીમાં પુરવાર થતું હોય છે, પરંતુ ઑસ્ટ્રેલિયાના ફૂટબૉલ ખેલાડી ક્રિસ્ટિયન વૉલ્પાટોનું ભોપાળું સિડનીના એક રસ્તા પરની ડ્રગ્સ-ટેસ્ટમાં બહાર આવ્યું હોવાનું મનાય છે.

વૉલ્પાટો તાજેતરના ફિફા વર્લ્ડ કપમાં ઑસ્ટ્રેલિયાનો વૉલ્પાટો ત્રણ મૅચ રમ્યો હતો. તે મિડફીલ્ડર છે અને વિશ્વ કપમાં ઑસ્ટ્રેલિયાની બે લીગ તથા એક નૉકઆઉટ, એમ ત્રણેય મૅચમાં રમ્યો હતો.

વાત એવી છે કે ગુરુવારે રાત્રે બાવીસ વર્ષીય વૉલ્પાટોએ ડ્રાઇવિંગ દરમ્યાન બે વખત સ્પીડને લગતા કાનૂનનો ભંગ કર્યો હતો અને બીજા ઉલ્લંઘન વખતે પોલીસે તેનું કથિત ડ્રગ્સ-કાંડ પકડી પાડ્યું હતું. તેણે કોકેઇન લીધું હોવાનું મનાય છે. તે વર્લ્ડ કપમાં પણ કે અગાઉ કોઈ મૅચમાં નશીલા પદાર્થોના સેવન પછી રમ્યો હતો કે નહીં એની તપાસ થઈ શકે. વૉલ્પાટો ગુરુવારે રાત્રે વધુ પડતી ઝડપે સિડનીના ઍન્ઝેક બ્રિજ પર બીએમડબ્લ્યૂ કાર ચલાવી રહ્યો હતો. એ રાત્રે ૧૧.૦૫ વાગ્યે તેને પોલીસે રોક્યો હતો. એ પુલ પરના સ્પીડ ઝોનમાં કલાકે વધુમાં વધુ ૬૦ કિલોમીટરની ઝડપે કાર ચલાવવાની છૂટ છે, પરંતુ વૉલ્પાટો કલાકે ૮૬થી ૯૪ કિલોમીટર વચ્ચેની ઝડપે કાર ચલાવી રહ્યો હતો. પોલીસે તેને રોકીને ડ્રગ્સ-ટેસ્ટ લીધી હતી જેમાં તેનો નેગેટિવ રિપોર્ટ આવ્યો હતો. જોકે મધરાત બાદ ૧.૧૦ વાગ્યે પોલીસે એ જ વિસ્તારમાં તેને ફરી વધુ પડતી ઝડપે કાર ચલાવતો પકડ્યો હતો. ત્યારે તે સ્પીડ ઝોનમાં કલાકે ૧૦૯ કિલોમીટરની ઝડપે કાર ચલાવતો પકડાયો હતો. પોલીસે ત્યારે પણ તેની ડ્રગ્સ-ટેસ્ટ લીધી હતી જેમાં તેનો પૉઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. એમાં તેણે કોકેઇન લીધું હોવાનું મનાય છે. ■

# ભારત સામેની હૉકી મૅચમાં પાકિસ્તાનનું મોટું બ્લન્ડર, કારણ જાણીને હસી પડશો!

## અમ્પાયરની પેનલ્ટી બાદ ભારતીય ટીમે ફાયદો લઈને આઠ ગોલ કરી દીધા

મસ્કત (ઓમાન): અહીં ભારત સામે પાંચ-પાંચ હૉકી ખેલાડીઓની એક આંતરરાષ્ટ્રીય મૅચમાં પાકિસ્તાને પાંચને બદલે છ ખેલાડીને રમવા ઉતાર્યા એટલે અમ્પાયરે પાકિસ્તાનની ટીમને પેનલ્ટી કરી હતી. આ બ્લન્ડરનું કારણ હસવા જેવું છે.

પાકિસ્તાનનું ટીમ-મૅનેજમેન્ટ શુક્રવારે રાત્રે થયેલી આ ગરબડને કારણે શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયું હતું. મૅચ શરૂ થવાની તૈયારીમાં જ હતી ત્યાં અમ્પાયરોએ જોયું કે મૅચમાં પાંચ જ ખેલાડીને રમવાની છૂટ છે, જ્યારે પાકિસ્તાને છ ખેલાડીને મેદાન પર મોકલ્યા છે.

ગોલકીપર સહિત પાકિસ્તાનના પાંચ ખેલાડીએ ભારત સામેની આ મૅચમાં રમવાનું હતું. જોકે પાકિસ્તાનના ટીમ મૅનેજમેન્ટે ગંભીર ગરબડ કરી દેતાં અમ્પાયરે પાકિસ્તાની ટીમને પેનલ્ટી કરી હતી જેમાં અમ્પાયરે તેમના બે ખેલાડીને મેદાન પરથી પાછા જતા રહેવા કહ્યું હતું.

પરિણામે, પાકિસ્તાનની ટીમ ગોલકીપર સહિત ચાર ખેલાડીની થઈ ગઈ હતી જેનો લાભ લઈને ભારતે પાકિસ્તાન સામે આઠ ગોલ કરી દીધા હતા. પાકિસ્તાન હૉકી ફેડરેશનના પ્રમુખને આ ઘટનાની જાણ થઈ ત્યારે તેમણે તરત જ આ ગરબડ કેવી રીતે થઈ એની તપાસનો આદેશ આપ્યો હતો અને ટીમ મૅનેજમેન્ટ પાસે તત્કાળ જવાબ માગ્યો હતો જેમાં મૅનેજમેન્ટે ફેડરેશનને કહ્યું, 'કેટલાક ખેલાડીઓ ટીમના કોચ મીટિંગ દરમ્યાન શું કહી રહ્યા છે એ બરાબર સમજી નહોતા શક્યા એટલે આ ભૂલ થઈ ગઈ હતી.'

૨૦૨૨ના હૉકી એશિયા કપમાં પણ પાકિસ્તાને આવી ગરબડ જાપાન સામે કરી હતી જેમાં પાકિસ્તાને ૧૧ને બદલે ૧૨ ખેલાડીને મેદાન પર મોકલ્યા હતા.

અમ્પાયરે એ મૅચમાં પાકિસ્તાનના એક ગોલને રદ કર્યો હતો અને પાકિસ્તાન હારી જતાં પછીથી ૨૦૨૩ના વર્લ્ડ કપમાં પણ નહોતું રમી શક્યું. ■

# એમસીએફ બૅડમિન્ટન પ્રીમિયર લીગમાં સાઇ શટલર્સ ટીમ ચૅમ્પિયન




તાજેતરમાં આયોજિત ૧૨મી એમસીએફ બૅડમિન્ટન પ્રીમિયર લીગ ૨૦૨૬માં ૮૫ ખેલાડીએ ભાગ લીધો હતો. સાઇ શટલર્સની ટીમ વિજેતા થઈ હતી. બીજા ક્રમે એમબીએલ શટલર્સની ટીમ હતી જે ફર્સ્ટ રનર-અપ બની હતી. ત્રીજા ક્રમે લાહોટી સ્મૅશર્સની ટીમ હતી જે સેકન્ડ રનર-અપ બની હતી. વિજેતાઓને ટ્રોફી આપવામાં આવી હતી. ■

# પ્રિન્સ યાદવને પગમાં ઈજા, આજની મૅચમાં નહીં રમે

હરારેઃ ગઈ કાલે ઝિમ્બાબ્વે સામે ટી-૨૦ સિરીઝની બીજી મૅચમાં માત્ર આઠ બૉલમાં ૧૦ રનના ખર્ચે બે વિકેટ લેનાર ભારતીય પેસ બોલર પ્રિન્સ યાદવને ડાબા પગની સાથળની પાછળના ભાગમાં ઈજા થતાં તે આજે રમાનારી ત્રીજી અને આખરી મૅચમાં નહીં રમે.

જોકે આયરલૅન્ડમાં ૦-૨થી અને ઇંગ્લૅન્ડમાં ૦-૪થી વાઇટવૉશની નામોશી સહન કરનાર ભારતને આજે જીતીને ૩-૦થી વાઇટવૉશ કરવાનો મોકો છે. પ્રિન્સે બીજી ઓવરમાં માંડ બે બૉલ ફેંક્યા હતા ત્યાં રન-અપ પર જ પગમાં દુખાવો થતાં તેણે મૅચમાંથી વિદાય લીધી હતી.

ભારતે ઝિમ્બાબ્વેને ૯૦ રનથી હરાવ્યા પછી કૅપ્ટન શ્રેયસ ઐયરે કહ્યું હતું કે 'પ્રિન્સને ઈજા થતાં ટીમમાં રવિવારે થોડા ફેરફાર કરવા પડશે.' શ્રેયસે ઇશાન કિશન (૮૧ રન) અને તિલક વર્મા (૬૦ અણનમ)ની ૯૪ રનની ભાગીદારી બદલ બન્ને બૅટ્સમેનની ખૂબ પ્રશંસા પણ કરી હતી. ■

# આવતા અઠવાડિયે ટેસ્ટ ટીમની જાહેરાતઃ શ્રીલંકા સામે ૧૫મી ઑગસ્ટથી પ્રથમ ટેસ્ટ

## જસપ્રીત બુમરાહની ફિટનેસ ચર્ચામાંઃ ગિલની કૅપ્ટન્સીમાં સિલેક્ટ થનારી ટીમમાં કુલદીપ, જાડેજા, માનવ સુથાર અને વૉશિંગ્ટનનો સમાવેશ હશે

બેંગ્લૂરુઃ શ્રીલંકામાં ૧૫મી ઑગસ્ટથી ભારત અને શ્રીલંકા વચ્ચે શરૂ થનારી ટેસ્ટ-સિરીઝ માટેની ટીમ આવતા અઠવાડિયે જાહેર કરવામાં આવશે. પહેલી ટેસ્ટ ગૉલમાં અને ૨૩મી ઑગસ્ટથી બીજી ટેસ્ટ કોલંબોમાં રમાશે.

પેસ બોલર જસપ્રીત બુમરાહ તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની લૉર્ડ્સની છેલ્લી વન-ડેમાં ડાબા ઘૂંટણમાં સોજો થઈ જવાને કારણે શ્રીલંકા સામે રમશે કે કેમ એમાં શંકા છે.

ક્રિકેટ બોર્ડ સાથે સંકળાયેલા એક સૂત્ર પાસેથી પીટીઆઇને જાણવા મળ્યું હતું કે 'શ્રીલંકા સામેની સિરીઝને હજી ત્રણ અઠવાડિયા બાકી છે એટલે બુમરાહ પાસે ઘૂંટણની ઈજામાંથી મુક્ત થવા ઘણો સમય છે.'

જોકે શુભમન ગિલના સુકાનમાં ભારતીય ટીમ ચોથી ઑગસ્ટે શ્રીલંકા પહોંચી જશે અને ત્યાંની આબોહવા અને અન્ય પરિસ્થિતિથી વાકેફ થવા ચોથી ઑગસ્ટે કોલંબો પહોંચી જશે અને નૉનડિસ્ક્રિપ્ટ્સ ક્રિકેટ ક્લબ સાથે ચાર દિવસની મૅચ રમશે.

ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા આ શ્રેણી સાથે આંતરરાષ્ટ્રીય મેદાન પર ફરી રમતો જોવા મળશે.

પેસ બોલર્સમાં બુમરાહ ઉપરાંત મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્નાનો સમાવેશ હશે, જ્યારે સ્પિન વિભાગમાં કુલદીપ યાદવ મુખ્ય સ્પિનર હશે. લેગ સ્પિનર માનવ સુથારને પણ આ ટીમમાં સમાવાશે, કારણકે તાજેતરમાં અફઘાનિસ્તાન સામે તેણે સારું પર્ફોર્મ કર્યું હતું. ત્રીજા સ્પિનર તરીકે કદાચ વૉશિંગ્ટન સુંદર પર કળશ ઢોળવામાં આવશે.

શ્રીલંકા સામેની આ ટેસ્ટ સિરીઝ પછી ભારતમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ત્રણ મૅચની વન-ડે સિરીઝ અને પાંચ મૅચની ટી-૨૦ શ્રેણી રમાશે. ત્યાર બાદ ઑક્ટોબરમાં ભારતીયો ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસે જશે જ્યાં પાંચ ટી-૨૦, પાંચ વન-ડે અને બે ટેસ્ટ રમાશે.

# અનાહત સિંહે રચ્યો ઈતિહાસ, વર્લ્ડ સ્ક્વૉશની ફાઇનલમાં પહોંચી

ટૉરન્ટોઃ ભારતની ટીનેજ સ્ક્વૉશ પ્લેયર અનાહત સિંહ વર્લ્ડ જુનિયર સ્ક્વૉશ ચૅમ્પિયનશિપ્સની ફાઇનલમાં પહોંચનારી છેલ્લા ૨૧ વર્ષની પ્રથમ ભારતીય ખેલાડી બની છે.

૧૮ વર્ષની અનાહતે નાયેગ્રા-ઑન-ધ-લેક નામના વિસ્તારમાં આયોજિત સેમિ ફાઇનલમાં ઇજિપ્તની બાર્બ સામેહને ૧૧-૩, ૮-૧૧, ૧૧-૪, ૧૧-૬થી હરાવી દીધી હતી.

અનાહતની પહેલાં આ અનેરી સિદ્ધિ જોશ્ના ચિનપ્પાએ ૨૦૦૫માં મેળવી હતી. ત્યારે તે રનર-અપ બની હતી. અનાહતને હવે આ જુનિયર સ્ક્વૉશ સ્પર્ધા જીતનારી પ્રથમ ભારતીય ખેલાડી બનવાનો મોકો છે.

તે ફાઇનલમાં ઇજિપ્તની રુકય્યા સાલેમ સામે રમશે. વર્લ્ડ સ્ક્વૉશમાં ઇજિપ્તનું પ્રભુત્વ રહ્યું છે.

અનાહત સિંહ છેલ્લી થોડી સીઝનમાં વિશ્વ સ્ક્વૉશમાં ઘણું સારું પર્ફોર્મ કર્યું છે. હાલમાં તેની વિશ્વમાં ૨૦મી રૅન્ક છે. તે ઘણી મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મેડલ અને ટ્રોફી જીતી છે. ગયા વર્ષે તે વર્લ્ડ જુનિયર ચૅમ્પિયનશિપમાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી.

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**આપણે ત્યાં યુવા શક્તિનાં તાજાં આંદોલને પ્રજાને નવી દિશા દર્શાવી છે. આ અગાઉ પણ સત્તાનાં આવાં પ્રતિકાર પછી દુનિયામાં અનેક ઠેકાણે સત્તા પણ પલટાઈ છે, પણ મોટા ભાગનાં આંદોલનોનો અંત બહુ સારો નથી આવ્યો. સત્તા પરિવર્તન ભલે થયું પણ લોકોના જીવનમાં પરિવર્તન કેમ ન આવ્યું એનાં કારણોનું પૃથક્કરણ કરીને હવેની યુવા શક્તિએ આગળ વધવું પડશે, નહીંતર...**

# હવે શું...?



મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)નું પેપર ફૂટ્યું એ સામે 'કોક્રોચ જનતા પાર્ટી'એ દિલ્હીના જંતર મંતર ખાતે શરૂ કરેલા આંદોલને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને હચમચાવી દીધી છે. શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિતની માગણીઓ સાથે શરૂ થયેલા આંદોલનને ભાજપ સરકારે પહેલાં ગણકાર્યું જ નહોતું.

જાણીતા શિક્ષણવિદ્ સોનમ વાંગચૂકે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા તો પણ ભાજપ સરકારના મંત્રીઓના પેટનું પાણી પણ નહોતું હાલતું. વાંગચૂક મરતા હોય તો મરે આપણે કેટલા ટકા એમ સમજીને સરકારી મંત્રીઓ પોતાની મસ્તીમાં મસ્ત હતા ને આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિદેશોમાં મહાલતા હતા. ૨૦ લાખથી વધારે વિદ્યાર્થીઓ નીટની પરીક્ષા આપે છે ને પેપર ફૂટ્યું તેનાથી હતાશ થઈને ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ આપઘાત કરી લીધેલો છતાં કોઈના પેટનું પાણી નહોતું હલતું.

મોદી સરકાર કોઈ પણ વિરોધને અવગણીને અને ભાજપની સોશ્યલ મીડિયા ટ્રોલ આર્મીને છૂટી મૂકીને વિરોધીઓને દેશદ્રોહી ચિતરવાની મોડસ ઓપરેન્ડીમાં માને છે. આ દેશનું મીડિયા પણ તેમાં સાથ આપે છે કેમ કે મોટા ભાગના મીડિયા માલિકો સરકાર પાસેથી જાત જાતના ફાયદા લે છે.

આ આંદોલન મુદ્દે પણ એ જ અભિગમ અપનાવાયેલો. મોદીભક્તો કોક્રોચ જનતા પાર્ટીના આંદોલનને દેશદ્રોહ ગણાવતા હતા ને ચાપલૂસ મીડિયા સીજેપીના આંદોલનને પાકિસ્તાનથી ફંડ મળી રહ્યું હોવાની બકવાસ વાતો ચલાવી રહ્યું હતું. તેના કારણે એવો માહોલ ઊભો થઈ ગયેલો કે, કોક્રોચ જનતા પાર્ટીનું આંદોલન પણ બહુ જલદી સમેટાઈ જશે પણ સરકારના બધા પાસા ઊલટા પડી ગયા.

આ આંદોલન એટલું પ્રચંડ બની ગયું કે, મોદી સરકાર ઘૂંટણિયે પડી ગઈ. વીસ-વીસ દિવસ સુધી આંદોલનકારીઓને અવગણનારી ભાજપ સરકાર અચાનક તેમની આગળપાછળ ફરતી થઈ ગઈ. સોનમ વાંગચૂકને પારણાં કરાવવા માટે મનામણાં શરૂ થયાં ને નીટ પેપર લીક મુદ્દે હરફ સુધ્ધાં નહીં ઉચ્ચારનારા મોદી સાહેબને અચાનક આત્મજ્ઞાન થયું કે, પેપર લીક તો ઘોર પાપ છે અને પેપર લીક કરનારાંને આકરી સજા કરવા માટે કડક કાયદો બનાવવો જરૂર છે.

આંદોલનના પહેલા ૨૦ દિવસ લગી ચૂપચાપ તમાશો જોનારા વડા પ્રધાને મધરાતે વીડિયો મેસેજ મૂકીને 'ફ્રેન્ડ્ઝ'ને સધિયારો આપવો પડ્યો કે પેપર લીક કરનારાં કોઈને નહીં છોડાય. બે દિવસમાં બે વીડિયો મેસેજ મૂકીને સાહેબે 'ફ્રેન્ડ્ઝ'ને મનામણાં કરવાં પડ્યાં છે. નીટ લેનારી નેશનલ ટેસ્ટિંગ એજન્સીના ભ્રષ્ટ અધિકારીઓ સામે પગલાં લેવાનો સળવળાટ સુધ્ધાં નહીં બતાવનારી ભાજપ સરકારે રાતોરાત એનટીએના ૪૭ અધિકારીઓની હકાલપટ્ટી કરી નાખી.

સરકારના ચુસ્ત ટેકેદારો સુધ્ધાં સરકારની આ ગુલાંટબાજીથી સ્તબ્ધ થઈ ગયા. જેમને દેશદ્રોહી ગણાવીને ગાળો આપેલી તેમને સાહેબે અચાનક 'ફ્રેન્ડ્ઝ' બનાવી દેતાં મતિમૂઢ થયેલા ભક્તજનો તો ઘરોમાં જ ભરાઈ ગયા છે. ભાજપ સરકારે બીજાં પણ ઘણાં પગલાં લીધાં છે ને બધાંની વાત કરી શકાય તેમ નથી પણ એક વાત સ્પષ્ટ છે કે, અહંકારમાં રાચતી સરકાર આજની યુવા શક્તિ જેન-ઝીના પગોમાં આળોટી ગઈ છે.

આ આંદોલન હવે કઈ દિશામાં વળાંક લેશે એનો પૂરતો અંદેશો નથી પણ આ આંદોલન દેશના ઈતિહાસમાં એક બહુ મોટી ઘટના છે તેમાં બેમત નથી.

'ભારતમાં લોકોમાં લડવાની શક્તિ ખતમ થઈ ગઈ છે ને લોકો અન્યાયને ચૂપચાપ સહન કર્યા કરે છે.' એવી જે છાપ પડી ગયેલી તે આ તાજેતરના આંદોલને ખોટી સાબિત કરી છે ને સાબિત કર્યું છે કે આ દેશને સાવ લખી વાળવા જેવો નથી. આ દેશની યુવા પેઢીમાં હજુ પણ ઝનૂન છે ને તેમનો અંતરાત્મા મરી પરવાર્યો નથી. દેશમાં કહેવાતા મોટા લોકો શાસકોની ચાપલૂસીમાં ધન્યતા અનુભવે છે ત્યારે યુવા પેઢીમાં હજુ પણ અન્યાય સામે લડવાનો જુસ્સો અકબંધ છે.

આ આંદોલને બીજી એક વાત પણ સાબિત કરી કે, દેશના યુવાનોને છાપેલા કાટલાં જેવા રાજકારણીઓમાં રસ નથી. શાસકના વિરોધી એવા કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીના નેતા આવું પ્રચંડ આંદોલન નથી ઊભું કરી શકતા જ્યારે જેને ત્રણ મહિના પહેલાં કોઈ ઓળખતું નહોતું એવી 'કોક્રોચ જનતા પાર્ટી' (સીજેપી)ના લબરમૂછિયાઓએ સરકારને થથરાવી દીધી. એમને આ સફળતા મળી, કારણ કે એમની સ્લેટ કોરી છે - એ લોકો ખરડાયેલા નથી તેથી લોકો તેમના પર ભરોસો કરી શકે છે.

આ પહેલાં ખેડૂતોએ પણ આ રીતે જ મોદી સરકારને ઘૂંટણિયે પાડીને ત્રણ કૃષિ કાયદા રદ કરવાની ફરજ પાડી હતી. એક વર્ષ સુધી ચાલેલું ખેડૂત આંદોલન પણ સફળ થયેલું કેમ કે આંદોલનના નેતા કંઠીધારી નહોતા.

આ બંને આંદોલનનો બોધપાઠ એ જ છે કે, તટસ્થ લોકો સારા ઉદ્દેશ સાથે આંદોલનો કરે તો લોકો સાથ આપે જ છે. રાજકારણમાં જેમની આબરૂ ખરડાયેલી પણ હોય અને સારા ઉદ્દેશ સાથે કામગીરી બજાવે તો લોકો સાથ આપે જ છે.

ભૂતકાળમાં અરવિંદ કેજરીવાલને પ્રજાએ આ જ કારણે ચૂંટ્યા હતા ને આ વરસે તમિળનાડુમાં ફિલ્મ સ્ટાર વિજયને લોકોએ આ જ ઉદ્દેશથી સત્તા સોંપી છે. કેજરીવાલ ૧૦ વર્ષના શાસનમાં લોકોની અપેક્ષાઓને સંતોષી ન શક્યા તો ઘરભેગા થઈ ગયા. હવે લોકો તેમના પર ભરોસો કરતા નથી. વિજય સારાં પગલાં લઈ રહ્યા છે તો લોકો તેમને વખાણી રહ્યા છે.

**હવે સવાલ એ છે કે આ આંદોલન પછી શું થશે...**

દુનિયામાં ઘણે બધે ઠેકાણે આ પ્રકારનાં આંદોલનો થયાં છે પણ મોટા ભાગનાં આંદોલનોનો અંત બહુ સારો નથી હોતો. પ્રચંડ આંદોલનના કારણે સત્તાપલટા બહુ બધે થયા છે. ૨૦૧૦માં મિડલ ઈસ્ટ અને આફ્રિકામાં આવેલી 'આરબ સ્પ્રિંગ' તરીકે જાણીતી થયેલી આંધીમાં દસથી વધુ દેશોની સરકારો ઘરભેગી થઈ ગઈ હતી. કર્નલ ગદ્દાફી જેવા દાયકાઓથી જામેલા સર-મુખત્યારોને લોકોએ ઉખાડી ફેંક્યા હતા. ગયા વરસે બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓએ પ્રચંડ આંદોલન કરીને શેખ હસીનાને દેશ છોડીને ભાગવાની ફરજ પાડી હતી. ગયા વરસે જ નેપાળમાં રસ્તા પર ઊતરેલા વિદ્યાર્થીઓએ વરસોથી જામી પડેલા રાજકીય પક્ષોને ઉખાડી ફેંકીને યુવાન બાલન શાહને સત્તા સોંપી છે.

આ બધા દેશોમાં આંદોલનનો લાભ લઈને સત્તા પર આવેલા નેતા પ્રજાની અપેક્ષા નથી સંતોષી શક્યા તેથી સત્તા પરિવર્તન ભલે થયું પણ લોકોના જીવનમાં પરિવર્તન નથી આવ્યું. ભારતમાં પણ ભૂતકાળમાં આસામમાં ઘૂસણખોરોના મુદ્દે વરસો લગી આંદોલન ચલાવનારા 'આસામ ગણ પરિષદ'ના પ્રફુલ્લકુમાર મહંતો સહિતના નેતા સત્તામાં આવ્યા પછી બીબાઢાળ રાજકારણી જ બની ગયેલા તેથી ફેંકાઈ ગયા. અણ્ણા હઝારેના આંદોલને ઊભા કરેલા પ્રચંડ જનાક્રોશનો લાભ લઈને સત્તામાં આવેલો ભાજપ પણ લોકોની જ અવગણના કરતો થઈ જ ગયો છે ને ? 'કોક્રોચ જનતા પાર્ટી'ને રાજકીય રીતે શું ફાયદો થશે એ ખબર નથી પણ અત્યારે તેને મળેલા પ્રચંડ જનસમર્થનનો ઉપયોગ 'સીજેપી'ના નેતાઓએ લોકોના અવાજને બુલંદ કરવા માટે કરવાની જરૂર છે. આ દેશમાં મુદ્દાઓની કમી નથી એ જોતાં 'સીજેપી' સતત લોકોની સમસ્યાઓ ઉકેલવામાં યોગદાન આપી શકે છે. હાલના રાજકીય પક્ષોને મુદ્દાઓ ઉકેલવામાં નહીં પણ સત્તા મેળવવામાં ને સત્તા ટકાવી રાખવામાં રસ છે. 'સીજેપી' સત્તાલક્ષી રાજકારણના બદલે લોકલક્ષી રાજકારણ રમશે તો બીજા તમામ રાજકીય પક્ષોએ પણ એમની નીતિ-રીતિ ધરાર બદલવી પડશે. હવામાં ઉડનારા રાજકારણીઓના પગ જમીન પર આવી જશે. ઉકળતા ચરુ જેવી આજની સ્થિતિમાં 'સીજેપી' જેવી જનરેશન ઝીએ બહુ સંયમથી અને પારદર્શક બનીને વર્તવું પડશે. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## આંદોલન માટે લોકોના પગ સડક પર ચાલે તે પહેલાં, તેમના મનમાં વિચાર ચાલે છે...

પૂરા દેશે રાજધાની દિલ્હીમાં તાજેતરમાં હજારો વિદ્યાર્થીઓને રસ્તા પર ઊતરતા જોયા. હાથમાં પ્લેકાર્ડ હતા, હોઠ પર સૂત્રોચ્ચાર હતા અને આંખોમાં એક બેચેની હતી. કોઈકે તેમને દેશનું ભવિષ્ય કહ્યા, કોઈકે તેમને ભટકેલા કહ્યા. કોઈ તેમના સમર્થનમાં ઊભા રહ્યા, કોઈ તેમના વિરોધમાં. ટીવી અને સોશ્યલ મીડિયાની સ્ક્રીન પર દેખાતી આ ભીડમાં આપણે ચાલતાં પગ તો જોયા, પરંતુ કદાચ એ વિચારોને ન જોઈ શક્યા, જેણે આ પગને સડકો સુધી પહોંચાડ્યા હતા.

વાસ્તવમાં દરેક અંદોલનની શરૂઆત સડક પર નથી થતી. તે કોઈ યુનિવર્સિટીના દરવાજે નથી હોતી. તે કોઈ નારા કે ભાષણથી પણ શરૂ નથી થતી. તેનો પહેલો પગરવ વ્યક્તિના અંતરઆત્મામાં સંભળાય છે. એક દિવસ કે અચાનક નહીં પણ ધીરે-ધીરે તેની અંદર એક વિચાર જન્મ લે છે- 'હવે કશુંક બદલાવું જોઈએ.' બસ.... આ જ એ ક્ષણ હોય છે જ્યારે ઈતિહાસની અસલી શરૂઆત થાય છે.

ઈતિહાસ આપણને આંદોલનોની તારીખ બતાવે છે. ક્યારે રેલી નીકળી હતી, કેટલા લોકો સામેલ થયા હતા, શું માંગણી હતી અને તેનું શું પરિણામ આવ્યું તેની વિગતો આપે છે, પરંતુ નાગરિકોના મનમાં જે વિચારોની, ભાવનાઓની, ચિંતાઓની, નિરાશાઓની લાંબી, મૌન યાત્રા ચાલતી હોય છે, તેની કોઈ કેલેન્ડર નથી હોતું.

એ કોઈ નોંધતું નથી કે ક્યા યુવકે પહેલી વાર ક્યારે મહેસૂસ કર્યું હતું કે તેની ચુપ્પી હવે તેના વિવેકની વિરુદ્ધ જઈ રહી છે. એ કોઈ નથી લખતું કે ક્યા વિદ્યાર્થીએ કેટલી રાતો સુધી તેના મનમાં વાદ-વિવાદ કર્યા હશે અને પછી તે વિરોધ પ્રદર્શન કરવા માટે કૂચમાં જોડાયો હશે.

બહાર દેખાતું આંદોલન હંમેશાં અંદર ચાલતી એક અદૃશ્ય પ્રકિયાનું અંતિમ દૃશ્ય હોય છે.

આપણે ઘણીવાર એવું માની લઈએ છીએ કે ભીડ વ્યક્તિને ઘડે છે, પરંતુ કદાચ સત્ય તેનું ઊલટું છે. ભીડ ત્યારે જ બને છે, જ્યારે અનેક વ્યક્તિઓ અલગ-અલગ જગ્યાએ બેઠા બેઠા લગભગ એકસરખી બેચેની અનુભવવા લાગે. તે એકબીજાને ઓળખતા પણ નથી, છતાં તેમના મનમાં ઊભા થતા પ્રશ્નો એકસરખા હોય છે. પછી એક દિવસ એ જ પ્રશ્નો તેમને એક જ સ્થળે ભેગા કરી દે છે.

કોઈપણ સામાજિક આંદોલનને સમજવું હોય તો સૂત્રોચ્ચાર પહેલાં તેના મૂળમાં રહેલા પ્રશ્નોને સમજવા પડશે.

અહીં એક રસપ્રદ વાત છે. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં અસંખ્ય એવી બાબતો જુએ છે, જેની સાથે તે સહમત નથી હોતી, છતાં મોટા ભાગના લોકો ચુપચાપ દૈનિક જીવન ગુજારતા રહે છે. જાણે તેવો વિચારતા હોય- 'એમાં મારે શું?'

અથવા 'હું એકલો શું કરી શકું?' પણ અમુક લોકો ત્યાં જ થંભી જાય છે, પણ તે જયારે એ પ્રશ્નને પોતાના અંતરમાં સ્થાન આપે છે-તેને દબાવતા નથી, પરંતુ તેની સાથે સંવાદ કરે છે.

અહીંથી જ પરિવર્તનની શરૂઆત થાય છે. તત્ત્વચિંતક સોક્રેટિસ કહેતા હતા કે સમજણ અને આત્મચિંતન વગરનું જીવન જીવવા યોગ્ય નથી. કદાચ એ જ રીતે, પ્રશ્નો વિના કોઈ સમાજ પણ લાંબા સમય સુધી જીવંત રહી શકતો નથી. પ્રશ્નો સમાજના વિરોધમાં નથી હોતા; તે સમાજને જીવંત રાખે છે. જે દિવસે કોઈ સમાજમાં પ્રશ્નો પૂછવાનું બંધ થઈ જાય, એ દિવસે ત્યાં માત્ર વ્યવસ્થા બચી રહે છે, જીવન નહીં.

જોકે તેનો બીજો પાસો પણ એટલો જ મહત્ત્વનો છે. મનમાં જન્મેલો દરેક વિચાર સાચો જ હોય એવું જરૂરી નથી.

દરેક આંદોલન ન્યાયસંગત જ હોય એવું પણ નક્કી નથી. ઇતિહાસમાં એવાં આંદોલનો જરૂર થયાં છે, જેમણે માનવતાને આગળ વધારી છે અને એવાં પણ થયાં છે જેમણે તેને પાછળ ધકેલી છે. એટલે કોઈ પણ આંદોલનનો સૌથી મહત્ત્વનો આધાર તેની જનસંખ્યા નહીં, પરંતુ તેનો નૈતિક આધાર હોય છે.

આંદોલનની પ્રથમ કસોટી રસ્તા પર નહીં, પરંતુ મનની અંદર થાય છે. શું મારો આક્રોશ ન્યાયસંગત છે? શું હું માત્ર ભીડનો હિસ્સો છું કે મારા પોતાના વિવેકનો પણ સક્રિય છે? શું હું માત્ર કોઈ વ્યક્તિના વિરોધમાં ઊભો છું કે કોઈ મૂલ્યના સમર્થનમાં?

આવા પ્રશ્નો જેટલી પ્રામાણિકતાથી પૂછવામાં આવશે, આંદોલન એટલું જ પરિપક્વ બનશે. મહાત્મા ગાંધીજીએ એક વખત કહ્યું હતું કે સાધન અને સાધ્યને અલગ કરી શકાય નહીં. આ માત્ર રાજકીય નિવેદન નહોતું, પરંતુ માણસના અંતરમાં ચાલતી પ્રક્રિયાનું પણ એક સત્ય હતું. જો વિચારમાં કરુણા ન હોય, તો સંઘર્ષમાં પણ કરુણા ટકી ન રહે. જો વિચારમાં સન્માન ન હોય, તો જીત મળ્યા પછી પણ સન્માન બચી ન શકે એટલે દરેક આંદોલનનું મૂલ્યાંકન પહેલાં તેના વિચારોની ગુણવત્તાથી થાય છે, તેની ભીડની સંખ્યાથી નહીં. આજનો સમય એક નવો પડકાર લઈને આવ્યો છે. પહેલાં વિચારો ધીમે ધીમે ઘડાતા હતા. હવે પ્રતિક્રિયાઓ અત્યંત ઝડપથી સર્જાય છે. સોશ્યલ મીડિયા પર એક વીડિયો, એક પોસ્ટ અથવા એક હેશટેગ થોડા જ કલાકોમાં લાખો લોકો સુધી પહોંચી જાય છે. લાગણી વીજળીની ગતિએ ફેલાય છે, પરંતુ વિચારો આજે પણ એ જ જૂની ગતિએ ઘડાય છે.

તેમને સમય જોઈએ, સંવાદ જોઈએ, અસહમતિ જોઈએ અને આત્મમંથન જોઈએ.

જો આપણે પ્રતિક્રિયાને જ વિચાર માની લઈશું, તો આપણાં આંદોલનો પણ ક્ષણિક બની જશે. તે લહેરની જેમ ઊભા થશે અને એટલી જ ઝડપથી શમી જશે. સ્થાયી પરિવર્તન હંમેશાં ગહન વિચારોમાંથી જન્મે છે.

કદાચ એટલા માટે જ વિશ્વના લગભગ દરેક મોટા પરિવર્તનની શરૂઆત કોઈ એકલા વ્યક્તિથી થઈ છે. ભગવાન બુદ્ધે પહેલાં પોતાના અંતરમાં પ્રશ્ન ઉઠાવ્યો. ગાંધીજીએ પહેલાં પોતાના મનમાં અન્યાયનો અનુભવ કર્યો. માર્ટિન લૂથર કિંગ જુનિયરે પહેલાં પોતાના મનમાં સમાનતાનું સ્વપ્ન જોયું. પછી લોકો તેમની સાથે જોડાયા. પહેલાં વિચાર ચાલ્યો, પછી વ્યક્તિ આગળ વધી અને અંતે સમાજ આગળ વધ્યો.

આપણે ઘણીવાર વિચારીએ છીએ કે આંદોલનો લોકોમાં પરિવર્તન લાવે છે, પરંતુ તેનાથી પણ મોટું સત્ય એ છે કે આંદોલનો એવા લોકો દ્વારા સર્જાય છે, જે પોતે પહેલેથી જ બદલાઈ ચૂક્યા હોય છે. રસ્તા પર ઊઠતું દરેક પગલું, મનમાં ઊઠેલા કોઈ પ્રશ્નનો પડઘો હોય છે અને કદાચ એ જ લોકતાંત્રિક સમાજની સૌથી મોટી શક્તિ છે. ત્યાં માત્ર રસ્તાઓ નથી હોતા - ત્યાં એવા નાગરિકો પણ હોય છે, જે સમયાંતરે પોતાના અંતરમાં ઝાંખી કરે છે. તે પોતાના સમય સાથે અસહમતિ પણ વ્યક્ત કરે છે અને તેની પ્રત્યે જવાબદારી પણ અનુભવે છે. તે માત્ર દર્શક બનીને જીવવા માંગતા નથી. આવા નાનાં-નાનાં આંતરિક આંદોલનો જ આગળ જઈને મોટાં સામાજિક પરિવર્તનોનો પાયો બને છે. ■



આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# કવિ કેમ બન્યા


એવું તને કંઈ યાદ છે?

**નૈસર્ગિક** પ્રતિભાવંતતા (ખોટું વાયડું ગુજરાતી), આરોહ અવરોહની આવડત અને શરૂઆતનો થોડો સમય ગયા બાદ લોકો સમક્ષ બોલવાનો ઓસરી ગયેલો ડર કાં તો આગળ જતાં કાવાદાવાથી લિપ્ત નેતા બનાવે અથવા કલાકાર. એટલે હબસીઓના શહેરમાં આઈનો થવાનું (સૂર્યભાનુ ગુપ્ત) એટલે કે કવિ બનવું અમે મુનાસિબ માન્યું કે જેથી મુખિયા બનતાં પહેલાં નાબાલિક બનીને 'सात खून माफ' કરાવવાની જફા ના વેંઢારવી (ઢ નો ત્રાસ ઓછો નથી એ હેમશ્રીને જાણ થાય)પડે . કવિ એટલેય બન્યા કે અમારું દરદ જગતનું બનાવી જીવવાનો નર્યો નિર્ભેળ આનંદ લૂંટી શકીએ. 'કવિતા'ના તંત્રીશ્રી સુરેશ દલાલને ત્યાં, એસએનડીટી ચર્ચગેટના પાંચમાં માળે ૧૮ વરસની ઉંમરે જઇ ચઢ્યા, થથરતાં પગ અને વાણી સાથે, એક ચાર પંક્તિનું મુક્તક લઈને અને એમને મળ્યાની ત્રીજી મિનિટે તો અમારી નર્વસનેસ ગાયબ!!! પછી તો અમારે ચાહવા-નહીં ચાહવાના દૌર એવા ચાલ્યા કે બસ. પણ કવિતા નકારાય એ બીકથી લગભગ તો અમે ક્યાંય મોકલીએ જ નહીં. તે સ્વયમ્ બચુભાઈ રાવતે 'કુમાર'માં પહેલી કવિતા છાપી ત્યારે તો નંદ ઘેર આનંદ ભયો જેવું મન. પણ અમારા ૫૦ વરસના કાવ્ય વિલાસમાં સતત અમને ધબકાવ્યા હોય તો 'સમર્પણ' અને 'નવનીત સમર્પણ'એ.

હમણાં બે મહિના પહેલાં તંત્રીશ્રી દિપક દોશીએ અમારા લગ્નજીવનનું અત્યંત ઋજુ ખાનગી વાત વર્ણવતું એક મુક્તપદ્ય 'નવનીત સમર્પણ'માં મુક્યું . તો 'મુંબઈ સમાચાર'ની વોલન્ટરી ડિસક્લોઝર સ્કીમની તહેત કરી નાંખું ડિક્લેર તમારી સમક્ષ?!

*એ તમે જાણો જ છો ને !*

*હું છું એ નો એ જ*
*કિંતુ*
*એ, બધું એકસરખું ને*
*એકસામટું એકસાથે ભૂલી જાય છે...*

*આમ તો આ બાજુથી આ હું ને પેલી બાજુથી એ તું*
*પછી તો માંચડા નંખાય શબ્દોના બરાબરના*
*ક્વચિત લોકોય ભેગાં થાય કલ્પિત ...*
*ને વળી ક્યારેક મોટી ભીડ પણ થઇ જાય ભીતર, જાણ પણ ના થાય ...*
*ત્યાં તો મંત્રથી હો સજ્જ એવા બાણ છૂટે એકબીજા પર અને ભીતર ભરેલું સ્ટેડિયમ આખુંય હિલ્લોળાય*
*અને એવે વખત આવી ચઢે જો ભૂલથી કોઈ*
*ત્યારે તો અમે બન્ને*
*અહીં આ હું અને ત્યાં એ*
*થઈ જઇએ વ્યવસ્થિત એક પળમાં તો કંઈ એવા*
*કે જાણે કોઈ બહુ મોટા ગજાનો ફિલ્મ દિગ્દર્શક ગયો ના હોય ચૂકી એની કોઈ ખૂબ મોટી ફિલ્મમાં લેવાનું અમને !*
*પછી એ નીકળે ભણકાર કેવળ, હોય ના કોઈ...*
*તો*
*પાછા એક બે ક્ષણમાં તો છોડ્યું હોય જ્યાંથી, બસ શરૂ કરીએ ફરી ત્યાંથી કોઈ કૌશલ્યથી એવા કે આ ક્ષણને મુલવવા કોઈ પણ કલ્પન ન સૂઝે છે*
*આવું આવું તો ને ઈત્યાદી વગરે આજુબાજુનું ઘણાં વર્ષો સુધી આમ જ અને આવું જ...*

*ને અચાનક સાવ હમણાંના સમયની એક સાંજે કોઈ ક્ષણ ઉપર કર્યો પ્રતિસાદ એણે બંધ...*
*સાવ સાચો ને ખરેખર બંધ, શું આ વાતને માની શકાય ?!*
*જી હા*
*મને લાગ્યું હું ચૂક્યો છું નિશાન*
*મેં કર્યો મોટો અવાજ... તોર પણ ઉંચો કર્યો*
*પરિણામ મોટું શૂન્ય,*
*પાછી, હું કોઈ કોમેડિયન ના હોઉં*
*જોઈને મને થોડું હસી*
*પણ સ્મિત કેવળ સ્મિત નહોતું, એક નાના ટીપા આંસુની હતી ખારાશ એમાં ...*

*હું પડ્યો ઢીલો, સ્વીકારી હાર એ દિવસે*

*એ પછી તો બોલવું પણ ધીમેધીમે ઓસરી ચાલ્યું...*
*જે હું જાણું એ બધા આયુધ માંડ્યો કાઢવા અક્કેક શસ્ત્રાગારથી મારા ...*
*આજુબાજુના નમૂનાઓ જે નોંધ્યા હો થી લઈને ફિલ્મના નાના અને મોટા અદાકારોની નકલોથી લઈને સાવ અળવીતરા અવાજોનો પરિશ્રમ મૂકતો રહું જ્યાં સુધી એ ના હસે બસ ત્યાં સુધી...*
*વાતને હળવી બનાવું થોડી તો હું કહું કદિક એને કે-*
*તારા ચહેરાનું એક સ્મિત મેળવવા ચઢું આકાશે હું ને તારલા તોડી હું નાંખુ તારા કદમોમાં...*
*પરંતુ જાણું છું કે સાવ લાગે છે નજીક એ તારલો પણ છે સવા બે લાખ માઈલ દૂર ...*

*આવું પાછો મૂળ વાત ઉપર, લઇ જઉં અંતની શરૂઆતમાં*

*વાત મારી ને તમારી માત્ર છે આ કે*
*હવે એ બોલીને ખોઈ જ બેઠી છે ...*
*બોલી છે કે બોલવું એ હું નથી નક્કી કરી શકતો...*
*હજી ભાષા છે સચવાયેલી અંધારે કદાચ એના...*
*એવું માનવાનું છે ને કારણ મારી પાસે!*
*અંતરે બસ ચાર કે છ ઇંચની વાતો કરુંછું એની સંગાથે...*
*ત્યારે આદિમ કાળની કોઈક ભાષાના બધાયે અક્ષરો વાંચી શકું છું હું ...*
*અને ત્યારે અને ત્યારે અને ત્યારે જે મારી આંખમાંથી નીકળે એ અક્ષરોના તો મરોડોની કરું શું વાત!*
*નીરખું જો ધ્યાનથી હું ના કદાચ એને તો અમથા સાવ એ વહી જાય આંસુ થઈ ...*

*આવી સુંદર જિંદગીને નામ પણ બે ત્રણ અપાયા છે જે એમાં પહેલું છે અલ્ઝાઇમર ને છે બીજું ડીમીન્શીયા ને ત્રીજું છે લાંબુ જરા-એ લોસ ઓફ પાવર ટુ રીમેમ્બર.*
*છે દર્દ બહુ સંગીન, એના નામ પણ એવા - ઠઠારાથી ભરેલા ...*
*પણ મેં અને મારા પૂરા પરિવારે એને નામ આપ્યું છે પરમ સુખ સાથમાં આનંદ તો સાવ જ મફત*

*ભાઈ મારા! શું તને લાગે છે કે દુનિયા બચી છે કે રહી છે સૌ સમજવા કે પછી સમજાવવા જેવી?*
*વાત થઇ હમણાં જ... મારા કાનમાં બોલ્યા કવિવર : કોઈને કહેતો નહીં પણ હુંય ખંડિત છું સ્વયમ્‌ની માન્યતાથી કે કોઈ પણ જન્મતું સંતાન છે એ વાતનો પૂરો ભરોસો કે હજી પરમાત્મા થાક્યો નથી સહેજેય માનવજાતથી.*

*ચર્મના સિક્કા ગણી બેઠા તરંગી આપણે ને ચર્મની નીચે વસેલા માનવોના માનવોની કત્લ કરતાં કોઈ અચકાતું નથી અને કેવા તરંગીને ચલાવે છે પૂરી દુનિયાના શિક્ષિત લોકો કે એ કંઇ નથી કરતા અને બેઠા છે ડાહ્યાડમરા ઘેટાં જેમ, આવે જ્યારે પણ નિયત કરાયલ કાળ ત્યારે પામવાને નાશ ...*

*એકબાજુ નામ કરવા માટે મુકાતા પ્રતિબંધો રૂંધે છે જીવ માનવનો, બીજી બાજુ વધી રહી છે સતત સત્તા પ્રસિદ્ધિ નામની ભારે ભયંકર ભૂખ, ભરતી કોળીયા જે પ્રેમ વાત્સલ્ય અને સૌહાર્દ ઇત્યાદિ અને ઇત્યાદિ ઇત્યાદિના બેરહેમીથી...*

*લે! લે ! હું વળી ક્યાં વિશ્વશાંતિના રવાડે જઇ ચઢ્યો !*
*હું તો અત્યારે પરમસુખ ભોગવું છું જે આ મારી સંગીની સાથે, મને લાગે છે આખા વિશ્વના સંતાપમાં એક ખાસ કોઈને પહોંચાડે છે શાતા આછું અમથું સ્મિત એનું, કોને ?*
*એ તમે જાણો જ છો ને!*

શોભિત દેસાઈ


આજે આટલું જ ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# કચ્છના પેટાળમાં છુપાયેલું અણમોલ રહસ્ય

## ડાયનાસોર યુગના જાયન્ટ મગર અને કરોડો વર્ષ જૂના અશ્મિઓની રોમાંચક સફર






**સમયની** રેતી પર પગલાં ભૂંસાઈ જાય છે, પરંતુ ધરાના પેટાળમાં છપાયેલા ઈતિહાસનાં પૃષ્ઠો ક્યારેય ભૂંસાતા નથી. વાત જ્યારે કચ્છની મરુભૂમિની હોય, ત્યારે આ વાત અક્ષરશઃ સાચી ઠરે છે. કચ્છની ધરતી માત્ર તેના શ્વેત રણ કે રંગબેરંગી ભૌગોલિક વિવિધતા માટે જ નહીં, પણ પૃથ્વી પર જીવનની ઉત્ક્રાંતિનાં કરોડો વર્ષ જૂના ઇતિહાસને સાચવી રાખતી એક કુદરતી મંજૂષા તરીકે વૈશ્વિક સ્તરે જાણીતી છે. આજે આ વાતને દાયકાઓ વીતી ગયા છે, છતાં જ્યારે ભૂતકાળનાં સંશોધનોના પાના ફેરવીએ છીએ ત્યારે કચ્છના પેટાળમાંથી નીકળેલા અશ્મિઓ (Fossils) આજે પણ વિજ્ઞાન જગતમાં એક નવો રોમાંચ અને નવી આશા જગાડે છે.

**મહાવિનાશમાંથી અંકુરિત થયેલી સંશોધન યાત્રા**

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના એ કાળમુખા ભૂકંપે કચ્છને ધમરોળી નાખ્યું હતું. એકતરફ પુનઃનિર્માણના ભગીરથ પ્રયાસો ચાલી રહ્યા હતા, તો બીજી તરફ વિજ્ઞાન જગત માટે આ હોનારત ઈતિહાસના બંધ દરવાજા ખોલનારી બની રહી. એપ્રિલ ૨૦૦૧માં ભૂકંપના આંચકાઓ વચ્ચે નાશ પામવાની અણી પર રહેલા કેટલાક પ્રાચીન મગરના અશ્મિઓ મળી આવ્યા.

કચ્છ સાયન્સ ફાઉન્ડેશનના ડો. ભૂડિયા અને તેમની ટીમે વિશ્વભરના ભૂસ્તરશાસ્ત્રીઓ સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. જૂન ૨૦૦૨માં આ અંગેનો પ્રારંભિક અહેવાલ આઈ.યુ.સી.એન. (IUCN) ના ક્રોકોડાઇલ સ્પેશિયાલિસ્ટ ગ્રુપના તત્કાલીન એક્ઝિક્યુટિવ ઓફિસર જેમ્સ પેરન રોસને મોકલવામાં આવ્યો. તેમણે આ શોધોને બિરદાવીને પોતાના ત્રિમાસિક ન્યૂઝલેટરમાં 'Crocodilians in KUTCH' શીર્ષક હેઠળ લેખ પ્રકાશિત કર્યો. એ પછી તો વર્ષ ૨૦૦૨માં જ પાંધ્રો લિગ્નાઈટ માઈન (કોલસાની ખાણ)માંથી અંદાજે ૯ કરોડ વર્ષ જૂનો અને ૯ મીટર લાંબો મગરનો આખો સાંગોપાંગ અસ્થિપિંજર (Skeleton) મળી આવ્યો, જેણે કચ્છને પેલિયોન્ટોલોજી (અશ્મિ વિજ્ઞાન)નું વૈશ્વિક હબ બનાવી દીધું.

**જુલરાઈ ગામનો 'જાયન્ટ મગર': આઈ.આઈ.ટી. રૂરકીની શોધ**

વર્ષો સુધી ચાલેલી આ સંશોધન પરંપરામાં એક નવું અને ઉત્તેજક પ્રકરણ ત્યારે ઉમેરાયું જ્યારે ઉત્તરાંચલની પ્રતિષ્ઠિત આઈ.આઈ.ટી. રૂરકી (IIT Roorkee) ના અર્થ સાયન્સ વિભાગના વૈજ્ઞાનિકોની ટીમ કચ્છના લખપત તાલુકાના હરૂડી નજીક આવેલા જુલરાઈ ગામે પહોંચી. આ સંશોધક ટીમમાં આઈ.આઈ.ટી.ના પ્રખ્યાત પેલિયોન્ટોલોજિસ્ટ પ્રોફેસર સુનિલ બાજપાઈ, પીએચ.ડી. સ્કોલર દેબાશિષ દાસ અને ઓહાયો યુનિવર્સિટીના એનાટોમીના આસિસ્ટંટ પ્રોફેસર હંસ થેવિસન જેવા વૈશ્વિક નિષ્ણાતો સામેલ હતા. તેમને સ્થાનિક સ્તરે મળેલા અશ્મિઓ ભુજના ભારતીય સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમને સોંપ્યા હતા.

શોધની રોમાંચક વિગતોઃ

આયુષ્ય અને સમયગાળોઃ જુલરાઈમાંથી મળી આવેલો આ મગર આશરે ૪.૫ કરોડ (૪૫ Million) વર્ષ જૂનો છે.

વિશાળકાય કદઃ આ જળચર જીવની માત્ર ખોપડી (Skull) જ ૭૦ સેન્ટિમીટર લાંબી છે! જેના પરથી અંદાજ લગાવવામાં આવ્યો કે આ રાક્ષસી મગરની કુલ લંબાઈ ૮ થી ૧૦ મીટર (આશરે ૩૦ થી ૩૩ ફૂટ) રહી હશે.

પાંધ્રો ખાણઃ ઉત્ક્રાંતિ અને કળણવાળાં જંગલોનો ખજાનો

આજે જે કચ્છ આપણને શુષ્ક અને રેતાળ દેખાય છે, તે કરોડો વર્ષો પહેલા આવું નહોતું. પાંધ્રોની કોલસાની ખાણોમાંથી ૫.૨ કરોડ થી ૫.૫ કરોડ વર્ષ જૂના અસંખ્ય સસ્તન (Mammals) પ્રાણીઓના અશ્મિઓ મળ્યા છે, જે સાબિત કરે છે કે ભૂતકાળમાં આ પ્રદેશ અતિશય ઘનઘોર જંગલો અને ભેજવાળી કળણ (Swampy) ભૂમિથી આચ્છાદિત હતો.

પાંધ્રોના પેટાળમાંથી મળેલા અશ્મિઓમાં આજના ઘોડા, ગાય અને હરણના આદિ પૂર્વજો, પ્રાચીન વાનરો (મનુષ્યના ઉત્ક્રાંતિના તંતુઓ), ચામાચીડિયાં અને કીટકભક્ષી પ્રાણીઓ સામેલ છે ઉપરાંત સૌથી મોટો વિજ્ઞાનિક વિસ્મય એ છે કે, આશરે ૫.૨ કરોડ વર્ષ પહેલાં ઓસ્ટ્રેલિયામાં જોવા મળતા કાંગારુની પ્રજાતિ સાથે સામ્યતા ધરાવતા સસ્તન જીવો પણ કચ્છની આ ધરા પર મુક્તપણે વિચરતા હતા!

ભૂસ્તરશાસ્ત્રીય કોયડોઃ વૈજ્ઞાનિકોની મૂંઝવણ અને 'સુપરક્રોક'

કચ્છનું ભૂસ્તરશાસ્ત્ર અજાયબીઓથી ભરેલું છે. ઓ.એન.જી.સી. (ONGC) ના ભૂતપૂર્વ નિષ્ણાત વૈજ્ઞાનિક શ્રી દાસના સર્વેક્ષણે વિજ્ઞાન જગત સામે એક મોટો પ્રશ્નાર્થચિહ્ન મૂકી દીધો હતો. કચ્છમાં એક જ સ્થાનિક ભૌગોલિક સ્તરેથી બે અલગ-અલગ યુગના અશ્મિઓ મળી આવ્યા છેઃ

| અશ્મિનો પ્રકાર | યુગ / સમયગાળો | અંદાજિત ઉંમર |
|---|---|---|
| એમોનાઈટ્સ (Mesozoic Ammonites) | મેસોઝોઈક યુગ | ૨૦.૫ કરોડ વર્ષથી વધુ જૂના |
| પ્રાચીન મગરો (Cretaceous Crocodiles) | ક્રેટાસિયસ યુગ | ૧૪ કરોડ વર્ષ જૂના |

વૈજ્ઞાનિક કોયડો એ છે કે, જે બે પ્રજાતિઓ વચ્ચે સમયનો ૬.૫ કરોડ વર્ષનો વિશાળ તફાવત છે, તેમના અશ્મિઓ એક જ જગ્યાએ ભેગા કેવી રીતે મળી શકે? કેટલાક વિજ્ઞાનીઓ આ વિશાળકાય મગરોને 'સુપરક્રોક' (Sarcosuchus) અથવા પ્રી-જુરાસિક (૨૦ કરોડ વર્ષ જૂના) ડાયનાસોર યુગના જીવો તરીકે ઓળખાવે છે. વિશ્વપ્રસિદ્ધ વાઇલ્ડલાઇફ નિષ્ણાત સર ડેવિડ એટનબરોએ પણ આ જાયન્ટ મગરોને 'મરીન ડાયનાસોર' (દરિયાઈ ડાયનાસોર) તરીકે સંબોધ્યા છે. ૧૦ થી ૧૨ મીટરની લંબાઈ ધરાવતા આ મગરોના મોંમાંથી બહાર નીકળેલા તીક્ષ્ણ દાંત અને શરીર પર લોખંડી કવચ (Armoured plates) જેવી મજબૂત રચનાઓ હતી. આશ્ચર્યની વાત એ છે કે આજના મગરોનું સરેરાશ આયુષ્ય ૭૦ વર્ષનું હોય છે, જ્યારે આ પ્રાચીન દાનવો ૧૧૦ વર્ષ સુધી જીવતા હતા! ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




રાધા દેવીપ્રસાદજીને ઘરે ઉતારીને રાતે ચાલતી ધરમશાળામાં પહોંચી. જગદીશ જાગતો હતો.

'કેમ હજી જાગે છે...?' રાધાએ પૂછ્યું.

'તમે ઊંઘ હરામ કરી નાખી છે...' જગદીશ બોલ્યો.

રાધા હસી પડી, 'તને કોઈનો ફોન હતો?'

'હા, રાઘવે કરેલો... મેં એને કાંઈ કહ્યું નથી, પણ તમારે કેમ અચાનક ઉદયપુર જવાનું થયું?' જગદીશે પૂછ્યું.

'દેવીપ્રસાદજીને અકસ્માત થયો. ફોન આવેલો. એમને લેવા ગઈ હતી,' રાધાએ કહ્યું.

'પહેલાં પુરોહિત ને પછી દેવીપ્રસાદજી... હું કહું છું કે મને પણ કોઈ ઉડાવી દેશે,' જગદીશ બોલ્યો.

'જગદીશ, દેવીપ્રસાદજીને મારવાનો કોઈએ પ્રયાસ નથી કર્યો. એમની ટૅક્સી ટ્રક સાથે ટકરાઈ હતી. એમને મામૂલી ઇજા થઈ છે.'

'મૅડમ, મને તો આ ખેલ ખતરનાક લાગે છે... આપણા બધાના જીવ જોખમમાં છે,' જગદીશનો ડર બોલ્યો.

'ખેલ ખતરનાક જરૂર છે, પણ એનો ટૂંક સમયમાં અંત આવી જવાનો,' રાધા બોલીને એના રૂમમાં જતી રહી.

********************

બીજે દિવસે દેવીપ્રસાદજી ઇરાવતીને મળવા ગયા. મળવા જવા પાછળનું કારણ એમની પાસે હતું. જોકે ઇરાદો જુદો હતો.

'મુઝે અચાનક ઉદયપુર જાના પડા... રાસ્તે મેં એક્સિડેન્ટ હુઆ. ચોટ મામૂલી હૈ. પુરોહિતકો કંધા તક નહીં દે પાયા.' એમણે ઇરાવતી સમક્ષ વસવસો વ્યક્ત કર્યો. ઇરાવતીએ એમની ઇજાઓ જોઇને ચિંતા દર્શાવી.

'ઇસ હાલાત મેં આપકો નહીં આના ચાહિયે,' ઇરાવતી બોલી.

'મૈં ઠીક હું...' પુરોહિત મૂળ વાત પર આવવા માગતા હતા. 'પુરોહિત ઉસ દિન દેર રાત ઘર આયા ઉસકે બાદ ક્યા વો કૂછ બેચેન લગતા થા?' દેવીપ્રસાદજીએ પૂછ્યું.

'થોડે બેચેન લગતે થે.... કૂછ ખાતે હુએ કમરે મેં આયે... મૈંને પૂછા ક્યા ખા રહે હો... તો બોલે પ્રસાદ...' ઇરાવતીએ કહ્યું. એટલામાં ધનરાજ પ્રવેશ્યો.

'પ્રસાદ...? પ્રસાદ કિસને દિયા થા? કહાં સે લાયા થા? કૂછ બતાયા...?' દેવીપ્રસાદજીએ પૂછ્યું.

'નાજી કૂછ નહીં, બસ તુરંત સો ગયે.... લેકિન આપ યે સબ ક્યોં પૂછ રહે હો...?' ઇરાવતીએ કહ્યું.

'ચાચાજી, માફ કરના... પોસ્ટમોર્ટમ રિપોર્ટ મેં હાર્ટ એટેક આયા હૈ... અબ આપ કો ક્યા ડાઉટ હૈ...?' ધનરાજે કહ્યું.

'હાર્ટ એટેક કિસી ચિંતા યા બેચેની કે કારન હો સકતા હૈ...' દેવીપ્રસાદજીએ કહ્યું...એમને અટકાવતાં ધનરાજે કહ્યુઃ 'ચાચાજી, પોસ્ટમોર્ટમ રિપોર્ટ મેં સાફ લિખા હૈ... હાર્ટ એટેક... અબ પાપા કી ચિંતા કે કારન સે ક્યા ફર્ક પડનેવાલા હૈ...?'

'તેરે બાપુ કા કોઈ ચક્કર ચલતા થા... રોજ રાત કો બહાર જાતે થે... હાર્ટ એટેક દિયા હોગા ઉસ ચુડેલને...' ઇરાવતીએ મનમાં ધરબી રાખેલો બળાપો કાઢ્યો.

દેવીપ્રસાદજી ઇરાવતીનો વ્હેમ સમજી ગયા, પણ એની પાસેથી આવી અપેક્ષા નહતી. દેવીપ્રસાદજી પ્રસાદ શબ્દ સાથે બહાર આવ્યા. ઇરાવતી બીજો કોઈ બબડાટ કરે એ પહેલાં તેઓ નીકળી ગયા. પુરોહિતને ઝેરવાળો પ્રસાદ કોણે આપ્યો હશે... દેવીપ્રસાદજી આખે રસ્તે વિચારતા ઘરે ગયા. ઘરે પહોંચીને પહેલું કામ રાધાને ફોન કરવાનું કર્યું.

> 'ખેલ ખતરનાક જરૂર છે, પણ એનો ટૂંક સમયમાં અંત આવી જવાનો.'

'પુરોહિતને ઝેરવાળો પ્રસાદ અપાયો હતો. પ્રસાદ ખાઈને સૂતો સવારે ઊઠ્યો નહીં.

પ્રસાદ જેમાં લાવ્યા એ પડિયો, કાગળ, પ્લાસ્ટિકની થેલી... કાંઈ ઘરમાંથી મળ્યું?' રાધાએ પૂછ્યું.

'રાધા, પોલીસની જેમ પૂછપરછ કરવાની કોશિશ કરી, પણ વાત આડે પાટે ચડી ગઈ. અને હવે પુરોહિતને ઝેર અપાયું હોવાની વાત કરીને ઇરાવતીને વિશ્વાસમાં લેવાનું મુશ્કેલ છે,' દેવીપ્રસાદજી બોલ્યા.

'ચાલો ઠીક છે. એટલું તો સાબિત થયું કે કોઈએ પુરોહિતને પ્રસાદમાં ઝેર આપ્યું હતું.' ફોન મૂક્યા પછી રાધાને શંકર યાદ આવ્યો. ગુપ્તા સાથેની વાત અધૂરી રહી ગઈ હતી. એણે અંધારામાં તીર મારવા ફરી બાણ ચડાવ્યું. રાધાએ એનો પ્લાન બદલી નાખ્યો... એણે ગુપ્તાને ઘરે બોલાવવાનું કામ દેવીપ્રસાદજીને સોંપ્યું.

'ગુપ્તા, તૂ આજ રાત મેરે ઘર પે આ જા... એક ઝરૂરી બાત કરની હૈ...' દેવીપ્રસાદજીએ કૉલ કરીને ગુપ્તાને કહ્યું.

ગુપ્તા વિચારમાં પડી ગયો. પહેલા રાધાએ ખાનગી વાત કરવા ઊભો રાખ્યો હવે દેવીપ્રસાદજી ઘરે બોલાવે છે. એણે અચ્છા આતા હું કહીને ફોન કાપ્યો.

*************************

રાતે ગુપ્તા દેવીપ્રસાદજીના ઘરે પહોંચ્યો ત્યારે રાધા ત્યાં હતી. ગુપ્તાને અંદાજ આવી ગયો કે રાધા ખાનગી વાત દેવીપ્રસાદજીની હાજરીમાં જ કરવા માગે છે.

'આ બૈઠ.' દેવીપ્રસાદજીએ એને ખુરસી બતાવતાં કહ્યું. 'રાધા સે મિલે હો પહેલે...?' દેવીપ્રસાદજી બોલ્યા.

'હાં દુકાન પે મિલે થે... કલ ભી મિલે લેકિન...' ગુપ્તાએ કહ્યું.

'લેકિન બાત અધૂરી રહ ગઈ...' રાધા વચ્ચે બોલી.

'દેખ ગુપ્તા યહાં હમ જો બાત હોગી વો ઇસ કમરે સે બહાર નહીં જાયેગી...' દેવીપ્રસાદજીએ શરૂઆત કરી.

'એસી ક્યા બાત હૈ દેવીપ્રસાદજી?' ગુપ્તા મુંઝાયો.

'હમારે મંદિર પર... યહાં આતે શ્રદ્ધાલુઓ પર મોત કા બડા ખતરા હૈ. આતંકવાદી હમલા હોનેવાલા હૈ.' દેવીપ્રસાદજી બોલ્યા ને ગુપ્તા બંનેની સામે જોતો રહી ગયો.

'આતંકી ઘૂસ ચૂકે હૈ... લેકિન હમેં પતા નહીં કૌન હૈ... કિસ ભેસ મેં છુપે હૈ... હમેં કૂછ લોગોં પર શંકા હૈ...' રાધા બોલી.

'આપ કૌન હો...?' ગુપ્તાએ મહત્ત્વનો સવાલ કર્યો. રાધાએ દેવીપ્રસાદજીની સામે જોયું.

'યે ઇન્ટેલિજન્સ બ્યૂરો કી એજન્ટ હૈ...' દેવીપ્રસાદજીએ આપેલી ઓળખથી ગુપ્તા હલબલી ઊઠ્યો.

'યે બાત કા કિસી કો ભી પતા નહીં ચલના ચાહિયે ક્યું કી આપકી જાન કો ભી ખતરા હો સકતા હૈ,' રાધા બોલી.

'આપ લોગ મુઝ સે ક્યા ચાહતે હો...?' ગુપ્તાએ પૂછ્યું.

'શંકર... મેરા મતલબ હૈ... આપકી દુકાન મેં કામ કરતા હૈ ઉસ શંકર કે બારે મેં બતાઓ... ઉસકા પૂરા નામ ક્યા હૈ... કહાં સે આયા હૈ... સબ બતાઓ...' રાધાએ પૂછ્યું. ગુપ્તા ધ્રૂજવા લાગ્યો. એની નજર સામેથી દુકાનની બહાર સૂઇ રહેતો... દુકાનનું આંગણું સાફ કરતો... વિશ્વાસ જીતીને દુકાનમાં રહેવા લાગેલો... સામાન ઝોખતો... શંકર તરવરવા લાગ્યો.

'પૂરા નામ માલૂમ નહીં... દુકાન કે બાહર પડા રહેતા થા... ઉસને મેરા વિશ્વાસ જીત લિયા... મુઝે ઉસ પર દયા આ ગઇ... મૈંને કામ પર રખા...' ગુપ્તા બોલવા માંડ્યો.

'કિતના ટાઇમ હો ગયા?' રાધાએ પૂછ્યું.

'કૂછ છહ મહિને હુએ હોંગેં...' ગુપ્તાએ કહ્યું.

'ક્યા ઉસસે મિલને કોઈ આતા હૈ... યા વો કિસી સે મિલને જાતા હૈ...? બાર બાર ફોન કરતા હૈ...?' રાધાએ પૂછ્યું.

'નહીં વો કિસી સે મિલતા નહીં... હાં, કભી કભી વો સીધા સામાન દેને કે લિયે શ્રદ્ધાલુ કે સાથ મંદિર મેં જાતા હૈ...'

'વો બાર બાર કોઈ એક હી શ્રદ્ધાલુ કે સાથ ગયા હૈ?'

'આપકે સાથ એક બાર ગયા થા... ઔર મંદિર પરિસર મેં દૂધ બેચતા હૈ વો રાઘવ કે સાથે જાતા થા...' ગુપ્તા બોલ્યો.

'ક્યા શંકર આતંકવાદી હૈ...? ક્યા મેરી જાન કો ખતરા હૈ...? આપ મુઝે અંદર તો નહીં કર દેંગેં ના...? મેરા કોઈ ગુના નહીં. ગુપ્તા શબ્દોને ઝોખ્યા વિના બોલી ગયો.

'ગુપ્તાજી, આપ કો કૂછ નહીં હોગા. અગર આપ મેરા સાથ દેંગેં તો,' રાધાએ કહ્યું.

'આપ જો બોલો મૈં કરુંગા. શ્રદ્ધાલુઓ બચને ચાહિયે. હમ મંદિર પરિસરમેં લહુ દેખના નહીં ચાહતે,' ગુપ્તા દેવીપ્રસાદજીની સામે જોતાં બોલ્યો.

'આપ ઉસ પર નઝર રખો... વો કિસ સે બાત કરતા હૈ... કિસ સે ફોન કરતા હૈ... છૂપકે સે ઉસકા સામાન ચેક કરો... શંકર કો આપ પર શક નહીં જાના ચાહિયે...' રાધા બોલી.

'તેરા ઉનકે સાથ કા રવૈયા પહેલે જેસા હી રહેના ચાહિયે... સમઝા...?' દેવીપ્રસાદજીએ ટકોર કરી. ગુપ્તા ગયો. દેવીપ્રસાદજી અને રાધા કોઈ વિચારમાં હતાં.

'ક્યા લગતા હૈ શંકરને પુરોહિત કો પ્રસાદ ખિલાયા હોગા?' દેવીપ્રસાદજીએ પૂછ્યું.

'શંકરને ખિલાયા યે તો પતા નહીં લેકિન, શંકર કે લિયે કિસીને પુરોહિત કો પ્રસાદ ખિલાયા હો સકતા હૈ,' રાધા બોલી.

***********************

રાધાએ કૉલ કરીને રાઘવને તબેલે જતાં અડધે રસ્તે મળવા બોલાવ્યો.

'રાઘવ, બેજલમેડની બહાર આવેલા શંકરના મંદિરની દાનપેટી ગુમ છે. એની આસપાસના માહોલની પણ તપાસ કરવી છે,' રાધાએ કહ્યું.

'દાનપેટીની તપાસ? સમજાયું નહીં. ત્યાં એક સાધુ પણ રહે છે, મેં આવતાં-જતાં એને જોયો છે,' રાઘવે કહ્યું.

'સાધુ...? ત્યાં સાધુ રહે છે...?' રાધાએ પૂછ્યું.

'તું સાધુ અને દાનપેટીની તપાસ કર, મને સાધુ પર શંકા છે,' રાધા બોલી.

***********************

રાઘવ રાતે શંકરના મંદિરે ગયો. દાનપેટી એની જગ્યાએ હતી. એણે દાનપેટી ઉઠાવી. તાળું ન હતું. એણે દાનપેટી ખોલીને જોઈ. અંદર એક ચિઠ્ઠી હતી. રાઘવે ચિઠ્ઠી વાંચી.

'સબ કે સબ મરોગે... લાશોં કે ઢેર લગા દેંગેં...' રાઘવે ચિઠ્ઠી વાંચીને મુઠ્ઠી ભીડી લીધી.

એણે આસપાસ જોયું, કોઈ ન હતું. પાછળ જઈને જોયું તો સાધુ ન હતો... ઝૂંપડી ન હતી... ત્રિશુલ ન હતું. ગાત્રો થીજાવનારી ઠંડી હતી... તાપણું હતું ને ભડભડ બળતાં લાકડાની ઉપર તડતડ ઊડતા તણખા હતા. રાઘવે ત્યાં પડેલી સૂકી ડાળખીથી તાપણું ઉપર-તળે કર્યું. સાધુનો ભેશ ભસ્મિભૂત થઈ રહ્યો હતો.

***********************

બેજલમેડની દામોદર લૉજમાં શર્ટ-પૅન્ટ, કાળું જાકીટ અને ગળામાં સફેદ મફલર વીટાળેલા એક સજ્જને કાઉન્ટર પર જઈને કહ્યુઃ 'રૂમ ચાહિયે...'

(ક્રમશઃ)■




## મિશન ગગનયાન

# અનંત આકાશમાં ભારત ઐતિહાસિક હરણફાળ ભરશે ત્યારે...

### એ સપનાની એક ઝલક

ભરત મહેતા feedback@bombaysamachar.com






ચંદ્રયાનની અભૂતપૂર્વ સફળતા અને સૂર્ય મિશન 'આદિત્ય-L૧' બાદ, ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ISRO) હવે પોતાના સૌથી સાહસિક અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'ગગનયાન' (Gaganyaan) માટે સજ્જ થઈ ચૂક્યું છે. આ માત્ર એક અંતરિક્ષ મિશન નથી, પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોના આત્મગૌરવ અને સ્વનિર્ભરતાની નવી ઉડાન છે. આ મિશન દ્વારા ભારત પ્રથમ વખત પોતાના જ બળ પર, સ્વદેશી રોકેટ દ્વારા ભારતીય અંતરિક્ષયાત્રીઓને (ગગનનૌટ્સ) બ્રહ્માંડની સફરે મોકલવા જઈ રહ્યું છે.

આવી ઐતિહાસિક મિશનનું A to Z અર્થાત શરૂઆતથી લઈને તેના રોડમેપ અને અત્યંત રોમાંચક તકનીકી પાસાંઓનો સંપૂર્ણ ચિતાર એક ભારતીય તરીકે જાણવો જરૂરી છે...

## શરૂઆત અને પૃષ્ઠભૂમિઃ ક્યારે વવાયાં આ સપનાનાં બીજ?

ઔપચારિક રીતે ગગનયાન પ્રોજેક્ટની જાહેરાત વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ લાલ કિલ્લા પરથી કરી હતી. જોકે, ઈસરો માટે આ ટેક્નોલોજિકલ સફર ૨૦૦૪થી જ શરૂ થઈ ગઈ હતી, જ્યારે 'સ્પેસ કેપ્સ્યુલ રિકવરી એક્સપેરિમેન્ટ' પર કામ શરૂ કરાયું હતું. ગગનયાનનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિક્ષયાત્રીઓની ટુકડીને પૃથ્વીની નીચલી કક્ષામાં (Low Earth Orbit - LEO) આશરે ૪૦૦ કિલોમીટરની ઊંચાઈ પર મોકલવાનો અને ૩ દિવસ બાદ તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવાનો છે.

## મિશનના અસલી હીરોઃ ગગનયાત્રીઓ

આ મિશનની સૌથી રોમાંચક અને મહત્ત્વપૂર્ણ કડી તેના ગગનયાત્રી છે. આ ઐતિહાસિક મિશન માટે ભારતીય વાયુસેનાના ચાર અત્યંત કુશળ ટેસ્ટ પાઇલોટ્સની પસંદગી કરવામાં આવી છેઃ ગ્રુપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયર, ગ્રુપ કેપ્ટન અજિત કૃષ્ણન, ગ્રુપ કેપ્ટન અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુક્લા. આ ચારેય જાંબાઝ વીરોએ રશિયાના યુરી ગાગારિન કોસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટર ખાતે પ્રાથમિક પ્રશિક્ષણ મેળવ્યા બાદ, હાલ એ બધા ઇસરોના બેંગલુરુ સ્થિત સેન્ટરમાં મિશન-સ્પેસિફિક તાલીમ લઈ રહ્યા છે. આ ચાર પૈકીના આખરી પસંદ કરાયેલા ત્રણ ગગનનૌટ્સ અવકાશમાં ઉડાન ભરીને ભારતનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરશે.

## માનવ મિશન શા માટે જરૂરી છે ને તેના ફાયદા?

ઉપગ્રહો મોકલવા પૂરતું હતું, તો માણસને અવકાશમાં મોકલવાનું જોખમ શા માટે? જવાબ છેઃ ભવિષ્યનું વિજ્ઞાન અને વૈશ્વિક પ્રભુત્વ.

૧) માઇક્રોગ્રેવિટી પ્રયોગોઃ

શૂન્ય ગુરુત્વાકર્ષણમાં જે વૈજ્ઞાનિક પ્રયોગો, અદ્ભુત દવાઓનું સંશોધન અને મટિરિયલ સાયન્સના ટેસ્ટ થઈ શકે છે, જે પૃથ્વી પર સંભવ નથી.

૨) ભવિષ્યનો પાયોઃ

ભારત ૨૦૩૫ સુધીમાં પોતાનું ભારતીય અંતરિક્ષ સ્ટેશન (BAS) સ્થાપવા અને ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર માનવી મોકલવાનું લક્ષ્ય ધરાવે છે. ગગનયાન આ ભવ્ય ભવિષ્યની પ્રથમ સીડી છે.

૩) આર્થિક તેમ જ સામાજિક ફાયદાઃ

આ પ્રોજેક્ટમાં દેશની સેંકડો ખાનગી કંપનીઓ અને MSMEs જોડાયેલી હોવાથી હાઈ-ટેક મૅન્યુફેક્ચરિંગ અને રોજગારીને મોટો વેગ મળ્યો છે. સાથે જ તે દેશના લાખો વિદ્યાર્થીઓને STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) ક્ષેત્રમાં ઇનોવેશન કરવા માટે પ્રેરિત કરશે.

આ મિશનનું કદ- સ્કેલ ભારતીય એન્જિનિયરિંગની કમાલ છે.

*બાહુબલી રોકેટ (LVM3): આ મિશન માટે ઈસરોના સૌથી શક્તિશાળી રોકેટ LVM3ને ખાસ 'Human-Rated' (માણસોને લઈ જવા માટે સુરક્ષિત) બનાવવામાં આવ્યું છે. આ પ્રચંડ રોકેટની કુલ ઊંચાઈ આશરે ૪૩.૫ મીટર અને લોન્ચ વ્હીકલનું કુલ વજન આશરે ૬,૪૦,૦૦૦ કિગ્રા (૬૪૦ ટન) છે.

* ઓર્બિટલ મોડ્યુલ (Orbital Module): અવકાશમાં જે મુખ્ય માળખું ફરશે તેનું કુલ વજન ૭,૮૦૦ કિગ્રા છે, જેની ઊંચાઈ ૭ મીટર અને વ્યાસ ૩.૭ મીટર છે. તે બે મુખ્ય ભાગમાં વહેંચાયેલું છેઃ

૧) ક્રૂ મોડ્યુલ (Crew Module): આ એ મુખ્ય ડબલ-વોલ કેપ્સ્યુલ છે જેમાં યાત્રીઓ રહેશે. તેનું વજન આશરે ૩,૭૩૫ કિગ્રા છે અને તેમાં ૪.૩ ક્યુબિક મીટર (૪.૩ ઘ૩) ની આરામદાયક રહેવાલાયક જગ્યા (Habitable Volume) છે, જે અત્યાધુનિક લાઈફ સપોર્ટ સિસ્ટમ (ECLSS)થી સજ્જ છે.

૨) સર્વિસ મોડ્યુલ (Service Module): આ ભાગ કેપ્સ્યુલની નીચે રહેશે, જેમાં પ્રોપલ્શન અને પાવર સિસ્ટમ ગોઠવાયેલી છે. તેનું વજન આશરે ૪,૦૬૫ કિગ્રા છે.

બજેટ અને વૈશ્વિક સરખામણીમાં કેમ ભારત સૌથી મોખરે?

હોલિવૂડની ફિલ્મોના બજેટ કરતાં પણ ઓછા ખર્ચે સ્પેસ મિશન કરનાર ઈસરોએ ગગનયાન માટે આશરે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા (આશરે ૧.૨ થી ૧.૪ અબજ ડૉલર)નું પ્રારંભિક બજેટ રાખ્યું છે. તાજેતરના બજેટમાં પણ સ્પેસ ડિપાર્ટમેન્ટ માટે રૂ. ૧૩,૭૦૫.૬ કરોડ ફાળવીને આ કાર્યને વધુ ગતિ આપવામાં આવી છે.

હવે જો વૈશ્વિક સ્તરે સરખામણી કરીએ તો ભારતની કરકસરયુક્ત એન્જિનિયરિંગ (Frugal Engineering) અજોડ છે, જેમકે ....

* અમેરિકા (NASA): પોતાના માનવ મિશનો (એપોલો/આર્ટેમિસ) પાછળ ૩૦ થી ૪૦ અબજ ડૉલરથી વધુનો ખર્ચ કરે છે, જે ભારત કરતાં ૨૫ થી ૩૦ ગણો વધુ છે.

* ચીનઃ સ્પેસ પ્રોગ્રામ પાછળ વાર્ષિક અંદાજે ૨ થી ૩ અબજ ડૉલર ખર્ચે છે.

* ભારત (ISRO): માત્ર ૧.૨ થી ૧.૪ અબજ ડૉલરમાં આ મિશન પાર પાડી રહ્યું છે, જે વિશ્વમાં સૌથી કિફાયતી છે. ઈસરો આયાત કરવાને બદલે સ્વદેશી ટેકનોલોજી (Indigenization) પર ભાર મૂકીને આ સિદ્ધિ મેળવે છે.

## શું છે ગગનયાનનો રોડમેપ...

માનવ જીવ અત્યંત કીંમતી હોવાથી ઈસરોએ ખૂબ જ સાવચેતીપૂર્વકનો રોડમેપ તૈયાર કર્યો છેઃ

૧) ટેસ્ટ વ્હીકલ ફ્લાઇટ્સ (TV-D1): કટોકટીના સમયે યાત્રીઓનો જીવ બચાવતી 'ક્રૂ એસ્કેપ સિસ્ટમ' (CES) નું સફળ પરીક્ષણ થઈ ચૂક્યું છે.

૨) માનવરહિત મિશન અને 'વ્યોમમિત્ર' (Vyommitra): વાસ્તવિક ઉડાન પહેલાં ઈસરો માનવરહિત ટેસ્ટ ફ્લાઇટ્સ મોકલશે. આ ફ્લાઇટમાં ભારત દ્વારા નિર્મિત હ્યુમનોઇડ રોબોટ (મહિલા રોબોટ) 'વ્યોમમિત્ર'ને મોકલવામાં આવશે, જે કેબિનની અંદરના દબાણ અને રેડિયેશનની ચોક્કસ ચકાસણી કરશે.

૩) માનવ મિશન (Crewed Mission): શ્રીહરિકોટાથી લોન્ચ થયા બાદ માત્ર ૧૬ મિનિટમાં ગગનનૌટ્સ સ્પેસમાં પહોંચશે. ૩ દિવસ પૃથ્વીની પ્રદક્ષિણા કર્યા બાદ, ખાસ થર્મલ પ્રોટેક્શન સિસ્ટમ અને પેરાશૂટ્સની મદદથી સ્પેસ કેપ્સ્યુલ અરબી સમુદ્ર અથવા ગુજરાતના દરિયાકાંઠાના પાણીમાં (Splashdown) સુરક્ષિત લેન્ડ કરશે, જ્યાં ભારતીય નૌકાદળ તેમને રિસીવ કરશે.

ગગનયાન એ માત્ર એક વૈજ્ઞાનિક પ્રયોગ નથી, પણ આત્મનિર્ભર ભારતની સાર્વભૌમત્વની ઘોષણા છે. અમેરિકા, રશિયા અને ચીન બાદ ભારત આ ક્ષમતા ધરાવતો વિશ્વનો ચોથો દેશ બનશે. જ્યારે આપણું સ્વદેશી બાહુબલી રોકેટ ભારતનાં સપનાંઓને લઈને અંતરિક્ષની છાતી ચીરીને નીકળશે, ત્યારે સમગ્ર વિશ્વ આશ્ચર્યથી ભારત તરફ જોતું હશે અને અંતરિક્ષના અનંત આકાશમાં ગૂંજશે 'જય વિજ્ઞાન, જય અનુસંધાન!' ■




# મહિલાઓ માટે બચત-રોકાણનું મહત્ત્વ શા માટે વધી રહ્યું છે?

### આપણા દેશમાં હવે ઝડપી ગતિએ મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહી છે. શહેરોની મહિલાઓની જેમ હવે આ મામલે ગ્રામ્ય મહિલાઓ પણ પાછળ નથી રહી

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

ઇતિહાસ કહે છે કે પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓ જોખમોને વધારે સારી રીતે ટાળી શકતી હોય છે. તેથી તે નાણાં ઇન્વેસ્ટ કરવામાં પણ જોખમ લેવાનું ટાળતી હોય છે.

આ વાત સારી છે કે ખરાબ? એ બંને છે. એનો આધાર મહિલા આ જોખમને કેવી રીતે ટાળે છે આમ તો સ્ત્રી ઇન્વેસ્ટમેન્ટની બાબતોને સમજવામાં સંકોચ અનુભવતી હોય છે, પરંતુ જોખમોથી બચવાનો એમનો કુદરતી સ્વભાવ હોય છે.

દંપતી તરીકે તમે તમારાં નાણાંનો વહીવટ કરો એ વાત સારી કહેવાય. એક પરિસ્થિતિની કલ્પના કરો : એક પતિ ખૂબ ઉત્સાહી ઇન્વેસ્ટર છે, જ્યારે પત્ની જોખમોને ટાળવાનું પસંદ કરતી હોય છે. આને કારણે પૉર્ટફોલિયો સંતુલિત થાય છે.

જોકે અમુક રીતે આ અભિગમ મહિલાઓની વિરુદ્ધમાં જઈ શકે છે, કારણ કે તે ફિક્સ્ડ ડિપોઝિટ્સ વગેરે જેવાં માત્ર ઋણ સાધનોનાં રોકાણોને જ વળગી રહેતી હોય છે. પરિણામે એમનો ફાઇનાન્શિયલ પૉર્ટફોલિયો નીચો રહે છે.

## મહિલાની જવાબદારી

બે દાયકા પહેલાંની સરખામણીમાં આજના સમયમાં વધારે સંખ્યામાં સ્ત્રીઓ જૉબ કે બિઝનેસ કરી રહી છે અને એ પહેલાં કરતાં વધારે કમાતી થઈ છે. બીજી તરફ, આપણા કાયદાઓમાં સુધારાને કારણે મહિલાઓને પણ પેરેન્ટ્સની મિલકતમાં પુરુષો જેટલો જ સમાન હક્ક પ્રાપ્ત થયો છે. તેથી વધુ ને વધુ મહિલાઓને પૈતૃક સંપત્તિ વારસામાં મળવા લાગી છે, પરંતુ એમને આ સંપત્તિનો વહીવટ કેવી રીતે કરવો એની સમજ હોતી નથી અથવા મર્યાદિત હોય છે. પતિનું નિધન થવાથી કે છૂટાછેડા લેવાથી કે એકલા રહેવાનું પસંદ કરવા જેવી પ્રતિકૂળ પરિસ્થિતિને સંભાળવાની પણ જરૂર રહેતી હોય છે. એમના પર પરિવારની જવાબદારી પણ હોય છે.

આ બધા વચ્ચે પુરુષની સરખામણીમાં મહિલાનું આયુષ્ય વધારે રહેતું હોય છે, જેથી એમણે આર્થિક બાબતોમાં વધુ ને વધુ શિક્ષિત રહેવું જરૂરી છે.

## કેટલાક વિચારવા જેવા સવાલ

પતિ-પત્ની ભવિષ્યનું સાથે મળીને આયોજન કરે છે ત્યારે એમણે શું ધ્યાનમાં રાખવું એ કેટલાક સાદા સવાલોથી સમજીએ.

- તમારે મન પૈસા એટલે શું? એનું મહત્ત્વ કેટલું? પત્ની કમાવાનું બંધ કરી દે તો શું થાય? પતિ કમાવાનું બંધ કરી દે તો શું થાય? શું તમારું કોઈ બજેટ છે? શું તમે બજેટને વળગી રહેશો? તમારાં લક્ષ્ય કેવાં હશે? જોખમ વિશે તમારું શું માનવું છે? ધારો કે કોઈ એક જણ પૈસા ગુમાવી દે તો શું થાય? ધારો કે કોઈ એકને કંઈ થઈ જાય તો શું થાય?

જિંદગીના વિવિધ તબક્કાને આધારે મહિલાઓ માટે આવા સવાલોનું મહત્ત્વ વધુ હોય છે. પરિવારની આર્થિક સલામતી જળવાય એ જોવાની એમની પણ જવાબદારી હોય છે, પછી તે કમાતી હોય કે ગૃહિણી હોય. તમારું લક્ષ્ય નક્કી કરવા માટે સાથે બેસીને નિર્ણયો લેવા એ બહુ જ સારી બાબત કહેવાય અને વાતચીત કરતા રહેવાથી તમારી સફર સરળતાપૂર્વક આગળ વધતી રહેશે. યોગ્ય અપેક્ષાઓ નિશ્ચિત કરવા માટે લક્ષ્યો સમાન હોય અને નાણાંના સંચાલન વિશેની વાતચીત થતી રહે એ બહુ જ મહત્ત્વનું છે.

## કઈ બાબત ધ્યાનમાં રાખવી?

દંપતી તરીકે નાણાંનો વધારે સારી રીતે વહીવટ કરવા માટે તમે આ વાત અપનાવી શકો છો. એટલું ધ્યાન રાખવું કે તમારે કેટલો ખર્ચ કરવો છે એનો તમને ખ્યાલ હોવો જોઈએ.

લાઇફ પાર્ટનર હોય એ તો બહુ સારી વાત કહેવાય, પરંતુ તમારે સ્વતંત્ર બનવાની પણ જરૂર છે. ક્યારેક તમે કોઈને પણ પૂછવાની જરૂર વગર તમારી મરજી મુજબ ખર્ચ કરી શકો છો. તેથી તમારા એકાઉન્ટમાં થોડાક પૈસા અલગ સાચવી રાખવા જોઈએ અને જ્યારે પણ તમને જરૂર પડે ત્યારે સ્વયંને માટે કે સંતાનો માટે કે માતાપિતા માટે, ક્યાંક ફરવા જવાના ખર્ચ માટે. એમ કરતી વખતે તમારે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે તમે આયોજનપૂર્વક ઇન્વેસ્ટમેન્ટ કરો. એક સમયે તમારી આવક ચાલુ હોય, પણ ધારો કે અણધારી ઘટનાઓને લીધે આવક બંધ થઈ જાય તો તમે જે પૈસા ઇન્વેસ્ટ કર્યા હોય એ તમારી જરૂરિયાતોને પહોંચી વળે એટલા હોવા જોઈએ. એટલા માટે જ એનું વ્યવસ્થિત પ્લાનિંગ અને મૅનેજમેન્ટ મહત્ત્વનાં બને છે. આ વિષયમાં વધુ વિગતવાર વાત ફરી ક્યારેક કરીશું. ■



હેં... ખરેખર!

પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

# મેલિયો પંખી જવાળામુખીની ગરમ રાખમાં ઈંડાંને દાટીને જતાં રહે છે!

માનવજાત, પશુ અને પક્ષીઓમાં માતૃત્વનો મોટો મહિમા છે જ. મોટાભાગના પંખીઓ માળો બનાવી પોતાના ઈંડાં પર બેસીને તેમને સાચવે છે, તેનું રક્ષણ કરે છે અને તેને ગરમ રાખે છે.

પરંતુ દુનિયામાં એક પંખી ઈંડાં બાબત સૌથી અલગ છે. એની પદ્ધતિ માની ન શકાય એટલી આઘાતજનક છે. આ પંખીના ઈંડાં વિશે એકેએક વાત છે એકદમ હટકે. મરઘીના કદનું આ પક્ષી માત્ર ઇન્ડોનેશિયાના સુલાવેસી અને બુટોન ટાપુઓમાં જ જોવા મળે છે આ દુર્લભ અને લુપ્તપ્રાય શ્રેણીનું પંખી મેલિયો (Macrocephalon maleo). તેની ખાસિયતો જોઈએ.

લંબાઈ આશરે ૫૫૬૦ સેમી, શરીર કાળા, પેટ ગુલાબી-આછો રંગનું અને માથા પર કાળી કલગી હોય છે. દોડવામાં ઉત્તમ છે, પરંતુ જરૂર પડે ત્યારે ઊડીય શકે છે.



મેલિયો દંપતી ખુલ્લા ભૂતાપીય (એટલે 'પૃથ્વીનું તાપમાન' અથવા 'જમીનની અંદર રહેલી ગરમી'. આ શબ્દ 'ભૂ' (પૃથ્વી) અને 'તાપીય' (ગરમી/ઊર્જા) બે શબ્દોનો બનેલો છે) વિસ્તારો, જ્વાળામુખીની આસપાસ કે રેતાળ દરિયાકિનારાઓ સુધી ઘણા માઇલનું અંતર કાપીને પહોંચે છે. માદા લગભગ એક મીટર જેટલો ઊંડો ખાડો ખોદીને તેમાં એક જ વિશાળ ઈંડું મૂકે છે. આ ઈંડું મરઘીના ઈંડા કરતાં લગભગ પાંચ ગણું મોટું હોય છે. પછી માતા ઈંડાંને રેતીથી ઢાંકી દે છે અને ત્યાંથી ચાલી જાય છે, કાયમ માટે. આથી આ પક્ષી દુનિયાના સૌથી અનોખા પક્ષીઓમાંનું એક છે કારણ કે તે પોતાના ઈંડાં સેવવા માટે શરીરની ગરમીનો ઉપયોગ કરતું નથી.

મેલિયોનાં ઈંડાં સેવવાની પ્રક્રિયા ય અનોખી છે. ભૂતાપીય ગરમી રેતીનું તાપમાન સતત ૩૨સે.થી ૩૯ સે. વચ્ચે જાળવી રાખે છે. આની વચ્ચે ઈંડું સેવાવાની પ્રક્રિયા સરેરાશ ૮૦ દિવસ ચાલે છે. અંતે બચ્ચું જમીનની અંદર ઈંડામાંથી બહાર આવે છે. આ નવજાતે કોઈની મદદ વગર ભારે રેતી ખોદીને બહાર આવવું પડે છે. આ ખૂબ જ થકવી નાખતી પ્રક્રિયા છે અને તેમાં થોડા દિવસો લાગી શકે છે. આ માપદંડથી બચ્ચું જન્મથી જ સંપૂર્ણપણે સ્વતંત્ર અને સ્વાવલંબી હોય છે, જેના નસીબમાં માનું ધાવણ કે મમતા નથી. કદાચ આ કારણસર જ તેની પાંખો જન્મતાવેંત જ કાર્યક્ષમ થઇ જાય એટલી મજબૂત હોય છે. આ બચ્ચું જમીનની સપાટી પર પહોંચ્યાના થોડા જ કલાકોમાં ઊડી પણ શકે છે. બચ્ચું ઈંડામાંથી બહાર નીકળ્યા પછી લગભગ તરત જ દોડી શકે છે અને થોડા જ સમયમાં ઊડી પણ શકે છે.

મેલિયોના બચ્ચાને માતા-પિતા તરફથી જરાય વ્હાલ, પ્રેમ, હૂંફ, સંભાળ કે ખોરાક મળતો નથી. પોતે સેવવાને બદલે માદા મેલિયો ઈંડાં ત્યજી દે છે ને એ પણ એવા ચોક્કસ સ્થળે જ્યાં ભરપૂર ગરમી હોય. આ રીતે મેલિયો સંપૂર્ણપણે પૃથ્વીની કુદરતી ઊર્જા પર આધાર રાખે છે. મોટેભાગે જ્વાળામુખી આસપાસની ગરમ રેતી કે જમીનમાં ઈંડાં સેવાઇને બચ્ચું જન્મતું હોવાથી આ પંખી વોલ્કેનો બર્ડ તરીકે જાણીતું છે. આ પક્ષી પોતાના ઈંડાં જ્વાળામુખીની ગરમી ધરાવતી જમીન અથવા સૂર્યથી ગરમ થયેલી રેતીમાં એક મીટર જેટલા ઊંડા ખાડામાં મૂકે છે. જમીનની કુદરતી ગરમી ઈંડાંને સેવે છે. એટલે તે વોલ્કેનો બર્ડ તરીકે લોકપ્રિય છે.

કમનસીબે 'ઇન્ટરનૅશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર અનુસાર મેલિયો પક્ષી અત્યંત ગંભીર રીતે લુપ્તપ્રાય પક્ષીઓની યાદીમાં સામેલ છે. આ અવદશા માટેના મુખ્ય કારણોમાં જંગલોનો નાશ, ઈંડાંની ચોરી અને માનવીય હસ્તક્ષેપ છે. તેની અત્યંત વિશિષ્ટ પ્રજનન પદ્ધતિને કારણે તે રહેઠાણના વિનાશ, જંગલી શિકારી પ્રાણીઓ (જેમ કે બિલાડીઓ અને જંગલી ડુક્કરો) દ્વારા થતા હુમલા તેમજ મનુષ્યો દ્વારા ઈંડાંની ચોરી જેવા જોખમો સામે અત્યંત સંવેદનશીલ છે.

આ પક્ષી કુદરતનું અદ્ભુત સર્જન છે કારણ કે તે પોતાના સંતાનોના ઉછેર માટે જ્વાળામુખીની કુદરતી ગરમીનો ઉપયોગ કરે છે. ઈંડું ત્યજી દીધા બાદ માં-બાપ અને ખાસ તો માતાની મનોવેદના કેવી હશે? ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મ તેજ
તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીકએન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-દરરોજ કશુંઅનોખું!

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ

## ગુજરાતી ગઝલનો શાશ્વત અવાજ ગની દહીંવાળા


### ગતાંકથી શરૂ

ગુજરાતી ગઝલની લગભગ ૧૫૦ વર્ષની અવિરત સફરમાં આપણને સશક્ત સર્જકો મળ્યા છે અને ગઝલ વધારે ને વધારે નીખરતી રહી છે. આવા શાશ્વતીને વરેલા સર્જક ગનીભાઈ દહીંવાળાના પ્રદાનની નોંધ જોઈએ એટલી નહીં લેવાઈ હોવાનો એક મત છે.

ગઝલમાં ઘણું બધું અનિવાર્ય છે અને તમામ જરૂરિયાતોના લેખા-જોખા થઈ શકે નહીં. ગઝલમાં અલંકારો અને પ્રતીકોનો યોગ્ય વિનિયોગ, કથનની તાજગી, નાવીન્ય, નાદસૌન્દર્ય અને સુંદર કલાત્મક ચિત્ર સર્જન અનિવાર્ય છે. શરૂઆતમાં ઉર્દૂ-ફારસીની ઓથ લઈને ગઝલે પગરણ માંડ્યા, પણ ફૂલ ફાલી હોય તે ગુજરાતીમાં જ. બાલાશંકર કંથારિયા જેવા કવિઓએ ગુજરાતીમાં શ્રીગણેશ કર્યા અને સદ્નસીબે એક ખમતીધર પેઢી આવી અને ગઝલનાં રંગરૂપ ધીરેધીરે બદલાતાં ગયાં. આ બધા પાયાના પત્થારમાં ભાઈશ્રી ગની દહીંવાળાનું પ્રદાન નોંધનીય છે.

૧૯૪૨-૪૫ના ગાળામાં રાંદેરમાં મુસ્લિમ ગુજરાત સાહિત્ય મંડળની સ્થાપના થઈ. અમીન આઝાદ, ઝાર રાંદેરી, સીરતી શેખ ચલ્લી, બેકાર અને આસિમ રાંદેરી, રતિલાલ અનિલ વગેરેએ મોગલ તહેઝીબના મુશાયરાથી આ શરૂઆત કરી.

ગઝલના છંદ શાસ્ત્રના ઉસ્તાદ દીવાન બહાદુર ઝવેરી હતા. એમણે ગુજરાતી ગઝલનું સૌ પ્રથમ સંપાદન સવાસો વર્ષ પહેલાં કર્યું હતું. એ જ સમયે ઝાર રાંદેરીનું અરૂઝ એટે છંદ શાસ્ત્રની શાસ્ત્રીય સમજ આપતું પુસ્તક મંડળ તરફથી પ્રકાશિત થયું. તમામ સાક્ષરોએ એ છંદશાસ્ત્રને પ્રમાણભૂત


ગની દહીંવાળા

માન્યું. આ મંડળમાંથી ધીરે ધીરે મહાગુજરાત ગઝલ મંડળનો જન્મ થયો હતો.

એ જમાનો અત્યારની જેમ દોડધામનો ન હતો પણ નિરાંતે બેસીને સાહિત્ય, સંગીત, કલા, તત્ત્વજ્ઞાનની વાતો કરવાનો હતો. ગઝલની મહેફિલોમાં શાસ્ત્રીય ચર્ચા થતી. રાંદેર-સુરતના મુશાયરાઓમાં વિદ્વાન વ્યક્તિઓ પ્રમુખપદે આવતી અને ગઝલ પર અધ્યનશીલ પ્રવચન થતું, જે પ્રથા કવિ સુંદરમ્ સુધી ચાલી રહી હતી. આવી જ એક ઘટના રાંદેરમાં બની. જનાબ વહશી રાંદેરીને ત્યાં શાદીનો પ્રસંગ હતો. ગુજરાતભરના શાયરો-કવિઓ આવ્યા હતા. મુંબઈથી શયદા સાહેબ પણ હતા. શયદા-ઘાયલ વગેરેએ એ દિવસે સુરતના આર્યસમાજ હૉલમાં મુશાયરો યોજ્યો. એ વખતે મહાગુજરાત ગઝલ મંડળની વિધિવત્ સ્થાપના થઈ અને ગની દહીંવાળાનો શાયર તરીકે ઉદ્ભવ થયો. આમ ગની દહીંવાળા તમામ મહાન શાયરોની વચ્ચે સ્વીકૃતિ પામ્યાં.

ગનીભાઈનું સૌથી મોટું યોગદાન એ છે કે તેમણે ગુજરાતી ગઝલને ઉર્દૂ પ્રકારની ભાષાશૈલીમાંથી બહાર કાઢીને સરળતા, મીઠાશ અને લોકબોલીના શણગાર સજાવ્યા. ગઝલ માત્ર ઉચ્ચ વર્ગનું કાવ્ય ન રહે, પરંતુ સામાન્ય વાચકના હૃદય સુધી પહોંચે તેવો માર્ગ તૈયાર કર્યો.

પ્રેમ, વિરહ જેવા વિષયો સાથે સાથે માનનવીય સંવેદના, જીવનદર્શન, પ્રકૃત્ત, કરુણા અને તરન્નુમ સહજ રીતે રજૂ કર્યા. એમણે સાબિત કર્યું કે સરળ ભાષામાં ઊંડા ભાવો વ્યક્ત થઈ શકે છે.

આ કવિમાં ભાવની પ્રામાણિકતા છે. તેમની કવિતામાં કૃત્રિમતાને બદલે જીવનના સાચા અનુભવો વ્યક્ત થાય છે. ઉર્દૂમાં જેને મૌસિકી કહેવાય છે વી સંગીતમયતા ગઝલ-ગીત બન્નેમાં સહજતાથી આવી છે. લય, મુધરતા અને ગેયતા વિશેષ જોવા મળે છે.

ગનીભાઈએ હંમેશાં માનવપ્રેમને મહત્ત્વ આપ્યું છે. સુરતનું સંસ્કાર જીવન, સામાન્ય માણસની લાગણીઓ અને રોજ-બ-રોજના જીવન અનુભવો જીવંત બને છે. આમ એમણે ગઝલ ફક્ત કાવ્યપ્રકાર તરીકે નહીં, પરંતુ લોકજીવનની અભિવ્યક્તિનું શક્તિશાળી માધ્યમ બનાવ્યું. માનવમનની શાશ્વત લાગણીઓ વ્યક્ત થઈ હોવાથી એમનું યોગદાન અવિસ્મરણીય છે.'

એમની ગઝલનો મત્લા આપણે વાંચ્યો જેમાં એમણે કહ્યું છે કે 'દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી, મને હાથ ઝાલી ને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

આ શેરનો બાહ્ય અર્થ તો સમજાય એવો છે. પરંતુ શાયરે એનો જે આંતરિક અર્થ છે જેને પોતાની કવિત્વશક્તિથી આ શેરમાં સંગોપી લીધો છે. જ્યારે જિવાત્મા જન્મે છે ત્યારથી એનો પરમાત્મા સાથેનો વિરહ શરૂ થાય છે. ખરેખર તો જિંદગી તો જુદાઈના દિવસો છે. આ દિવસો જલદીથી પૂરા કરવાનું કામ સદ્ગુણો તો કરી શકે નહીં પણ કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, માથા જેવા દુશ્મનો કરી શકે. એટલે શાયર કહે છે કે આ મારા દુશ્મનો જ મને સ્વજન એટલે કે પરમાત્મા સુધી મારો હાથ ઝાલીને લઈ જશે.

આ ગઝલના મત્લાની, જેમ એનો 'મક્તા' એટલે છેલ્લો શેર પણ સૂક્ષ્મ છે એટલો જ સરળ પણ છે. હૃદયની આગ વધે અને આપણે શ્વાસ લઈએ તો આગ પ્રબળ બને. ગનીભાઈની કમાલ તો જુઓ, એ કહે છે કે આગ વધે નહીં માટે ઈશ્વરે જ કૃપા કરી અને કોઈ આવીને શ્વાસ બંધ કરી ગયું. જીવન અને મૃત્યુનું ચિંતન સરળતાથી અને સ્વાભાવિકતાથી થયું છે.

*જો હૃદયની આગ વધી 'ગની',*
*તો ઈશ્વરે જ કૃપા કરી,*
*કોઈ શ્વાસ બંધ કરી ગયું,*
*કે પવન ન જાયે અગન સુધી.*

આવો જ જીવન-મૃત્યુ વિશેનો બીજો શેર છે જેમાં ચિંતન તો છે જ પણ સાથે સાથે ઉપમા અલંકારનું સૌન્દર્ય પણ છેઃ

*જિંદગાનીને દુલ્હનની જેમ શણગારી*
*'ગની',*
*એને હાથોહાથ સોંપી જેમના ઘરની હતી.*

આપણે ગનીભાઈની ગઝલના લયની વાત કરી. શબ્દોના આરોહ અવરોહથી લયનું પ્રાગટ્ય થાય છે. શબ્દોની પુનરુક્તિથી ગઝલ વેધક બને છે. નીચેના શેરમાં શબ્દોને બેવડાવ્યા વગર એ બીજો શબ્દ પ્રયોજી શક્યા હોત પણ જે અસર ઊપજે છે તે ઊપજી ન શકત. શેર છેઃ

*પહેલી પહેલી વર્ષાએ આ મહેક્યા*
*મહેક્યા શ્વાસ 'ગની'*
*આજે હૈયું ભીની ભીની માટીનો ઢગ હોઈ શકે.*
*નાજુક નાજુક નાડીના આ ફોરમ સરખા*
*ધબકારા*
*ફૂલોને પણ ફૂલગુલાબી લોહી રગેરગ થઈ શકે.*

ગનીભાઈએ ગઝલમાં પ્રાકૃતિક સૌન્દર્યની પડછે પ્રેમ વિભાવનાના રંગો છાંટીને અનેક સુંદર રમણીય દૃશ્યો સર્જ્યાં છે. કલ્પનો, પ્રતીકો અને ગઝલચિતની ત્રિવેણીમાં અનેક ગઝલો અવતરી છે. દરેક વિષય પર એમણે લખ્યું છે. આવા સફળ અને સરળ શાયરની કલમ પાસેથી ગુજરાતને સદાબહાર ગઝલો અને કંઈ કેટલાય ક્યારેય ન ભૂલી શકાય એવા શાશ્વત શેરો મળ્યા છે. આવા થોડાક શેરોથી સમાપન કરીએઃ

*શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને,*
*રસ્તો ભૂલી ગયો તો દિશાઓ ફરી ગઈ.*

* * *

*પ્રભુની છે કૃપા કે એ કસબ પર મારો કાબૂ છે,*
*અગર જો એમનું ચાલે ન આપે*
*એ સ્મરણ માગ્યું*

* * *

*જિંદગીનો એ જ સાચેસાચ પડઘો છે*
*'ગની'*
*હોય ના વ્યક્તિ ને તેનું નામ બોલાયા કરે.*

* * *

*તમારો પ્યાર આખા વિશ્વની દેખત મને*
*આપો,*
*તમે વ્હોરી લો બદનામી અને*
*ઈજ્જત મને આપો.*

* * *

*પ્રથમ આકાર પામે લાગણી સંબંધના સ્તર પર*
*ન પામે માવજત મનની તો*
*એ સંશય થવા લાગે.*

* * *

*'ગની' પર્વતોની સામે આ રહ્યું છે શીશ*
*અણનમ,*
*કોઈ પાંપણો ઢળી તો હું ઝૂકી ઝૂકી ગયો છું.*

* * *

*ન ધરા સુધી, ન ગગન સુધી,*
*નહીં ઉન્નતિ ન પતન સુધી,*
*અહીં આપણે તો જવું હતું,*
*ફક્ત એકમેકના મન સુધી.*

* * *

*દિલડાં સુખડની જેમ પરસ્પર ભલે બળ્યાં*
*સંબંધમાં સુવાસ સતત આવતી રહી.*

* * *

*સાવ હળવા ફૂલ જેવું દિલ હતું*
*શું થયું કે શ્વાસ ભારે થઈ ગયા?*

* * *

*શાંત એ તોફાન દુનિયાએ કદી જોયું નથી,*
*આંખડી વરસી રહે ને કોઈ ભીંજાયા કરે.*

* * *

*બાળ સહજ હોડી જેવું કંઈ કાગળ કાગળ રમીએ*
*પાછળ વહેતું આવે જીવન,*
*આગળ આગળ રમીએ.*

* * *

*પડી જઈએ ચરણમાં,*
*તે છતાં મસ્તક હો આકાશે,*
*'ગની', એકાદ તો સંબંધની એવી સપાટી હો.*

* * *

*શ્વાસ થઈ આવો અને રહી જાવ અંતરમાં*
*તમે*
*બારમાસીને હૃદય ક્યારીમાં રોપીશું અમે.*

* * *

*દોરશું ન ચિત્ર ફૂલોનું તો સુગંધો વહેરો*
*પાનખરમાંય લીલો જીવ અમે રહેવાના.*

* * *

*ઉપસ્થિત તમે છો તો લાગે છે ઉપવન*
*કલાકારનું ચિત્ર સંપૂર્ણ જાણે,*
*તમે જો ન હો તો બધા કહી ઊઠે કે;*
*વિધાતાથી કોઈ કસર થૈ ગઈ છે*

* * *

*તમારી યાદમાં ફૂલોથી અદકું હાસ્ય વેર્યું છે*
*નવી રીતે હસી લીધું અમે આંસુ વહાવીને*

* * * ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# દિવસની શરૂઆત સકારાત્મકતા સાથે કરવી છે? આટલું જરૂર કરજો...

આજના સમયમાં મોટા ભાગના લોકોના મનમાં નકારાત્મકતા વધતી જાય છે. સવાર પડે એ સાથે આપણી સામે કોઈ ને કોઈ નકારાત્મક વાતો આવી જ જાય છે. એ પછી અખબારના માધ્યમથી હોય, ટીવીના કે પછી મોબાઇલ ફોનના માધ્યમથી હોય. એમાંય સરકારસમર્થકો અને સરકારવિરોધીઓએ તો આડો આંક વાળી દીધો છે. એટલે આવા નકારાત્મક માહોલથી દૂર રહેવા માટે અને સકારાત્મકતા સાથે દિવસની શરૂઆત કરવા માટે શું કરવું જોઈએ એ વિશે કશુંક લખવાનું વિચાર્યું.

એન્ડ ફોર અ ચેન્જ, આ વખતે આર્ટ્રિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ની મદદ લેવાનું વિચાર્યું. AI હજી બાલ્યાવસ્થામાં છે એટલે એ જે કોપી આપે એ સીધી ઉપયોગમાં લઈ ન જ શકાય. એટલે અહીં એ જે સૂચનો કર્યા એને અત્યંત સરળ રીતે, AIની ભાષા ધરમૂળથી બદલીને, આ કૉલમને અનુરૂપ ભાષામાં ઢાળીને, AIએ આપેલાં સૂચનોમાં થોડા ફેરફારો કરીને અને થોડાં નવાં સૂચનો ઉમેરીને વાચકો સામે મૂકું છું...

આપણે ઘણી વાર કહીએ છીએ કે મારા મનમાં નકારાત્મક વિચારો બહુ આવે છે, પરંતુ નકારાત્મકતા અચાનક આપણા મનમાં પ્રવેશતી નથી. ઘણી વખત આપણે દિવસની શરૂઆત જે રીતે કરીએ છીએ અને રાતે ઊંઘતા પહેલાં મનમાં જે ભરીને ઊંઘીએ છીએ એનો સીધો પ્રભાવ આપણા વિચારો પર પડે છે.

સવારનો શરૂઆતનો સમય અને રાતે ઊંઘ પહેલાંનો થોડો સમય મન માટે ખૂબ જ મહત્ત્વનો હોય છે. આ સમય દરમિયાન મન શાંત અને ગ્રહણશીલ હોય છે. તેથી જો આપણે આ સમયને યોગ્ય રીતે વાપરીએ તો ધીમે-ધીમે મનમાંથી નકારાત્મકતા ઓછી કરી શકાય છે.

આજના સમયમાં મોટા ભાગના માણસો સવારે જાગતાં વેંત જ મોબાઇલ ફોન હાથમાં લે છે. એને કારણે નકારાત્મકતા ઠાલવતા સંદેશા, મનને વિચલિત કરી દે એવા વીડિયોઝ, બીજા માણસોના જીવનની કૂથલી અને ચિંતાજનક સમાચારોથી દિવસની શરૂઆત થાય છે એટલે નકારાત્મકતા સાથે દિવસની શરૂઆત ન કરવી હોય તો સવારના શરૂઆતના સમયમાં મોબાઇલ ફોનથી દૂર રહેવાનો પ્રયાસ કરો.

સકારાત્મક રીતે દિવસની શરૂઆત કરવા માટે આંખ ખોલ્યા પછી સૌ પ્રથમ મનોમન બોલો કે 'આજે મને જીવનની એક નવી તક મળી છે.' કેમ કે ગઈ કાલે શું થયું હતું તે ગઈ



કાલની વાત છે. આજનો દિવસ નવી શરૂઆત છે. ગઈ કાલની ભૂલો,નિષ્ફળતા અને દુઃખને આજે ફરીથી જીવવાની જરૂર નથી.

એ પછી ત્રણ વસ્તુ માટે આભાર માનો. સવારે ઊઠીને મનમાં ત્રણ એવી વાત યાદ કરો કે જેના માટે તમે આભારી છો. તે વાતો મોટી જ હોવી જરૂરી નથી. તમારું સ્વાસ્થ્ય, પરિવાર,મિત્ર, ઘર, કામ, સૂર્યપ્રકાશ, સ્વચ્છ હવા મળ્યા છે કે મળી રહ્યા છે એ માટે ઈશ્વરનો (અને ઈશ્વરમાં ન માનતા હો તો કુદરતનો) આભાર માનો. આમાંનું કોઈ કારણ તમારી પાસે ન હોય તો માત્ર આભાર માનવા માટે પૂરતું છે કે તમે આજે ફરી એક દિવસ જીવવા માટે જાગ્યા છો!

આભારની ભાવના મનને જાતજાતની ફરિયાદોમાંથી બહાર કાઢે છે. જે માણસ સતત વિચારે છે, 'મારી પાસે શું નથી?' તે દુઃખી રહે છે. એટલે જે નથી એની ફરિયાદો કરતાં એવું વિચારીએ કે 'મારી પાસે શું છે?' તો આપણા મનમાં સંતોષની લાગણી પેદા થશે.

નકારાત્મકતાથી દૂર રહેવા માટે અને સકારાત્મકતા સાથે દિવસની શરૂઆત કરવા માટે રોજ સવારે પોતાની જાત સાથે સકારાત્મક વાતો કરો. આપણે આખો દિવસ બીજા લોકો સાથે વાત કરીએ છીએ, પરંતુ પોતાની સાથે કેવી વાત કરીએ છીએ તે ભૂલી જઈએ છીએ. સવાર પડે ત્યારે પોતાને કહોઃ 'હું આજે દરેક પરિસ્થિતિનો શાંતિથી સામનો કરીશ. દરેક સમસ્યાનો કોઈ ને કોઈ રસ્તો હોય છે. આજે હું કોઈને મારા મનની શાંતિ છીનવવા નહીં દઉં. કોઈના નકારાત્મક વર્તનને મારા મન પર હાવી નહીં થવા દઉં.'

આનાથી તમારા મન પર જાદુઈ અસર થશે. વાસ્તવમાં આ કોઈ જાદુ નથી, પરંતુ તમે તમારા મનને જે વાત વારંવાર કહો છો, મન ધીમે-ધીમે એ વાતો જ વિચારતું થઈ જાય છે.

સવારની શરૂઆત સારી રીતે કરવી હોય તો સવારના સમાચારો જોવાનું પ્રમાણ ઘટાડો... સવારે જાગતાં વેંત જ સતત નકારાત્મક સમાચાર વાંચવાથી મન પર ભાર આવી શકે છે. દુનિયામાં શું થઈ રહ્યું છે તેની જાણકારી જરૂરી છે, પરંતુ દિવસની શરૂઆત જ દુર્ઘટના, ગુના, રાજકીય ઝઘડા અને ચિંતાજનક સમાચારથી કરવી જરૂરી નથી. એ બધાં પર તમારો કાબૂ નથી, પણ તમારી જાત પર, તમારા મન પર કાબૂ મેળવવાની કોશિશ તો તમે કરી જ શકો છો.

સવારે સૌ પ્રથમ તમે કયા શબ્દો બોલો છો એ જાગૃત રહીને મનમાં નોંધવાની કોશિશ કરજો. કદાચ પત્નીએ ચામાં ખાંડ ઓછી કે વધુ નાખી હશે અને તમે ફરિયાદભર્યા સૂરે કહેશો કે 'મન ક્યાં ભટકતું હતું તારું ચા બનાવતી વખતે? તને ખબર તો છે કે ચા બગડે તો મારો આખો દિવસ બગડે છે!' તો તમારો બગડેલો મૂડ તમારી સાથે તમારી પત્નીના દિવસની શરૂઆત પણ નકારાત્મક રીતે થશે. એને બદલે તમે શાંતિથી એ ચા પી લેશો તો તમારી પત્ની જ કહેશે કે 'આજે ચામાં મારાથી ખાંડ ઓછી નખાઈ છે. સૉરી. હું ખાંડ લઈ આવું છું.' અને તમે બોલ્યા વિના રહી શકો એમ જ ન હો તો હસતાં-હસતાં કહેજો કે 'તારાથી ભૂલમાં ચામાં ખાંડ ઓછી પડી લાગે છે આજે. તને પણ ફિક્કી ચા નથી ભાવતી. તું બેસ હું ખાંડનો ડબ્બો લઈ આવું છું.' તો તમારી પત્નીને ખરાબ પણ નહીં લાગે.

સવારે ઊઠીને પહેલું કામ સારા શબ્દો બોલવાનું કરશો તો એનું પરિણામ તમને જોવા મળશે. એટલે ખાસ નોંધજો કે અત્યારે તમે રોજ સવારે પહેલાં શું બોલો છો.

હવે આ વાત પણ અમલમાં મૂકવાની કોશિશ કરજો.

સવારનો સમય પોતાના મનને તૈયાર કરવા માટે વાપરો, જેમ કે...

થોડું વાંચો... પ્રાર્થના કરો... ધ્યાન કરો... ઓમકાર કરો... શાંત બેસો...

થોડું ચાલો... પ્રકૃતિને જુઓ.

ટૂંકમાં, દિવસની શરૂઆત બહારના શોરથી નહીં, અંદરની શાંતિથી કરો.

આ થઈ સવારે સકારાત્મક રીતે દિવસ શરૂ કરવાની વાત. રાતે ઊંઘતાં પહેલાં શું કરીએ તો સકારાત્મક વિચારો સાથે ઊંઘી શકીએ એ વિશે આવતા રવિવારે વાત કરીએ... ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# લવ યુ ટીચરજી... ગુરુ સાક્ષાત પરબ્રહ્મ


*ટાઇટલ્સઃ*
*બીજાને ભણાવવાથી પોતાનું યે પાકું થાય.*
*(છેલવાણી)*

એકવાર મીરાબાઇ એમનાં ગુરુ રૈદાસ પાસે જાય છે ત્યારે રૈદાસ માટીનાં વાસણોને ગેરૂઆ રંગે રંગતા હતા. વાતવાતમાં અચાનક રૈદાસનું ધ્યાન જાય છે કે સફેદ વસ્ત્રધારી મીરાબાઇ પર ગેરૂઆ છાંટા લાગ્યા છે અને કહે છે, 'અરે, તુમ તો રંગ ગઇ!'

શિષ્યને ગુરુ કોઇપણ રંગે રંગી શકે છે. માટીનાં કાચા લોંદાને મનચાહે એ આકાર કે સ્વરૂપ આપી શકે છે.

૩ દિવસ પછી ૨૯ જુલાઈએ ગુરુ પૂર્ણિમા છે.

આજનાં યુગમાં પણ કેટલાંક સાધારણ શિક્ષક છે, જે એટલા અસાધારણ કે એક્સ્ટ્રા ઓર્ડિનરી છે કે જેમની ફરજ-નિષ્ઠા જોઇને આપણાં હાથ આપોઆપ જોડાઇ જાય, જેમ કે- હૈદ્રાબાદ પાસે રેગટ્ટા ગામમાં નાલગોંડાની સરકારી શાળામાં એક એવા ટીચર છે, જે વીતેલ યુગની કોઇ આદર્શવાદી વાર્તાનાં અકલ્પનીય હીરો જેવા લાગે. ગુરિજા મહેશ નામના એ શિક્ષક રોજ સરકારી શાળામાં ભણાવવા જાય ત્યારે નવ વાગે પ્રાર્થના પછી ચેક કરે કે કયો કે કઇ સ્ટુડન્ટ ગેરહાજર છે. પછી ગેરહાજર વિદ્યાર્થી જો આસપાસમાં હોય તો એને બોલાવવા ક્લાસના મોનિટરને મોકલે પણ જો એ સ્કૂલથી દૂર હોય તો મહેશ પોતે પોતાનાં સ્કૂટર પર પોતાનું પેટ્રોલ બાળીને રોજ ૩-૪ બાળકોને શાળા સુધી ખેંચી લાવે. આવું ૩૭ વરસનો ટીચર મહેશ, ૨૦૧૦થી પોતાના પૈસે ને પરસેવે સામે ચાલીને આ કામગીરી સતત કરે છે, જેની કોઇએ ફરજ એને પાડી નથી.




દેશમાં એક તરફ સરકારી નોકરીમાં ઐશ કરતા ટીચરો છે તો બીજી બાજુ, ગુરિજા મહેશ જેવા ગુરુજનો છે, જે છેલ્લા ૧૩ વરસથી ગામનાં બાળકોને પકડી પકડીને ભણાવે છે, ઈશ્વરનાં કેટકેટલાં અવતાર સામાન્ય સ્વરૂપમાં આપણી આસપાસ ફરતા હોય છે ને?!

મહારાષ્ટ્રનાં વાશિમ તાલુકાની શાળામાં કિશોર મનકર નામનો શિક્ષક રોજ ૧૦ કિલોમીટર ચાલીને શાળાએ પહોંચે પણ ત્યાં એની રાહ જોતા કેટલા બાળકો હોય?

ફક્ત એક...! જી હાં, છેલ્લા પાંચ વરસથી માત્ર એક જ બાળકને ભણાવવા કિશોર મનકર કાચો ઊબડખાબડ રસ્તો, વરસાદ, કીચડ, તડકો ને હાડમારી વેઠીને મથ્યા કરે છે. વિચાર કરો, માત્ર એક જ બાળકને સતત ભણાવવાની ઝૂઝારુ શિક્ષકની જીદ પાછળ કઇ કર્મઠતા કામ કરતી હશે? શહેરમાં લાખોનાં કોચિંગ ક્લાસની ફેક્ટરીઓ, બેફામ વેંચાતા પરીક્ષાપત્રો, મોં માગ્યા ડોનેશનો ને બેફામ ફી વસૂલતા નફ્ફટ સ્કૂલ મેનેજમેંટવાળાઓની આ આધુનિક આર્થિક આંધી છે ને એ આંધીની સામે આજે ય ઝઝૂમતા આરતીના દીવા સમાન શિક્ષક છે તો ત્યાં દેશનાં સૌથી મોટા રાજ્ય, યુ.પી.ના ગાઝિયાબાદની ૧૫૦વિદ્યાર્થીવાળી સરકારી શાળામાં ત્રણ વરસથી એક શિક્ષક કે પ્રિન્સીપાલ પણ નથી...આસપાસ ૧૮ સરકારી શાળામાં માત્ર એક જ ટીચર ક્યારેક ભણાવવા આવે છે. અહીં મોટાભાગનાં બાળકો મધ્યાહ્ન ભોજન કરવા અઠવાડિયામાં ૨-૩ દિવસ આવે છે, ત્યાં જ્યારે દૂધ-કેળાં મળે છે. વર્ષાનુવર્ષ હજારો-લાખો રૂ.નું સરકારી ફંડ ક્યાં જાય છે? એની કોઇને ખબર નથી અથવા તો ક્યારેક ફંડ સાવ વપરાયા વિના જ પડ્યું રહે છે. સરકારી આંકડા મુજબ યુ.પી.માં જ ૮૫,૦૦૦ જેટલા શિક્ષકોની નોકરીઓ ખાલી પડી છે.

*ઈન્ટરવલઃ*
*શીશ દિયે જો ગુરુ મિલે,*
*તો ભી સસ્તા જાન. (સંત કબીર)*

અને એ જ યુ.પી.માં ૩-૪ વરસ અગાઉ એક એવી ઘટના થઇ ગઈ છે કે 'શિક્ષક કે ગુરુ' માટે તમારા મનમાં જે મહાન મૂર્તિ હશે એ પળભરમાં તૂટીને ચકનાચૂર થઇ જશે. અહીં અનામિકા નામની એક ટીચરે એક સાથે, એક જ સમયે ૨૫-૨૫ સરકારી શાળાઓમાં નોકરી કરીને ૧ કરોડ જેટલો પગાર મેળવેલો.

ક્યાંક 'અનામિકા સિંઘ'ના નામે તો ક્યાંક 'શુક્લા'ના નામે. કાસગંજ, સરહાનપુર, અલીગઢ કે બાગપત જેવા અલગ અલગ શહેરમાં એક જ 'અનામિકા' સરકારી ચોપડે ભણાવતી! આવા ગુરુઓની મહાન ઘટના 'વિશ્વગુરુ' બનવા થનગનતા ભારતમાં જ સંભવી શકે. નક્કી આ ગુરુઘંટાલની માયાજાળ પાછળ ઘણાં લોકો હશે નહીંતર ૧૩- ૧૩ મહિના સુધી આવું ચાલે? વેલ, યુ.પી.માં કંઇપણ ચાલે.

પેલી અનામિકા ટીચર કે ચીટર આમ તો વિજ્ઞાનની શિક્ષિકા હતી પણ વિજ્ઞાનથી વિશેષ એ છદ્મકળામાં વધુ નિપુણ હશે માટે એક કલાકાર તરીકે એક સાથે આટલા બધા રોલ્સ ભજવવા માટે અનામિકાનું સન્માન થવું જોઇએ. અત્યાર સુધી ટીચર એટલે કે 'ગરીબ માસ્તર' એવી છાપ હતી પણ અનામિકાએ ૧ કરોડ કમાઇને ટીચરોનું લેવલ ખરેખર ઊંચું આણી દીધુંને? આમ તો અનામિકાનો અર્થ છે કે 'જેનું કોઇ નામ નથી એવી', પણ આવી ફાંકડી ફ્રોડગીરી કરીને એણે પોતાનું નામ શિક્ષણ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત કરાવી નાખ્યું.

વરસો સુધી ઓછા પગારે નોકરી કરીને કે ટ્યુશનનાં ઢસરડાં કરીને બાળકોને શીખવતા શિક્ષકોએ અનામિકાજી પાસે શીખવું જોઇએ કે પૈસા કેમ કમાવાય! જ્ઞાનનાં દેવી સરસ્વતિજી, જેમ અત્ર- તત્ર- સર્વત્ર છે, એમ શિક્ષણ ક્ષેત્રનાં લોચા ભારતભરમાં બધે જ છે, પણ આવો ને આટલો સુપર્બ જુગાડ માત્ર ને માત્ર યુ.પી.માં જ શક્ય છે. ૮૦ના દાયકામાં પંજાબમાંથી અલગ 'ખાલિસ્તાન'ની પછી અલગ 'આસામ'ની કે અલગ 'ગોરખાલેંન્ડ'ની માગણીઓ ઉઠેલી ત્યારે સંસદમાં ભૂતપૂર્વ વડા પ્રધાન વી.પી.સિંહે યુ.પી.નાં સાંસદોને કહેલું, જો જો હોં તમે લોકો ભૂલથીયે અલગ યુ.પી. માગતા જ નહીં! નહીંતર આખો દેશ સાથે મળીને એક અવાજે તરત જ 'હા'પાડી દેશે એટલા બધા તમે બદનામ છો!

ખૈર, ગુરુ બિન જ્ઞાન કહાં સે પાઉં? આજે જ્યારે પરીક્ષાપત્રો ફૂટે છે ત્યારે શિક્ષાતંત્રમાં આપણને રાખતા ભ્રમમાંને 'બ્રહ્મા' સમજીને શિક્ષકને અને શિક્ષણ વ્યવસ્થાને પ્રશ્નો સાથે શતઃ શતઃ પ્રણામ.

*એન્ડ ટાઇટલ્સઃ*
*આદમઃ તું મારી ગુરુ છે.*
*ઇવઃ આ વખાણ છે કે આરોપ?* ■

# ‘ઈસરો’નો ‘વિક્રમ’ - અનન્ય સિદ્ધિ




શુભાંગ બ્રહ્મભટ્ટ feedback@bombaysamachar.com

દિવસ શનિવાર. તારીખ - ૧૮ જુલાઈ, ૨૦૨૬. સમય બપોરના બાર વાગીને પાંચ મિનિટ અને ૩૦ સેકન્ડ - ૧૨:૦૫:૩૦ PM.

આંધ્ર પ્રદેશના તિરૂપતિ જિલ્લાના શ્રીહરિકોટા નામના ટાપુ વિસ્તારમાં આવેલા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ સેન્ટર- ‘ઈસરો’ના સતીષ ધવન સ્પેસ સેન્ટર પરથી ‘વિક્રમ - વન’ નામનું સેટેલાઈટ લૉન્ચર અવકાશમાં જવા ધડાકાભેર રવાના થયું. સેટેલાઈટ લૉન્ચર એટલે ઉપગ્રહોને અવકાશમાં તરતા મૂકવા માટે અંતરિક્ષમાં લઈ જતું અવકાશી વાહન. ‘વિક્રમ વન’નું અવકાશગમન કેવળ એક વધુ સેટેલાઈટ લૉન્ચરના અવકાશ ગમનની ઘટના નથી, બલકે ભારતીય અવકાશ કાર્યક્રમની એક અનન્ય સિદ્ધિ છે. ભારતીય ભૂમિ પરથી કોઈ પ્રાઈવેટ કંપની (સ્કાયરૂટ એરોસ્પેસ, ભારતીય સ્પેસ સ્ટાર્ટઅપ) દ્વારા રોકેટ અવકાશમાં ગયું હોવાની આ પ્રથમ ઘટના છે. ૨૦૨૦માં ભારત સરકારે સ્પેસ સેક્ટર રિફોર્મ્સની ઘોષણા કરી હતી. એના પગલે દેશમાં અવકાશ સંબંધી પ્રવૃત્તિઓમાં પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રી (ખાનગી નહીં, બિન સરકારી ઉદ્યોગ)ને સહભાગી થવાની પરવાનગી મળી છે.

વિક્રમ વન



નવી ઈન્ડિયન સ્પેસ પૉલિસીને કારણે લોન્ચ વિહિકલ્સ, સેટેલાઈટ્સ, સ્પેસ એપ્લિકેશન્સની ગતિવિધિ સાથે સંકળાયેલા સ્પેસ સ્ટાર્ટ અપ્સના કામકાજમાં એકદમ ગતિ આવી ગઈ છે. ૧૯ જુલાઈએ ભર બપોરે ‘વિક્રમ વન’ સેટેલાઈટ લૉન્ચરમાં પહેલા બે ઉપગ્રહ - સેટેલાઈટ (સ્કોપ અને ગ્રહ) પૃથ્વીની ભ્રમણકક્ષામાં તરતા મૂકવામાં આવ્યા હતા. અન્ય પેલોડ (આવક ઊભી કરી આપતા અવકાશી કાર્ગો) વધુ ઉપર જઈને તરતા મૂકવામાં આવ્યા હતા.

અગાઉ ૧૮ નવેમ્બર, ૨૦૨૨ના દિવસે સ્કાયરૂટ એરોસ્પેસ દ્વારા શ્રીહરિકોટાથી જ ‘વિક્રમ - એસ’ નામનું ટેસ્ટ રોકેટ છોડવામાં આવ્યું હતું. જોકે, એનો હેતુ કેવળ પદ્ધતિ ચકાસવાનો હતો. આટલું વાંચ્યા પછી છેલ્લા કેટલાક દિવસોમાં ૧૦૦થી વધુ ‘ઈસરો’ના વૈજ્ઞાનિકોએ કેમ રાજીનામાં આપ્યા એનો અણસાર તો આવી જ ગયો હશે.

જો તમને સ્પેસ સાયન્સ - અંતરિક્ષ વિજ્ઞાન માટે રુચિ હશે તો તમે શ્રીહરિકોટા નામથી વાકેફ હશો. ૯ ઓક્ટોબર, ૧૯૭૧થી રોકેટને અવકાશમાં મોકલવા માટે આ સ્થળનો ઉપયોગ થઈ રહ્યો છે.

એ દિવસે ‘રોહિણી - ૧૨૫’ નામનું પ્રથમ રોકેટે ઉડ્ડયન કર્યું હતું. ટેકનોલોજી ટેસ્ટિંગ અને એટમોસ્ફીયરિક પ્રોબિંગ (વાતાવરણની ચકાસણી) જેવા કામ આ રોકેટની મદદથી પાર પડ્યાં હતાં. રોહિણી રોકેટના પ્રારંભિક અવકાશી સાહસોએ ‘ઈસરો’ના આધુનિક કાર્યક્રમો માટે પાયાનું કામ કર્યું એ હકીકત છે.

### શ્રીહરિકોટાની જ પસંદગી કેમ?



શ્રીહરિકોટાથી પહેલા રોકેટનું ઉડ્ડયન સતીષ ધવન સ્પેસ સેન્ટરથી ૧૯૭૧માં થયું, પણ આ સ્પેસ સેન્ટર ૧૯૬૯માં ઊભું કરવામાં આવ્યું હતું. ‘ઈસરો’ દ્વારા આંધ્ર પ્રદેશના દરિયાકાંઠા વિસ્તારમાં આવેલા આ ટાપુ વિસ્તારની પસંદગી કરવામાં આવી હતી. નામમાં હરિ શબ્દ આવતો હોવાથી એના પર કળશ ઢોળવામાં આવ્યો હતો એવી કોઈ પૌરાણિક વિચારસરણી પસંદગી પાછળ નહોતી. કારણ અણીશુદ્ધ વૈજ્ઞાનિક હતું.

વાત એમ છે કે મોટાભાગના ઉપગ્રહ (સેટેલાઈટ) વિષુવવૃત્તની આસપાસ પૃથ્વીની ભ્રમણ કક્ષામાં રહેતા હોય છે. આપણા દેશના અન્ય કોઈ વિસ્તાર કરતા દક્ષિણ ભારત વિષુવવૃત્તની નિકટ છે. એટલે અહીંથી રોકેટ છોડવાને કારણે ઈંધણની બચત થાય છે. પૃથ્વીની ભ્રમણ કક્ષામાં રહેતા ઉપગ્રહ ‘જીયોસ્ટેશનરી સેટેલાઈટ’ તરીકે ઓળખાય છે અને હવામાન તેમ જ સંદેશ વ્યવહાર પદ્ધતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

તમે ‘ડિસ્કસ થ્રો’ - ગોળા ફેંક તરીકે ઓળખાતી રમત જોઈ છે? જોઈ હશે તો ધ્યાનમાં આવ્યું હશે કે ગોળો ફેંક્યા પહેલા એથ્લીટ કેટલીક વાર ગોળ ગોળ ફરે છે. કેમ? એમ કરવાથી ફેંકાયેલા ગોળાને અધિક ઝડપ મળે છે. પૃથ્વી પોતાની ધરીની આસપાસ ફરતી હોવાથી વેગ પ્રાપ્ત કરે છે. વિષુવવૃત નજીક આ વેગ સૌથી વધારે હોય છે. પરિણામે વિષુવવૃત નજીક ઉપગ્રહ તરતો મૂકતી વખતે એ જોરદાર ધક્કાથી બહાર પડે છે. આને કારણે રોકેટ ઓછું ઈંધણ વાપરે છે.


સ્પેસપોર્ટ (એરોપ્લેનનાં એરપોર્ટ એમ સ્પેસક્રાફ્ટના સ્પેસપોર્ટ) માનવ વસ્તીથી શક્ય હોય એટલા દૂર દરિયાઈ પટ્ટીના વિસ્તારમાં, ટાપુ પર કે રણમાં હોવા જોઈએ. આકાશ તરફ ગતિ કરતી વખતે ક્યારેક રોકેટના કેટલાક ભાગ છૂટા પડી નીચે ફેંકાતા હોય છે. હવામાં એનું વિઘટન થાય અને તેનો કાટમાળ પૃથ્વી પર પડે. કેટલોક કાટમાળ ભારેખમ અને જોખમી હોવાની પૂરેપૂરી શક્યતા છે. હવે જો આ કાટમાળ નગર કે શહેરમાં પડે તો કેવી હાલત થાય? શ્રીહરિકોટાથી અવકાશ તરફ ધસમસી રહેલું રોકેટ બંગાળના ઉપસાગર ઉપરથી પસાર થાય છે એટલે જે પણ કાટમાળ હોય એ દરિયામાં જ પડે છે.

ઓક્ટોબર - નવેમ્બરને બાદ કરતા વર્ષના ૧૦ મહિના શ્રીહરિકોટાનું હવામાન સૂકું (ડ્રાય વેધર) હોવાથી ખુલ્લામાં પરીક્ષણ કરવામાં આસાની રહે છે. વળી આ બેરિયર આઈલેન્ડ હોવાથી એની બંને બાજુ પાણી છે અને એથી જગ્યાની સલામતી ઘણી વધી જાય છે. ભારતીય અવકાશ કાર્યક્રમનું શ્રીહરિકોટા સુવર્ણ પ્રકરણ છે. ચંદ્રાયન, માર્સ ઓર્બિટર જેવા મહત્ત્વાકાંક્ષી મિશન સહિત અનેક ઉપલબ્ધી શ્રીહરિકોટના નામે છે.

જોકે, જાણવા જેવી વાત એ છે કે શ્રીહરિકોટા આપણું પ્રથમ સ્પેસપોર્ટ નથી. એ સિદ્ધિ કેરળના તિરુવનંતપુરમમાં આવેલા થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લૉન્ચિંગ સ્ટેશનને જાય છે. ૬૩ વર્ષ પહેલા ૨૧ નવેમ્બર, ૧૯૬૩ના દિવસે થુમ્બાથી એક સાઉન્ડિંગ રોકેટ (અંતરિક્ષમાં સંશોધન કરવા માટે વૈજ્ઞાનિક ઉપકરણો લઈ જતું રોકેટ) છોડવામાં આવ્યું હતું. આ સાથે ભારતના અવકાશ સંશોધનના કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

### મગતરાની મહાકાય મગજમારી

‘જબ અંધેરા હોતા હૈ, આધી રાત કે બાદ, એક ચોર નીકલતા હૈ’ ગીત પડદા પર આવે ત્યારે પોલીસ અને હીરો - હીરોઈનની નાસભાગ દેખાય છે. જોકે, નાઈટ થીફ કે રાતના ચોર તરીકે ઓળખાતી એક ઈયળ લટાર મારવા નીકળીને ઊગતા સૂર્યના દેશ તરીકે ઓળખાતા જાપાનના લોકોની ઊંઘ હરામ કરી રહી છે. માત્ર જાપાન જ નહીં, આપણા દેશમાં તેમ જ ચીનમાં પણ આ જીવ હાહાકાર મચાવી રહ્યો છે.



કદ પરથી પ્રાણીની તાકાતનો બાંધેલો અંદાજ ક્યારેક સાવ ખોટો પડી શકે છે. મહાકાય હાથી મગતરા જેવી મધમાખી સામે હતાશ થઈ ગયો હોય એવા વીડિયો આપણે જોયા છે. નરી આંખે નહીં જોઈ શકાય એવો બેક્ટેરિયા કોરોના નામની મહામારીથી કેવો ત્રાસ ફેલાવી શકે એનો અનુભવ આપણે કર્યો. કાળો કેર વર્તાવનાર કટવર્મ તરીકે જાણીતી ઈયળ અસંખ્ય પાકને નુકસાન પહોંચાડી રહી છે. આ ત્રાસમાંથી મુક્તિ મેળવવા વૈજ્ઞાનિકોની એક ટીમ દિવસ - રાત મહેનત કરી ઈયળની કાર્યપદ્ધતિ સમજવામાં સફળ રહી છે.

આ ઈયળ એના રાત્રી હુમલાથી કેટલોક પાક નાશ કરવામાં સફળ રહે છે. કપાસ, મગફળી અને મરચાં જેવા મહત્ત્વના પાકને ભારે નુકસાન પહોંચે છે. આ જીવની આવરદા અત્યંત ટૂંકી હોય છે, પણ એના જીવનો અતિ ઝડપે થતો ગુણાકાર માનવજાત માટે માથાનો દુખાવો બની રહ્યો છે. આ ઈયળ દિવસ દરમિયાન જમીનમાં ઊંડે સંતાઈ રહે અને રાતે શિકારની શોધમાં ટહેલતી હોવાને કારણે એને નાઈટ થીફનું નામ આપવામાં આવ્યું છે. બીજી એક સમસ્યા એ પણ છે કે પેસ્ટિસાઇડની એના પર કોઈ અસર નથી થતી. રાહત આપનારી વાત એ છે કે છેલ્લા કેટલાંક વર્ષોમાં એની શરીરરચનાનો અભ્યાસ થઈ શક્યો હોવાથી બહુ જલદી એને કાબૂમાં લઇ શકવામાં સફળતા મળશે એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# ઉછીનાં લેણાંની સામે કરી આપેલ દસ્તાવેજ વેચાણ ગણાય નહીં

મિલકતની નોંધપોથી

નજમુદ્દીન મેઘાણી (એડવૉકેટ)
feedback@bombaysamachar.com

નાણાંની જરૂરીયાત કોઈને પણ ગમે ત્યારે ઊભી થતી હોય છે. એના માટે ઘણી વાર આપણે ઉછીના નાણાં યા લોન લેવી પણ પડે. એ માટે આપણે મિલકત સિક્યોરિટી આપવા માટે શરતી વેચાણથી પણ આપતા હોઇએ છીએ. એવી શરતે કે જો અમુક નિશ્ચિત સમયમાં લોનની રકમ ચુકવી આપવામાં આવે તો મિલકત દેવાદારને પરત સોંપી દેવામાં આવશે, પરંતુ જો આવી લોન નિશ્ચિત સમયમર્યાદામાં ભરપાઇ કરવામાં નિષ્ફળતા મળે તો મિલકતના શરતી વેચાણ ખત આધારે લેણદાર જો અન્ય કોઇને મિલકત વેચાણ કરી દે તો લેણદાર પાસેથી આ મિલકત ખરીદનાર ત્રાહિત વ્યક્તિને કોઇ હક્ક પ્રાપ્ત થતો નથી, કારણ કે મિલકતની આ પ્રકારની તબદિલી લેણાંની સિક્યોરિટી માટે જ હોય છે માટે આવો વ્યવહાર વેચાણ (સેલ)નો ગણાય નહીં.

આને અનુલક્ષીને ૧૯૯૯ના આ કેસની વિગત જાણવા જેવી છે. ફગુવા નામની વ્યક્તિ પોતાની માલિકીની અંદાજીત રૂ.૭૦૦/ની એક મિલકત હતી. ત્યારબાદ ફગુવાને રૂ.૩૦૦/ની તાત્કાલિક જરૂર ઉપસ્થિત થતા રૂ.૩૦૦/ ની લોન એમણે હઝરતબી પાસેથી લીધેલી અને લોન પેટે ફગુવાએ પોતાની માલિકીની મિલકત હઝરતબીને લખી આપેલી. એમાં શરત હતી કે જો ફગુવા ત્રણ (૩) વર્ષની મુદતમાં લોન ભરપાઇ કરી દે તો મિલકત રિકન્વે કરી પાછી ફગુવાને આપવામાં આવશે. જોકે નકકી થયેલ ત્રણ (૩) વર્ષની મુદતમાં ફગુવા રૂ.૩૦૦/ ની લોન હઝરતબીને પરત કરી શકેલા નહીં. આથી હઝરતબીએ મિલકત અંગે પોતાની તરફેણમાં થયેલ દસ્તાવેજો આધારે પોતાનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરાવી લીધેલું અને ત્યારબાદ તેના આધારે સદર મિલકત હઝરતબીએ રામલાલ અને અન્ય ઇસમોને વેચાણ કરી દીધેલી જેની જાણ ફગુવાને થતા ફગુવાએ સદર મિલકતના માલિક પોતે હોવા અંગે અને સદર મિલકતનો કબજો મેળવવા માટે ડેકલેરેશનનો દાવો દાખલ કરેલો. જે અંગે સિવિલ કોર્ટે (નીચલી કોર્ટે) ફગુવાની વિરુધ્ધમાં ચુકાદો આપેલો અને ફગુવાનો દાવો રદ કરેલો અને ઠરાવેલ કે આ પ્રકારના વ્યવહારમાં મિલકતની માલિકી ફગુવાની રહેલ ન હોય આવો વ્યવહાર નોમિનલ સેલનો ગણાય નહીં અને આ મિલકતની માલિકી હઝરતબીની ગણાય.

આવા ચુકાદાથી નારાજ થઇ ફગુવાએ અપીલ દાખલ કરી, પરંતુ અપીલમાં પણ સિવીલ કોર્ટનો હુકમ કાયમ રાખવામાં આવેલો. જેની સામે ફગુવાએ સેકન્ડ અપીલ દાખલ કરેલી. જેમાં નામદાર હાઇકોર્ટે એવું ઠરાવેલ કે, ફગુવાએ હઝરતબીની તરફેણમાં કરી આપેલ વેચાણ દસ્તાવેજ નોમિનલ હતું આથી તે મિલકતમાં હઝરતબીને હકકપ્રાપ્ત થઇ શકે નહીં અને જયારે હઝરતબીનો મિલકતમાં માલિકી હક્ક પ્રાપ્ત થતો ન હોય ત્યારે હઝરતબીએ રામલાલ અને અન્ય વ્યક્તિઓને આ મિલકત વેચાણ કરી દીધેલ હોવા છતાં રામલાલ વિગેરેનાઓને મિલકતમાં કોઇ માલિકી હક્ક મળતો નથી. આથી ટાઇટલ કન્વે કરી શકે નહીં વધુમાં ફગુવાએ પોતાની રૂ.૭૦૦/ ની કિંમત હઝરતબીને રૂ.૩૦૦/ વેચાણ કરવા પાછળ ખાસ કારણ હોવા જોઇએ તેમ જ તે અંગે ફગુવા તથા હઝરતબી વચ્ચે થયેલ વ્યવહારમાં લોન ભરપાઇ થયેથી મિલકત પાછી સોંપવાની શરત પણ હતી. આમ નામદાર હાઇકોર્ટે સેકન્ડ અપીલમાં તમામ નીચલી કોર્ટોના હુકમો રદ કરેલા અને ફગુવાની તરફેણમાં હુકમનામું કરી આપ્યું.

જોકે એ ચુકાદાથી નારાજ રામલાલ વિગેરેનાઓએ નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ હાલની આ અપીલ દાખલ કરેલી. જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ કે ફગુવા અને હઝરતબી વચ્ચે થયેલ વ્યવહાર ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૫૪ હેઠળ વેચાણની વ્યાખ્યામાં આવતી નથી અને આવો વ્યવહાર આઉટરાઇટ સેલનો વ્યવહાર ગણાય નહીં. આથી વચ્ચે મિલકતના ટાઇટલના તબદિલી થયેલ ગણાય નહીં કારણ કે, તેઓ વચ્ચે શરત હતી કે ફગુવા દ્વારા લોન ભરપાઇ થયા બાદ ફગુવાને તેની મિલકત પાછી સોંપવામાં આવશે. અને તે અંગે હઝરતબીએ અલગ લખાણ (કરાર) પણ કરી આપેલું કે જેમાં લોન ભરપાઇ થયા બાદ મિલકત પાછી ફગુવાને રિકન્વે કરી આપવાની શરત હતી. આથી સુપ્રીમ કોર્ટે ઠરાવેલ કે, હઝરતબીએ મિલકતના રેકર્ડમાં પોતાનું નામ દાખલ કરાવેલ હોવા છતાં પણ મિલકતમાં તેમને હક્ક પ્રાપ્ત થયેલ ન હતો. આથી હઝરતબીએ રામલાલને કરી આપેલ દસ્તાવેજો પણ રદબાતલ ગણાય, કે રામલાલને મિલકતમાં હક્ક પ્રાપ્ત થતો નથી. અને તેથી ફગુવાએ માત્ર લોન પેટે પોતાની મિલકત સિક્યોરિટી તરીકે હઝરતબીને આપેલ હતી આથી ફગુવા અને હઝરતબી વચ્ચે થયેલ વેચાણનો વ્યવહાર ગણાય નહીં. આથી હઝરતબી અને રામલાલ વચ્ચે થયેલ સોદો પણ રદ ગણાય કારણ કે ફગુવાની મિલકતમાં હઝરતબીને કોઇ હક્ક પ્રાપ્ત થયેલો ન હતો. વધુમાં ફગુવાએ લીધેલી લોન ભરપાઇ કરી દીધેલ હતી તેવું દાવામાં સાબિત થયેલું છે. અને આથી નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ કે ફગુવાએ માત્ર લોનની સિકયોરિટી માટે આ પ્રકારે હઝરતબીની તફરફેણમાં માત્ર શરતી વેચાણ દસ્તાવેજ લખી આપેલ હતો, પરંતુ કેસની હકીકત જોતા આ વ્યવહાર મિલકત તબદિલી અધિનિયમની કલમ ૫૪ મુજબ વેચાણની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. આમ નામદાર સુપ્રીમ કોર્ટે ફગુવાની તરફેણમાં હુકમનામું કરી આપેલું અને ફગુવાનો દાવો માન્ય રાખેલો અને સેકન્ડ અપીલમાં હાઇકોર્ટે કરેલ હુકમ કાયમ રાખેલો.

ઉપરોકત કેસ ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે, ઉછીના લીધેલ નાણાં અંગે કોઇ મિલકતનું શરતી વેચાણ કરી આપવામાં આવતું હોય અને તેમાં કયારેક એવી શરત હોય કે જો અમુક નિશ્ચિત સમયમાં લોનની રકમ ચુકવી આપવામાં આવે તો મિલકત દેવાદારને પરત સોંપી દેવામાં આવશે. પરંતુ જો આવી લોન તેવી નિશ્ચિત સમયમર્યાદામાં ભરપાઇ કરવામાં નિષ્ફળ જવાથી તે મિલકતના શરતી વેચાણ ખત આધારે લેણદાર જો અન્ય કોઇને મિલકત વેચાણ કરી દે તો લેણદાર પાસેથી આ મિલકત ખરીદનાર ત્રાહિત વ્યકિતને કોઇ હક્ક પ્રાપ્ત થતો નથી કારણ કે મિલકતની આ પ્રકારની તબદિલી લેણાંની સિક્યોરિટી માટે જ હોય આવો વ્યવહાર વેચાણ (સેલ)નો ગણાય નહીં. અને આવા વ્યવહારથી લોન આપનાર વ્યક્તિને યા તેની પાસેથી ખરીદનાર ત્રાહિત વ્યક્તિને મિલકતના ટાઇટલમાં કોઇ હક્ક પ્રાપ્ત થતો નથી.

# અપને તો અપને હોતે હૈ!




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

આજે તો મીશાએ હદ પાર કરી નાખી... ઘરનું બધું કામ મારા માથે નાખીને ઊપડી ગઈ છે એની કીટી પાર્ટીમાં. કઈ સાસુ આવું ચલાવી લે બોલ! દર અઠવાડિયે કીટી હોય? શનિ-રવિમાં પાછું બીજા ગ્રુપ સાથે બહાર જઈને જલસા કરવાનાં. સ્કૂલનું ગ્રૂપ, બાળકોનાં ફ્રેન્ડ્સનાં પેરેન્ટ્સનું ગ્રૂપ, એની કઝીનોનું ગ્રૂપ, હમણાં ટ્રેકિંગ પર જઈ આવી એનું પાછું નવું ગ્રૂપ બન્યું છે હું તો આના આ બધા ગ્રૂપોથી થાકી ગઈ છું. ઘરમાં બે ઘડી પગ ના ટકે. હવે આ ઉંમરે પણ ઘર આખું મારે જ સાચવવું પડે છે. પ્રીતિબહેન ફોન પર બહેનપણી સામે પોતાનાં મનનો ઊભરો કાઢી રહ્યા હતાં.

પ્રીતિબહેન અને મીશા વચ્ચે ને કામન લઈને હંમેશાં ખટપટ ચાલ્યા કરે. પ્રીતિબહેન પોતાના જમાનાનાં ઉદાહરણો આપ્યે રાખે જ્યારે મીશા આજનાં જમાનાની વહુ, જે લાગે એ મોઢે કહી દે. પ્રીતિબહેન અને મીશાની વચ્ચે તણાવ અને ગેરસમજ વધી રહી હતી.

એમના ઘરની બાજુમાં પ્રીતિબહેનની બહેનપણી રહેતી હતી. એક દિવસ સવારે એ પાડોશીએ ઘરની બહાર કચરો નાખવા જેવી સાવ નજીવી બાબતે, મીશા બહાર જવા નીકળતી હતી એ જ વખતે ઝઘડો શરૂ કર્યો. અવાજ સાંભળીને પ્રીતિબહેન બહાર દોડી આવ્યા. પાડોશી મીશાને મન ફાવે એમ બોલતા હતા. મીશા બિચારી એનો વાંક ન હોવા છતાં ઝઘડો પૂરો થઈ જાય એ માટે શાંત હતી. પ્રીતિબહેને જોયું કે વગર વાંકે મીશા પાડોશી એમની બહેનપણી હોવાથી એમની સાથે સંબંધ ના બગડે એટલા માટે ચૂપ હતી. અંતે પ્રીતિબહેન વચ્ચે પડ્યા. પાડોશી એમની બહેનપણી હોવા છતાં મીશાનો પક્ષ લઈ ઝઘડો પૂરો કર્યો. મીશાએ ક્યારેય નહોતું ધાર્યું કે એના સાસુ એની તરફેણ કરશે. પ્રીતિબહેને એ દિવસે મીશાને કહી દીધું કે સામે કોઈ પણ કેમ ના હોય, ખોટું ચલાવી નહીં લેવાનું. અને આવું કંઈ થાય તો સૌથી પહેલા મને આવીને કહેવાનું, હું બેઠી છું ને, તારે ચિંતા નહીં કરવાની! સાસુનું આ સ્વરૂપ જોઈને મીશાનું હૃદય પરિવર્તન થયું અને ત્યારથી સાસુ સાથેના સંબંધોમાં કડવાશનાં સ્થાને બહુ ઝડપથી મીઠાશ આવી ગઈ.

બીજી બાજુ મનોજ અને નયન બે ભાઈ હતાં. વારસામાં મળેલો ધંધો સાથે કરતાં. એક માલ બનાવવામાં હોંશિયાર અને બીજો બનેલો માલ વેચવામાં. તેમ છતાં બંનેને અવારનવાર ધંધાકીય મતભેદ થયા કરે. ધંધાના એ મતભેદ હવે ઘરનાં તણાવમાં પરિવર્તિત થઈ રહી હતી. બંને ભાઈએ ધંધો સાથે ચાલુ રાખી ઘર અલગ કર્યા તેમ છતાં ખટરાગ ચાલ્યા કરતો હતો. છેવટે રોજરોજની માથાકૂટોથી કંટાળીને બંનેએ પેઢી બંધ કરી પોતપોતાનો ધંધો નવેસરથી ચાલુ કરવાનું નક્કી કર્યું. પણ એમાં ઈશ્વરનું કરવું એવું કે મોટાભાઈને જીવલેણ બીમારી થઈ. નાનાભાઈએ કામધંધો-મતભેદ બધું ભૂલી જઈને ફક્ત મોટાભાઈની સેવા કરી. એ જ્યાં સુધી સ્વસ્થ ના થયા ત્યાં સુધી એમની સારવારની બધી જવાબદારી નાના ભાઈએ સંભાળી લીધી. ધંધો છૂટો કરવો તો દૂરની વાત મોટાભાઈની સારવારનો ખર્ચ પણ નાનાભાઈએ ઉપાડ્યો. આમ ભાઈ જ ભાઈ સાથે ઊભો રહ્યો!

ઉપરોકત બેય ઘટનામાંથી એક વાત સામાન્ય તરી આવે છે કે સંકટ સમયે બહારનું કોઈ હોય કે ના હોય, પણ મુશ્કેલીનાં સમયે ઘરની અંગત વ્યક્તિ જ આપણી સાથે હોય છે. ‘હું શ્રેષ્ઠ, મને કોઈની જરૂર ના પડે, મને બધું ખબર છે...’

એમાં જ આપણે એટલા પરોવાયેલા હોઈએ છીએ કે આપણી આસપાસનાં લોકો ઓછા મહત્ત્વનાં લાગે છે. એમાં ઉમેરાય છે થોડો અહંકાર અને થોડો સ્વાર્થ. અંતે ભોગ લેવાય છે સંબંધનો. આપણે સમજવું જરૂરી છે કે આપણી ઓળખ પરિસ્થિતિ પ્રમાણે વિસ્તરતી રહે છે, એ સ્થિર નથી. અ બધા વચ્ચે પોતાની જાત પછી આપણને સૌથી પહેલી કોઈ મદદ કરી શકે તો એ આપણા અંગત લોકો છે જેમાં પરિવાર સાથે ખાસ મિત્રોનો પણ સમાવેશ કરી શકાય. કટોકટી વખતે સૌથી પહેલાં આ અંગત લોકો જ એકબીજા માટે ઊભા હોય છે. ડાળીઓ ભલે જુદી જુદી દિશામાં હલે, મૂળ તો એક જ ધરતીમાં ઊંડાં ઉતરેલા હોય છે. કદાચ સંબંધોનું સાચું બળ પણ એ જ છે. મતભેદો તો થતા રહે, પણ મનભેદ ટાળી શકીએ તો ઉત્તમ ... **તમે શું કહો છો?**

# સ્માર્ટ ઈન્ટિરિયરમાં છે નાના ફ્લેટને મોટો દેખાડવાનો જાદુ

ટૂંકું ને ટચ

અનુ. આર
feedback@bombaysamachar.com

મહાનગરોમાં વધતી વસ્તી, ઘરની વધતી કિંમતો અને બદલાયેલી જીવનશૈલીએ લોકોની રહેણીકરણીની રીત બદલી નાખી છે. એક સમય હતો જ્યારે મોટાં ઘર, ખુલ્લું આંગણું અને ઘણા રૂમવાળાં મકાનો ભારતીય પરિવારોનું સ્વપ્ન હતું. પરંતુ આજે મુંબઈ, બેંગલૂરુ, દિલ્હી, હૈદરાબાદ અને પુણે જેવાં મોટાં શહેરોમાં જગ્યાની અછતને કારણે નાની જગ્યામાં આરામદાયક ઘર બનાવવું એક અદ્ભુત કળા બની ગઈ છે. વાસ્તવમાં આ જ કળા અને બદલાતી વિચારસરણીને માઇક્રોલિવિંગ પણ કહેવામાં આવે છે. માઇક્રોલિવિંગ એ એવી ઇન્ટિરિયર આર્ટ છે, જેમાં નાના ફ્લેટને મોટો દર્શાવવાનો ચમત્કાર રહેલો છે.

માઇક્રોલિવિંગનું ચલણ એટલા માટે વધ્યું છે કારણ કે, એક તો, રિયલ એસ્ટેટના ભાવ આસમાને પહોંચ્યા છે. વધુમાં, યુવાન વ્યાવસાયિકો, નવદંપતીઓ અને નાના પરિવારો પ્રમાણમાં નાના ફ્લેટ ખરીદી રહ્યા છે. વર્ક ફ્રોમ હોમ, ડિજિટલ જીવનશૈલી અને મિનિમલિઝમના વધતા ચલણને કારણે લોકો એ વિચારવા માટે મજબૂર થયા છે કે આરામદાયક જીવન માટે બહુ મોટી જગ્યાની જરૂર નથી હોતી. ફર્નિચર નાનું હોય, સામાન વ્યવસ્થિત હોય અને ઘરમાં લાઇટિંગ વ્યવસ્થા એવી હોય કે ઘર નાનું હોવા છતાં મોટું દેખાય. તેથી માઇક્રોલિવિંગ એ માત્ર નાના ઘરને મેનેજ કરવું જ નથી, પરંતુ પોતાની વિચારસરણીને પણ સ્માર્ટ, અનુકૂળ



અને કરકસરયુક્ત બનાવી છે.

આજે બજારમાં એવા સોફા, બેડ, સ્ટોરેજ બેડ, ફોલ્ડિંગ ડાઇનિંગ ટેબલ અને વોલ માઉન્ટેડ ડેસ્ક ઉપલબ્ધ છે, જે આપણી જરૂરિયાતો પૂરી કરે છે. ઉદાહરણ તરીકે, જે દિવસ દરમિયાન સોફા હોય તે રાતે આરામદાયક પલંગ બની શકે છે. સ્માર્ટ ઇન્ટિરિયર ફર્નિચરની સાથે સાથે દીવાલો પર પણ જાદુ કરે છે. નાના ફ્લેટમાં ફ્લોરની જગ્યા મર્યાદિત હોય છે, તેથી ડિઝાઇનર્સ દીવાલોનો મહત્તમ ઉપયોગ કરવાની સલાહ આપે છે. અન્ય ઘણી રીતો દ્વારા પણ નાનાં ઘરોને મોટાં અને આરામદાયક દર્શાવી શકાય છે.

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

### જ્યાં બ્રિટનના વડા પ્રધાન કરતાં એક મ્યાઉં વધુ ટકી રહી છે

# એવી ઐતિહાસિક ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટના અપ ઍન્ડ ડાઉન

દરેક દેશમાં સત્તાનાં સમીકરણ એક ચોક્કસ સમય ગાળામાં બદલાતા રહે છે. ઉદાહરણ તરીકે નેપાલમાં વડા પ્રધાનનું પદ સૌથી વધુ તકલાદી ગણાય છે. છેલ્લાં ૧૫ વર્ષમાં અહીં કુલ ૧૩ વડા પ્રધાન પલટાઈ ગયા!

બીજી તરફ, જાપાનમાં આ જ સમય ગાળામાં ૬ વડા પ્રધાન આવ્યા તો બ્રિટનમાં પણ ૧૫ વર્ષમાં ૬ વ્યક્તિએ તે નામાંકિત પદ પર રહ્યા, જેમાં ૨૦૨૨માં મૂળ ભારતીય એવાં ઋષિ સુનકે પણ બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટરનું પદ શોભાવ્યું. આ બધા વચ્ચે ભારતીય વડા પ્રધાનનું પદ એકાદ બે અપવાદ સિવાય સૌથી વધુ સાબુત ગણાય છે. છેલ્લાં ૧૫ વર્ષમાં આપણને બે જ પીએમ મળ્યા. એક (સ્વ) મનમોહન સિંહ અને બીજા નરેન્દ્ર મોદી, જે હજુ પણ સત્તાધીન છે...!

વિશ્વના કેટલાંક સરનામાંનું આગવું ઐતિહાસિક મહત્ત્વ છે, જેમકે અમેરિકાનું વ્હાઈટ હાઉસ ભારતનું રાષ્ટ્રપતિ ભવન આપણા વડા પ્રધાનનું નિવાસસ્થાન. એવું જ મહત્ત્વ છે અગાઉ બ્રિટનનાં મહારાણીનો અને હવે એમની વિદાય પછી બ્રિટિશ રાજવી પરિવારનો બકિંગહામ પેલેસ અને ત્યાંના પ્રાઈમ મિનિસ્ટરનું સત્તાવાર રેસિડન્સ ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ

વિશ્વનાં કેટલાંક વિખ્યાત એડ્રેસમાં લંડનની ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ અનેક રીતે અલગ તરી આવે છે. એમાંય જ્યારે મૂળ ભારતીય એવાં બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર ઋષિ સુનકનું નિવાસસ્થાન બન્યું ત્યારથી... હવે જ્યારે એ જ વડા પ્રધાનના સત્તાવાર ઈમારતમાં ૨૦ જુલાઈના રોજ બ્રિટનના એક વધુ તાજા વડા પ્રધાન એન્ડી બર્નહેમ પ્રવેશી ગયા છે ત્યારે એ ઐતિહાસિક ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટની અનેક રસપ્રદ વાતો જાણવા જેવી છે...

આમ તો આ ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટની માત્ર બ્રિટનનાં જ નહીં, જગતનાં અમુક ચુનંદા સરનામાંમાં એની ગણતરી થાય છે. આ એડ્રેસ પર રહેવા જવાં મળે-એના 'ભાડૂત' થવું એ પણ એક આગવી પ્રતિષ્ઠા છે. આ સરનામા સુધી પહોંચવા બધા બ્રિટિશ રાજકરણીઓ તલપાપડ હોય છે અને ત્યાં પહોંચવા અવનવા રાજકીય દાવ પણ લગાડતા હોય છે.

જો કે છેલ્લાં અઢી-ત્રણ મહિનાથી બ્રિટનમાં ચાલી રહેલી આ પી.એમ. પદ માટે સત્તાના આટાપાટાની જે રમત થઈ એમાં નોંધનીય વાત એ છે કે એન્ડી બર્નહેમની પસંદગી કોઈ આકસ્મિક કે અણધારી ન હતી. એન્ડી બ્રિટિશ રાજકારણના અનુભવી ખેલાડી છે. પક્ષે એમને સત્તા સોંપી, કારણ કે પક્ષને છેલ્લાં ઘણા સમયથી એ સર્વોચ્ચ હોદ્દા પર ટકી રહે એવા કોઈ નેતા શાસક પક્ષને મળતા ન હતા. એ દ્રષ્ટિએ એન્ડી બર્નહેમની પસંદગી બધાએ વધાવી લીધી છે...



મહાત્મા ગાંધી પણ અહીંના મહેમાન બન્યા હતા ...

આમ તો આ રેસિડન્સ-૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ અવારનવાર સમાચારોમાં ચમકતું રહે છે. આજની તારીખે, એ ફરી એક વાર ન્યૂઝમાં ગાજ્યું છે નવા પ્રાઇમ મિનિસ્ટરને લીધે.

-તો આવો, આપણે લટાર મારીએ તાજા બ્રિટિશ પી.એમ.ના લંડનસ્થિત ઐતિહાસિક નિવાસસ્થાનમાં.

આ ઘર વિશે A to Z જાણવાની જિજ્ઞાસા થાય એ પહેલાં આપણે થોડું ફ્લેશબેકમાં જવું પડશે.

આજથી ૩૪૪ વર્ષ પહેલાં-૧૬૮૨ની સાલમાં આ ઈમારતનું બાંધકામ શરૂ થયું અને ધાર્યું હતું એ પહેલાં જ બે વર્ષમાં પૂર્ણ ચણતર સાથે ખડું પણ થઈ ગયું. લંડનના સૌથી જાણીતા વેસ્ટમિનિસ્ટર સિટી વિસ્તારના આ ઈમારત એ વખતના સૌથી વગદાર ઉમરાવ જયોર્જ ડાઉનિંગે તૈયાર કરાવી હતી. એટલે એ વિસ્તારને નામ મળ્યું ડાઉનિંગ સ્ટ્રીટ. હા, ત્યારે બધાનો ખ્યાલ એવો હતો કે અહીં કોઈ મોટા ઉમરાવનો પરિવાર રહેવા આવશે ને એની પેઢીઓ અહીં જ કાયમ માટે વસી જશે, પણ ત્યારે કોઈને સપને પણ કલ્પના નહોતી કે આ ઈમારત યુનાઇટેડ કિંગડમના સૌથી શક્તિશાળી હોદ્દા એવા પ્રાઈમ મિનિસ્ટરનું ઐતિહાસિક નિવાસસ્થાન તરીકે વર્લ્ડ ફેમસ થઈ જશે.

ઈસ્વીસન ૧૭૩૫થી બ્રિટિશ વડા પ્રધાનોનું આ સત્તાવાર નિવાસસ્થાન બન્યું, જ્યાંથી બબ્બે વિશ્વ યુદ્ધના અનેક કપરા નિર્ણયો લેવાયા હતા. એ પછી પણ વૈશ્વિક કટોકટી અને



૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ-લંડન



નવા વડા પ્રધાન એન્ડી બર્નહેમ

શાંતિમાં પણ વડા પ્રધાન 'ભાડૂતો' માટે આ ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ અતિ મહત્ત્વનું સ્થળ બની રહ્યું.

આમ તો આ મૂળ ઈમારત અને આસપાસનાં રહેણાંકનું બાંધકામ કર્યું હતું એક જમાનાના રાજવી પરિવારના માનીતા અને જબરા વગદાર એવા સર જ્યોર્જ ડાઉનિંગ અને એના પરિવારે, પણ વડા પ્રધાન તરીકે અહીં રહેવા આવનારા વિન્સ્ટન ચર્ચિલને ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટનું રહેઠાણ દીઠે ગમતું નહીં. એટલું જ નહીં, એનું બાંધકામ કરનારા ઉમરાવ જ્યોર્જ ડાઉનિંગને તો એ હાડોહાડ ધિક્કારતા હતા. કડવી કર્કશ ભાષા માટે કુખ્યાત ચર્ચિલ તો પેલા ઉમરાવ ડાઉનિંગને 'એક લૂચ્ચો- લફંગો-લાલચુ-હરામખોર અને રાજવી પરિવારના જાસૂસ' તરીકે જાહેરમાં ભાંડતા હતા! ચર્ચિલ તો ૧૦, ડાઉનિંગની ઈમારાતને સાવ તોડી પાડીને ત્યાં નવી ઈમારત ખડી કરવાનું કહેતા રહેતા. એને નેસ્તનાબૂદ કરવાની ઘણી વાર યોજના પણ થઈ, પરંતુ પી.એમ તરીકે 'આયર્ન લેડી' માર્ગારેટ થેચર આવ્યાં પછી એમની કામગીરીથી વિશ્વનેતાઓ ખાસ્સા પ્રભાવિત થયા એ કારણે એમનાં નિવાસસ્થાન ૧૦, ડાઉનિંગની પ્રતિષ્ઠા પણ વધુ જામી. એ પછી એમાં કાળક્રમે નાના-મોટા ફેરફાર થયા,પણ ચર્ચિલ ઈચ્છતા હતા એમ સાવ જમીનદોસ્ત થતાં સાવ ઉગરી ગયું..

આમ તો પહેલી નજરે બહારથી પ્રાઈમ મિનિસ્ટરનું આજનું નિવાસ્થાન બે કે ત્રણેક બેડરૂમના રાબેતા મુજબના અપાર્ટમેન્ટ કે ફ્લેટ જેવું લાગે. હકીકતમાં એવું નથી. આ ૩૦૦થી વધુ વર્ષ પ્રાચીન ઈમારતમાં ૧૦૦ જેટલાં રૂમ-ઓરડા છે. અહીં વડા પ્રધાન એમના પરિવાર સાથે ત્રીજા ફ્લોર પર રહે છે. જો કે એમનું કિચન બેઝમેન્ટ - ભોંય તળિયે છે. પી.એમ.ના આ ત્રીજા અંગત ફ્લોર સિવાયના બીજાં બધાં ઓરડા ખુદ વડા પ્રધાનના મુખ્ય કાર્યાલય અન્ય મિનિસ્ટર્સની કચેરીઓ-મંત્રણા રૂમ ઉપરાંત મુલાકાતીઓ માટે વપરાય છે.

અહીંથી રાજવી પરિવારનું 'ઘર' બંકિંગહામ પેલેસ માત્ર દોઢેક કિલામીટરના અંતરે છે. લગભગ એટલા જ અંતરે 'પેલેસ ઑફ વેસ્ટમિનિસ્ટર' છે, જ્યાં બ્રિટિશ પાર્લામેન્ટના બન્ને ગૃહ ('હાઉસ ઑફ લોર્ડ્સ' અને 'હાઉસ ઑફ કોમન્સ')ની બેઠકો યોજાય છે ને રાષ્ટ્રીય કારોબાર થાય છે.

૧૦, ડાઉનિંગની ઈમારતમાં તમે પ્રવેશો એટલે ઉપર જવા માટે એક લાંબી સીઢી તથા એક લિફ્ટ છે. સામે જ એક લાંબી-પહોળી શ્વેત દીવાલ નજરે ચઢે. એ દીવાલ પર અત્યાર સુધીના બધા જ વડા પ્રધાનની ક્રમબદ્ધ પણ માત્ર એક જ લાક્ષણિક તસવીરો ઝૂલે છે. (હા, અહીં અપવાદરૂપે પૂર્વ પી.એમ. ચર્ચિલની બે તસવીર છે !) દીવાલ પરની પ્રત્યેક તસવીર સાથે એ વડા પ્રધાનના નામ સાથે એમના શાસનકાળની તવારીખ પણ દર્શાવી છે. દીવાલ પર નવા આવનારા પી.એમ.ના ફોટા માટે ખાલી જગ્યા રાખવામાં આવે છે. હવે ત્યાં નવા એન્ડી બર્નહેમની તસવીર ગૌરવભેર ગોઠવાઈ જશે !

આ બધા વચ્ચે જયારે પૂર્વ વડા પ્રધાન ઋષિ સુનક પરિવારે હજુ ગૃહ-પ્રવેશ પણ નહોતો કર્યો એ પહેલાંથી ૧૦, ડાઉનિંગના ઘરમાં શું શું ફેરફાર થશે કે હિન્દુ પ્રણાલી પ્રમાણે કરવા



નિવાસસ્થાન-સીડીઃ અહીંના ભૂતપૂર્વ 'ભાડૂત' એવા વડા પ્રધાનોની તસવીર

જોઈએ એની જબરી ચર્ચા-વિચારણા અને સલાહ-સૂચનનાં મીમ્સ અનેક સોશ્યલ મીડિયા પર શરૂ થઈ ગયા હતા. એક કલ્પના એવી વહેતી થઈ હતી કે ઋષિ સુનકની વડા પ્રધાન તરીકે અહીં ગૃહપ્રવેશ કરશે ત્યારે ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ હોમના પ્રવેશદ્વારની બન્ને બાજુ સ્વસ્તિકની સાથે હારનાં તોરણ ઝૂલતાં હશે તથા આંગણામાં રંગોળી પણ હશે અને આ સજાવટમાં શુકન માટે લીંબુ મરચું પણ ઝૂલતા હશે !

જોકે ત્યાંના આ નવા પી.એમ.આવી કોઈ ધાર્મિક નીતિ-રીતિમાં માનતા નથી. જન્મે કેથોલિક હોવાને નાતે શુદ્ધ રાજકારણ દ્વારા એ માત્ર માનવ સેવામાં માને છે. એવી સ્પષ્ટતા એમણે અગાઉ કરી છે.

આ તો સત્તાવાર નિવાસસ્થાનમાં હવેથી વસનારી વ્યક્તિ વિશે જાણ્યું, પણ આ ૧૦, ડાઉનિંગ સ્ટ્રીટ બીજી કઈ કઈ વિશેષતાને લીધે વર્લ્ડ ફેમસ બન્યું એ પણ જાણવા જેવું છે, જેમકે ...

આ ઈમારતનું મુખ્ય પ્રવેશદ્વાર આજે કાળા રંગનું છે. હકીકતમાં એનો રંગ અવારનવાર બદલાતો રહ્યો છે. એક સમયે આ પ્રવેશદ્વાર ગ્રીન-લીલા રંગનું હતું ! બીજા વર્લ્ડ વોર દરમિયાન આ વિસ્તારમાં સતત જોરદાર બોમ્બાર્ડિંગ થતાં દરવાજા કાળા પડી ગયા. બસ, ત્યાર પછી મુખ્ય પ્રવેશદ્વારને હંમેશને માટે બ્લેક રંગી કરી દેવામાં આવ્યું છે.

આ દ્વાર પર પીળા રંગની પતરાની એક ટપાલપેટી-લેટર બોક્સ છે, જેમાંથી પત્ર અંદર સરકાવી શકાય. જો કે, હવે એનો જરા પણ ઉપયોગ થતો નથી, છતાં એનું ઐતિહાસિક મહત્ત્વ હોવાથી એ હજુ પણ યથાવત્ત છે..

આવું જ અહીં દ્વાર પરના ડોરબેલનું છે. દબાવો પણ અંદર બેલ રણકે જ નહીં. એ પણ માત્ર ઐતિહાસિક 'શોભા' માટે છે.

અહીં ચાવી દ્વારા બહારથી ખોલવા માટે મુખ્ય દ્વાર પર કી-હોલ તો છે, પણ અજબ વાત એ છે કે અહીં પ્રવેશ માટે કોઈ કી-ચાવી જ નથી.! પ્રવેશદ્વાર કોઈ વ્યક્તિ અંદરથી જ ખોલી શકે એવી વર્ષો જૂની ગોઠવણ છે. બહારથી કોને પ્રવેશ આપવો એ માટે ઈમારતની અંદર રહેલા કેમેરા-મોનિટરથી પૂરતી ચકાસણી થાય પછી જ અંદરથી દ્વાર ખૂલે.



અહીંનો કાયમી રહેવાસી 'લેરી' પ્રેસ અને સોશ્યલ મીડિયાનો બહુ લાડકો છે...

અહીં કોઈ પી.એમ. પર્માનન્ટ કાયમી 'ભાડૂત' નથી.. છતાં અહીં એક જણ જ છેલ્લાં ૧૫ વર્ષથી રહે છે અને એ છે 'મ્યાંઉ' અર્થાત 'લેરી' નામનો એક બિલાડો ! એને 'ચીફ માઉઝર' (મૂષક પકડનાર ઉંદરનો શિકારી !)નો સત્તાવાર હોદ્દો પણ આપવામાં આવ્યો છે ! આ 'શિકારી' ગોરી પ્રજાનો એટલો લાડકો છે કે એના નામે સોશ્યલ મીડિયા એકાઉન્ટ સુધ્ધાં છે ! ■

---

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# સંવાદથી ગ્રાહક સાથે વિશ્વાસ વધારો

આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે આપણો કસ્ટમર બીજે ક્યાંય જાય નહીં... માલ તો આપણે ત્યાંથી જ ખરીદે એવો વર્ષો જૂનો આપણો તેની સાથે સંબંધ છે...

જોકે હવે સમય બદલાઈ રહ્યો છે અને આજના સમયમાં કસ્ટમર સાથેનો સંબંધ તમારી રીતે નહીં, પણ કસ્ટમરને જે રીતે જોઈએ તે રીતે બાંધવો પડશે. આજની તારીખે જ્યારે સ્પર્ધા વધુ છે, કસ્ટમર વધુ વ્યસ્ત છે- તેની જરૂરિયાત વધી રહી છે - તેની ખરીદ શક્તિ વધી રહી છે-એ નવા અનુભવો લેવા માગે છે, તેની જીવન શૈલી બદલાઈ રહી છે ત્યારે તે શું કહેવા માંગે છે તે વાતનું મહત્ત્વ વધી જાય છે.

બ્રાન્ડ માટે આજે વધુ કપરા ચઢાણ છે. વિશ્વાસ જીતવા માટે અને જીત્યા પછી ટકાવી રાખવા માટે. ક્યુમર બ્રાન્ડ શા માટે ખરીદે છે? ચોક્કસ



જ્યારે કહીએ છીએ તેનો અર્થાત્

બ્રાડ ખરીદવા માટે તે વધારે પૈસા પણ આપે છે, શા માટે? કારણ કે બ્રાન્ડ તેને અચ્છી ક્વૉલિટીનું આશ્વાસન આપે છે. બીજા શબ્દોમાં કહીયે તો બ્રાન્ડ એટલે વિશ્વાસ તેમ કહી શકાય. આજે જ્યારે ઘણી બધી બ્રાન્ડ એક જ કેટેગરીમાં ઉપલબ્ધ છે અને કન્ઝ્યુમરની અપેક્ષાઓ પણ વધી રહી છે ત્યારે બ્રાન્ડ માટે તેની સાથે સતત સંવાદ સાધવો જરૂરી છે. બ્રાન્ડની ક્વૉલિટી, કમિટમેંટ, કોસ્ટ અને કમ્યુનિકેશન... આમાંથી એકમાં પણ જરા સરખી ખામી દેખાણી અથવા કન્ઝ્યુમરને ખરાબ અનુભવ થયો તો તમારી બ્રાન્ડ ગમે તેટલી મોટી હશે, સશતત હશે, કન્ઝ્યુમર પોતાનો અનુભવ લોકો સુધી ચપટી વગાડતાંમાં સોશ્યલ મીડિયા દ્વારા પહોંચાડશે. આથી ગ્રાહકો સાથે દ્વિપક્ષી સંવાદ આજની તારીખે વધુ જરૂરી છે. સંવાદ ઍડ્વર્ટાઇઝિંગના મેસેજ કે ઑફરોની વાત નથી થતી. સંવાદ તેને જાણકારી આપવા માટે, તેને જો કોઈ મુશ્કેલી હોય તમારી બ્રાન્ડ સાથે તો તેના નિરાકરણ માટે, તેના અનુભવો જાણવા, તેના અભિપ્રાય જાણવા માટે થવા જોઈએ. આ વાત તે બ્રાન્ડ સાથેના અનુભવમાં ગણાવશે. એક વૈશ્વિક અભ્યાસ મુજબ ગ્રાહકનો અનુભવોને કારણે કંપનીઓ દર વર્ષે ગ્રાહક ૩.૧ મિલિયન ગુમાવવાનું જોખમ ધરાવે છે. જે અંદાજે તે સબ-સ્ટાન્ડર્ડ મની કુલ આવકના ૬.૭% છે, આ આંકડો નાનો નથી તે આપણે જાણીયે છીએ. આજે ડિજિટલ શોપિંગના સહારે ખરીદી થાય છે. સોશ્યલ મીડિયાથી લઈને ક્વિક કોમર્સ અને રિટેલ સ્ટોરથી લઈને ઈનફ્લુએન્સર માર્કેટરો દ્વારા... આવા સમયે ગ્રાહકોની અપેક્ષાઓ વધુ વ્યક્તિતગત અને અણધારી બની છે તે પૂરી કરવા માટે બ્રાન્ડ સંઘર્ષ કરી રહી છે.

પ્રશ્ન થશે કે સંવાદ સાધવો કઇ રીતે. આજે વિશ્વની લગભગ અડધી વસતિ મેસેજિંગ એપનો ઉપયોગ કરે છે. મેટા પ્લેટફોર્મ્સ (ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, વોટ્સએપ) પર દરરોજ વ્યક્તિઓ અને વ્યવસાયો વચ્ચે ૬૦૦ મિલિયનથી વધુ વાર્તાલાપ થાય છે. આનો અર્થ એ થયો કે તમે આ એપ્સના સહારે તમારા ગ્રાહકના સંપર્કમાં રહી શકો છો અને ગ્રાહક પણ તમારી સાથે સંપર્ક સહજતાથી કરી શકે છે એટલે મેસેજિંગ દ્વારા સંવાદ સાધવામાં આવે તો ગ્રાહકના પ્રશ્નોનું નિરાકરણ તરત થઇ શકે છે. બાકી આપણે જાણીએ છીએ કે ગ્રાહક ગુમાવવો સહેલો છે પણ બનાવવો કેટલો અઘરો છે. આનાથી અઘરું કામ તેને ટકાવી રાખવો છે. આવા સમયે સતત સંવાદ મહત્ત્વપૂર્ણ ઉપાય અને સાધન છે. વાર્તાલાપથી કોઈ પણ સમયાઓનું નિરાકરણ લાવી શકાય છે.

આથી બ્રાન્ડે પોતાની બધી શક્તિ સંવાદને વધુ મજબૂત કરવા પાછળ લગાવવી જોઈએ. સંવાદ વિશ્વાસ વધારશે અને વિશ્વાસ વધતાં બ્રાન્ડની સફળતાને કોઈ રોકી નહીં શકે. ■

---

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

### અસ્તિત્વનો સંઘર્ષઃ

# નદીઓના બદલાતા વહેણ સાથે માણસની ભૂંસાતી ઓળખ

આપણે મનુષ્યોએ કાગળ પર નકશાઓ દોરીને એવો ભ્રમ પાળી લીધો છે કે ભૂગોળ એક સ્થાયી વસ્તુ છે. આપણને લાગે છે કે પર્વતો હંમેશાં ત્યાં જ ઊભા રહેશે અને નદીઓ પેઢીઓ સુધી એ જ વળાંક લઈને વહેતી રહેશે. જોકે પ્રકૃતિના પોતાના અલગ કાયદા હોય છે. જ્યારે પ્રકૃતિ કરવટ બદલે છે ત્યારે તે માત્ર જમીનના ટુકડા નથી હડપતી, તે આખેઆખી સંસ્કૃતિઓ અને માણસની ઓળખને ભૂંસી નાખે છે. ખાસ કરીને ભારતનો પૂર્વ પટ્ટો, જેમાં બિહાર અને બંગાળનો સમાવેશ થાય છે, ત્યાંનો ઇતિહાસ શાસકોએ ઓછો અને નદીઓએ વધુ લખ્યો છે. અહીં નદી માત્ર તરસ છીપાવનારી 'માતા' નથી, પણ ક્યારેક રાતોરાત આખું ગામ ગળી જનારી એક ભયાવહ શક્તિ પણ છે. જ્યારે કોસી, પદ્મા કે બ્રહ્મપુત્રા જેવી નદી પોતાનો માર્ગ બદલે છે ત્યારે માત્ર ભૂગોળ નથી બદલાતી, માણસનું અસ્તિત્વ મૂળમાંથી ઉખડી જાય છે.

માણસનો સૌથી મોટો અહંકાર જમીન પરની તેની માલિકીનો છે. આપણે દસ્તાવેજો અને સ્ટેમ્પ પેપર પર સહીઓ કરીને એવું માની લઈએ છીએ કે જમીનનો આ ટુકડો કાયમ માટે આપણો થઈ ગયો, પરંતુ જ્યારે ગાંડીતૂર નદી કાંઠા તોડીને ગામમાં પ્રવેશે છે ત્યારે એ સરકારી કાગળિયાં સાવ વામણા પુરવાર થાય છે. નદી માત્ર ખેતરો કે માટીના ઘરો નથી તાણી જતી - તે આંગણામાં વાવેલું લીમડાનું ઝાડ, જેની નીચે દાદા ખાટલો ઢાળતા હતા, તેને પણ મૂળિયાં સોત ઉખાડી નાખે છે. તે પેલા જૂના મંદિરો, પડોશીઓની વાતો અને પેઢીઓથી સચવાયેલી સ્મૃતિઓને પોતાના કાદવવાળા પાણીમાં હંમેશાં માટે દફનાવી દે છે. બિહારમાં કોસી નદીને તેના રૌદ્ર સ્વરૂપ અને માર્ગ બદલવાની ફિતરતને કારણે 'બિહારનો શોક' કહેવાય છે. આ નદી એટલી ચંચળ છે કે રાત્રે સૂતી વખતે જે ગામ નદીથી પાંચ કિલોમીટર દૂર હોય, સવારે જાગે ત્યારે કદાચ એ આખું ગામ નદીના પ્રવાહની વચ્ચોવચ ગરકાવ થઈ ગયું હોય.



કોસી નદીનો પ્રકોપ

બંગાળ અને અસમના વિસ્તારોમાં નદીના કાંઠા ધોવાઈ જવાની આ પ્રક્રિયા માત્ર આર્થિક નુકસાન નથી, પણ એક ભયંકર સામાજિક વિસ્થાપન છે. જે ખેડૂત ગઈકાલ સુધી એક વિશાળ જમીનનો માલિક હતો, તે નદીના એક જ વળાંક સાથે બીજે દિવસે કોઈ મોટા શહેરમાં મજૂરી કરવા મજબૂર થઈ જાય છે. કોઈ દેશની સરહદ બદલાવાને કારણે નહીં, પણ કુદરતે બદલેલા નકશાને કારણે તે પોતાના જ દેશમાં શરણાર્થી બની જાય છે. જ્યારે આવું થાય છે ત્યારે ગામના લોકો અલગ અલગ દિશામાં વિખેરાઈ જાય છે. લગ્નો, તહેવારો અને સામાજિક સંબંધોનું આખું માળખું વેરવિખેર થઈ જાય છે. માણસ નવેસરથી ઘર તો બાંધી લે છે, પણ વિખરાઈ ગયેલો એ સમાજ અને એ પડોશ ફરી ક્યારેય ભેગો થઈ શકતો નથી

આની સૌથી ઊંડી અસર માણસની ઓળખ પર પડે છે. માણસની ઓળખ માત્ર તેના નામ કે અટકથી નથી હોતી, પણ તેના ગામ અને એ ગામની માટી સાથે જોડાયેલી હોય છે. જ્યારે કોઈ બાળકની નવી પેઢી પૂછે કે 'આપણું મૂળ ગામ કયું?' અને પિતા કોઈ શહેરની ઝૂંપડપટ્ટીમાં બેઠા બેઠા શૂન્યમાં આંગળી ચીંધીને કહે કે, 'પેલી જે વિશાળ નદી વહી રહી છે ને, તેના પાણીની નીચે સાઠ ફૂટ ઊંડે આપણું ગામ હતું!' આ પીડા કલ્પના બહારની છે. ભૂગોળ જ્યારે પાણીમાં ગરકાવ થાય છે ત્યારે એની સાથે સ્થાનિક બોલી, લોકગીતો અને સદીઓ જૂની પરંપરાઓ પણ ડૂબી જાય છે.

નદીના નવા પ્રવાહ સાથે એક આખી સંસ્કૃતિનો અંત આવી જાય છે અને ઇતિહાસના ચોપડે માત્ર એક નાનકડી નોંધ રહી જાય છે.

કુદરતની આ રમત આપણને માનવજીવનની સૌથી મોટી ફિલોસોફી સમજાવે છેઃ ક્ષણભંગુરતા. આપણે આ પૃથ્વી પર કાયમી માલિકો નથી, માત્ર થોડા સમય માટે આવેલા મુસાફરો છીએ. નદીઓ આપણને શીખવે છે કે દુનિયામાં કશું જ સ્થાયી નથી ન તો આ જમીન, ન તો આપણી માલિકીનો અહંકાર. અસ્તિત્વનો સાચો અર્થ કોઈ જમીનના ટુકડા સાથે બંધાઈ જવામાં નથી, પણ પ્રવાહની સાથે સતત વહેતા રહેવામાં અને વારંવાર ઉખડી ગયા પછી પણ નવેસરથી ઊભા થવાની જીદમાં રહેલો છે. કદાચ એટલે જ, બદલાતા વહેણ વચ્ચે પોતાનું બધું જ ગુમાવી દેનાર માણસની આંખોમાં નદી કરતા પણ વધુ ઊંડાણ અને ગંભીરતા જોવા મળે છે. જેણે પોતાનો ભૂતકાળ પાણીમાં ગરકાવ થતો જોયો છે, તે જ વર્તમાનની નક્કરતાનું સાચું મૂલ્ય સમજી શકે છે. ■

# હાસ્ય વિનોદ



વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# ભિક્ષુકોનેય આત્મસમ્માન હોય છે, હોં!

'બેગર્સ હેવ નો ચૉઇસ' નામની જે અંગ્રેજી કહેવત છે તે હવે જૂની થતી જાય છે. એક ગૃહિણીએ એકવાર એક ભિક્ષુકને ભીખમાં પૂરી આપતાં તેણે કહી દીધું હતું કે પૂરી મને માફક આવતી નથી, ગૅસ થાય છે. રોટલી કે રોટલો હોય તો આપો. અને અમારા આંગણે એક માગવાવાળો આવ્યો જેને મારી દીકરીએ ઘરના ઝાંપે બેસાડીને ભરપેટ જમાડ્યો, જમી રહ્યા બાદ જે પતરાળામાં તે જમ્યો હતો તે પતરાળું ઉપાડીને સોસાયટીની બહાર નાખી આવવાનું તેને મારી દીકરીએ કહ્યું, આથી ગુસ્સે થઈ જતાં તે બોલ્યો, 'એ કામ મારું નથી...' અને પોતાના પેટ પર હાથ ફેરવતો તે ચાલ્યો ગયો.

મને એ ભિક્ષુકની ખુમારી ગમી ગઈ. ભિખારીઓમાં આત્મસમ્માનની ભાવના કેળવાય એ ઘણું સારું કહેવાય. પણ બાંગ્લાદેશના ભિક્ષુકોએ તો પોતાની આ ભાવનાની જાહેરાત કરી છે. ગયા અઠવાડિયાના એક અંગ્રેજી અખબારમાં સમાચાર છપાયા છે કે ત્યાંના જૈસોર શહેરમાં લગભગ ત્રણસો જેટલા ભિક્ષુકોની સભા મળી હતી. એ છાપાના હેવાલ પ્રમાણે એ તમામના ચહેરા ગૌરવથી ચમકતા હતા. અલબત્ત આ સભામાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધારે હતી. એ સભામાં માઇક વ્યવસ્થા હતી કે નહીં એ અંગેની માહિતી અહેવાલમાં નથી અને હજી સુધી ભીખમાં માઇક આપવાની પ્રથા અમલમાં આવી નથી, તો પણ આટલી મોટી સંખ્યામાં તેમની હાજરી હોવાને લીધે શક્ય છે કે એવી વ્યવસ્થા હોય પણ ખરી, કેમ કે આ ભિક્ષુકો કાંઈ સાવ ભિક્ષુક નહોતા, પોતાના હક્કો માટે લડનારા લડવૈયા હતા.

એ સભાની શરૂઆત ફરિયાદથી થઈ હતી. એક ભિક્ષુકે જાતઅનુભવનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે, લોકો આપણી સાથે કૂતરાં-બિલાડાં કરતાંય ખરાબ રીતે વર્તન કરે છે. જો કોઈ કૂતરું ખૂણે-ખાંચરે સૂઈ ગયું હોય તો તેને પ્રેમથી તૂ તૂ કરીને બોલાવે છે, બિલ્લીને બુચકારીને બોલાવીને તેને દૂધ પાય છે, પણ આપણને 'ચલ હટ'કહીને ભગાડી મૂકે છે! આજ સુધી આપણે બહુ અપમાન સહન કર્યાં હવે આવી અમાનવીય હરકતો આપણે ચલાવી લેવી જોઈએ નહીં. આપણને આપવા ધારો કે કોઈને ત્યાં ક્યારેક કશું ન પણ હોય, આપણા જેવી જ સ્થિતિ હોય, પાસે પૈસોય ના હોય તો એ સંજોગોમાં આપણા પર ગુસ્સે થઈ હડધૂત કરવાને બદલે તેણે ક્ષમાભર્યા અવાજે કહી દેવું જોઈએ કે શું કરું ભાઈ (કે બહેન), આજે તો મારી હાલત તારાથીય બદતર છે, આથી તને હું શુભેચ્છાઓ સિવાય બીજું કશુંય આપી શકું તેમ નથી. તું તો ભાગ્યશાળીછે કે 'તૂં નહીં ઔર સહી' કહી આગળ વધી બીજા ઘેરથી કદાચ પૂરણપોળીનું ભોજન પણ મેળવી શકીશ - એ માટે તને મેં અગાઉથી જ શુભેચ્છાઓ પણ આપી દીધી છે - આવું બોલવામાં તેના બાપનું શું જાય? માણસજાતમાં માનવતા જેવી કોઈ ચીજ હોવી જોઈએ કે નહીં?

એ ભિક્ષુકની ફરિયાદ સાચી છે. મારા ગીધુકાકાનો અનુભવ પણ સારો નથી. તેમની એક કુટેવ છે કે કાંકરિયા તળાવ પર સવાર-સાંજ ચાલવા જાય ત્યારે સામે મળે એ જાણીતા કે અજાણ્યા તમામને હાથ જોડીને 'જય શ્રી કૃષ્ણ' કહે. એ વખતે પરસોતમ મહિનો ચાલતો હતો. આંખે મોતિયો ઉતરાવ્યો હોવાથી તેમણે કાળા ગૉગલ્સ પહેરેલા, ઝભ્ભો કધોણો, થોડોક ફાટેલો, લેંઘો જરા ઊંચો અને પગમાં સ્લીપર, તે ધીમે ધીમે ચાલતા જતાં-આવતાંને 'જય શ્રી કૃષ્ણ' કરતા. એટલામાં મંદિર પાસે એમની નજીક એક ખાલી ઑટોરિક્ષા આવીને ઊભી રહી. ટેવવશ કાકાએ ઑટોરિક્ષાવાળાને પણ હાથ જોડીને 'જય શ્રી કૃષ્ણ' કર્યાં. જવાબમાં ગુસ્સે થઈ જતાં રિક્ષાવાળાએ કાકાને સુણાવીઃ 'હજી તો બૉણી થઈ નથી ને માગવાવાળા સવારના પહોરમાં સામે આવી ગયા! કાકા, સારા ઘરના થઈને માગતાં શરમ નથી આવતી? મારી તો સવાર ખરાબ કરી નાખી બુઢ્ઢાએ...' આ સાંભળીને ગીધુકાકા સ્તબ્ધ થઈ ગયેલા.

આપણે બાંગ્લાદેશના ભિક્ષુકોની વાત કરતા હતા. પછી આ ભિક્ષુકોએ જાહેર રસ્તા પર સરઘસ કાઢ્યું હતું. સૂત્રોચ્ચાર કર્યા હતા અને એ સરઘસને પ્રવચન - સભામાં ફેરવીને નગરજનો સમક્ષ અમુક શરતો મૂકી હતી... આ શરતોમાંની પ્રથમ અને મુખ્ય શરત એ હતી કે ભિક્ષુકને ભિખારી, ભીખમંગા, માગણ કે બેગર જેવા અપમાનજનક સંબોધનોથી નહીં બોલાવવાનો, તેની લાગણી દુભાય એ રીતે 'શિશ્... શિશ્...' પણ નહીં કરવાનું, તેની સાથે અત્યંત વિવેકથી મૃદુ અવાજે બોલવાનું અને માગવા માટે તે હાથ લાંબો કરે કે ભિક્ષાપાત્ર ધરે તો તેના હાથમાં (કે ભિક્ષાપાત્રમાં) ઓછામાં ઓછો એક ટાકા (બાંગ્લાદેશનું ચલણ) આપવો અને સિક્કો આપતા જીવ કચવાતો હોય તો તેના વિકલ્પે અઢીસો ગ્રામ ચોખા આપવાના રહેશે. જોકે આ લોકો ઉદાર હોવાથી ચોખાની કવૉલિટી તેમણે જણાવી નથી, નહીં તો તે કહી શકત કે ચોખા બાસમતી કે જીરાસાળ હોવા જોઈએ. પોણિયા ચોખા, કણકી, જાડું ધાન કે રૅશન-કાર્ડ પર સસ્તા અનાજની દુકાનેથી મળે છે એવું અનાજ ભીખમાં લેવામાં નહીં આવે, તમને પરવડતું ન હોય તો તમે ગમે તે ધાન ખાવ, એ તમારો અંગત પ્રશ્ન છે, અમે તો ધોરણસરનું જ અનાજ આરોગીશું. ભિક્ષુક છીએ તેથી શું થઈ ગયું? અમારે ગમે તે ખાવાનું?

આ તો વળી એટલું સારું છે કે અઢીસો ગ્રામ ચોખામાં જ તે માની જાય છે, બાકી કોઈ ભિક્ષુક વળી એમ પણ કહી શકે કે મને ડાયાબિટીસ અને બ્લડપ્રેશર છે તેથી ચોખા મને અનુકૂળ નહીં આવે. ચોખાને બદલે ઘઉં આપો અને ડાયાબિટીસ - બ્લડપ્રેશરને સાચવવા ઓછા ગળપણ તેમ જ સાવ ઓછા મીઠાવાળી રસોઈ જ ખાઈશ - પહેલું સુખ તે જાતે નર્યાં!

શરતોમાંથી એક શરત એવી પણ છે કે કોઇને ત્યાં લગ્ન કે એવો માંગલિક પ્રસંગ હોય ત્યારે ભિક્ષુકોને નામજોગ આમંત્રણપત્રિકા મોકલવી પડશે. ભલે અમે ભિક્ષુક રહ્યા, પણ વગર આમંત્રણે કોઈને ત્યાં ભોજન કરવા દોડી નહીં જઈએ. તમારે ત્યાં સ્વજનો ચાંલ્લા વ્યવહાર કરે કે ભેટ આપે એ તમારી અંદર અંદરની વ્યવસ્થા હોવાથી ભિક્ષુકો તેમાં ચંચુપાત કર્યા વગર જમીને અને અન્ય અનિવાર્ય કારણસર નહીં આવી શકેલા તેના પરિવારજનોનું ટિફિન લઈને ચૂપચાપ ચાલતા માંડશે. ચાંલ્લા-બાંલ્લાની લપમાં તે નહીં પડે!

અને લગ્નમાં આવેલા ભિક્ષુકોને યથેચ્છ આનંદ કરવા દેવો પડશે. તેમની સાથે બિનબુલાયે મહેમાન - વણનોતર્યા મહેમાનો જેવો ઉપેક્ષાભર્યો વ્યવહાર નહીં કરી શકાય. આવનાર શું ખાય છે, કેટલું ઝાપટે છે એ તરફ યજમાને દુર્લક્ષ રાખવાનું છે, કોઈ પણ જમનાર પોતાના પેટ કરતા વધારે જમતો નથી એ યજમાને જાણી લેવું જોઈએ. ભિક્ષુકોને પણ અન્ય મહેમાનોની પંગતમાં બેસાડીને અને બુફે એટલે કે સ્વરુચિ ભોજન હોય તો ઊભા રાખીને સ્વચ્છ પ્લેટમાં ભોજન પીરસવાનું રહેશે. કોઈ ભિક્ષુક શરમાળ લાગે તો તેને વધારે ખાવા માટે યજમાને આગ્રહ પણ કરવો જોઈશે.

જાણે કે આ એક કારનામું જ હોય તેમ આ ભિક્ષુક સંગઠને આગળ જણાવ્યું છે કે આ રીતે અમને આપવામાં આવતું ભોજન અને મહેરબાનીની રાહે નથી લેતા, આ તો અમારા હક્કનું છે એટલે તમારા ઘરના દરવાજે અમને ઊભા રહેલા જોઈને તરત જ ભિક્ષા આપી દેવી, કારણ કે અમારો સમય ઘણો કીમતી છે, અમારી પાસે જે કંઈ છે તે સમય જ છે અને આ ભીખ પણ તમારે હસતા મોઢે આપવી, જેથી બરકત રહે. કટાણું મોં કરીને આપેલ દિલ્હીના સોન હલવા, કલકત્તાની સંદેશ મીઠાઈ તેમ જ સૂરતની ઘારી અને ખંભાતના હલવાસનમાંથી મીઠાશ પગ કરી જાય છે, એ વાતનો દાતાએ ખ્યાલ રાખવો. (નોંધઃ બાંગ્લાદેશના ઘૂસણખોરોની પેઠે ત્યાંના ભિક્ષુકો પણ અત્રે આવી જશે એવા અનુમાન સાથે આ તમામ શરતોનું અહીં ગુજરાતીકરણ કર્યું છે.)

અને આ છે છેલ્લી શરત. યજમાને કોઈ ભિક્ષુક જમાડવો હોય તો તેના ઘરના ખૂણે બેસાડીને જમાડવાને બદલે ત્યાંથી પસાર થનારની નજરે ચડે એવી જગ્યાએ બેસાડીને પ્રેમથી જમાડવો. આથી બન્નેને ફાયદો થશે. એક તો જમાડનારની છાપ પાસ-પડોશમાં સારી પડશે. આસપાસના લોકો અંદર અંદર ચર્ચા કરી શકશે કે એની છાપ ભલે મખ્ખીચૂસ, બદમાશ અને નાલાયકની છે, ભિખારીની માફક ભલે તે બધાંની સાથે ઝઘડ્યા કરતો હોય છે, પરંતુ ભિખારીઓને તે પોતાના સગાભાઈ જેવા ગણે છે - આને જ કહેવાય સાચો ભ્રાતૃભાવ.

આ ભાવને કારણે દેખાદેખી, અન્ય લોકોમાં પણ દાનવૃત્તિ પ્રવેશી જશે, ખીલી ઊઠશે. પડોશીએ તો મોટા ભાગે એકબીજાની નકલ કરવામાંથી જ ઊંચા નથી આવતા અને આથી અમને સતત સારું ભોજન મળ્યા કરશે. યાદ રાખો, તમે તમારા જ નહીં, અમારા નસીબનું ખાવ છો... ■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય

એક જ ભાષામાં સ્થળને કારણે અલગ શબ્દો જોવા મળતા હોય છે. એક જ ભાષાના શબ્દોનો ઉચ્ચાર પણ ભિન્ન હોય છે. ઘણી જગ્યાએ ભીંત કહેવાય તો ક્યાંક ભેંત એવો ઉચ્ચાર સાંભળવા પણ મળે. કોઈ વીંટી કહે તો કોઈ વેંટી બોલે. આવા બીજા પણ કેટલાક ઉદાહરણો છે. સિવાય કેટલીક વાર એક જ વસ્તુ કે પદાર્થ અલગ અલગ નામથી ઓળખાતા હોય. જેમ કે લોટો કળશો અથવા કળશ્યો તરીકે પણ જાણીતો છે. મુંબઈમાં ઢોકળા કહેવાય પણ સુરત પહોંચતા જ એ ઈદડા બની જાય છે. પૂરણપોળી - વેડમી અને ગોળપાપડી - સુખડીનું પણ એવું જ છે. ગોદડી પાગરણ બની જાય તો દંતાળી (દાંતાવાળું ખેડૂતનું એક ઓજાર) પંજેટી બની જાય છે. આને કારણે ક્યારેક એવું બને કે એક જ ભાષા બોલતી બે વ્યક્તિ એકબીજાને સમજી ન શકે. ટૂંકમાં કેટલાક સામાજિક, વ્યાવસાયિક કે અન્ય કોઈ કારણસર એક જ ભાષા વિવિધ રૂપે સાંભળવા મળે છે.



ડહાપણ - શાણપણ કે ચતુરાઈ મનુષ્યને જીવનમાં ઘણા ઉપયોગી સાબિત થતા હોય છે. એનો મોભો વધારવામાં પણ મદદરૂપ થાય છે. 'અતિ સર્વત્ર વર્જયેત' એ એક અતિપ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિત છે, જેનો અર્થ થાય છે કે 'કોઈ પણ બાબતમાં અતિરેક (વધારે પડતી કોઈ પણ વસ્તુ કે ક્રિયા) હંમેશાં હાનિકારક હોય છે અને તેનો ત્યાગ કરવો જોઈએ.' એ અનુસાર અતિ ડહાપણ જે દોઢ ડહાપણ સુધ્ધાં કહેવાય છે, મનુષ્ય માટે આફત કે મુસીબતને નોતરું આપનારું સાબિત થાય છે. **દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય અથવા વધુ ડાહ્યો વધુ ખરડાય** કહેવતમાં અતિ ડહાપણની જ વાત છે. જે વ્યક્તિ પોતાની જાતને બહુ હોશિયાર (દોઢડાહી) માનતી હોય અને બિનજરૂરી દખલગીરી કે અતિશય ચીકણાશ કરે, તે આખરે મુશ્કેલીમાં મુકાય છે અથવા પોતાનું જ નુકસાન કરે છે એ એનો ભાવાર્થ છે. આ કહેવત પાછળની એક નાનકડી કથા બહુ જ મજેદાર છે. થોડામાં ઘણું કહી જાય છે. એક નગરમાં એક અત્યંત ચતુર વ્યક્તિ રહેતી હતી. પોતાની હોશિયારીનો, મુત્સદ્દીગીરીનો એને ઘમંડ હતો. એ વ્યક્તિએ પોતાના ઈષ્ટદેવનું ઉગ્ર તપ કર્યું. એનો ભાવ અને કઠોર તપસ્યા જોઈ ઈષ્ટદેવ પ્રસન્ન થયા. દેવ પ્રગટ થયા અને ભક્તને સંબોધી બોલ્યા, 'હે વત્સ, હું તારી ભક્તિથી વિસ્મય પામ્યો છું અને મને સંતોષ પણ થયો છે. માગ, માગવું હોય એ માગ. હું આપવા બંધાયેલો છું.'

ડહાપણ છલકાતું હોવાથી એ વ્યક્તિએ વિચાર કર્યો કે સીધે સીધું કેમ માગી લેવાય? મુત્સદ્દીગીરી કામે લગાડી. ઈષ્ટદેવને દંડવત પ્રણામ કર્યા અને બોલ્યો, 'ભગવંત, પ્રથમ એક પ્રશ્ન કરું છું. શાસ્ત્રોમાં લખ્યું છે કે આપના દેવલોકની એક મિનિટ અમારા મર્ત્ય લોકના એક કરોડ વર્ષ બરાબર હોય?' પ્રભુએ ડોકું ધુણાવી હા પાડી. શ્રીમાન શાણપણ કુમારે મુત્સદ્દીગીરી આગળ ચલાવી અને બીજો સવાલ કર્યો કે 'તો એ પણ વાત સાચી કે આપની એક પાઈ એટલે અમારા લોકના કરોડ રૂપિયા?' ભગવાને ઉત્તર આપ્યો 'હા, એ વાત પણ સાચી.'

ઈષ્ટદેવનો આ જવાબ સાંભળી ભક્તના ચહેરા પર સ્મિત આવી ગયું. મુત્સદ્દીથી ફેંકેલા પાસા પોબાર પડશે એવી લાગણી એ અનુભવવા લાગ્યો. મલકાતા મોઢે એણે પ્રભુને કહ્યું, 'હે ઈષ્ટદેવ, મારી એટલી જ અરજ છે કે મને આપની એક પાઈ આપી દો. મને બસ બીજું કશું જ નથી જોઈતું.' એટલું બોલી આંખો બંધ કરી સપનાંના મહેલ ચણવા લાગ્યો.

એટલામાં પ્રભુનો જવાબ આવ્યો કે 'હે વત્સ, તેં માગ્યું છે એ તને મળી જશે, બસ એક મિનિટ થોભી જા.' પ્રભુના વરદાનનો અર્થ (એક કરોડ રૂપિયા મેળવવા એક કરોડ વર્ષ રાહ જોવી પડશે) સમજાય અને આંખ ઉઘાડે ત્યાં તો દેવ અલોપ થઈ ગયા. આ કથા પછી કહેવત પડી કે **દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય.**

---

ભાષા વૈભવ

# એક કહેવત - અનેક સ્વરૂપ



ગયા સપ્તાહમાં બોલીને ફરી જનારા અને વચનફોક કરતી વ્યક્તિ વિશેની અબી બોલ્યા અબી ફોક સહિત કેટલીક કહેવતો વિશે જાણ્યું. જોકે, વચનપાલન - વચનબદ્ધ એ ગુણીજનોના સ્વભાવમાં વણાયેલું હોય છે. એ સંદર્ભની કેટલીક કહેવતો પણ જાણવા - સમજવા જેવી છે. અલબત્ત આજે જે વખત ચાલી રહ્યો છે એ જોઈ એને અમલમાં મૂકવા જેવી પણ છે એવું કહેતા બે વાર વિચાર કરવો પડે એવું છે. થોડો ક્ષોભ પણ થાય. આ સંદર્ભની પહેલી કહેવત છે **બોલીને અબોલ્યા નહીં કરનાર.** આ જ કહેવત સહેજ ફેરફાર સાથે **બોલ્યા અબોલ્યા થાય નહીં** સ્વરૂપે સુધ્ધાં હાજર છે. વચનપાલનની શિસ્ત અને આગ્રહ આ બંને કહેવતમાં ડોકિયાં કરે છે. અબોલ્યા એટલે હું નહોતો બોલ્યો એવું કહેવું. આને મળતો અન્ય શબ્દ છે અબોલા જેનો અર્થ બે વ્યક્તિ વચ્ચે બોલવાનો વ્યવહાર નથી. જબાન શબ્દ ફારસી શબ્દ ઝબાનનું જ સ્વરૂપ છે. જબાન એટલે બોલી અથવા ભાષા અથવા જીભ એ અર્થ સાથે મોઢામાંથી નીકળેલો શબ્દ એ અર્થ પણ ધરાવે છે. **જબાન હાર્યો તે જન્મ હાર્યો** કહેવતમાં ખમીરની વાત છે. બોલેલું ફરી જાય કે પાળે નહીં એનું જીવન એળે ગયું એવો ભાવાર્થ છે. એને મળતો ભાવાર્થ **મરદનો બોલ પ્રાણ જતાં ફરે નહીં** કહેવતમાં જોવા મળે છે. કોઈપણ ભોગે વચનપાલન કરવું એ આમાં નજરે ફરે છે. **જીવ જાય પણ વચન ન ફરે** એ આજના કાળમાં તો અતિશયોક્તિ અથવા મૂર્ખાઈ લાગે. **બોલ્યા અબોલ્યા કરે, તેનું દૂધ ઠીકરે.** દૂધ ઠીકરે એટલે દૂધ જેવી પવિત્ર અને મૂલ્યવાન વસ્તુ પણ ઠીકરામાં એટલે કે માટીના મામૂલી વાસણમાં રાખવી પડે. ટૂંકમાં વસ્તુની યોગ્ય કદર ન થવી, એની કિંમત ઘટી જવી. વચનનું મૂલ્ય સમજાવતી કહેવત છે જે **બોલનો સાચો તેનો જ તોલ.** તોલ એટલે વજન. આપેલું વચન પાળે એ જ વ્યક્તિનું વજન પડે એ આ કહેવતનો ભાવાર્થ છે. મેરા વચન ગીતા કી કસમ જેવો ભાવાર્થ ધરાવતી કહેવત છે **હાથીના દંતુશળ નીકળ્યા તે નીકળ્યા, પાછા પેસે નહીં.** હાથીને મદનિયું જન્મે ત્યારે બાળકોને જેમ દુધિયા દાંત હોય એમ એને દુધિયા દંતુશળ હોય. મદનિયું ત્રણેક વર્ષનું થાય એટલે કાયમી દંતુશળ નીકળવાની શરૂઆત થાય. એ આજીવન એની સાથે રહે. વળી એ અત્યંત મૂલ્યવાન પણ હોય છે. એટલે વચનબદ્ધતાને હાથીના દંતુશળ સાથે સરખાવી છે. **જે મોઢે પાન ચાવ્યાં તે મોઢે લાળા ચવાય નહીં.** પાન ચાવવા એ શાલીનતાની નિશાની છે. લાળાં ચાવવા એટલે જવાબ આપતા ગોટા વાળવા કે ખોટો બચાવ કરવો. સારે મોઢે ખરાબ વાત શોભે નહીં એ એનો ભાવાર્થ છે. **જે બોલ્યા તે ધ્રુવના અક્ષર** કહેવતમાં જબાનની સરખામણી ધ્રુવના તારા સાથે કરી છે. સ્થિર, ડગે નહીં એવો તારો એ ધ્રુવની ઓળખ છે. પોતાના વચનમાં ડગે નહીં, સ્થિર રહે એ એનો ભાવાર્થ છે. આ બધી કહેવતોના સાર જેવો એક દોહરો છેઃ **દળ ફરે, વાદળ ફરે, ફરે નદીનાં પૂર; ઉત્તમ બોલ્યા ના ફરે, પશ્ચિમ ઉગે સૂર.** દળ એટલે લશ્કર. સૈન્ય હોય કે વાદળ કે નદીનાં પૂર હોય એ એક વાર પાછા ફરી જાય, પશ્ચિમમાં સૂર્ય પણ ઊગે તોય શ્રેષ્ઠ વ્યક્તિ એ છે. કે જે વચનમાંથી ફરી નથી જતી. ■

---

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ડિજિટલ વેલનેસઃ ટેક્નોલોજીથી થોડા દૂર રહી કઈ રીતે રહેશો 'હેલ્ધી'?

ટેક્નોલોજીએ માણસના જીવનનું કામ સરળ કરી આપ્યું છે. ટેક્નોલોજીની દુનિયામાં ટુલ્સ આવ્યા બાદ માનવશ્રમ ઓછો અને સ્માર્ટનેસ વધતી ગઈ. માણસ પણ જે તે સ્થિતિ સામે ટેક્નોલોજીથી અપડેટ થતો રહ્યો, શીખતો રહ્યો અને આગળ વધતો રહ્યો. પણ સમય એવો છે કે ડિજિટલની દુનિયાનો એટલો પ્રભાવ છે કે તે માનસિક અને શારીરિક બન્ને પાસાને સીધી અસરે છે. મર્યાદા કરતાં વધારે કેરીનો રસ પી જવામાં આવે તો પણ મુશ્કેલી થાય. આ તો ડિવાઇસ એક્સેસ અને સ્ક્રિનિંગનો મામલો છે એટલે કે શરીરના બે મુખ્ય અવયવને સતત સ્કેન કરે છે. હાથની આંગળીઓ અને આંખ. ડિજિટલ ક્રાંતિ આવ્યા બાદ અનેક એવા શબ્દો દૈનિક ધોરણે ઉપયોગમાં લેવાતી અદશ્ય ડિક્શનરીમાં ઉમેરાયા છે. એમાંનો એક શબ્દ છે 'ડિજિટલ વેલનેસ'.




સરળ શબ્દોમાં સમજીએ તો આનો સીધો અર્થ થાય છે ડિજિટલ સુખાકારી. ડિજિટલ વેલનેસ એટલે ડિજિટલની વિશાળ દુનિયા અને આપણા શરીરની સુખાકારી વચ્ચેનું બેસ્ટ સંતુલન. ટેક્નલોજી સાથે અપડેટ થવું સારું છે, પણ એના કારણે સમસ્યા અને તણાવમાં વધારો થાય એ ખોટું છે. આ પાછળ અનેક કારણ જવાબદાર છે. જેમ કે વધુ પડતો સ્ક્રીન ટાઇમ, ડિવાઈસનો વધારે પડતો ઉપયોગ, ડિવાઈસ સંબંધિત અન્ય ચીજવસ્તુઓનો બેફામ ઉપયોગ, સોશ્યલ મીડિયાથી થતી સર્જાતી ઇનસિક્યોરિટી - અસુરક્ષા... આ બધામાંથી એક બ્રેક લેવાનો સમય કાઢવો જોઈએ એવું દુનિયાના મેડિકલ જગતના માત્ર તબીબો નહીં- નિષ્ણાતો પણ કહે છે. વિરોધાભાસ એવો છે કે, આપણે ફરવા માટે જઈએ અને રસ્તામાં સરસ વોટરફોલ આવે તો પહેલા જોવાના બદલે ફોટો કે વીડિયો ક્લિક કરીએ છીએ અને પછી જે લાઇવ છે એને રેકોર્ડ કરીને જોઈએ છીએ. લાઈવની પણ એક અલગ મજા છે. જાણવાની દોડમાં માણવાનું ભૂલવાનું નથી એ જ ડિજિટલ વેલનેસ. હેલ્થને નુકસાન ન કરે એટલો ઉપયોગ એટલે ડિજિટલ વેલનેસ. દુનિયાભરના રિસર્ચ એવું કહી રહ્યા છે કે ડિજિટલ દુનિયામાં વધુ પડતા મથ્યા રહેનારા માનસિક રીતે ખોખલા થઈ રહ્યા છે.

સતત નીચું જોયા કરવાથી ડોક અને ગળાના દુખાવા થયેલા છે. પેરિસમાં તો એક નવી ટેક્નો પૉલિસી આકાર લઈ રહી છે. હાલમાં તો વેપારીઓ જે સ્ક્રેપવર્ક કરે છે તે સ્ક્રીન યુઝેજ જોઈને જ મોબાઈલ કે ડિવાઈસને રિપ્લેસ કરી આપે છે. સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતાં પ્રભાવ વધારે છે.

મેસેજમાં રિપ્લાય ન આવે તો કેટલાય યુવાનો બેચેની અનુભવે છે, પણ થોડું એ પણ વિચારવું જોઈએ કે, કોઈ પણ વ્યક્તિને એનો પોતાનો પણ સમય હોય છે. પર્ફેક્ટ દેખાવવાની રેસમાં રિયાલિટીનું તત્ત્વ ઘટી રહ્યું છે. ટેક એક્સપર્ટ ત્યાં સુધી કહે છે કે, દરેક વ્યક્તિએ દિવસમાં ઓછામાં ઓછી એક કલાક સુધી કોઈ પણ પ્રકારની ડિવાઈસથી દૂર રહેવું જોઈએ. આના બદલે કોઈ ફિઝિકલ મેન્ટલ એક્ટિવિટી જરૂરી છે. 'હુટસૂટ' નામના પ્લેટફોર્મે એક સરસ સર્વે કર્યો હતો, એમાંથી જે પરિણામ મળ્યા એની કેટલીક ફેક્ટ ફાઈલ અહીં લખી છે, જેમકે

આપણા જ દેશમાં ૭૫ ટકા લોકો રાત્રીના સમયે સૌથી વધારે રીલ્સ જુએ છે. ૮૦ ટકા લોકો મોડી રાત સુધી સોશ્યલ મીડિયા પર એક્ટિવ હોય છે. સૌથી વધારે દિલ્હી અને મુંબઈના લોકો રાત્રીના સમયે સૌથી વધારે સ્ક્રીનટાઈમ ધરાવે છે. દિલ્હી શહેરની ટકાવારી ૯૫ ટકા છે જ્યારે મુંબઈ શહેરમાં ૯૬ ટકા છે. જ્યાં એક રાત્રીનો સ્ક્રીનટાઈમ સતત સાત કલાક સુધીનો છે.

એક એરિયાના હિસાબથી જોઈએ તો દિલ્હીમાં કોઈપણ એરિયામાં રાત્રીના ૧૨ વાગ્યા સુધીનો ટીવી ટાઈમ અને સાથે સાથે સ્ક્રીન ટાઈમ સામાન્ય થઈ રહ્યો છે. એટલે કે ૧૨ વાગ્યા સુધી સ્ક્રીન જોવાય છે. એ પછીના તબક્કામાં દરેક એરિયામાંથી ઓછામાં ઓછા ૨૦ લોકો સવારે ૪ વાગ્યા સુધી જાગે છે. કારણ છે સોશ્યલ મીડિયા, વેબસિરીઝ અને મોબાઇલ પર જોવાતી ફિલ્મ. માત્ર ૧૮ ટકા લોકો એવા હતા જે કામ હેતુ, નાઈટજોબ કે ઈન્ટરનેશલ પ્લેટફોર્મ પર કામ કરીને કમાતા હતા મુંબઈ પછી ક્રમ આવે છે આઈટી સિટી તરીકે જાણતા શહેર બેંગ્લુરુનો. જ્યાં નાઈટ સ્ક્રીન ટાઈમ સતત ૬ કલાકનો છે. આ પાછળનું કારણ અનેક એવી મલ્ટિનેશનલ કંપનીઓના આઉટસોર્સ રાત્રી દરમિયાન થાય છે. આ પછી ક્રમ આવે છે ગુજરાતના શહેર સુરતનો. જ્યાં સતત સ્ક્રીનવૉચ ટાઈમ રાત્રીનો ૫ કલાક છે. પણ જે કોન્ટેટ જોવામાં આવે છે એમાં સૌથી વધારે મનોરંજનની કેટેગરી ઉપર છે.

સુરત બાદ ક્રમ આવે છે પોંડિચેરીનો. મોટાભાગના ટુરિસ્ટ રાત્રીના સમયે પોતાના વીડિયો બ્લોગ એડિટ કરે છે અને સર્ફ કરે છે. મદ્રાસ ડાયાબિટીસ સેન્ટર ફોર રિસર્ચ ફાઉન્ડેશના રિપોર્ટ અનુસાર સૌથી ઓછો સ્ક્રીનટાઈમ તમિળનાડુ રાજ્યનો છે. માંડ માંડ ૩ કલાક એ પણ રાત્રે. રાયપુર એઈમ્સની ટીમ જ્યારે અહીંયા રિસર્ચ કરવા માટે આવી ત્યારે એ પણ ચોંકી ગઈ હતી. આ પાછળનું કારણ વિલેજ ઈફેક્ટ છે. ઝડપથી સૂવાનું અને વહેલા ઊઠવાનું. ■

**આઉટ ઓફ બોક્સ**

*કેરળની રાજ્ય સરકારે સ્ક્રીન ટાઈમ ઘટાડવા ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે પૉલિસી ઘડી છે. ૯ વાગ્યા બાદ સ્ક્રીન યુઝ ન થાય એવી એક્ટિવિટી સ્કૂલમાંથી અપાય છે.*

## સ્ટીલ ઉદ્યોગે વૈશ્વિક સ્પર્ધાત્મક રહેવા નવી બજારો ખોળવા અને ડિકાર્બનાઈઝેશન વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ

નવી દિલ્હીઃ ભારતીય સ્ટીલ ઉદ્યોગે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા જાળવી રાખવા માટે વૈવિધ્યકરણ કરવું જોઈએ, નવી નિકાસ બજારો શોધવી જોઈએ અને ડિકાર્બનાઈઝેશન (કાર્બન ઉત્સર્જન ઘટાડવા)ને વેગ આપવો જોઈએ, એમ એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું.

અત્રે એસોચેમ દ્વારા આયોજિત ઈન્ડિયા સ્ટીલ કોન્ક્લેવ ૨૦૨૬ને સંબોધતા સ્ટીલ મંત્રાલયના આર્થિક સલાહકાર અશ્વિની કુમારે જણાવ્યું હતું કે ઘણાં દેશો તેમના સ્થાનિક ઉદ્યોગોને સુરક્ષિત રાખવા રક્ષણાત્મક પગલાં લઈ રહ્યા હોવાથી વેપારનો માહોલ બદલાઈ રહ્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ભારતીય સ્ટીલ ઉદ્યોગે ડિકાર્બનાઈઝેશનને વેગ આપવો જોઈએ, ટૅક્નોલૉજી અને સંશોધન થકી વિકાસને મજબૂત બનાવવો જોઈએ. તેમ જ કાર્બન નિયંત્રણ અને ટેરિફનાં પગલાઓને ધ્યાનમાં નિકાસ બજારોમાં વૈવિધ્યકરણ કરવું જોઈએ.

અમેરિકા અને યુરોપ બન્નેએ સ્થાનિક ઉદ્યોગને ટેકો આપવા માટે પગલાં લીધા છે. અમેરિકાએ કલમ ૨૩૨ અમલી કરી છે અને યુરોપિયન યનિયને ઉચ્ચ કાર્બન ઉત્સર્જનની પ્રક્રિયા દ્વારા ઉત્પાદિત થયેલા સ્ટીલને ખાળવા માટે કાર્બન બોર્ડર એડ્જસ્ટમેન્ટ મેકેનિઝમ (સીબીએએમ)જેવાં પગલાં રજૂ કર્યા છે.

સીબીએએમનો અર્થ એ છે કે ઉચ્ચ મૂલ્યવાળા સ્થળોએ બજારની પહોંચ ફક્ત સ્ટીલની ગુણવત્તા અને કિંમત પર જ નહીં, પરંતુ ઉત્પાદન પ્રક્રિયાની કાર્બન તીવ્રતા પર પણ વધુ નિર્ભર રહેશે. આથી ભવિષ્યમાં ભારતીય સ્ટીલની કાર્બન તીવ્રતા વધુ હોવાથી યુરોપિયન યુનિયન ખાતે સ્ટીલની નિકાસ મુશ્કેલ બનશે. જોકે, આ મુદ્દાને હું સકારાત્મક દૃષ્ટિકોણથી જોવા માગુ છું. ભારતના સ્ટીલ ઉદ્યોગને આધુનિક બનાવવા, ટૅક્નોલૉજી અને ઉત્પાદન પ્રક્રિયાઓમાં સુધારો કરવા, કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો કરવા અને લાંબા સમયગાળાની વૈશ્વિક સ્પર્ધાત્મકતા મજબૂત બનાવવાની આ એક તક છે.

મને વિશ્વાસ છે કે યોગ્ય નીતિ સમર્થન, સતત નવીનતા, ટૅક્નોલૉજીમાં રોકાણ તથા સરકાર અને ઉદ્યોગના સહયોગથી ભારતીય સ્ટીલ ક્ષેત્ર ફક્ત આ પડકારો દૂર જ નહીં કરે, પરંતુ વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનશે, એમ તેમણે ઉમેર્યું હતું.

## અમાનવીય વહેવાર

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

ક્યારેક આપણને એમ થાય કે છેલ્લાં છ વર્ષમાં આપણી બધાની દુનિયા કેટલી બદલાઇ ગઇ છે. કોવિડ એક અને કોવિડ બેમાં કેટલાયે પોતાના સ્વજનો ગુમાવ્યાં છે. કેટલાય ધંધા રોજગાર બંધ થઇ ગયા હતા. કેટલાય લોકો આર્થિક મુશ્કેલીમાં આવી ગયેલા અને હા સિલ્વરલાઇન જોઇએ તો કેટલાક ભાગ્યશાળીઓએ આ ફુરસદના સમયમાં નવા પ્રયોગો કરીને સ્વરોજગાર નિર્માણ કર્યા અને સફળ બિઝનેસમેન કે બિઝનેસવુમન બની ગયા.

નશીબજોગે રશિયા યુક્રેનની લડાઇ અને અમુકઅંશે ગલ્ફ વોરથી આપણે ડાયરેક્ટ એફેક્ટ નથી થયા. પણ માત્ર ૧૦૦ વર્ષ પહેલાં જ જોઇએ તો દુનિયા કેટલી અલગ હતી. ૧૯૧૪થી ૧૯૧૮ વચ્ચે પહેલું વિશ્વયુદ્ધ, ૧૯૨૯થી ૧૯૩૯ વચ્ચે મહામંદી અને ૧૯૩૯થી ૧૯૪૫ વચ્ચે બીજું વિશ્વયુદ્ધ. આ સમયગાળામાં સામાન્ય માણસ કેવી રીતે સર્વાઇવ થયો હશે તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે અને અધૂરામાં પૂરું આ બન્ને યુદ્ધમાં અને મહામંદીમાં કે જાનની ખુવારી થઇ છે તેનો આંકડો કરોડોમાં છે અને આમાં સૌથી વધારે કોઇએ સહન કરેલું હોય તો તે હતું યુરોપ. યુરોપનું કોઇ ભાગ્યે જ ઘર હશે તે તેની બીજી કે ત્રીજી પેઢીમાંથી કોઇ વ્યક્તિ આનાથી અસરગ્રસ્ત નહીં થઇ હોય અને તેથી જ તેમના સિનિયર સિટિઝન પેરન્ટસ કે ગ્રાન્ડ પેરન્ટસ ઇચ્છે છે કે આજની મિલેનિયલ્સ અને ઝેનજીને એ હકીકતથી વાકીફ કરવાની જરૂર છે કે તેના વડવાઓએ કેટલી મુશ્કેલ જિંદગી જીવી છે જેથી આ મિલેનિલ્સ અને ઝેનજી સુખની જિંદગી જીવી શકે પણ તેને આની શું કિંમત સાયલન્ટ જનરેશને ચૂકવી છે. આની સૌથી દર્દભરી દાસ્તાન છે કોન્સનટ્રેશન કેમ્પમાં અત્યાચારમાં મૃત્યુ પામેલા અભાગીયાઓ.

નાઝીઓ દ્વારા એરેસ્ટ કરવામાં આવેલા યહૂદીઓ અને અન્યને હવા ઉજાસવગરના માલગાડીઓના ડબ્બામાં ભૂખ્યા, તરસ્યા પૂરી દેવામાં આવતા હતાં અને આમાંથી બાળકો, સર્ગભા સ્ત્રીઓ અને બીમાર લોકોને સારવાર કરવાના બદલે સીધા ગેસ ચેમ્બરમાં મરવા માટે છોડી દેવામાં આવતાં હતાં. બાકી રહેલા કેદીઓનું અસ્તિત્વ મિટાવવા માટે તેઓને નામની જગ્યાએ નંબર આપવામાં આવતા જેમાં કલર પેટર્ન હતી યહૂદીઓને પીળો કલર, પ્રીઝનર ઓફ વોર માટે લાલ, સાક્ષીઓ માટે જાંબલી કલરના લેબલ તેમના યુનિફોર્મ ઉપર લગાવવામાં આવતાં હતાં. દરરોજની ૧૦થી ૧૨ કલાકની સખત મજૂરી કરાવવામાં આવતી હતી અને કામમાં ભૂલ થાય તો જાહેરમાં મારપીટ કરીને પીટવામાં આવતા હતા અને સજામાં જમવાનું પણ નહીં આપવામાં આવતું. રોજ માત્ર ૫૦૦થી ૧૦૦૦ કેલેરીનો ખોરાક આપવામાં આવતો હતો. નહાવામાં અને કપડાં ધોવાનો સાબુ બહુ હલકી કક્ષાનો અપાતો જેનાથી ચામડીમાં ભાઠા પડી જતા. યુરોપની કડકડતી ઠંડીમાં પૂરતા ઓઢવાના પણ નહીં આપવામાં આવતા.

સૌથી વ્યવસ્થિત અત્યાચાર કે જેને નામ આપવામાં આવેલું ''ફાઇનલ સોલ્યુસન' જેમાં નાઝી સરકાર સંચાલીત સાશનમાં યહૂદીઓ, સોવિયેત યુદ્ધ કેદીઓ અને અન્ય કેદીઓનાં જૂથોને નરસંહાર કરવામાં આવેલો હતો આના માટે મૃત્યુ શિબિરોમાં, ઝેરી ગેસ અથવા ડીઝલ એન્જિનના કાર્બન મોનોક્સાઇડનો ઉપયોગ કરીને પીડિતોની સામૂહિક હત્યા કરવામાં આવતી હતી. કેદીઓને કહેવામાં આવતું હતું કે તેઓને સ્પેશ્યલ સ્નાન માટે સ્નાનગૃહમાં લઇ જવામાં આવી રહ્યા છે પણ એકવાર બધા અંદર બંધ થઇ ગયા પછી, ગેસ છોડવામાં આવતો, જે મિનિટોમાં સેંકડો લોકોને મારી નાખતો. ત્યારબાદ તેમના મૃતદેહોમાંથી સોનાના દાંત કાઢી લેવામાં આવતા, વિશાળ શબદાહગૃહમાં બાળી નાખવામાં આવતા અથવા સામૂહિક કબરોમાં દાટી દેવામાં આવતા. આમાં અંદાજે ૬૦ લાખ યહૂદીઓ માર્યા ગયા હતા.

નાઝી ડોક્ટરો અને ફિઝિશિયનો પીડિતો સાથે માનવ પ્રયોગશાળાનાં પ્રાણીઓ જેવો વ્યવહાર કરતા હતા અને હજારો અસંમત કેદીઓને અત્યંત પીડાસ્પદ અને ઘણીવાર ઘાતક તબીબી પરીક્ષણોને આધીન કરતા હતા. ચેપી રોગોની દવાઓનું પરીક્ષણ કરવા માટે પીડિતોને ઇરાદાપૂર્વક મેલેરિયા, ટાઇફોઇડ અથવા ગેંગરીનથી સંક્રમિત કરવામાં આવ્યા હતા, તેના ઉપર વિવિધ દવાઓના પ્રયોગો કરીને વેકસીન કે દવાનું સર્જન કરવામાં આવતું હતું. માનવ ઇતિહાસમાં જેટલી યાતનાઓ અને નરસંહાર નાઝીઓએ આ અસહાય કેદીઓ ઉપર કરેલો છે તેનો જોટો મળવો મુશ્કેલ છે અને તેનું વર્ણન લખતા કલમ ધ્રૂજે છે. ઇતિહાસમાંથી એકઠી કરાયેલી માહિતી પરથી જાણી શકાય છે કે કોન્સનટ્રેશન કેમ્પમાં કેવો અમાનવીય વ્યવહાર લાખો લોકો સાથે કરવામાં આવેલો હતો. એ જનરેશનના સેક્રીફાઇસના કારણે જ આજની જનરેશન સ્વછંદ જિંદગી જીવી શકે છે. નહીંતર જો નાઝી સાશન સેકન્ડ વર્લ્ડવોરમાં સફળ થયેલ હોત તો આજની દુનિયા અલગ જ હોત તેથી યુરોપના દરેક મા-બાપની વીશ છે કે તેની આજની જનરેશન આ સેક્રીફાઇસથી વાકેફ રહે જેથી તેઓ ગ્રાઉન્ડેડ રહે અને ભગવાન આવા યાતનાદાયક દિવસો તેના જાની દુશ્મનને પણ ના બતાવે તેથી જ આપણે બધા આજે જે જિંદગી જીવીએ છીએ તે ૧૦૦ વર્ષ પહેલાં લોકોએ જે જિંદગી જીવી છે તેના કરતા લાખ દરજ્જે બહેતર છે અને તેથી જ શૅરબજારનો લોસ, ધંધા વ્યવસાય કે નોકરીમાં ટેમ્પરરી નુકસાન કે અન્ય કઠણાઇઓનો નજરઅંદાજ કરીને કોઇ ફરિયાદ કરવાના બદલે જે છે તેની ખુશી મનાવીને જે લોકો આજે પણ બહુ દુઃખભરી જિંદગી જીવી રહ્યાં છે. તેના તરફ મદદનો હાથ લંબાવવાની જરૂર છે તે જ ખરી પ્રભુસેવા હશે. ઓગસ્ટ અને સપ્ટેમ્બરના બે મહિનાના વિરામ પછી આ લેખમાળા ફરી ચાર ઓકટોબર ૨૦૨૬ના લેખથી પુન : શરૂ થશે. આપસૌના સહકાર બદલ આભાર.

## વિદેશી હૂંડિયામણની અનામત ૧.૦૮ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત ૧૭મી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧.૦૮ અબજ ડૉલર વધીને ૬૭૬.૨૩૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૯૬.૪ કરોડ ડૉલર વધીને ૬૭૫.૧૫૭ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલા કરતાં ઈરાને પણ અમેરિકાના અખાતી સહયોગી દેશો પર હુમલાઓ કરતાં ક્રૂડતેલના ભાવ વધી આવતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં દબાણ હેઠળ આવતા રૂપિયાને અંકુશમાં રાખવા રિઝર્વ બૅન્કની ડૉલરમાં સમયાંતરે વેચવાલી રહેતાં કુલ અનામતમાં ક્રમશ ઘટાડો થતો રહ્યો હતો. સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪.૫૪૯ અબજ ડૉલર વધીને ૫૫૧.૦૫૭ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, તેમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થતી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૩.૪૮ અબજ ડૉલર ઘટીને ૧૦૧.૭૪૯ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪.૪ કરોડ ડૉલર વધીને ૧૮.૬૭ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૩.૨ કરોડ ડૉલર ઘટીને ૪.૭૬૧ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

## તહેવારોમાં ખાંડનો પર્યાપ્ત પુરવઠો જળવાઈ રહે તે માટે પગલાં લેવા બૉમ્બે સુગર મર્ચન્ટ્સ એસો.નો સરકારને અનુરોધ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ આ વર્ષે ચોમાસાની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા આગામી ઑક્ટોબર મહિનાથી શરૂ થનારી ખાંડ મોસમ ૨૦૨૬-૨૭માં પુરવઠો ઓછો રહે તેવી બજાર વર્તુળોની ધારણા હેઠળ છેલ્લા એક મહિના કરતા ઓછા સમયગાળામાં ખાંડના ભાવમાં ૧૫ ટકા જેટલો ઉછાળો આવી ગયો હોવાથી બૉમ્બે સુગર મર્ચન્ટ્સ એસોસિયેશને આગામી તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા ક્વૉટાની પર્યાપ્ત ફાળવણી, અને ઈથોનોલ માટે વિકેન્દ્રિત કરવામાં આવતી શેરડી અને ખાંડની પુનઃ સમીક્ષા કરવા જેવાં પગલાઓનું સૂચન ગ્રાહક બાબતો, અનાજ અને જાહેર વિતરણ મંત્રાલયના સચિવને કર્યા છે.

ગ્રાહક બાબતોના મંત્રાલયને કરવામાં આવેલી રજૂઆતમાં એસોસિયેશનના પ્રમુખ અશોક જૈને જણાવ્યું હતું કે તાજેતરમાં પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે ક્રૂડતેલના ભાવ વધી આવતા એકંદર ફુગાવામાં વધારાને કારણે ગ્રાહકોનું ઘરગથ્થુ બજેટ ખોરવાઈ ગયું છે અને તેમાં પણ ખાંડના ભાવમાં આવેલા અચાનક ઉછાળાને કારણે ગ્રાહકો પરનાં બોજમાં વધારો થયો છે.

વધુમાં આગામી ઑગસ્ટ મહિનાથી તહેવારોની મોસમ શરૂ થઈ રહી છે ત્યારે અમે સરકારને સ્થાનિક સ્તરે વેચાણ માટે પર્યાપ્ત ક્વૉટાની ફાળવણી કરવા અનુરોધ કર્યો છે જેથી સ્થાનિકમાં ખાંડનો પર્યાપ્ત પુરવઠો જળવાઈ રહે. આ ઉપરાંત સ્થાનિક માગને ધ્યાનમાં રાખીને ઈથેનોલના ઉત્પાદન માટે વિકેન્દ્રિત કરવામાં આવતી શેરડી અને ખાંડની માત્રાની સમીક્ષા કરવાનો તેમ જ સ્થાનિક સ્તરે ખાંડના ભાવ અને ઉપલબ્ધિ સામાન્ય સ્તર સુધી ન પહોંચે ત્યાં સુધી રાહતના દરની કસ્ટમ ડ્યૂટી સાથે ખાંડની આયાતની છૂટ આપવામાં આવે.

અમને વિશ્વાસ છે કે જો સમયસર ઉક્ત પગલાંઓનો અમલ કરશે તો સ્થાનિકમાં પુરવઠો મજબૂત બનશે, ભાવ દબાણ હેઠળ આવશે અને સાથે સાથે ગ્રાહકો અને ખાંડ ઉદ્યોગના હિત જળવાઈ રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

## ક્રૂડતેલની વધઘટ પર સોના અને ચાંદીના ભાવની વધઘટથી રોકાણકારો અવઢવમાં

### પાંખાં કામકાજો વચ્ચે સ્થાનિકમાં ડીલરો દ્વારા ઑફર કરવામાં આવતુ ડિસ્કાઉન્ટ વધીને ઔંસદીઠ ૫૬ ડૉલર

કોમોડિટી

રમેશ ગોહિલ

વીતેલા સપ્તાહ દરમિયાન અમેરિકાએ ઈરાન પર અને ઈરાને અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલાઓ ચાલુ રાખ્યા હતા અને હુથીએ રાતા સમુદ્રમાંથી પસાર થતાં સઉદી અરેબિયાનાં બે વેસલ પર હુમલા કર્યા હતા. આમ એકંદરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને તેના વિવિધ અહેવાલોની અસર હેઠળ એક તબક્કે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી કુદાવીને પાછા ફર્યા હતા. સામાન્યપણે ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર આવતી હોય છે અને જો ફુગાવો વધે તો અમેરિકી ફેડરલ રિઝર્વ સહિત વૈશ્વિક મુખ્ય કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવતા હોય છે અને જ્યારે ક્રૂડતેલના ભાવ ઘટે ત્યારે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં કિંમતી ધાતુઓમાં રોકાણકારોનું આકર્ષણ વધતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળતું હોય છે. આમ ગત સપ્તાહે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવની વધઘટ અનુસાર સોનાચાંદીમાં પણ બેતરફી વધઘટ જોવા મળી હતી. તેમ છતાં સોનાના વૈશ્વિક ભાવમાં સાપ્તાહિક ધોરણે ૦.૯ ટકાનો સુધારો આવ્યો હતો. જોકે, બેતરફી વધઘટને કારણે રોકાણકારો અવઢવમાં મૂકાઈ ગયા હોવાથી કામકાજ પાંખાં રહ્યા હતા.

સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે વૈશ્વિક બજાર પાછળ સોના અને ચાંદીમાં બેતરફી વધઘટ જોવા મળી હતી. જોકે, સપ્તાહ દરમિયાન સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં પણ ક્રૂડતેલના ભાવ વધી આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી ડૉલર સામે રૂપિયામાં ધોવાણ રહેતાં સોનાની આયાત પડતરો વધી આવવાને કારણે ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૮૫ ટકાનો ઉછાળો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૩.૩૬ ટકાનો ઉછાળો આવ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૭મી જુલાઈના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૧,૧૫૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૪૧,૯૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૧,૪૧,૯૧૫ની સપાટી અને ઉપરમાં રૂ. ૧,૪૫,૫૫૭ સુધી મજબૂત થયા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૨૬૨૨ વધીને રૂ. ૧,૪૩,૭૮૧ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૨,૧૫,૪૭૪ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૨,૧૮,૯૬૭ની સપાટીએ અને ઉપરમાં રૂ. ૨,૨૬,૨૩૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૭૨૪૭ વધીને રૂ. ૨,૨૨,૭૨૧ની સપાટીએ બંધ રહ્યા હતા. એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક બજાર પાછળ સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી ઉછાળો આવ્યો હોવાથી સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી.

ખાસ કરીને રોકાણકારો અને રિટેલ ગ્રાહકોએ ભાવમાં કરેક્શનના આશાવાદે નવી ખરીદી મોકૂફ રાખી હોવાનું ચેન્નાઈસ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું. આ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકોએ પણ નજીકના ભવિષ્યમાં કોઈ તહેવારો ન હોવાથી અપેક્ષિત શુષ્ક માગ અને ભાવઘટાડાના આશાવાદે નવી ખરીદી મુલતવી રાખી હોવાનું મુંબઈસ્થિત એક ડીલરે જણાવતા ઉમેર્યું હતું કે નિરસ માગને કારણે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૫૬ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ઔંસદીઠ ૪૫ ડૉલર આસપાસની સપાટીએ રહ્યા હતા. જોકે, ગત સપ્તાહે સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૩થી ૬ ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા.

ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાઈ ગયા હતા. હુથીએ રાતા સમુદ્રમાં સઉદી અરેબિયાનાં બે વેસલ પર હુમલો કરતાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તહેરાન સામે આક્રમક લશ્કરી કાર્યવાહી કરવાની ચેતવણી આપતા એક તબક્કે ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં વધારાની શક્યાતા પ્રબળ બનવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે તેમ જણાતા સોના અને ચાંદીમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી. જોકે, ત્યાર બાદ ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જોવા મળતાં સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હતો અને સાપ્તાહિક ધોરણે સોનામાં અંદાજે એક ટકા જેટલો અને ચાંદીમાં દોઢ ટકા જેટલો ભાવવધારો નોંધાયો હતો.

હવે બજાર વર્તુળોની નજર આગામી ૨૮-૨૯ જુલાઈના રોજ યોજાનારી બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે આ બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી બજાર વર્તુળો ધારણા મૂકી રહ્યા છે. જોકે, વાયદા બજારમાં આ બેઠકમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી ૩૪ ટકા શક્યતા અને સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી ૮૦ ટકા શક્યતા મુકાઈ રહી છે. જોકે, ગત સપ્તાહે યુરોપિયન સેન્ટ્રલ બૅન્કે નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ જો ફુગાવામાં વધારો થાય તો આગામી સપ્ટેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદર વધારાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

વધુમાં ગત સપ્તાહે અમેરિકાએ તેના આયાતકર્તા વેપારી ભાગીદાર દેશો પર ૧૦થી ૧૨.૫ ટકા નવી ટૅરિફ લાદી હોવાને કારણે પણ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ સપાટી પર આવતા સોના-ચાંદીમાં સુધારાને ટેકો મળ્યો હતો. એકંદરે હાલની વૈશ્વિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતાં આગામી સપ્તાહે કૉમેક્સ પર સોનાના ભાવ માટે ઔંસદીઠ ૩૯૮૦ ડૉલરની સપાટી ટેકાની અને ૪૨૦૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૦થી ૬૪ ડૉલરની રેન્જમાં રહેવાની શક્યતા છે. જોકે, સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૭,૫૦૦થી ૧,૪૪,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૦૫,૦૦૦થી ૨,૨૮,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૦૫૨.૭૮ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૦૭૦.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૫૮.૧૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તાજેતરમાં અમેરિકી ટ્રેઝરીની ઊંચી ઉપજ છતાં વૈશ્વિક સોના અને ચાંદીના ભાવ અનુક્રમે ઔંસદીઠ ૩૯૫૦ ડૉલર અને પંચાવન ડૉલરની સપાટીને બેઝ બનાવી રહ્યા છે. યુદ્ધની તીવ્રતા અનુસાર વૈશ્વિક સોનામાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા છે. તેમ છતાં આગામી સપ્તાહની અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠક પશ્ચાત આગામી વલણ અંગે સ્પષ્ટતા થશે, એમ સ્વતંત્ર વિશ્લેષક તાઈ વૉંગે જણાવ્યું હતું.

## દેશી આયાતી તેલમાં નિરસ કામકાજે ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૨૬ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ ઉપરાંત આજે સપ્તાહનું અંતિમ સત્ર અને બૅન્કો પણ બંધ હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત નિરસ રહેતાં દેશી-આયાતી ખાદ્યતેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫ અને ગોકુલ એગ્રોના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૨૫૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૭૦૦ ગૂણી મગફળીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૦૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૫, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ અને સરસવના રૂ. ૧૭૬૦ની સપાટીએ ટકેલા રહ્યાના અહેવાલ હતા.

## ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સુધારો, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી અને બૅન્કો પણ બંધ હોવાથી એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. તેમ છતાં આજે ગઈકાલના ઘટાડા પશ્ચાત્ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં કિલોદીઠ રૂ. સાતનો અને ટીનમાં કિલોદીઠ રૂ. છનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે કોપરની અન્ય વેરાઈટીઓ અને બ્રાસ શીટ કટિંગ્સમાં કિલોદીઠ રૂ. ત્રણથી પાંચનો ભાવઘટાડો આગળ ધપ્યો હતો અને આ સિવાયની ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આમ એકંદરે આજે બજારમાં મિશ્ર વલણ જોવા મળ્યું હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે ઘટ્યા મથાળેથી મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને અનુક્રમે રૂ. ૧૨૨૦ અને રૂ. ૧૭૦૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ટીનના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૫૩૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બીજા સત્રમાં જળવાઈ રહેલા વેચવાલીના દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૯૨૫ અને રૂ. ૧૩૯૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૩૦૪ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૧૪ અને રૂ. ૧૨૯૫ના મથાળે રહ્યા હતા.

## ખાંડમાં અછતની શંકા ગેરવાજબી, પુરવઠાસ્થિતિ પર્યાપ્તઃ આઈસ્ટા

મુંબઈઃ છેલ્લા એક મહિનામાં ખાંડના ભાવમાં એક્સ ફેક્ટરી ધોરણે ૧૫ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવા છતાં દેશભરનાં ખાંડના વેપારીઓના સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશન (આઈસ્ટા)એ ખાંડની અછતના અહેવાલોને પાયાવિહોણા ગણાવીને તેના સભ્યોને દેશભરમાં ખાંડની ઉપલબ્ધિતા સુનિશ્ચિત કરવા માટે વેપારી આલમને અનુરોધ કર્યો છે. ગત સોમવારે સંગઠને તેના દેશભરના ૭૦૦ મુખ્ય સભ્યો અને સંગઠનોને એક પત્ર લખી જણાવ્યું હતું કે તાજેતરમાં ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો-એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (ઈસ્મા)અને નેશનલ ફેડરેશન ઑફ કૉ-ઑપરેટિવ સુગર ફેક્ટરીઝ(એનએફસીએસએફ)એ ગત ૧૭મી જુલાઈના રોજ સ્પષ્ટતા કરી હતી કે દેશમાં સ્થાનિક માગ સંતોષીય શકાય એટલો પર્યાપ્ત સ્ટોક છે.

વધુમાં ખાંડ ઉદ્યોગે એમ પણ જણાવ્યું હતું કે આગામી વર્ષ ૨૦૨૬-૨૭ની ખાંડ મોસમમાં હવામાનની સ્થિતિને ધ્યાનમાં લેતા પિલાણનો આરંભ પણ વહેલાસર થશે જેથી નવા માલની આવકો વહેલી થાય. તાજેતરમાં એક મહિના કરતા ઓછા સમયગાળામાં એક્સ મિલ ધોરણે ભાવમાં ૧૫ ટકા જેટલો વધારો થવાને કારણે ખાંડની અછતની ભીતિ સપાટી પર આવી હોવાનું આઈસ્ટાના અધ્યક્ષ પ્રફુલ્લભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું. તેમણે ખાંડની વૅલ્યૂ ચેઈનના તમામ હિસ્સેધારકો, મિલો, વેપારીઓ, ડિસ્ટ્રિબ્યૂટરો અને સંસ્થાકીય વપરાશકારોને રાષ્ટ્રભરમાં ખાંડનો પુરવઠો ઉપલબ્ધ થતો રહે તે માટે સકારાત્મક પગલાં લેવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય બાબત એ છે કે કોવિડ-૧૯ મહામારીના સમયગાળામાં પણ ખાંડ ઉદ્યોગે પુરવઠો જાળવી રાખ્યો હતો અને સરકારે પણ ઉદ્યોગના આ સકારાત્મક પ્રયાસને બિરદાવ્યો હતો. આ વખતે પણ આપણે આવો જ અભિગમ જાળવવો છે અને પુરવઠાસ્થિતિ ખોરવાય તેવી પ્રવૃત્તિથી દૂર રહેવા વેપારી આલમને તેમણે અનુરોધ કરવાની સાથે અફવાઓથી ગેરમાર્ગે દોરાઈને ગભરાટભરી ખરીદી કે સંગ્રહખોરી ન કરવાનું જણાવ્યું છે. ઉદ્યોગ દ્વારા પર્યાપ્ત સ્ટોકની સપાટી અને પિલાણ વહેલું શરૂ થવાની સંભાવનાને ધ્યાનમાં લેતા એસોસિયેશન પર્યાપ્ત સ્ટોક અંગે આશાવાદી હોવાનું હિસ્સેધારકોને અન્ય એક પત્રમાં સંગઠને જણાવતાં ઉમેર્યું હતું કે અમને આશા છે કે પ્રારંભિક લણણીના સમયગાળા દરમિયાન વધુ વરસાદ નહીં પડે જેથી શેરડીની કાપણી અને પિલાણ કોઈપણ પ્રકારના વિક્ષેપ વિના ચાલુ રહેશે. વધુમાં આઈસ્ટાએ મિલો, વેપારીઓ અને સંસ્થાકીય ખરીદદારોને સરકારી નિયમોનું કડક પાલન કરવા, સુગમ કામગીરી સુનિશ્ચિત કરવા અને ઉદ્યોગ સંગઠનો દ્વારા આપવામાં આવેલી બાંયધરી પર આધાર રાખવા વિનંતી કરી હતી.







વલસાડ, નવસારી, અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ભારે વરસાદે પૂર જેવી સ્થિતિનું નિર્માણ કર્યું હતું ત્યારે એનડીઆરએફ, એસડીઆરએફ, પોલીસ અને સ્થાનિક તંત્રોએ સાથે મળી બચાવકાર્યો કર્યાં હતા. તસવીરો આ વાતની સાક્ષી પુરાવે છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત બહાર લાવવા માટે આ તમામ કર્મીઓએ દિવસરાત જોયા નથી અને ખડેપગે લોકોની મદદે આવ્યા છે.

# જૂન કોરો ગયો, પણ જુલાઈમાં રાજ્યમાં સિઝનનો ૫૦ ટકા વરસાદ પડી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ દેશ સહિત રાજ્યભરમાં વરસાદે મોડી દસ્ત દીધી હતી. ગુજરાતમાં જૂન મહિનો લગભગ કોરો ગયો હતો, પરંતુ જુલાઈ મહિનાની શરૂઆતથી રાજ્યભરમાં વરસાદના એક પછી એક તબક્કા શરૂ થયા હતા અને જુલાઈ મહિનાના ૨૫ દિવસમાં રાજ્યમાં વર્ષનો લગભગ ૫૦ ટકા વરસાદ વરસી ગયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૭૨.૮૫ મીમી મોસમી વરસાદ પડ્યો છે, જે રાજ્યના વાર્ષિક સરેરાશ ૯૦૮.૮૮ મીમી વરસાદના ૫૨.૦૩% છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ મુજબ, શનિવારે સવાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧,૧૭૭.૯૮ મીમી વરસાદ નોંધાયો છે, જે સિઝનની સરેરાશના ૭૬.૩૯% છે, ત્યારબાદ સૌરાષ્ટ્ર ૩૩૦.૨૪ મીમી (૪૩.૩૩%) અને પૂર્વ-મધ્ય ગુજરાત ૩૫૩.૮૭ મીમી (૪૩.૨૧%) વરસાદ નોંધાયો છે. દરમિયાન, ઉત્તર ગુજરાતમાં ફક્ત ૨૫૪.૮૮ મીમી વરસાદ પડ્યો છે, જે તેના સરેરાશ વરસાદના ૩૪.૯૦% છે, જ્યારે કચ્છમાં સૌથી ઓછો ૯૨.૯૦ મીમી વરસાદ પડ્યો છે, જે તેની સિઝનની સરેરાશના ૮.૫૯% માત્ર છે. રાજ્યના ૨૭ તાલુકા એવા છે કે જેમાં સિઝનનો ૪૦ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાત સરેરાશ વરસાદના ૭૬.૩૯% સાથે રાજ્યમાં આગળ છે. જિલ્લા સ્તરે, નવસારીમાં (૯૬.૩૫%) અને વલસાડમાં (૯૨.૧૫%) પહેલાથી જ તેમના સરેરાશ મોસમી વરસાદના ૯૦% ને વટાવી ચૂક્યા છે, જેના કારણે તેઓ આ ચોમાસામાં અત્યાર સુધી ગુજરાતના શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા જિલ્લાઓ બન્યા છે. ■

# ગુજરાતમાં વરસાદ બન્યો જીવલેણ, પૂરમાં તણાઈ જવાથી 30 કરતાં વધુનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતનાં અમુક જિલ્લામાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિએ તારાજી સર્જી છે. સુરતમાં આવેલા પૂરમાં પણ ૪૦ કરતા વધારે લોકોએ જીવ ગુમાવ્યો હતો ત્યારે નવસારી અને વલસાડમાં પણ પૂરની સ્થિતિ સર્જાઈ હતી. બે દિવસથી વરસાદે લગભગ વિરામ લીધો છે ત્યારે હવે પાણીમાં તણાઈ ગયેલા મૃતદેહો મળી રહ્યા છે, જેણે વરસાદે સર્જેલા વિનાશને દર્શાવે છે.

અહેવાલો દ્વારા મળતી માહિતી અનુસાર અત્યાર સુધીમાં ૩૧ જણના જીવ ગયા હોવાનું જાણવા મળ્યું હતું, જેમાં નવસારીમાં ૧૫, વલસાડમાં ૭, ખેડામાં ૪, સુરત અને અમરેલીમાં બે અને આણંદમાં એક જણનો સમાવેશ થાય છે. મોટાભાગના લોકો પાણીમાં ડૂબી જવાથી મોતને ભેટ્યા છે.

વરસાદ રોકાયા બાદ બચાવકાર્ય ઝડપી બન્યું હતું અને લોકોના જીવ બચાવવા અને તેમને સુરક્ષિત જગ્યાએ ખસેડવાને પ્રાથમિકતા આપવામાં આવી હતી. બચાવ કરતી તમામ એજન્સીઓ દિવસરાત કામ કરી રહી છે અને પાણીગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને ખસેડવાનું કામ ચાલુ છે.

મુખ્યત્વે નવસારી અને વલસાડમાંથી લગભગ ૩૮,૦૦૦નું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. મોટાભાગનાએ પોતાના સંબંધીઓના ઘરે આશરો લીધો હતો જ્યારે લગભગ ૨૦૦૦ જેટલાને શેલ્ટર હોમ્સમાં ખસેડવામાં આવ્યા હતા. શનિવાર સવાર સુધીમાં લગભગ ૬૦ જેટલા લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા.

જોકે બે દિવસનો વરસાદ જે તારાજી સર્જી ગયો છે તેમાંથી બહાર નીકળતા લોકોને ઘણો સમય લાગશે. ઘણા ઘરો-દુકાનોમાં સાત ફૂટ જેલા પાણી ભરાઈ ગયા હતા. લોકોની ઘરવખરી અને દુકાનોના સામાન બગડી ગયા હતા. તંત્ર હવે સફાઈ કામ અને સ્વચ્છતા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે, જેથી રોગચાળો ન ફેલાય. વરસાદના પાણી જેમ ઓસરી રહ્યા છે તેમ નુકસાનના દૃશ્યો વધારે સામે આવી રહ્યા છે. બ્રિજ, રસ્તાઓ પ્લાસ્ટિક, પડેલા વૃક્ષો, તણાયેલી વસ્તુઓથી ભરાઈ ગયા છે. જનજીવન સામાન્ય કરવાનો મોટો પડકાર તંત્ર સામે છે, તેમ અધિકારીઓ જણાવે છે. ■

## અમદાવાદ જિલ્લામાં એક દિવસના વરસાદે ઉદ્યોગોને હજાર કરોડનો ફટકો પાડ્યાનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદમાં વર્ષો બાદ ૨૪ કલાકમાં પડેલા ભારે વરસાદને કારણે જનજીવન તો ખૂબ જ પ્રભાવિત થયું, પરંતુ સાથે સાથે ઉદ્યોગોને પણ ભારે ફટકો પડ્યો હોવાના અહેવાલો પ્રકાશમાં આવ્યા છે. શહેરમાં ઠેરઠેર પાણી ભરાવા અને ત્યારબાદ પાવરકટને કારણે ગુરુ અને શુક્રવારે બે દિવસ ઉદ્યોગો બંધ રહ્યા હતા. આ સાથે કામદારોને પણ આવવામાં તકલીફ પડતા ફેક્ટરીઓ-ઉદ્યોગો અને સાથેના એકમો બંધ રાખવાની ફરજ પડી હતી. એક અંદાજ મુજબ બે દિવસમાં રૂ. ૧૦૦૦ કરોડનો ફટકો શહેરના ઉદ્યોગોને પડ્યો હતો.

નરોડા, વટવા, નારોલ અને ઓઢવ સહિત મુખ્ય ઔદ્યોગિક વસાહતોમાં ખૂબ જ ઓછુ કામકાજ નોંધાયું હોવાના અહેવાલો છે. જ્યારે શહેરના બહારના ચાંગોદર અને સાણંદ ઔદ્યોગિક વિસ્તારોમાં પણ ભારે પૂરને કારણે અસર થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ-રાજકોટ હાઈ વે બંધ થતા ૨૦૦૦ જેટલી ફેક્ટરીઓના કામને ભારે અસર થઈ હતી. સાણંદમાં પણ કામધંધા લગભગ બંધ જેવા રહ્યા હતા. શનિવારથી ઘણા એકમોએ કામ ફરી શરૂ કર્યું હતું જ્યારે જો વરસાદ નહીં આવે તો સોમવારથી સ્થિતિ રાબેતામુજબ થશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને ગુજરાતના વિપક્ષે ગણાવી યુવાનો અને લોકશાહીની મોટી જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજધાની દિલ્હીના જંતર મંતર પર છેલ્લા અનેક દિવસોથી ચાલી રહેલા કોકરોચ જનતા પાર્ટીના આંદોલન અને સોનમ વાંગચુકની ભૂખ હડતાળ બાદ કેન્દ્ર સરકારના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું હતું. શિક્ષણ પ્રધાનના રાજીનામા પર વિપક્ષે યુવાનોની જીત અને અહંકારી સત્તાની હાર ગણાવી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડાએ નીટ પેપર લીક આંદોલન બાદ શિક્ષણ પ્રધાનના રાજીનામાને દેશના યુવાઓની અને લોકશાહીની મોટી જીત ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આખા દેશમાં પેપર લીક વિરુદ્ધ અને પ્રધાનના રાજીનામાની માંગ સાથે પ્રબળ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. ૨૧ જેટલા વિદ્યાર્થીઓની આત્મહત્યા સામે ન્યાય માંગવા અને વિરોધ નોંધાવવા જાતિ, ધર્મ કે પ્રાંતના ભેદભાવ વગર લાખો યુવાનો દિલ્હી પહોંચ્યા હતા. જોકે, અહંકારી સરકારે યુવાનો સાથે સંવાદ કરવાને બદલે તાનાશાહી વલણ અપનાવીને લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો, જેમાં દીકરીઓ પર પણ દમન કરવામાં આવ્યું હતું અને પ્રધાનમંત્રી આવાસ બહાર ધરણાં કરી રહેલા વિપક્ષના નેતાઓ રાહુલ ગાંધી તથા મલ્લિકાર્જુન ખડગેની પણ ધરપકડ કરવામાં આવી હતી.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, આખા દેશ અને વિદેશ સુધી ઉઠેલા વિરોધના વંટોળને કારણે તાનાશાહ સરકારે આખરે ઝૂકવું પડ્યું અને પ્રધાને રાજીનામું આપવું પડ્યું છે. પરંતુ, તેમણે કહ્યું હતું કે આનાથી આત્મહત્યા કરનાર તે ૨૧ માસૂમ વિદ્યાર્થીઓના પરિવારોને સાચો ન્યાય નથી મળવાનો. તેમણે તે પરિવારોને તેમજ દિલ્હીમાં યુવાનો પર પોલીસના નામે જે આતંક અને અત્યાચાર ગુજારવામાં આવ્યો, તેના માટે જવાબદાર લોકો સામે પણ કડક પગલાં લેવાની માંગ કરી હતી. અંતમાં તેમણે આશા વ્યક્ત કરી હતી કે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાથી એ સાબિત થઈ ચૂક્યું છે કે લોકશાહીમાં જ્યારે યુવાશક્તિ અને જનશક્તિ એક થઈને લડે છે, ત્યારે અહંકારી અને ભ્રષ્ટાચારી સરકારોએ પણ ફરજિયાતપણે ઝૂકવું પડે છે.

પૂર્વ રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે અભિનંદન પાઠવતા કહ્યું હતું કે યુવાનોની હિંમત, જોશ અને સહનશક્તિ સામે સત્તાની જીદ અને અહંકારની હાર થઈ છે. યુવાનોની તાકાતનો આજનો વિજય દિવસ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે . લોકશાહીમાં જે જે જીતાડી શકે છે તે જીતીને અહંકારી બને તો તેને ઝૂકાવી પણ શકે છે .

પહેલાથી જીદ છોડી શાણપણ દર્શાવી સંઘર્ષના બદલે સંવાદ સરકારે કર્યો હોત તો અનેક લોકોને પરેશાન ના થવું પડ્યું હોત તેમ જણાવ્યું હતું.

આ અંગે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઇસુદાન ગઢવીએ નીટ પરીક્ષા પેપર લીક મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને યુવાનોની એકતા અને હોંસલાની ઐતિહાસિક જીત ગણાવી હતી. આ અંગે ટિપ્પણી કરતા તેમણે જણાવ્યું હતું કે, અભિજીત દીપકની 'કોકરોચ જનતા પાર્ટી', સોનમ વાંગચૂકના ૨૬ દિવસના અંશન અને ૨૦ કરોડથી વધુ યુવાનોના સ્વયંભૂ આંદોલનના પરિણામે જ આ રાજીનામું શક્ય બન્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે આ આંદોલનમાં માત્ર સામાન્ય યુવાનો જ નહીં, પરંતુ જજ, નેતાઓ અને આઈએએસ-આઈપીએસ અધિકારીઓના સંતાનો તેમજ ફિલ્મી કલાકારો અને સામાજિક સંગઠનોએ પણ પોતાનો પૂરો સહયોગ આપ્યો હતો. સરકાર દ્વારા આંદોલનકારી યુવાનો પર વિદેશી ફંડિંગ મેળવવાના અને ચીનના એજન્ટ હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હોવા છતાં, યુવાનો એક રહ્યા અને રાજીનામાથી ઓછું કંઈ જ નહિ તેવી માંગ પર અડગ રહ્યા હતા. અંતે, તેમણે આ સફળતાનો શ્રેય વિપક્ષની ભૂમિકા અને ખાસ કરીને સમગ્ર જેન-ઝીની અદભુત તાકાતને આપતા સૌને અભિનંદન પાઠવ્યા હતા. તે ઉપરાંત જામ જોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ પણ આ રાજીનામાને યુવાનોની જીત ગણાવીને અભિનંદન પાઠવ્યા હતા. ■

## ગુજરાતમાં ચોમાસુ મહેરબાનઃ નવ તાલુકામાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા સતત ભારે વરસાદના પગલે ગુજરાતના સિઝનલ વરસાદમાં નોંધપાત્ર વધારો થયો છે અને રાજ્યના અનેક વિસ્તારોમાં સમગ્ર સિઝનનો સરેરાશ વરસાદ પૂર્ણ થઈ ચૂક્યો છેઅથવા તેનાથી પણ વધુ વરસાદ નોંધાયો છે રાજ્ય સરકારના આંકડા મુજબ, રાજ્યના ૯ તાલુકાઓમાં તેમના સરેરાશ સિઝનલ વરસાદના ૧૦૦ ટકા અથવા તેથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે કુલ ૨૨ તાલુકાઓએ ૯૦ ટકાનો આંકડો વટાવી દીધો છે ૧૦૦ ટકા કે તેથી વધુ વરસાદ નોંધનારા તાલુકાઓમાં વલસાડ જિલ્લાનો ઉમરગામ તાલુકો ૧૨૫.૩૨ ટકા સાથે મોખરે છે, ત્યારબાદ સુરત જિલ્લાના પલસાણા અને નવસારી જિલ્લાના ચીખલીનો સમાવેશ થાય છે આ ઉપરાંત સુરતના આંબિકા તાલુકામાં ૧૧૨.૧૬ ટકા, જૂનાગઢના માંગરોળમાં ૧૦૭.૪૯ ટકા, ખેડાના મહેમદાવાદમાં ૧૦૭.૦૩ ટકા, નવસારીના ખેરગામમાં ૧૦૬.૩૫ ટકા, સુરતના કામરેજમાં ૧૦૩.૬૯ ટકા અને પાટણના સાંતલપુરમાં ૧૦૩.૧૮ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે ૯૦ ટકાથી વધુ વરસાદ ધરાવતા તાલુકાઓમાં ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાનું કડી, મધ્ય ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ અને માંડલ તથા ખેડાનું નડિયાદ, દક્ષિણ ગુજરાતમાં સુરતના બારડોલી અને સુરત શહેર, નવસારીના વાંસદા અને ગણદેવી, વલસાડ જિલ્લાના વલસાડ અને પારડી, તાપી જિલ્લાના ડોલવણ અને વાલોડ તેમજ ભરૂચ જિલ્લાના નેત્રંગનો સમાવેશ થાય છે.

# માનવતા મહેંકી!થલતેજમાં મોરનું સફળ રેસ્ક્યૂ, તળાવમાં આક્સિજન એરેશનથી માછલીઓની સુરક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા બે દિવસમાં અમદાવાદમાં પડેલા વરસાદે જનજીવનને ભારે અસર પહોંચાડી હતી. હવે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા જનજીવનને સામાન્ય બનાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે આ કામગીરી દરમિયાન જીવદયા અને પર્યાવરણ સુરક્ષાનું તાજું ઉદાહરણ થલતેજ વિસ્તારમાં જોવા મળ્યું હતું.

અહીં મુશ્કેલીમાં મૂકાયેલા એક મોરના સફળ રેસ્ક્યુમાં મનપા ફાયર વિભાગની ત્વરિત કામગીરી જોવા મળી હતી, અને ગાર્ડન વિભાગ તથા સ્થાનિક વહીવટી તંત્રના સચોટ સંકલનથી આ બચાવ અભિયાનને સફળ બનાવવામાં આવ્યું હતું. આપત્તિના સમયે પણ મૂંગા પશુ-પક્ષીઓ પ્રત્યેની આ કર્તવ્યનિષ્ઠા બદલ મેયર હિતેશ બારોટ અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ફાયર અને ગાર્ડન વિભાગની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ ઉપરાંત, જળચર જીવસૃષ્ટિની સુરક્ષા માટે પણ મનપા દ્વારા સમયસર પગલાં લેવામાં આવ્યા હતા. શહેરના એક તળાવમાં ઓગળેલા ઓક્સિજનનું પ્રમાણ પૂરતું જળવાઈ રહે અને માછલીઓનું રક્ષણ થાય તે માટે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ઓક્સિજન સિલિન્ડરની મદદથી એરેશન (વાયુમિશ્રણ) પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ સક્રિય પગલાંથી તળાવનું પર્યાવરણીય સંતુલન જળવાઈ રહેવાની સાથે તંદુરસ્ત જળચર વાતાવરણ સુનિશ્ચિત થાય છે.

તદુપરાંત, ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે પણ મનપાએ સરાહનીય કામગીરી બજાવી હતી. વરસાદ અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા નાગરિકોને રાહત પહોંચાડવા માટે કોર્પોરેશન દ્વારા ૮,૯૦૦થી વધુ ફૂડ અને નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ■

# ગુજરાતમાં ભારે વરસાદથી વંદે ભારત અને કચ્છ એક્સપ્રેસ સહિતની ટ્રેનો રદ્દ્ કરવી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પડેલા ભારે વરસાદની અસર રેલ વ્યવહાર પર પણ થઈ છે. અમદાવાદ ડિવિઝનમાં છારોડી અને વિરમગામ સ્ટેશન વચ્ચે ટ્રેક પર પાણી ભરાવાના કારણે ટ્રેન સેવાઓ મોટા પાયે પ્રભાવિત થઈ હતી. પશ્ચિમ રેલવે દ્વારા આ સંદર્ભે એક મહત્વપૂર્ણ અપડેટ જારી કરવામાં આવ્યું હતું, જેમાં અનેક ટ્રેનોને રદ કરવી પડી છે. રેલવે વિભાગ દ્વારા ૨૨૯૫૬ ભુજ-બાંદ્રા ટર્મિનસ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ તેમજ ૨૨૯૨૫ અમદાવાદ-ઓખા વંદે ભારત એક્સપ્રેસ રદ્દ કરી દેવામાં આવી હતી. આજે ૨૬ જુલાઈની ૨૨૯૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ, ૨૨૯૫૫ બાંદ્રા ટર્મિનસ-ભુજ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ તેમજ બંને દિશાની ૫૯૫૧૦/૫૯૫૦૯ અને ૫૯૫૧૨/૫૯૫૧૧ વિરમગામ-મહેસાણા-વિરમગામ પેસેન્જર ટ્રેનોને રદ્દ કરવામાં આવી છે.

આ ઉપરાંત કેટલીક ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલ રાત્રે ૨૧:૦૫ને બદલે ૨૨:૦૫ વાગ્યે ઉપડશે, જ્યારે ૨૦૯૦૭ દાદર-ભુજ સયાજીનગરી એક્સપ્રેસનું પ્રસ્થાન ૧૫:૧૫થી બદલીને ૨૧:૧૫ કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે ૨૨૯૫૫ બાંદ્રા ટર્મિનસ-ભુજ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૧૭:૪૫ને બદલે ૨૦:૦૫ વાગ્યે, ૨૬૯૦૨ વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ૨૧:૧૫ વાગ્યે તથા ૧૯૪૧૧ ગાંધીનગર કેપિટલ-દૌલતપુર એક્સપ્રેસ ૧૦:૦૦ને બદલે ૧૯:૦૦ વાગ્યે ઉપડશે. વંદે ભારત એક્સપ્રેસને વિરમગામ-મહેસાણા-સાબરમતી માર્ગે ડાયવર્ટ પણ કરવામાં આવી હતી.

આ સાથે જ કેટલીક ટ્રેનોના રૂટમાં ડાયવર્ઝન કરવામાં આવ્યું હતું, ભાવનગર ટર્મિનસ-કાકીનાડા પોર્ટ સુપરફાસ્ટ એક્સપ્રેસ, ૧૨૯૭૨ ભાવનગર ટર્મિનસ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ૨૨૯૯૦ મહુવા-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ બોટાદ-ગાંધીગ્રામ-અમદાવાદ માર્ગે ડાયવર્ટ કરવામાં આવી હતી. તેની સામે ૧૨૯૭૧ બાંદ્રા ટર્મિનસ-ભાવનગર ટર્મિનસ સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ૧૯૨૫૫ સુરત-મહુવા એક્સપ્રેસ અમદાવાદ-ગાંધીગ્રામ-બોટાદ માર્ગે તથા ૧૪૩૧૧ બરેલી-ભુજ અલા હઝરત એક્સપ્રેસ પાલનપુર-ભિલડી-રાધનપુર-સામખિયાળી માર્ગે ડાયવર્ટ કરવામાં આવી હતી. ■

## સો વર્ષમાં અમદાવાદ ગુરુવારે ચોથીવાર પાણી પાણી થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુરુવારે ૨૩મી જુલાઈએ અમદાવાદ શહેરમાં ખૂબ જ ઓછા રસ્તા અને સોસાયટી હશે જ્યાં પાણી ન દેખાયું હોય. શહેરનો પશ્ચિમ વિસ્તાર તો લગભગ જળમગ્ન બની ગયો હતો અને સંપૂર્ણ શહેર વરસાદી આફતોને લીધે અટકી ગયું હોય તેમ લાગતું હતું. સામાન્ય રીતે ઓછા વરસાદથી ટેવાયેલા અમદાવાદીઓ માટે ગુરુવારનો દિવસ અલગ જ અનુભવો લઈને આવ્યો હતો. જોકે આ પહેલા પણ અમદાવાદ વરસાદની બાનમાં આવી ચૂક્યું છે. મેટ્રોલોજિકલ ડિપાર્ટમેન્ટના આંકડા અનુસાર છેલ્લા ૧૦૦ વર્ષમાં આ રીતે ૨૪ કલાકમાં અનપેક્ષિત વરસાદ પડ્યાની ત્રણ ઘટના અગાઉ બની ચૂકી છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) ના ડેટા મુજબ, શહેરમાં સૌથી વધુ વરસાદ ૧૯૨૭ માં ૪૧૪.૮ મીમી નોંધાયો હતો. બીજો સૌથી વધુ વરસાદ જુલાઈ ૨૦૦૦ માં ૩૨૫.૯ મીમી હતો. ત્રીજો સૌથી વધુ વરસાદ ૩૨૨.૩ મીમી ૧૯૬૭ માં નોંધાયો હતો. જ્યારે ૨૩મી જુલાઈ, ૨૦૨૬એ ૨૯૬ મીમી વરસાદે શહેરને ધમરોળ્યું હતું. ગુરુવારે પડેલા વરસાદ બાદ જનજીવન થાળે પડતા હજુ સમય લાગશે. ઘર અને દુકાનોમાં પાણી ઓસર્યા બાદ નુકસાનનો અંદાજ આવી રહ્યો છે. સ્વચ્છતા અને ફરી જીવન જરૂરિયાતોની ચીજો માટે લોકો બહાર નીકળી રહ્યા છે. બીજી બાજુ બગડી ગયેલા ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સ માટે ગેરેજમાં જઈ રહ્યા છે. ઘણી ઓફિસોમાં ઈન્ટરનેટ સેવા ઠપ થઈ ગઈ હતી. રેસ્ટોરેશનમાં પણ સમય લાગી રહ્યો હોવાની ફરિયાદો લોકો કરી રહ્યા છે. આ સાથે સતત વરસાદમાં લોકોના મોબાઈલ પણ બગડી ગયા હોવાની અને નવા ખરીદવા પડયા હોવાની ઘટનાઓ પણ જાણવા મળી છે. જોકે વરસાદે શુક્રવારે અને શનિવારે ગતિ ઘણી ધીમી કરી હોવાથી સામાન્ય લોકોને રાહત થઈ હતી. પરિવહન સરળ બન્યું હતું. પાણી ઉતર્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે મનપાએ તમામ પ્રયત્નો હાથ ધર્યા છે. ■

## વિજાપુર-હિંમતનગર હાઈવે પર હિટ એન્ડ રન કેસઃ સારવાર દરમિયાન અજાણ્યા વૃદ્ધનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના વિજાપુર-હિંમતનગર હાઇ-વે પર એક અજાણ્યા વૃદ્ધને અજાણ્યા વાહને ટક્કર મારતાં ગંભીર ઈજા પહોંચી હતી, જેની સારવાર દરમિયાન અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે વિજાપુર પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધાયો હતો અને પોલીસે મૃતકના વાલી-વારસની તેમજ અકસ્માત સર્જનાર વાહનચાલકની શોધખોળ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ ફરિયાદ મુજબ, ૧૮ જુલાઇના રોજ રાત્રે વિજાપુર-હિંમતનગર રોડ પર કનકપુરા પાટીયા નજીક કોઈ અજાણ્યા વાહનચાલકે અંદાજે ૬૦ વર્ષની ઉંમરના અજાણ્યા પુરુષને ટક્કર મારી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત વૃદ્ધને પ્રથમ સારવાર માટે વિજાપુર સીએચસી ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યા હતા. અહીં તેમને ટ્રોમા સેન્ટર ખાતે દાખલ કરી સારવાર આપવામાં આવી હતી, પરંતુ ગંભીર ઈજાઓના કારણે તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ઘોર બેદરકારીથી વાહન ચલાવી મોત નિપજાવવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ મૃતકની લાશ અમદાવાદ સિવિલ હોસ્પિટલના કોલ્ડરૂમમાં મૂકવામાં આવેલ છે અને પોલીસે મૃતકના વાલી-વારસની ઓળખ તેમજ ટક્કર મારનાર વાહન અને તેના ચાલકને શોધી કાઢવા માટે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું. ■

## અમદાવાદમાં જૂની અદાવતમાં પત્નીના પ્રેમીએ પતિ પર કર્યું ફાયરિંગ, યુવક ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ફતેવાડી વિસ્તારમાં એક ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો હતો, જેમાં યુવકની પત્ની તેના જ મિત્ર સાથે ભાગી ગયા બાદ બંને વચ્ચે સર્જાયેલી દુશ્મનીના પગલે પત્નીના પ્રેમીએ પતિ પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં યુવકને ગોળી વાગતા તેને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે વેજલપુર પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મળતી વિગતો અનુસાર, ફતેવાડીમાં રહેતો જાવેદખાન પઠાણ વર્ષ ૨૦૧૭માં પાસાની સજા હેઠળ સેન્ટ્રલ જેલમાં હતો, તે દરમિયાન તેની પત્ની જાવેદના જ મિત્ર મુજાહિદ્દ સાકીરઅલી નાઈ સાથે ભાગી ગઈ હતી. આ ઘટનાને લઈને બંને મિત્રો વચ્ચે અદાવત ઊભી થઈ હતી. જાવેદે મુજાહિદ્દના સાળા વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવી હતી, જેમાં સમાધાન કરવાની વાત થઈ હતી, પરંતુ જાવેદે સમાધાન કરવાનો ઈન્કાર કરતાં મુજાહિદ્દે તેના વાહનને નુકસાન પહોંચાડી ગોળી મારી દેવાની ધમકી આપી હતી. આ ધમકી બાદ મુજાહિદ્દ પોતાના સાથીઓ પહોંચીને જાવેદ પર બંદૂક તાકી હાથ પર ગોળી મારી હતી. ગોળીબાર કર્યા બાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત જાવેદને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેણે પોલીસને ઘટનાની વિગતવાર જાણકારી આપી હતી. વેજલપુર પોલીસે આ મામલે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. ■